પૂર્વાચાર્ય વિરચિત

# પક્ખીસૂત્ર

## (પાક્ષિકસૂત્ર)

શબ્દશઃ વિવેચન



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# પક્ખીસૂત્ર

## (પાક્ષિકસૂત્ર)

### શબ્દશઃ વિવેચન

❖ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ❖

**લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા**

❖ દિવ્યકૃપા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
**શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,
પ્રાવચનિકપ્રતિભાધારક પૂ. મુનિપ્રવર **શ્રી મોહજિતવિજયજી મહારાજા**

❖ આશીર્વાદદાતા ❖

**પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ.સા.ના સમુદાયવર્તી** તથા
તેઓશ્રીના લઘુગુરુભ્રાતા, વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
**પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા**

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

✪ સંકલન-સંશોધનકારિકા ✪

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આ. **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનાં** શિષ્યરત્ન,
પ.પૂ. આચાર્યભગવંત **શ્રી યુગભૂષણસૂરિ મહારાજાનાં** આજ્ઞાવર્તિની તથા
પ.પૂ. વિદુષી સા. **શ્રી ચંદ્રાનનાશ્રીજી મ.નાં** શિષ્યરત્ના
પ.પૂ. પ્રવર્તિની સા. **શ્રી કલાનિધિશ્રીજી મ.સા.ના** શિષ્યા સાધ્વીજી **શ્રી ધ્યાનરુચિતાશ્રીજી**

: પ્રકાશક :

ગીતાર્થ
ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

વીર સં. ૨૫૩૭ ❖ વિ. સં. ૨૦૬૭ ✦✦ આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૩૦૦
વીર સં. ૨૫૪૫ ❖ વિ. સં. ૨૦૭૫ ✦✦ આવૃત્તિ : દ્વિતીય ❖ નકલ : ૨૫૦

**મૂલ્ય : રૂ. ૧૩૦-૦૦**

卐 આર્થિક સહયોગ 卐

સમ્યગ્જ્ઞાન પ્રદાતા **પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**ની મંગલ પ્રેરણાથી

**માતુશ્રી હસુમતીબેન શાંતિલાલ શાહ**

મૂળ વતન - શિહોર, હાલ - મુંબઈ

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૨૫

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : mygg@gitarthganga.com ❖ www.gitarthganga.com

✻ મુદ્રક ✻

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ

૯, પુનાજી ઈન્ડ. એસ્ટેટ, શનિદેવ મંદિર પાસે, ધોબીઘાટ, શાહપુર, અમદાવાદ-૪. ફોન : ૨૫૬૨૪૯૯૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તેનાથી પણ ટૉર્ચ હોવા છતાં ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮થી અધિક વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક **ધર્મતીર્થ** વિષયક સંપૂર્ણ

પ્રવચનો કુલ ચાર ભાગમાં પ્રગટ થઈ ચૂક્યા છે અને **પર્ષદા, દેશના** વિષયક પ્રવચનોનું સંકલન ચાલુ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજે Encyclopedia (વિશ્વકોષ) તરીકે ઓળખવામાં આવે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'**विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्**' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો, પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો તથા અન્ય સાહિત્ય જે શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
તા. ૧૩-૦૧-૨૦૧૮

**ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ**
**અને શ્રુતભક્ત પરિવાર**

# પક્ખીસૂત્રની સંકલના

ભાવસાધુ પાંચ મહાવ્રતોનું સમ્યગ્ સેવન કરીને સંસારથી પાર થવા ઇચ્છે છે, તેથી સંસારનો ત્યાગ કરીને પ્રથમ સર્વ સાવદ્ય યોગના પરિહારની પ્રતિજ્ઞા કરે છે અને પાંચ મહાવ્રતોના પાલન માટે ઉચિત બોધ પ્રાપ્ત કરી લે ત્યાર પછી પાંચ મહાવ્રતો સાધુને ઉચ્ચરાવવામાં આવે છે. આથી જ પ્રથમ સામાયિક નામનું વ્રત ઉચ્ચરાવવામાં આવે છે અને વડી દીક્ષા વખતે છેદોપસ્થાપનીયસંયમની પ્રાપ્તિ થાય છે. તે વખતે મહાવ્રતો વીર ભગવાનના શાસનમાં સાધુઓ સ્વીકારે છે. તે મહાવ્રતોનો સ્પષ્ટ બોધ કરીને તેના પ્રત્યેનો અત્યંત પક્ષપાત સ્થિર કરવા અર્થે પાક્ષિક પ્રતિક્રમણમાં પક્ખીસૂત્ર બોલાય છે, તેથી સાધુએ તે મહાવ્રતો કઈ રીતે પાળવા જોઈએ ? તેનો વિસ્તારથી બોધ પ્રસ્તુત સૂત્રથી થાય છે અને જે સાધુ તે સૂત્રના અર્થોને અત્યંત સ્થિર કરે છે તે મહાત્મામાં સામાયિકના પરિણામપૂર્વક પાંચ મહાવ્રતોની આચરણા સ્થિર થાય છે.

સામાન્યથી સાધુ અંતરંગ રીતે મોહની સામે સુભટની જેમ લડવા અર્થે પાંચ ઇંદ્રિય અને મનને સાંસારિક સર્વ ભાવોથી પર કરીને ભગવાનના શ્રુતજ્ઞાનથી વાસિત કરવા યત્ન કરે છે, જેના બળથી સાંસારિક સર્વ ભાવો પ્રત્યે સંવરનો પરિણામ સ્થિર થાય છે અને શ્રુતવચનાનુસાર આત્માના વીતરાગભાવને અનુકૂળ યત્ન થાય છે.

વળી આ રીતે સામાયિકનો પરિણામ સ્થિર કર્યા પછી ષટ્કાયના પાલન અર્થે સૂક્ષ્મ યતનાઓ સાધુ કરે છે. જેથી પાંચ ઇંદ્રિયો અને મનના સંવરરૂપ છ પ્રકારની વિરતિ પ્રાપ્ત થાય છે અને છ કાયના પાલનરૂપ છ પ્રકારની વિરતિ પ્રાપ્ત થાય છે, તેથી ૧૨ પ્રકારની અવિરતિના ત્યાગપૂર્વક સર્વ સાવદ્ય યોગની વિરતિ પ્રાપ્ત થાય છે. અને આ વિરતિને પ્રાપ્ત કર્યા પછી પોતે સ્વીકારાયેલા મહાવ્રતોનું સ્વરૂપ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને આશ્રયીને કઈ રીતે છે ? તેની સ્પષ્ટતા પ્રસ્તુત પક્ખીસૂત્રમાં

કરાયેલી છે અને પાંચ મહાવ્રતો અને છઠ્ઠું રાત્રિભોજન પરસ્પર એકવાક્યતાથી સંબંધિત થઈને પહેલા મહાવ્રત સાથે જોડાયેલ છે તેનો બોધ કરવા અર્થે પાંચ મહાવ્રતો અને છઠ્ઠા રાત્રિભોજનમાં અહિંસાલક્ષણાદિ બાવીસ વિશેષણોથી યુક્ત અને મોક્ષમાં પર્યવસાનવાળો ધર્મ છે તે બતાવવા અર્થે દરેક આલાવામાં તે ધર્મનું ગ્રહણ કરેલ છે. તેથી અહિંસાલક્ષણાદિ બાવીસ વિશેષણવાળો ધર્મ મોક્ષનું કારણ છે અને તેના અંગભૂત જ આ પાંચ મહાવ્રતોની આચરણા છે તેવો સ્થિર નિર્ણય કરીને જે મહાત્મા પક્ખીસૂત્રના પદે-પદમાં ઉપયોગપૂર્વક તેના ભાવોથી આત્માને ભાવિત કરે છે. તે મહાત્મામાં ભાવથી સાધુપણું પ્રગટ ન થયું હોય તોપણ પ્રસ્તુત સૂત્રના ભાવનથી અવશ્ય પ્રગટ થાય છે.

વળી, પાંચ મહાવ્રતનું પાલન આલય-વિહારાદિથી કઈ રીતે થઈ શકે છે ? અને તેના વર્જનીય સ્થાનો કયા છે ? તેનો પણ બોધ પ્રસ્તુત પક્ખીસૂત્રમાં કરાવાયેલ છે. તેથી જે મહાત્મા સેવનીય એવા આલય-વિહારાદિ ઉચિત સ્થાનોને જાણીને વારંવાર તેનાથી આત્માને ભાવિત કરે છે અને અસેવનીય એવા સ્થાનોનો નિર્ણય કરીને તેવા સ્થાનોથી આત્માનું રક્ષણ કરવા યત્ન કરે છે તે મહાત્માને ગુણસ્થાનકની પ્રાપ્તિમાં પ્રબળ કારણ પ્રસ્તુત સૂત્ર થાય છે.

વળી સાધુને જેમ પાંચ મહાવ્રતો પ્રત્યે અત્યંત ભક્તિ આવશ્યક છે તેમ છ આવશ્યકાદિ કહેનારા શ્રુત પ્રત્યે પણ ભક્તિ અત્યંત આવશ્યક છે તેથી પાંચ મહાવ્રતોની ઉચ્ચારણા અને તેને સ્થિર કરવાના ઉપાયો બતાવ્યા પછી સમ્યક્ શ્રુતજ્ઞાન પ્રત્યે ભક્તિની વૃદ્ધિ થાય તેના માટે શ્રુતજ્ઞાનની ઉપાસના સાધુએ કઈ રીતે કરવી જોઈએ ? કઈ રીતે તેમાં દોષોનો પરિહાર કરવો જોઈએ ? તેના માટે પક્ખીસૂત્રના ઉત્તરાર્ધમાં વિસ્તારથી વર્ણન છે. જે મહાત્માઓ તે રીતે પક્ખીસૂત્રથી આત્માને ભાવિત કરે છે. તે જીવોને કેવા ગુણો પ્રાપ્ત થાય છે ? તેનું પણ વિસ્તારથી વર્ણન પ્રસ્તુત સૂત્રમાં છે. તેથી જે મહાત્માઓને ઘણા સૂત્રોના અધ્યયનની

શક્તિ નથી, તેવા પણ આત્માઓ પ્રસ્તુત સૂત્રના પરમાર્થને કાંઈક જાણી શકે અને તેના ભાવન દ્વારા પણ કાંઈક આત્મહિત કરી શકે તેના માટે પ્રસ્તુત પક્ખીસૂત્રનું વિવેચન કરાયું છે.

છદ્મસ્થતાને કારણે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ જો કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

**– પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**આસો સુદ-૫, વિ.સં. ૨૦૭૪,**
**તા. ૧૩-૧૦-૨૦૧૮, શનિવાર.**
**બી-૫, જય જિનેન્દ્ર ટાવર,**
**બેન્ક ઓફ બરોડાની સામે,**
**ફત્તેહપુરા, અમદાવાદ-૭.**
**ફોન : ૯૪૨૮૧૯૯૫૯૩**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃ. નં. |
|---|---|---|
| ૧. | મંગલાચરણ. | ૧ |
| ૨. | પાંચ મહાવ્રતોની ઉચ્ચારણા કરવા માટેની પ્રતિજ્ઞા. | ૪ |
| ૩. | પાંચ મહાવ્રતોની ઉચ્ચારણાનું સ્વરૂપ. | ૪ |
| ૪. | પ્રથમ મહાવ્રતનું ઉચ્ચારણ. | ૮ |
| ૫. | દ્વિતીય મહાવ્રતનું ઉચ્ચારણ. | ૨૬ |
| ૬. | તૃતીય મહાવ્રતનું ઉચ્ચારણ. | ૩૩ |
| ૭. | ચતુર્થ મહાવ્રતનું ઉચ્ચારણ. | ૪૦ |
| ૮. | પંચમ મહાવ્રતનું ઉચ્ચારણ. | ૪૬ |
| ૯. | છઠ્ઠા વ્રતનું ઉચ્ચારણ. | ૫૩ |
| ૧૦. | પાંચ મહાવ્રતોને અને છઠ્ઠા રાત્રિભોજનવિરમણ-વ્રતને સ્થિર કરવા અર્થે તે તે મહાવ્રતના અતિક્રમણનું સ્મરણ. | ૬૦ |
| ૧૧. | પાંચ મહાવ્રત અને છઠ્ઠા રાત્રિભોજનવિરમણવ્રતને સ્થિર કરવા માટેના આલાપકો. | ૬૮ |
| ૧૨. | એકથી લઈને દસ સુધીના દોષોનો પરિત્યાગ અને ગુણોના સ્વીકારપૂર્વક મહાવ્રતોના રક્ષણનો યત્ન. | ૭૮ |
| ૧૩. | પાંચ મહાવ્રતોની ઉચ્ચારણા કઈ રીતે ગુણવૃદ્ધિ દ્વારા વીતરાગતાનું કારણ છે ? તેનું સ્મરણ. | ૧૨૯ |
| ૧૪. | આસન્નઉપકારી વીરપ્રભુની મંગલાર્થે સ્તુતિ. | ૧૩૯ |
| ૧૫. | છ આવશ્યકોને સ્થિર કરવાને અનુકૂળ સંકલ્પ. | ૧૪૦ |
| ૧૬. | અંગબાહ્ય ઉત્કાલિક સૂત્રનું ઉત્કીર્તન. | ૧૫૧ |
| ૧૭. | અંગબાહ્ય કાલિક સૂત્રનું ઉત્કીર્તન. | ૧૬૮ |
| ૧૮. | અંગપ્રવિષ્ટ કાલિક સૂત્રનું ઉત્કીર્તન. | ૧૮૧ |
| ૧૯. | શ્રુતદેવતાની સ્તુતિ | ૧૯૩ |

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

पूर्वाचार्य विरचित

# ॥ પક્ખીસૂત્ર ॥

## (પાક્ષિકસૂત્ર)

### શબ્દશઃ વિવેચન

**મંગલાચરણ :-**

**સૂત્ર :-**

**तित्थंकरे अ तित्थे, अतित्थसिद्धे य तित्थसिद्धे य ।**
**सिद्धे जिणे रिसी महरिसी य नाणं च वंदामि ॥१॥**

**સૂત્રાર્થ :-**

**તીર્થંકર, તીર્થ=પ્રથમ ગણધર, અતીર્થસિદ્ધ, તીર્થસિદ્ધ, સિદ્ધો, જિન, ઋષિ, મહર્ષિ અને સમ્યગ્જ્ઞાનને હું નમસ્કાર કરું છું. ॥૧॥**

**ભાવાર્થ :-**

પાંચ મહાવ્રતોને આત્મામાં સ્થિર કરવા માટે સાધુ 'પાક્ષિકપ્રતિક્રમણ' કરતી વખતે પાક્ષિકસૂત્ર બોલે છે.

પાંચ મહાવ્રતોને સેવનારા અને તેના ફળને પામનારા એવા તીર્થંકર આદિ સર્વને હું નમસ્કાર કરું છું એ પ્રકારના વચનપ્રયોગ દ્વારા મહાવ્રતોના સેવનના

ઉત્તમ ફલરૂપ એવા તે બધા મહાત્માઓને સ્મૃતિમાં લાવીને પાક્ષિકસૂત્ર બોલનારા યોગીઓ તેમના પ્રત્યેનો પૂજ્યભાવ વધારે છે. જેથી પ્રસ્તુત પાક્ષિકસૂત્રના બળથી પોતાનામાં પણ તે પાંચ મહાવ્રતોનો પરિણામ સ્થિર થાય. **॥૧॥**

**સૂત્ર :-**

**जे य इमं गुणरयणसायरमविराहिऊण तिन्नसंसारा ।**
**ते मंगलं करित्ता, अहमवि आराहणाभिमुहो ।।२।।**

**સૂત્રાર્થ :-**

**અને જે મુનિઓ ગુણરત્નના સાગર એવા આની=પાંચ મહાવ્રતોની, અવિરાધના કરીને સંસારથી તર્યા છે, તેઓને મંગલ કરીને હું પણ આરાધનાને અભિમુખ થયો છું. ।।૨।।**

**ભાવાર્થ :-**

આ પાંચ મહાવ્રતો આત્માના સમભાવના પરિણામથી પ્રારંભ થાય છે અને પ્રારંભિક ભૂમિકામાં શ્રુતના સંકલ્પના બળથી પાંચ મહાવ્રતોને અનુકૂળ એવો સમભાવ ઉલ્લસિત થાય છે. તેથી મુનિ સુખ-દુઃખ, જીવન-મૃત્યુ, શત્રુ-મિત્ર આદિ સર્વ ભાવો પ્રત્યે સમાન પરિણામ થાય એ પ્રકારના સમભાવ પ્રત્યે રાગ થાય અને અસમભાવ પ્રત્યે દ્વેષ થાય તે પ્રકારના યત્નપૂર્વક જગતના ભાવો પ્રત્યે ઉપેક્ષા ધારણ કરીને સમભાવની વૃદ્ધિ થાય તે રીતે પાંચ મહાવ્રતના સ્વરૂપને સ્મૃતિમાં રાખીને તેની પોષક સંયમક્રિયાઓ કરે તો આ પાંચ મહાવ્રતો તેમના માટે ગુણરત્નના સાગર બને છે. જેના બળથી સર્વ કષાયોનું ઉન્મૂલન કરીને જીવ અંતે વીતરાગભાવ પામે છે. તેથી કહે છે કે ગુણરત્નના સાગર એવા આ પાંચ મહાવ્રતોને અવિરાધીને જે મહાપુરુષો આ સંસારથી તર્યા છે, તેઓને મંગલ કરીને અર્થાત્ તેઓના ગુણોના સ્મરણપૂર્વક તેમના અવલંબનથી તેમની જેમ પોતાનું સત્ત્વ ઉલ્લસિત થાય તદર્થે તેઓને મંગલ કરીને, હું પણ પ્રસ્તુત 'પક્ખીસૂત્ર' બોલીને 'પક્ખીસૂત્ર'માં વર્ણવાયેલાં પાંચ મહાવ્રતોની આરાધનાને અભિમુખ થયો છું અર્થાત્ પાંચ મહાવ્રતોથી મારા આત્માને ભાવિત કરવા અભિમુખ થયો છું. **॥૨॥**

**અવતરણિકા :-**

**મહામુનિઓને મંગલ કર્યા પછી આરાધનાના ભાવનો પ્રકર્ષ કરવા ફરી મંગલ કરે છે –**

**સૂત્ર :-**

**मम मंगलमरिहंता, सिद्धा साहू सुयं च धम्मो अ ।**
**खंती गुत्ती मुत्ती, अज्जवया मद्दवं चेव ।।३।।**

**સૂત્રાર્થ :-**

**મને અરિહંતો મંગલ થાઓ, સિદ્ધો મંગલ થાઓ, સાધુઓ મંગલ થાઓ, શ્રુતધર્મ મંગલ થાઓ, ક્ષાંતિ, ગુપ્તિ, મુક્તિ=નિર્લોભતા, આર્જવ, માર્દવ મંગલ થાઓ. ॥૩॥**

**ભાવાર્થ :-**

આ રીતે યોગમાર્ગમાં પ્રસ્થિત અરિહંત ભગવંતો, યોગમાર્ગના ફલરૂપ સિદ્ધ ભગવંતો, યોગમાર્ગને સાધનારા સુસાધુઓ, યોગમાર્ગનું પ્રકાશન કરનાર શ્રુતધર્મ અને યોગમાર્ગની પરિણતિરૂપ ક્ષમા, ગુપ્તિ, નિર્લોભતા, આર્જવ અને માર્દવ ભાવો મને કલ્યાણનું કારણ બનો, તે પ્રકારનો અભિલાષ કરીને તે ભાવને અભિમુખ જીવવીર્ય ઉલ્લસિત કરાય છે, જેથી મહાવ્રતો સુખપૂર્વક સમ્યક્ પરિણામ પામે.

અહીં ક્રોધાદિ ચાર કષાયના વિરુદ્ધ ક્ષમા, માર્દવ, આર્જવ, મુક્તિ સ્વરૂપ ચાર ભાવો છે. જે ભાવોમાં દૃઢ ઉદ્યમ કરવો હોય તો ત્રણ ગુપ્તિમાં દૃઢ યત્ન કરવો જોઈએ અને ત્રણ ગુપ્તિમાં સુદૃઢ યત્ન કરવો હોય તો ગુણવાનના ગુણને અવલંબીને ઉચિત ભક્તિમાં યત્ન કરવો જોઈએ કે શ્રુતને અવલંબીને આત્માને શ્રુતથી ભાવિત કરવા ઉદ્યમ કરવો જોઈએ. તેથી ગુણવાન એવા તીર્થંકરો, સિદ્ધો, સાધુઓને મંગલરૂપે કામના કરી છે અને શ્રુતધર્મમાં દૃઢ યત્ન થાય તદર્થે શ્રુતધર્મની મંગલરૂપે કામના કરી છે. **॥૩॥**

**પાંચ મહાવ્રતોની ઉચ્ચારણા કરવા માટેની પ્રતિજ્ઞા :-**

**સૂત્ર :-**

**लोअम्मि संजया जं, करिंति परमरिसिदेसिअमुआरं ।**
**अहमवि उवट्ठिओ तं, महव्वयउच्चारणं काउं ।।४।।**

**સૂત્રાર્થ :-**

**પરમઋષિ દેશિત ઉદાર એવી જેને લોકમાં સંયતો કરે છે તે પાંચ મહાવ્રતોની ઉચ્ચારણાને કરવા માટે હું પણ ઉપસ્થિત થયો છું= અભિમુખભાવવાળો થયો છું. ॥૪॥**

**ભાવાર્થ :-**

'પરમઋષિ એવા તીર્થંકરો વડે દેશિત ઉદાર એવી જે મહાવ્રતોની ઉચ્ચારણા સંયતો લોકમાં કરે છે' એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે જેઓ પાંચ ઇંદ્રિયોના સંયમવાળા છે એવા સાધુઓ, તીર્થંકરો વડે અને ગણધરો વડે ઉપદેશ અપાયેલ એવી પ્રધાન મહાવ્રતોની ઉચ્ચારણા સદા કરે છે. તેથી "પોતાના વડે સ્વીકારાયેલો સંયમનો પરિણામ સ્થિર થાય અને ઉત્તરોત્તર વૃદ્ધિવાળો થાય, તેવી મહાવ્રતોની ઉચ્ચારણાને કરવા માટે હું પણ ઉપસ્થિત થયો છું" એ પ્રમાણે સંકલ્પ કરીને સાધુ સંયમની વૃદ્ધિના પરમકારણરૂપ એવી મહાવ્રતોની ઉચ્ચારણા કરીને સંયમના કંડકોની વૃદ્ધિને અભિમુખભાવવાળા થાય છે અને આ રીતે તત્પર થયા પછી સૂત્રના પદે-પદમાં ઉપયોગ રાખીને જે સાધુઓ આગળમાં કહેવાશે તે મહાવ્રતોનું ઉચ્ચારણ કરે છે, તે મહાત્માઓને સંયમનું ગુણસ્થાનક પૂર્વમાં સ્પર્શ ન થયું હોય તોપણ તે ઉચ્ચારણના બળથી સ્પર્શે છે અને સંયમનું ગુણસ્થાનક ભાવથી વર્તતું હોય તો પ્રસ્તુત ઉચ્ચારણના બળથી સંયમના કંડકોની વૃદ્ધિ થાય છે. **॥૪॥**

**પાંચ મહાવ્રતોની ઉચ્ચારણાનું સ્વરૂપ :-**

**સૂત્ર :-**

**से किं तं महव्वयउच्चारणा ? महव्वयउच्चारणा पंचविहा पन्नत्ता, राईभोअण वेरमण छट्ठा, तं जहा-सव्वाओ पाणाइवायाओ वेरमणं १,**

**सव्वाओ मुसावायाओ वेरमणं २, सव्वाओ अदिन्नादाणाओ वेरमणं ३, सव्वाओ मेहुणाओ वेरमणं ४, सव्वाओ परिग्गहाओ वेरमणं ५, सव्वाओ राईभोअणाओ वेरमणं ६ ।।१।।**

**સૂત્રાર્થ :-**

**હવે તે મહાવ્રતોની ઉચ્ચારણા શું છે ? તેથી કહેવાય છે – મહાવ્રતોની ઉચ્ચારણા પાંચ પ્રકારની કહેવાય છે, છટ્ઠી રાત્રિભોજનવિરમણવ્રતની છે.**

**તે આ પ્રમાણે છે –**

**(૧) સર્વથી પ્રાણાતિપાતનું વિરમણ, (૨) સર્વથી મૃષાવાદનું વિરમણ, (૩) સર્વથી અદત્તાદાનનું વિરમણ, (૪) સર્વથી મૈથુનનું વિરમણ, (૫) સર્વથી પરિગ્રહનું વિરમણ, (૬) સર્વથી રાત્રિભોજનનું વિરમણ. ।।૧।।**

**ભાવાર્થ :-**

સાધુ પાંચ મહાવ્રતોની ઉચ્ચારણા કરે છે. **મહાવ્રત એટલે સર્વ સંવરનું પ્રબળ કારણ એવાં શ્રેષ્ઠ કોટિનાં વ્રતો.** આ વ્રતો જીવના પરિણામરૂપ છે અને તે પરિણામને નિષ્પન્ન કરવા માટે વ્રતોની ઉચ્ચારણા કરાય છે.

તે મહાવ્રતોની ઉચ્ચારણા શું છે ? તે પ્રકારની જિજ્ઞાસા ઉદ્ભાવન કરીને કહે છે –

તીર્થંકરો વડે તે મહાવ્રતોની ઉચ્ચારણા પાંચ પ્રકારની કહેવાઈ છે અને છટ્ઠી રાત્રિભોજનના વિરમણની કહેવાઈ છે. તે આ પ્રમાણે –

(૧) સર્વથી પ્રાણાતિપાતનું વિરમણ, (૨) સર્વથી મૃષાવાદનું વિરમણ, (૩) સર્વથી અદત્તાદાનનું વિરમણ, (૪) સર્વથી મૈથુનનું વિરમણ, (૫) સર્વથી પરિગ્રહનું વિરમણ, (૬) સર્વથી રાત્રિભોજનનું વિરમણ.

**(૧) સર્વથી પ્રાણાતિપાતનું વિરમણ :-**

જે સાધુ ભાવથી સંવરના પરિણામવાળા છે તે સાધુ પોતાના ભાવપ્રાણોનું રક્ષણ કરવા માટે સતત ઉદ્યમ કરે છે. જે સાધુ પોતાના ભાવપ્રાણોના રક્ષણ

માટે સતત ઉદ્યમવાળા છે તેઓ જગતના સર્વ પદાર્થો પ્રત્યે મારે સમાન પરિણામ ધારણ કરવો છે તે પ્રકારે આત્માને શ્રુતના સંકલ્પથી ભાવિત કરીને પોતાને મોહનો કોઈ પરિણામ સ્પર્શે નહીં તે રીતે સર્વ ઉચિત ક્રિયાઓ કરે છે. જે ક્રિયાઓ પોતાના આત્માના મોહના પરિણામના નાશ માટે સુભટતુલ્ય છે. જેમ સુભટ શત્રુના નાશમાં અપ્રમાદથી ઉદ્યમ કરે છે તેમ સુસાધુ આત્મામાં વર્તતા મોહના સંસ્કારોનો સતત નાશ કરે છે.

વળી, સર્વ જીવો પોતાને તુલ્ય છે તેથી સુસાધુ સંયમના પ્રયોજનથી દેહની કોઈ ચેષ્ટા કરે ત્યારે કંટકાકીર્ણ ભૂમિમાં ગમનની જેમ સર્વ યતનાથી પ્રયત્ન કરે છે. **જેઓ પોતાના ભાવપ્રાણોને મોહથી રક્ષિત કરે છે અને છકાયના પાલનને અનુકૂલ દેહાદિની ચેષ્ટા કરે છે, તેઓ પ્રાણાતિપાતથી વિરમણના પરિણામવાળા છે અને પ્રસ્તુત આલાપ દ્વારા મહાત્મા પ્રાણાતિપાતથી વિરમણના પરિણામને સ્થિર કરવા યત્ન કરે છે.**

### (૨) સર્વથી મૃષાવાદનું વિરમણ :-

જેઓ પ્રાણાતિપાતથી વિરમણને પામેલા છે તેઓ પ્રયોજન વિના કોઈ વચનપ્રયોગ કરતા નથી, પરંતુ સંયમની વૃદ્ધિનું કોઈ પ્રયોજન હોય તો યતનાપૂર્વક ઉચિત વચનપ્રયોગ કરે છે. તેવા સાધુઓ સર્વથી મૃષાવાદના વિરમણ પરિણામવાળા છે; છતાં પ્રમાદને વશ મૃષાવાદ વિરમણનો પરિણામ શિથિલ થયેલ હોય તો મહાત્મા પ્રસ્તુત આલાવા દ્વારા તે પરિણામને સ્થિર કરવા યત્ન કરે છે.

### (૩) સર્વથી અદત્તાદાનનું વિરમણ :-

વળી, સાધુને આશ્રયીને ચાર પ્રકારનાં અદત્તાદાન છે : (૧) તીર્થંકરઅદત્ત, (૨) ગુરુઅદત્ત, (૩) સ્વામિઅદત્ત અને (૪) જીવઅદત્ત.

ભગવાને સાધુઓને સંયમની વૃદ્ધિ માટે અપ્રમાદ કરવાનું કહ્યું છે. અને તે અપ્રમાદની વૃદ્ધિનું કારણ બને તે પ્રમાણે અને તેના ઉપષ્ટંભકનું અંગ હોય તેવા આહાર, ઉપધિ, વસતિને ગ્રહણ કરવા ભગવાને આજ્ઞા આપી છે, અન્યની આજ્ઞા આપી નથી. તેથી જે સાધુઓ અપ્રમાદથી સંયમના યોગોમાં

ઉત્થિત હોય અને તેના ઉપષ્ટંભકનું કારણ બને તેવી વસતિ વગેરેનું ગ્રહણ કરતા હોય તે તીર્થંકરઅદત્તથી વિરમણ પામેલા છે. જેઓ નિર્દોષ વસતિ-આહાર-ઉપધિ ગ્રહણ કરતા હોય છતાં જિનવચનનું અવલંબન લઈને મોહના નાશ માટે શક્તિ અનુસાર અપ્રમાદથી યત્ન કરતા નથી તેઓની નિર્દોષ ભિક્ષા, વસતિ વગેરે પણ તીર્થંકરની અનુજ્ઞાથી અનુજ્ઞાત નહીં હોવાને કારણે તીર્થંકરઅદત્ત છે.

જે તીર્થંકરને સહમત ન હોય તે ગુણવાન ગુરુને પણ સહમત ન હોય તેથી તીર્થંકરઅદત્ત સાથે જ ગુરુઅદત્તની પણ પ્રાપ્તિ છે. વળી, તીર્થંકરઅદત્ત નથી એવી પણ વસ્તુનું ગુરુને પૂછ્યા વગર સાધુ ઉપયોગ કરે તો ગુરુઅદત્તની પ્રાપ્તિ છે. સચિત્તદ્રવ્ય વગેરેનું ગ્રહણ કરતાં સાધુને જીવઅદત્તની પ્રાપ્તિ થાય અને સ્વામીની અનુજ્ઞા વગર વસતિ વગેરેનો પરિભોગ કરવાથી સ્વામિઅદત્તની પ્રાપ્તિ થાય. તેથી સર્વ અદત્તાદાનના વિરમણના ઉચ્ચારણ દ્વારા સાધુ અદત્તાદાનવિરમણરૂપ સંવરનો પરિણામ થાય તે પ્રકારે યત્ન કરે છે.

**(૪) સર્વથી મૈથુનનું વિરમણ :-**

વળી, “સર્વ પ્રકારના મૈથુનથી વિરમણ” અર્થે સાધુ બ્રહ્મચર્યની નવ વાડોનું સમ્યક્ પાલન કરે છે જેથી અંતરંગ રીતે વેદનો ઉદય વિદ્યમાન હોવા છતાં સૂક્ષ્મ પણ અન્ય જીવને આશ્રયીને કોઈ પ્રકારનો વિકારનો ભાવ સ્પર્શે નહીં. વળી, પ્રસ્તુત વચન દ્વારા મહાત્મા મૈથુનના વિરમણને સ્થિર કરવા યત્ન કરે છે.

**(૫) સર્વથી પરિગ્રહનું વિરમણ :-**

કોઈપણ બાહ્ય પદાર્થને અવલંબીને થોડાક પણ અનુકૂળતા-પ્રતિકૂળતા, રુચિકર-અરુચિકરના પરિણામનો સ્પર્શ થાય તો પાંચમા મહાવ્રતમાં અતિચાર લાગે છે. નાનું બાળક કાલુંઘેલું બોલતું હોય તો તેના શ્રવણથી પ્રીતિ વગેરે ઊઠે કે તેને જોવાથી લાગણી વગેરે થાય તોપણ પરિગ્રહનો પરિણામ છે. તેથી પ્રસ્તુત વચન દ્વારા મહાત્મા બાહ્ય પદાર્થની સાથે સંશ્લેષ ન થાય તેવો પરિણામ દૃઢ કરવા યત્ન કરે છે.

**(૬) સર્વથી રાત્રિભોજનનું વિરમણ :-**

વળી, સાધુ સર્વથા રાત્રિભોજનથી વિરમણવાળા હોય છે અર્થાત્ ભોજનને આશ્રયીને સર્વથા સંગ વગરના હોવાથી મહાઆરંભના કારણભૂત રાત્રિભોજનથી સર્વથા વિરામ પામેલા હોય છે.

તેથી પાંચે મહાવ્રતો અને છઠ્ઠા રાત્રિભોજનવિરમણવ્રતમાં ક્યાંયે સ્ખલના ન થાય તે પ્રકારે સૂક્ષ્મ અને બાદર અતિચારોના ત્યાગના પરિણામપૂર્વક જેઓ જિનવચનના સ્મરણના નિયંત્રણથી સર્વ યોગોને પ્રવર્તાવનારા છે તેવા સાધુઓ આ મહાવ્રતોની ઉચ્ચારણાને કરનારા છે. આવા મહાવ્રતોની ઉચ્ચારણા કરીને હું પણ તે ભાવોથી સંપન્ન થવા અર્થે ઉદ્યમવાળો છું એ પ્રકારના પ્રતિસંધાનપૂર્વક સાધુ પક્ખીસૂત્રના પદેપદમાં ઉપયોગપૂર્વક સૂત્રોનું ઉચ્ચારણ કરે છે. **॥૧॥**

**પ્રથમ મહાવ્રતનું ઉચ્ચારણ :-**

**અવતરણિકા :-**

**સામાન્યથી મહાવ્રતોનું ઉચ્ચારણ કર્યા પછી વિશેષથી તેના સ્વરૂપની ઉપસ્થિતિ કરવા માટે કહે છે –**

**સૂત્ર :-**

**तत्थ खलु पढमे भंते ! महव्वए पाणाइवायाओ वेरमणं, सव्वं भंते ! पाणाइवायं पच्चक्खामि, से सुहुमं वा, बायरं वा, तसं वा, थावरं वा, नेव सयं पाणे अइवाएज्जा, नेव अन्नेहिं पाणे अइवायाविज्जा, पाणे अइवायंते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि, न कारवेमि, करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।।**

**સૂત્રાર્થ :-**

**ત્યાં=પાંચ મહાવ્રતોમાં, પ્રથમ મહાવ્રત હે ભગવંત ! પ્રાણાતિપાતથી વિરમણ છે. હે ભગવંત ! હું સર્વ પ્રાણાતિપાતનું પચ્ચક્ખાણ કરું છું=હવે પછી સ્વ અને પરના પ્રાણોનો નાશ ન થાય તે રીતે પ્રાણના**

**અતિપાતના વિરમણનું હું પચ્ચક્ખાણ કરું છું. તે પ્રાણાતિપાતવિરમણ સૂક્ષ્મ, બાદર, ત્રસ અને સ્થાવર વિષયક છે. હું સ્વયં કોઈના પ્રાણનો અતિપાત કરીશ નહીં, બીજા પાસેથી કોઈના પ્રાણનો અતિપાત કરાવીશ નહીં અને કોઈના પ્રાણનો અતિપાત કરતા એવા અન્યની હું અનુમોદના કરીશ નહીં; ક્યાં સુધી ? જ્યાં સુધી હું જીવીશ ત્યાં સુધી, ત્રિવિધ-ત્રિવિધ=મન-વચન-કાયાથી કરીશ નહીં, કરાવીશ નહીં અને કરતા એવા અન્યની અનુમોદના કરીશ નહીં, હે ભગવંત તેનું હું=પૂર્વમાં જે મેં પ્રાણાતિપાત કરેલ તેનું હું, પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, ગર્હા કરું છું અને તેવા આત્માને હું વોસિરાવું છું.**

**ભાવાર્થ :-**

પહેલા મહાવ્રતમાં પ્રાણાતિપાતરૂપ પાપથી વિરમણ છે. તેમાં કોઈ જીવને હણીશ નહીં, કોઈને પીડા કરીશ નહીં, અને કોઈના કષાયોનો ઉદ્રેક કરીશ નહીં એ પ્રકારની પ્રતિજ્ઞા કરાય છે. તેથી અન્ય જીવોની જેમ પોતાના ભાવપ્રાણના રક્ષણ માટે પણ સાધુએ ઉદ્યમ કરવો જોઈએ. વળી, અન્ય જીવોના ભાવપ્રાણનો નાશ થાય તેવા ઉદ્યમથી પણ વિરામ પામવું જોઈએ અને તદર્થે કોઈના કષાયના ઉદયમાં પોતે નિમિત્ત ન બને, કોઈના પ્રાણના નાશ માટે પોતે નિમિત્ત ન બને તે રીતે કરણ, કરાવણ, અનુમોદનથી મન, વચન, કાયાથી વિરામ પામવાની સાધુ પ્રતિજ્ઞા કરે છે.

સાધુની આ પ્રતિજ્ઞા ત્રણે કાળ વિષયક છે. નિંદા-ગર્હારૂપ ભાવોથી અતીતકાલના પાપના સંસ્કારોને દૂર કરવા સાધુ યત્ન કરે છે. મન-વચન-કાયાનો સંવર કરીને વર્તમાનમાં પાપથી સાધુ વિરામ પામે છે અને ભવિષ્યમાં તે પાપ નહીં કરવાની સાધુ પ્રતિજ્ઞા કરે છે.

આ પ્રતિજ્ઞાના સ્મરણના બળથી ત્રણે કાલ પોતાનું ચિત્ત પાપના પરિણામથી વિમુખ રહે તે રીતે જે સાધુ સંયમની ઉચિત યતના કરે છે, તેઓ પ્રથમ મહાવ્રતનું પાલન કરી શકે છે અને મહાત્મા પ્રસ્તુત પાક્ષિકસૂત્ર બોલવા દ્વારા પ્રથમ મહાવ્રતના ભાવોને દૃઢ કરવા યત્ન કરે છે.

**અવતરણિકા :-**

**હું સૂક્ષ્મ કે બાદર પ્રાણાતિપાત કરીશ નહીં એમ કહ્યું, તે દ્રવ્યથી પ્રાણાતિપાતને આશ્રયીને હતું. આમ છતાં ઉપલક્ષણથી ચારે પણ પ્રકારના પ્રાણાતિપાતનું ગ્રહણ છે. તેથી તે પ્રાણાતિપાત ચાર પ્રકારનાં બતાવે છે –**

**સૂત્ર :-**

**से पाणाइवाए चउव्विहे पन्नत्ते । तं जहा—दव्वओ खित्तओ कालओ भावओ, दव्वओ णं पाणाइवाए छसु जीवनिकाएसु । खित्तओ णं पाणाइवाए सव्वलोए । कालओ णं पाणाइवाए दिआ वा राओ वा । भावओ णं पाणाइवाए रागेण वा दोसेण वा ।**

**સૂત્રાર્થ :-**

**તે પ્રાણાતિપાત ચાર પ્રકારના કહેવાયા છે. તે આ પ્રમાણે – (૧) દ્રવ્યથી પ્રાણાતિપાત, (૨) ક્ષેત્રથી પ્રાણાતિપાત, (૩) કાલથી પ્રાણાતિપાત, (૪) ભાવથી પ્રાણાતિપાત.**

**દ્રવ્યથી પ્રાણાતિપાત છ જીવનિકાયના વિષયમાં છે. ક્ષેત્રથી પ્રાણાતિપાત સર્વલોકમાં છે. કાલથી પ્રાણાતિપાત દિવસમાં કે રાત્રિમાં છે અને ભાવથી પ્રાણાતિપાત રાગથી કે દ્વેષથી છે.**

**ભાવાર્થ :-**

પ્રાણાતિપાતવિરમણમહાવ્રતની પ્રતિજ્ઞામાં સૂક્ષ્મ કે બાદર પ્રાણાતિપાતના વિરમણની પ્રતિજ્ઞા કરી. તે પ્રતિજ્ઞા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ચાર પ્રકારની છે.

**(૧) દ્રવ્યપ્રાણાતિપાત :-**

તે પ્રાણાતિપાત દ્રવ્યથી છ જીવનિકાયના જીવોના વિષયમાં છે. તેથી જગતના સર્વ જીવોને લેશ પણ પીડા આદિ ન થાય તે પ્રકારે જે સાધુ યતનાપૂર્વક સર્વ પ્રવૃત્તિ કરે છે તે છ જીવનિકાયની પીડા આદિના પરિહારમાં ઉપયુક્ત છે.

### (૨) ક્ષેત્રપ્રાણાતિપાત :-

ક્ષેત્રથી પ્રાણાતિપાત સર્વ લોકમાં છે. જોકે સાધુ જે સ્થાનમાં છે તે સ્થાનમાં રહેલા જીવોને જ તેનાથી પીડાનો સંભવ છે, તોપણ સર્વ લોકમાં રહેલા કોઈપણ જીવો પ્રત્યે રાગ-દ્વેષ આદિના ભાવો વર્તે તો તેઓના પ્રાણના અતિપાતમાં પોતે નિમિત્ત બની શકે છે. તેથી જે સાધુ પોતાના રાગ-દ્વેષના ભાવોને જિનવચનાનુસાર નિયંત્રિત કરીને ગુણવૃદ્ધિમાં વ્યાપારવાળા કરે છે તે સાધુ જગતના સર્વ જીવો પ્રત્યે સમપરિણામવાળા છે. તેથી લોકમાં કોઈપણ સ્થાનમાં રહેલા જીવો પ્રત્યે હિંસાના પરિણામવાળા નથી. તે સિવાય સર્વ સંસારી જીવો કે માત્ર બાહ્યથી સાધ્વાચાર પાળનાર સાધુ પણ સર્વ ક્ષેત્રમાં રહેલા જીવોના પ્રાણાતિપાતવાળા છે. આથી શ્રાવક પણ દિશાનું પરિમાણ કરીને સર્વ ક્ષેત્રથી થતી હિંસાના પાપથી આત્માને સંવૃત કરવા યત્ન કરે છે.

### (૩) કાલપ્રાણાતિપાત :-

વળી, કાલથી "દિવસ-રાત્રિ" કહેવાથી એ પ્રાપ્ત થાય છે કે સાધુ દિવસમાં કોઈપણ પ્રવૃત્તિ કરતા હોય ત્યારે સંયમના પરિણામમાં હોય છે અને રાત્રિમાં પણ સંયમના પરિણામમાં હોય છે. અને દિવસે કે રાત્રે જો તે સંયમનો પરિણામ સ્ખલના પામે તો તે વખતે પ્રાણનો અતિપાત થાય છે. જેણે સર્વ કાલને આશ્રયીને પ્રાણાતિપાતની પ્રતિજ્ઞા લીધી છે, તે સાધુ દિવસ-રાત્રિ દરમિયાન સદા વ્રતના પરિણામમાં યતનાવાળા હોય છે. અને સાધુને પણ જ્યારે જ્યારે જિનવચનથી નિયંત્રિત પરિણતિમાં સ્ખલના થાય છે, તે તે કાળમાં પ્રાણાતિપાતની પ્રાપ્તિ છે.

### (૪) ભાવપ્રાણાતિપાત :-

ભાવથી પ્રાણાતિપાત તે રાગ-દ્વેષથી પ્રાણનો અતિપાત છે. તેમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે જે સાધુ પોતાનામાં વર્તતા રાગના પરિણામને મહાવ્રતના પરિણામમાં પ્રવર્તાવે અને પોતાના દ્વેષના પરિણામને મહાવ્રતના પરિણામમાં થતી સ્ખલનામાં પ્રવર્તાવે અને મહાવ્રતની વૃદ્ધિના ઉપાયભૂત સર્વ ઉચિત પ્રવૃત્તિ મહાવ્રતના રાગથી કરતા હોય અને સ્ખલના થાય તો દ્વેષના ઉપયોગથી તે સ્ખલના દૂર કરવા યત્ન કરતા હોય અને જગત પ્રત્યે ઉપેક્ષાના ભાવવાળા

હોય તે સાધુ ભાવથી પ્રાણાતિપાત મહાવ્રતનું પાલન કરનારા છે અને આ પ્રકારના ઉપયોગપૂર્વક જે મહાત્મા પાક્ષિકસૂત્ર બોલે છે તેઓમાં તે પ્રકારના પ્રાણાતિપાતના વિરમણ પ્રત્યેનો રાગ ઉલ્લસિત થાય છે. જેથી પ્રગટ થયેલો સંવરનો પરિણામ અતિશયિત થાય છે અને પ્રમાદને વશ સ્ખલના પામ્યા હોય તો તેના પર દ્વેષ કરી ફરી સંવરના પરિણામને તે મહાત્મા ઉપસ્થિત કરે છે અને કદાચ પૂર્વમાં તે પ્રકારનો મહાવ્રતનો પરિણામ ભાવથી થયો ન હોય તોપણ પદેપદના ઉપયોગપૂર્વક બોલાયેલા સૂત્રથી મહાવ્રતનો પરિણામ અવશ્ય ઉલ્લસિત થાય છે.

**અવતરણિકા :-**

**આ રીતે પ્રથમ મહાવ્રતની પ્રતિજ્ઞા કરી તેની અને તે પ્રથમ મહાવ્રત ચાર પ્રકારના ભેદવાળું છે તેની, ઉપસ્થિતિ કરી. હવે, અતીતકાળમાં અજ્ઞાનતા આદિ ચાર અને પ્રમાદ આદિ અગિયાર કારણો વડે વિહિત મહાવ્રત વિરુદ્ધ પ્રવૃત્તિની સવિશેષથી નિંદા કરવા અર્થે કહે છે, જેથી મહાવ્રતથી વિરુદ્ધ પાપોના અનાદિના સંસ્કારો શિથિલ થાય અને સવિશેષથી મહાવ્રતનો પરિણામ ઉલ્લસિત થાય.**

**સૂત્ર :-**

**जं मए इमस्स धम्मस्स केवलिपन्नत्तस्स अहिंसालक्खणस्स सच्चाहिट्ठिअस्स विणयमूलस्स खंतिप्पहाणस्स अहिरण्णसोवन्निअस्स उवसमपभवस्स नवबंभचेरगुत्तस्स अपयमाणस्स भिक्खावित्तिअस्स कुक्खीसंबलस्स निरग्गिसरणस्स संपक्खालिअस्स चत्तदोसस्स गुणग्गाहिअस्स निव्विआरस्स निव्वित्तिलक्खणस्स पंचमहव्वयजुत्तस्स असंनिहिसंचयस्स अविसंवाइअस्स संसारपारगामिअस्स निव्वाणगमणपज्जवसाणफलस्स, पुव्विं अन्नाणयाए असवणयाए अबोहि(आ)ए अणभिगमेणं अभिगमेण वा पमाएणं रागदोसपडिबद्धयाए बालयाए मोहयाए मंदयाए किडयाए तिगारवगरु(अ)याए चउक्कसाओवगएणं पंचिंदिओवसट्टेणं पडुप्पन्नभारियाए सायासुक्खमणुपालयंतेणं इहं वा भवे, अन्नेसु वा भवग्गहणेसु,**

पाणाइवाओ कओ वा, काराविओ वा, कीरंतो वा परेहिं समणुन्नाओ, तं निंदामि, गरिहामि, तिविहं तिविहेणं मणेणं वायाए काएणं ।।

**સૂત્રાર્થ :-**

**કેવલીપ્રજ્ઞપ્ત, અહિંસાલક્ષણ, સત્યાદિમાં રહેલ, વિનયમૂલ, ક્ષાંતિ-પ્રધાન, અહિરણ્ય-સુવર્ણવાળા, ઉપશમપ્રભવ, નવ બ્રહ્મચર્યની ગુપ્તિવાળા, અપચમાન=પાકક્રિયાના અભાવવાળા, ભિક્ષાવૃત્તિવાળા, કુક્ષિસંબલવાળા, નિરગ્નિશરણવાળા, સમપ્રક્ષાલિત મલવાળા, ત્યક્ત-દોષવાળા, ગુણગ્રાહી, નિર્વિકારક, નિવૃત્તિલક્ષણવાળા, પાંચ મહાવ્રતથી યુક્ત, અસંનિધિ સંચયવાળા, અવિસંવાદી, સંસારપારગામી, નિર્વાણ-ગમનના પર્યવસાન ફલવાળા એવા ૨૨ પ્રકારના વિશેષણવાળા આ ધર્મનું પૂર્વમાં અજ્ઞાનથી, અશ્રવણથી, અબોધથી, અણભિગમથી અથવા અભિગમ થવા છતાં પ્રમાદથી, રાગ-દ્વેષ પ્રતિબદ્ધતાને કારણે, બાલપણાને કારણે, મોહપણાને કારણે, મંદપણાને કારણે, ક્રીડાપણાને કારણે, રસગારવ-ઋદ્ધિગારવ-સાતાગારવને કારણે, ચાર કષાયથી ઉપગત એવા મારા વડે પાંચ ઇંદ્રિયોના વશથી, વર્તમાનમાં ઉત્પન્ન એવા કર્મના ભારને કારણે, શાતાના સુખના અનુપાલન કરતા=અનુભવતા, એવા મારા વડે અહીં આ ભવમાં કે અન્ય ભવ ગ્રહણમાં પ્રાણાતિપાત કર્યો હોય, કરાવ્યો હોય કે કરતા એવા બીજાને સમનુજ્ઞા કરી હોય તેની મન-વચન-કાયારૂપ ત્રિવિધથી હું નિંદા કરું છું, ગર્હા કરું છું. ।।**

**ભાવાર્થ :-**

હવે તે બાવીસ પ્રકારનો ધર્મ કેવો છે ? તે સ્પષ્ટ કરે છે –

**(૧) કેવલીથી પ્રજ્ઞપ્ત છે**=ધર્મ સર્વજ્ઞ એવા કેવલજ્ઞાની વડે પ્રરૂપાયેલ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે કેવલીએ કેવલજ્ઞાનમાં ધર્મનું સ્વરૂપ જોયું છે અને સંસારના અંતનું કારણ યોગનિરોધ જાણ્યો છે. યોગનિરોધને અનુકૂળ સર્વવિરતિની સંવરની પ્રવૃત્તિ જાણીને સંસારથી વિરક્ત જીવો આ ધર્મને સેવીને કેવી રીતે યોગનિરોધરૂપ સર્વસંવરને પામી શકે ? તે પોતાના જ્ઞાનમાં જોઈને, જાણીને આ ધર્મ બતાવ્યો છે.

(૨) **અહિંસાના લક્ષણવાળો છે**; કેમ કે ધર્મ ષટ્કાયના પાલનના અધ્યવસાયરૂપ છે.

(૩) **સત્યાદિમાં પ્રતિષ્ઠિત છે**=સત્યાદિના પાલનમાં પ્રતિષ્ઠિત છે=બીજા સત્ય મહાવ્રત આદિ મહાવ્રતના પરિણામરૂપ છે.

(૪) **વિનયમૂલવાળો છે**=ભગવાન પ્રત્યેના બહુમાનભાવને કારણે ગુણવાન એવા તીર્થંકર આદિ પ્રત્યે વિનય મૂલ કારણ છે જેને એવો આ ધર્મ છે.

(૫) **ધર્મ ક્ષાંતિપ્રધાન છે**=ક્રોધના અભાવરૂપ ક્ષમાના પરિણામવાળો છે.

(૬) **હિરણ્ય અને સુવર્ણ વગરનો છે**=હિરણ્ય-સુવર્ણના ઉપલક્ષણથી સર્વ બાહ્ય પરિગ્રહ વગરનો છે.

(૭) **ઉપશમપ્રભવ છે**=પાંચ ઇંદ્રિય અને મનના ઉપશમભાવથી ઉત્પન્ન થયેલો છે.

(૮) **બ્રહ્મચર્યની નવ ગુપ્તિવાળો છે**=બ્રહ્મચર્યની નવ ગુપ્તિના પરિણામવાળો છે.

(૯) **પાચનક્રિયાના પરિણામ વગરનો છે.**

(૧૦) **ભિક્ષાવૃત્તિવાળો છે**=સર્વસંપત્કરીભિક્ષાપૂર્વક આજીવિકા કરવાના પરિણામવાળો છે. અર્થાત્ સ્વ-પરના એકાંત કલ્યાણનું કારણ એવી ભિક્ષાથી સંયમદેહના પાલનવાળો છે.

(૧૧) **કુક્ષિસંબલ છે**=યોગમાર્ગમાં ગમન કરતી વખતે સંબલ=ભાથું, તે કુક્ષિ જેટલું અર્થાત્ ભોજન વાપરવા સિવાય કોઈ આહાર આદિની સામગ્રી સાધુ ન રાખે તેવા પરિણામવાળો આ ધર્મ છે.

(૧૨) **નિરગ્નિશરણ છે**=અગ્નિકાયની વિરાધનાથી અત્યંત વિરામ પામેલો છે.

(૧૩) **સંપ્રક્ષાલિત છે**=જે કર્મમલનું સંપ્રક્ષાલન કરે તેવા પ્રકારના ઉચિત અનુષ્ઠાનવાળો છે.

(૧૪) **ત્યક્તદોષ છે**=ત્યાગ કર્યા છે મિથ્યાત્વ આદિ દોષ જેમાં તેવા પ્રકારનો છે.

(૧૫) **ગુણગ્રાહી છે**=ગુણને ગ્રહણ કરવાવાળો છે.

(૧૬) **નિર્વિકાર છે**=ઇંદ્રિય અને મનના વિકાર રહિત છે.

(૧૭) **નિવૃત્તિલક્ષણ છે**=સર્વસાવદ્યની નિવૃત્તિના લક્ષણવાળો છે=સ્વરૂપવાળો છે.

(૧૮) **પાંચ મહાવ્રતયુક્ત છે.**

(૧૯) **અસંનિધિ સંચયવાળો છે**=અસંનિધિ=ખાદ્ય કોઈપણ પ્રકારની સંનિધિને નહીં રાખવાના પરિણામવાળો છે.

(૨૦) **અવિસંવાદી છે**=ફલ પ્રદાન કરવામાં અવિસંવાદી છે.

(૨૧) **સંસારપારગામી છે**=સંસારના પારને પહોંચાડનાર છે.

(૨૨) **નિર્વાણગમનપર્યવસાનફલ છે**=નિર્વાણગમનમાં પર્યવસાનફલવાળો એવો આ ધર્મ છે.

આવો સુંદર ધર્મ જગતમાં વિદ્યમાન હોવા છતાં પૂર્વમાં અજ્ઞાનતાદિને કારણે પોતે સેવ્યો નહીં તેને યાદ કરીને તેની નિંદા, ગર્હા કરે છે. ||

પાંચ મહાવ્રતસ્વરૂપ સર્વજ્ઞે કહેલો ધર્મ સંપૂર્ણ નિરવદ્ય આચારના પાલનરૂપ છે અને તેનું સ્વરૂપ સ્પષ્ટ કરવા માટે તે ધર્મનાં ૨૨ વિશેષણો બતાવેલ છે અને અંતે કહ્યું કે આવાં વિશેષણોવાળો ધર્મ નિર્વાણગમનના પર્યવસાનફલવાળો છે. તેથી એ સિદ્ધ થયું કે સાધુ પાંચ મહાવ્રતના પાલનના બળથી નિર્વાણનું સાક્ષાત્ કારણ એવા યોગનિરોધમાં યત્ન કરી શકે તેવી શક્તિનો સંચય કરે છે અને યોગનિરોધ કરીને નિર્વાણ ફલને પ્રાપ્ત કરે છે. નિર્વાણ એ જીવની સર્વ શ્રેષ્ઠ અવસ્થા છે અને તેની પ્રાપ્તિનું કારણ એવો કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ જગતમાં વિદ્યમાન હોવા છતાં પૂર્વમાં જીવમાં અજ્ઞાન વર્તતું હતું તેથી 'સર્વ સુખનું એક કારણ એવો આ ધર્મ છે' તેવી વિચારણા માત્ર પણ તેને થઈ નહીં. કોઈક રીતે મનુષ્ય આદિ ભવને પામીને જગતમાં ધર્મની વાતો ચાલે છે તેવો બોધ થયો તોપણ કેવલીપ્રજ્ઞપ્ત ધર્મ કયો છે તેવું સાંભળવા જ મળ્યું નહીં, તેથી તે ધર્મના શ્રવણના અભાવને કારણે જીવે અત્યાર સુધી પ્રાણાતિપાતનું સેવન કર્યું છે.

હવે કોઈક રીતે કોઈ મહાત્મા પાસેથી સાંભળવા મળ્યું કે આ કેવલીપ્રજ્ઞપ્ત ધર્મ સંસારના અંતને કરનાર પરમ સુખનું કારણ છે. આમ છતાં, તે મહાત્માના વચનથી પોતાને કોઈ બોધ થયો નહીં તેના કારણે પ્રાણાતિપાતનું સેવન કર્યું. વળી, કાંઈક સમજશક્તિ હોવાને કારણે મહાત્માના ઉપદેશથી બોધ થયો કે

આ ધર્મના સેવનથી પૂર્ણસુખરૂપ મોક્ષની પ્રાપ્તિ થશે તોપણ બુદ્ધિમાં તે ધર્મનો સ્વીકાર થયો નહીં. તેથી ધર્મના સ્વરૂપના અસ્વીકારને કારણે પ્રાણાતિપાતનું સેવન થયું તથા ક્વચિત્ બોધ થવાને કારણે સંયમ ગ્રહણ કર્યો, સાધ્વાચારનું પાલન કર્યું પરંતુ ધર્મના પારમાર્થિક બોધનો અભિગમ=સ્વીકાર, ન થવાને કારણે યથાતથા સંયમની ક્રિયા કરીને પ્રાણાતિપાત કરાયો અથવા ઉપદેશકના વચનથી બોધ થયો અને સ્પષ્ટ નિર્ણય થયો કે ત્રણ ગુપ્તિના સમ્યક્ પાલનથી સેવાયેલો આ ધર્મ નિર્વાણફલમાં પર્યવસાન પામનારો છે, છતાં પણ અનાદિ ભવઅભ્યસ્ય પ્રમાદને કારણે સંયમજીવનમાં પણ પ્રમાદને વશ થઈ પ્રાણાતિપાત કરાયો.

હવે પ્રમાદને વશ થઈ પ્રાણાતિપાત કેમ કરાયો ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

રાગ-દ્વેષની પ્રતિબદ્ધતાને કારણે પ્રાણાતિપાત કરાયો અર્થાત્ ઇંદ્રિયોની તથા પ્રકારની અત્યંત ઉત્સુકતાને કારણે રાગ-દ્વેષને વશ થઈને પ્રાણાતિપાત કરાયો.

બાલપણાને કારણે=સંયમજીવનમાં ક્રિયાની આચરણામાં બાલપણાને કારણે અર્થાત્ જે ક્રિયાઓ જે પ્રકારે કરવાની શાસ્ત્રમાં વિહિત છે તે પ્રકારે તે ક્રિયાઓ કરીને વ્રતના પરિણામને ઉલ્લસિત કરી શકે તેવી સમ્યક્ ક્રિયા કરવામાં અસામર્થ્યરૂપ બાલપણું હોવાને કારણે, પ્રાણાતિપાત કરાયો.

મોહને વશ થઈ પ્રાણાતિપાત કરાયો. મંદતાને કારણે=સંવેગની મંદતાને કારણે, પ્રાણાતિપાત કરાયો. ક્રીડાને વશ=હાસ્ય, કુતૂહલવૃત્તિ આદિ ક્રીડાને વશ પ્રાણાતિપાત કરાયો. રસગારવ-ઋદ્ધિગારવ-સાતાગારવને વશ પ્રાણાતિપાત કરાયો. ચાર કષાયને પરવશ થઈને પ્રાણાતિપાત કરાયો. પાંચ ઇંદ્રિયોના વિષયોને વશ થઈને પ્રાણાતિપાત કરાયો. ભૂતકાળમાં દરેક ભવમાં તે વખતે વર્તતા એવા કર્મના ભારને પરવશ=ભૂતકાળમાં તે તે ભવમાં વર્તતા કર્મના ભારના વશથી=કોઈપણ મુનિ કર્મને વશ થઈ સંયમની આચરણાથી વિપરીત આચરણા કરે છે તે વર્તતા એવા કર્મના ભારથી, પ્રાણાતિપાત કરાયો. અથવા સાતા સુખનું અનુપાલન કરાતા એવા મારા વડે પ્રાણાતિપાત કરાયો.

ક્યાં પ્રાણાતિપાત કરાયો ? તેથી કહે છે –

આ ભવમાં કે અન્ય ભવોના ભવગ્રહણમાં=પૂર્વભવોના ગ્રહણમાં, જે પ્રાણાતિપાત કરાયો હોય અને બીજા પાસે કરાવરાવ્યો હોય કે પ્રાણાતિપાત કરતા એવા બીજાની અનુમોદના કરી હોય તેની ત્રિવિધથી=મન-વચન-કાયારૂપ ત્રિવિધથી, હું નિંદા કરું છું, ગર્હા કરું છું.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે આ ભવમાં કે પૂર્વભવમાં અત્યંત સંવૃત થઈને ગુપ્તિમાં યત્ન કરવામાં ન આવ્યો હોય તો કાયાથી ગમનાદિની ચેષ્ટામાં જે જીવોની હિંસા થઈ હોય તે પ્રાણાતિપાત કરાયેલો થાય, સંયમવૃદ્ધિનું અંગ ન હોય તેવું બીજા પાસેથી કાંઈક કાર્ય કરાવ્યું હોય તેવી ચેષ્ટાથી જે હિંસા થઈ હોય તે હિંસા અન્યથી કરાવી કહેવાય અને પ્રમાદને વશ પોતે નિર્દોષ ભિક્ષા વગેરે પણ વાપરી ન હોય તોપણ તે ભિક્ષાના નિષ્પાદનમાં જે આરંભ-સમારંભ થયા હોય તે સર્વની પોતે અનુમોદના કરી કહેવાય. આ રીતે કરણ, કરાવણ અને અનુમોદન રૂપ સર્વ પ્રાણાતિપાતની ક્રિયા ક્વચિત્ મનથી, ક્વચિત્ વચનથી તો ક્વચિત્ કાયાથી પૂર્વમાં થયેલ હોય તે સર્વ પ્રત્યે નિંદા-ગર્હા દ્વારા જુગુપ્સા કરવાથી પ્રાણાતિપાતના વિરુદ્ધ એવો સંયમભાવ ઉલ્લસિત થાય છે. તેથી પ્રતિજ્ઞાકાલમાં પૂર્વે અતીતની નિંદા-ગર્હા કરેલી તે નિંદા-ગર્હાને અતિશયિત કરવા અર્થે પ્રસ્તુત આલાવા દ્વારા વિશેષ રીતે ઉપસ્થિત કરેલ છે. જેથી સાધુ અત્યંત ઉપયુક્ત થઈને બોલે તો અવશ્ય પ્રમાદને વશ થતી પ્રાણાતિપાતની ક્રિયા પ્રત્યે જુગુપ્સા ઉલ્લસિત થાય અને સંવરનો પરિણામ વિશેષ રીતે ઉલ્લસિત બને.

**અવતરણિકા :-**

**પૂર્વમાં પ્રાણાતિપાતના કૃત-કારિત-અનુમોદન અને મન-વચન-કાયાથી થતી નિંદા-ગર્હા બતાવી. હવે ત્રણે કાલની પ્રાણાતિપાતની વિરતિને બતાવતાં કહે છે –**

**સૂત્ર :-**

**अईअं निंदामि, पडुप्पन्नं संवरेमि, अणागयं पच्चक्खामि, सव्वं पाणाइवायं, जावज्जीवाए अणिस्सिओऽहं नेव सयं पाणे अइवाएज्जा,**

**नेवन्नेहिं पाणे अइवायाविज्जा, पाणे अइवायंते वि अन्ने न समणु-जाणिज्जा(णामि), तं जहा–अरिहंतसक्खिअं, सिद्धसक्खिअं, साहु-सक्खिअं देवसक्खिअं, अप्पसक्खिअं ।।**

**સૂત્રાર્થ :-**

**અતીત એવા સર્વ પ્રાણાતિપાતની હું નિંદા કરું છું, વર્તમાન સંબંધી પ્રાણાતિપાતનો હું સંવર કરું છું અને અનાગત એવા સર્વ પ્રાણાતિપાતનું હું પચ્ચક્ખાણ કરું છું.**

હવે અનાગત પ્રત્યાખ્યાનને વિશેષથી બતાવતાં કહે છે –

**જાવજ્જીવ સુધી અનિશ્રિત એવો હું=આલોક અને પરલોકની આશંસાથી રહિત એવો હું, સ્વયં પ્રાણના અતિપાતને કરીશ નહીં, અન્ય પાસેથી પ્રાણના અતિપાતને કરાવીશ નહીં અને પ્રાણના અતિપાત કરતા બીજાની હું અનુમોદના કરીશ નહીં.**

આ પ્રતિજ્ઞા પોતે પાંચની સાક્ષીએ ગ્રહણ કરે છે તે બતાવે છે –

**(૧) અરિહંતસાક્ષિક, (૨) સિદ્ધસાક્ષિક, (૩) સુગુરુસાક્ષિક, (૪) દેવસાક્ષિક અને (૫) આત્મસાક્ષિક.**

**જાવજ્જીવ સુધી હું પ્રાણાતિપાતને કરીશ નહીં આદિ પૂર્વની સાથે સંબંધ છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કેવલીપ્રજ્ઞપ્ત ધર્મના અજ્ઞાન આદિને કારણે જે પૂર્વભવોમાં કે આ ભવમાં પોતે પ્રાણાતિપાત કર્યો હોય, તેના પ્રત્યે નિંદા, જુગુપ્સા વ્યક્ત કરી અને તે પ્રાણાતિપાત થવાનાં અજ્ઞાન આદિ કારણોને ઉપસ્થિત કરીને તે સર્વ કારણો પ્રત્યે પણ જુગુપ્સા ઉત્પન્ન કરી. ત્યારપછી પોતાને પ્રાણાતિપાતની વિરતિ ત્રણે કાલ વિષયક જોઈએ છે તેથી અતીતકાલ વિષયક, વર્તમાનકાલ વિષયક અને ભવિષ્યકાલ વિષયક પ્રાણાતિપાતની વિરતિને ઉલ્લસિત કરવા અર્થે સાધુ પક્ખીસૂત્રમાં બોલે છે. 'અતીત એવા સર્વ પ્રાણાતિપાતની હું નિંદા કરું છું, વર્તમાન એવા સર્વ પ્રાણાતિપાતથી સંવર કરું છું અને અનાગત એવા

પ્રાણાતિપાતનું હું પચ્ચક્ખાણ કરું છું'. આ પ્રકારે બોલવાથી ભૂતકાળમાં સેવાયેલા પ્રાણાતિપાતના પરિણામ પ્રત્યે જુગુપ્સા થાય છે. જેથી તે પ્રાણાતિપાતના સેવનના કાલમાં થયેલા કુસંસ્કારો ઉલ્લસિત થતા નથી અને તેવા સંસ્કારવાળો આત્મા શાંત બને છે. વર્તમાનમાં તે પ્રાણાતિપાતના વિરામરૂપ ત્રણ ગુપ્તિમાં ઉદ્યમ કરાય છે જેથી વર્તમાનમાં પ્રાણાતિપાતની વિરતિનો પરિણામ ઉલ્લસિત થાય છે અને અનાગતમાં=ભવિષ્યકાલમાં સર્વ પ્રાણાતિપાત નહીં કરવાના પચ્ચક્ખાણ દ્વારા સંકલ્પ કરાય છે અને તે અનાગતને સ્પષ્ટ કરતાં કહે છે કે 'જ્યાં સુધી હું જીવીશ ત્યાં સુધી આલોક અને પરલોકની આશંસા વગરનો એવો હું પ્રાણાતિપાત કરીશ નહીં, બીજા પાસે કરાવીશ નહીં અને અન્ય દ્વારા કરાતા પ્રાણાતિપાતનું અનુમોદન કરીશ નહીં'. તેથી એ ફલિત થાય છે કે જો જીવ આલોકના કે પરલોકના ફલની આશંસાવાળો હોય તો પરમાર્થથી પ્રાણાતિપાતની વિરતિ થાય નહીં પરંતુ આલોક-પરલોકનાં સર્વ સુખો પ્રત્યે જે સાધુ નિરાશંસભાવવાળા હોય, માત્ર મોહથી અનાકુળ આત્માના ભાવોમાં પ્રતિબદ્ધ ચિત્તવાળા થઈને મોહના ઉન્મૂલન માટેના ઉપાયમાં યત્ન કરતા હોય અને જાવજ્જીવ સુધી આવો યત્ન હું કરીશ તેવો સંકલ્પ કરીને તે પ્રમાણે જે સાધુ યત્ન કરતા હોય તે સાધુને અનાગત એવા સર્વ પ્રાણાતિપાતનું પચ્ચક્ખાણ પ્રાપ્ત થાય છે અને આ પચ્ચક્ખાણના પરિણામને દૃઢ કરવા અર્થે સાધુ પાંચની સાક્ષીએ પચ્ચક્ખાણ કરે છે.

જેમ વ્યવહારમાં પણ પાંચની સાક્ષીએ કરેલ કબૂલાત પ્રાયઃ ફરતી નથી તેમ સાધુ પોતાની પ્રતિજ્ઞા પણ પાંચની સાક્ષીએ કરે છે, જેથી પ્રતિજ્ઞામાં દૃઢ પરિણામ ઉલ્લસિત થાય છે.

વળી, જેમ શિષ્ટ પુરુષોની સામે સાક્ષી કરાય છે તેમ પ્રસ્તુતમાં સાધુ ઉત્તમ એવા (૧) અરિહંતોની, (૨) સિદ્ધ ભગવંતોની, (૩) સદ્ગુરુઓની, (૪) જે દેવો સંયમ પાળીને સુદેવત્વને પામેલા છે તેવા ઉત્તમ દેવોની અને (૫) પોતાના આત્માની, સાક્ષીએ પ્રતિજ્ઞા કરે છે. તેથી ચિત્તમાં અધ્યવસાય થાય છે કે 'પાંચની સાક્ષીએ પ્રાણાતિપાતની વિરતિ અર્થે હવે પછી હું જાવજ્જીવ સુધી ત્રણ ગુપ્તિની વૃદ્ધિ થાય એ રીતે જ સર્વ આચાર સેવીશ જેથી સર્વ

પ્રાણાતિપાત-વિરમણની વૃદ્ધિ થાય'. આ પ્રકારનો અધ્યવસાય જે મહાત્માએ કર્યો હોય તે મહાત્મા અવશ્ય તે ભાવનો નિર્વાહ કરી શકે છે અને તે ભાવના નિર્વાહ અર્થે જ પ્રતિક્રમણમાં પક્ખીસૂત્ર બોલીને મહાત્માઓ આ ભાવને સ્થિર કરે છે.

**અવતરણિકા :-**

**આ રીતે અતીત આદિ ત્રણે કાલની વિરતિ સ્વીકારીને જે સાધુ તે પ્રમાણે વર્તે છે, તેઓને શું ફ્લ મળે છે ? તે બતાવે છે –**

**સૂત્ર :-**

**एवं भवइ भिक्खु वा भिक्खुणी वा संजय-विरय-पडिहय-पच्चक्खायपावकम्मे, दिआ वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा ।।**

**સૂત્રાર્થ :-**

**આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું તે પ્રમાણે અત્યંત ઉપયુક્ત થઈને તદર્થમાં અર્પિત માનસવાળા કોઈ સાધુ કે સાધ્વી પ્રાણાતિપાતવિરમણની પ્રતિજ્ઞા કરે તો તે માનસવ્યાપારથી તે મહાત્મામાં પ્રત્યાખ્યાનનો પરિણામ ઉલ્લસિત થાય એ રીતે, કોઈ ભિક્ષુ કે ભિક્ષુણી અર્થાત્ સાધુ કે સાધ્વી દિવસ હોય કે રાત્રિ હોય, એકલા હોય કે પર્ષદાગત હોય, સૂતેલા હોય કે જાગતા હોય, ત્યારે તેઓ સંયત, વિરત, કર્મની સ્થિતિને પ્રતિહત કરવાથી પ્રત્યાખ્યાત પાપકર્મોવાળા થાય છે.**

**ભાવાર્થ :-**

જે સાધુઓ ઉપયોગપૂર્વક પાંચ મહાવ્રતની પ્રતિજ્ઞા કરે છે અને જેઓને પાંચ મહાવ્રતો પ્રત્યે જ બદ્ધરાગ છે અને પાંચ મહાવ્રતના સ્વરૂપના બોધવાળા છે તેઓ પચ્ચક્ખાણ ગ્રહણ કરતી વખતે જ શ્રુતના સંકલ્પના બળથી પ્રત્યાખ્યાનના પરિણામવાળા થાય છે અને પ્રસ્તુત સૂત્રના ઉપયોગપૂર્વકના ઉચ્ચારણથી તે ભાવ તે મહાત્મા અત્યંત દૃઢ ઉલ્લસિત કરે છે.

આ ભાવના ફળરૂપ સાધુને શું પ્રાપ્ત થાય છે ? તે બતાવતાં કહે છે –

આ રીતે પચ્ચક્ખાણના પરિણામવાળા એવા સાધુ કે સાધ્વી, દિવસે કે રાત્રે અર્થાત્ દિવસ-રાત્ર સર્વ કાળ દરમિયાન સંયત બને છે, પાપથી વિરત બને છે અને માનસવ્યાપારના બળથી કર્મની સ્થિતિ પ્રતિહત કરી છે જેણે તેવા હોવાથી પ્રત્યાખ્યાત પાપકર્મોવાળા બને છે. વળી, તેવા સાધુ ક્વચિત્ એકલા હોય ત્યારે પણ નિર્લેપ પરિણામવાળા છે અને પર્ષદાગત હોય ત્યારે પણ નિર્લેપ પરિણામવાળા છે. વળી સૂતેલા હોય ત્યારે પણ પ્રતિજ્ઞાના પરિણામથી વાસિત અંતઃકરણવાળા હોવાથી નિર્લેપ પરિણામવાળા છે. અને જાગતા હોય ત્યારે પણ શાસ્ત્રથી ભાવિત મતિવાળા હોવાને કારણે નિર્લેપ પરિણામવાળા છે. તેથી સર્વ કાલમાં અને સર્વ સ્થિતિમાં પાપકર્મના નિવર્તનના પરિણામને કારણે સંવૃતભાવવાળા હોય છે.

અહીં 'સાધુ સંયત, વિરત, પ્રતિહત પચ્ચક્ખાણ પાપકર્મોવાળા હોય છે' તેમ કહ્યું તેનાથી એ પ્રાપ્ત થાય છે કે સાધુ સંયમના પરિણામવાળા હોય છે, વિરતિના પરિણામવાળા હોય છે અને ઇંદ્રિયોના વિષયો પ્રત્યેની ઉત્સુકતા થાય તે પ્રકારના રાગ-દ્વેષના ભાવોને પ્રતિપક્ષના ભાવનથી શાંત કરેલા હોવાને કારણે પ્રત્યાખ્યાત પાપકર્મવાળા હોય છે. આનાથી એ પ્રાપ્ત થાય કે સામાન્ય જીવોમાં એ પ્રકારના રાગ-દ્વેષના પરિણામ વર્તે છે જેથી વિષયો પ્રત્યે ઉત્સુકતા થાય છે અને સાધુ ઉક્ત પ્રતિજ્ઞાના પરિણામના બળથી તે પ્રકારના રાગ-દ્વેષને મંદ કરે છે જેથી તેમનામાં વર્તતો રાગનો પરિણામ વીતરાગગામી ઉપયોગવાળો બને છે, પણ વિષયગામી બનતો નથી. તેથી પ્રતિહતપાપકર્મોવાળા બને છે.

**અવતરણિકા :-**

**પૂર્વમાં પ્રાણાતિપાત વિરતિવાળા સાધુ પ્રત્યાખ્યાત પાપકર્મવાળા હોય છે તેમ બતાવ્યું. હવે તે પ્રાણાતિપાતની વિરતિ જ કેવા ઉત્તમ ફલવાળી છે ? તે બતાવવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**एस खलु पाणाइवायस्स वेरमणे हिए सुहे खमे निस्सेसिए**

आणुगामिए पारगामिए सव्वेसिं पाणाणं, सव्वेसिं भूयाणं, सव्वेसिं जीवाणं, सव्वेसिं सत्ताणं, अदुक्खणयाए असोयणयाए अजूरणयाए अतिप्पणयाए अपीडणयाए अपरियावणयाए अणुद्दवणयाए महत्थे महागुणे महाणुभावे महापुरिसाणुचिन्ने परमरिसिदेसिए पसत्थे, तं दुक्खक्खयाए कम्मक्खयाए मोक्खयाए बोहिलाभाए संसारुत्तारणाए त्ति कट्टु उवसंपज्जित्ता णं विहरामि ।।

**સૂત્રાર્થ :-**

**આ પ્રાણાતિપાતનું વિરમણ હિત છે, સુખ છે, સમર્થ છે, નિઃશ્રેયસ્ક છે=મોક્ષનું કારણ છે, આનુગામિક=પરલોકમાં સાથે આવનાર છે, પારગામી=સંસારના પારને પહોંચાડે તેવું છે, સર્વ પ્રાણોને, સર્વ ભૂતોને, સર્વ જીવોને અને સર્વ સત્ત્વોને અદુઃખ આપનાર હોવાથી, અશોચન કરનાર હોવાથી, અજૂરણ કરનાર હોવાથી, અતેપણ કરનાર હોવાથી, અપીડન કરનાર હોવાથી, અપરિતાપન કરનાર હોવાથી, ઉત્ત્રાસણ નહીં કરનાર હોવાથી, મહા અર્થવાળું છે, મહા ગુણવાળું છે, મહાનુભાવ છે, મહાપુરુષો દ્વારા અનુચીર્ણ છે, પરમ ઋષિ એવા તીર્થંકરોથી બતાવાયેલ છે, પ્રશસ્ત છે તે દુઃખક્ષય માટે, કર્મક્ષય માટે, મોક્ષ માટે, બોધિલાભ માટે, સંસાર ઉત્તારણ માટે મને થશે એથી કરીને તેને=પ્રાણાતિપાત-વિરમણને, સ્વીકારીને હું માસકલ્પાદિ વડે વિહરું છું.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં વર્ણન કર્યું એવા પરિણામવાળું પ્રાણાતિપાતવિરમણ જીવ માટે હિતકારી છે; કેમ કે પ્રાણાતિપાતવિરતિના પરિણામવાળો જીવ સદ્ગતિની પરંપરા દ્વારા મોક્ષસુખને પામે છે. માટે પાપના વિરામરૂપ પ્રાણાતિપાતવિરમણ હિત છે. વળી આ પ્રાણાતિપાતવિરમણ સુખ છે; કેમ કે પ્રાણાતિપાતવિરમણનો પરિણામ સમભાવના પરિણામરૂપ હોવાથી વિષયોની લાલસાના શમનથી શાંતરસનું સુખ થાય છે, માટે સુખરૂપ છે.

વળી, આ પ્રાણાતિપાતવિરમણ સમર્થ છે=જીવને યોગમાર્ગમાં પ્રવર્તાવવા માટે સમર્થ પરિણામરૂપ છે; કેમ કે સમભાવના પરિણામરૂપ પ્રાણાતિપાતવિરતિનો પરિણામ ઉત્તરોત્તર પ્રાણાતિપાતની વિરતિ દ્વારા ઉત્તરોત્તર સમભાવની વૃદ્ધિ અને તેના દ્વારા ઉત્તરોત્તર યોગમાર્ગની નિષ્પત્તિનું બીજ છે.

વળી, આ પ્રાણાતિપાતવિરમણ નિઃશ્રેયસ્ક છે; કેમ કે સંપૂર્ણ શ્રેયરૂપ જે મોક્ષ છે તેનું કારણ હોવાથી તે નિઃશ્રેયસ્ક છે. આનાથી એ પ્રાપ્ત થાય કે જેમ મોક્ષ આત્માના પરમસ્થૈર્ય પરિણામરૂપ છે તેમ પ્રાણાતિપાતનું વિરમણ તેનું કારણ બને એવી ભૂમિકાવાળા આત્માના સ્થૈર્યભાવરૂપ છે માટે નિઃશ્રેયસ્ક છે.

વળી, તે પ્રાણાતિપાતવિરમણ આનુગામિક છે. અર્થાત્ કોઈ જીવ પ્રાણાતિપાતવિરમણને સેવીને તેની ચરમભૂમિકારૂપ સર્વસંવરને પ્રાપ્ત કરીને તે જ ભવમાં મોક્ષમાં ન જાય તોપણ વર્તમાન ભવમાં સેવાયેલા પ્રાણાતિપાત-વિરમણના સંસ્કારો જન્માંતરમાં સંસ્કારરૂપે આનુગામિક થાય છે. જેથી તે મહાત્મા અન્ય ભવમાં ફરી તે પ્રાણાતિપાતવિરમણને સ્વીકારીને પૂર્વના પ્રાણાતિપાતવિરમણ કરતાં વિશેષ પ્રકારના પ્રાણાતિપાતવિરમણને પ્રાપ્ત કરીને મોક્ષને પ્રાપ્ત કરી શકે તેના કારણરૂપ સંસ્કારો પરભવમાં આનુગામિક છે.

વળી, આ પ્રાણાતિપાતવિરમણ પારગામી છે=ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને પરાકાષ્ઠાની પ્રાણાતિપાતની વિરતિને પ્રાપ્ત કરીને સિદ્ધઅવસ્થારૂપ પારને પમાડનાર છે.

વળી, આ પ્રાણાતિપાતવિરમણ સર્વ જીવોને અદુઃખ આદિ ભાવોનું કારણ છે તે બતાવવા અર્થે સર્વે પ્રાણો, સર્વે ભૂતો, સર્વે જીવો અને સર્વે સત્ત્વોને અદુઃખાદિનું કારણ છે તેમ બતાવેલ છે. આ રીતે અન્ય જીવોના કલ્યાણનું અત્યંત કારણ છે તે બતાવવા માટે જીવવાચક ચારે શબ્દોને ગ્રહણ કરેલ છે. સર્વ જીવોને અદુઃખ આપનાર છે તેમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે સંસારી જીવો ઇંદ્રિયોના રાગને વશ થઈ જે ભોગાદિ પ્રવૃત્તિ કરે છે તે બીજાના દુઃખનું કારણ બને છે. આથી જ વિવેકી એવા સમ્યગ્દષ્ટિ જીવો પણ જે આરંભ-સમારંભની પ્રવૃત્તિ કરે છે તે અન્યના દુઃખનું કારણ બને છે જ્યારે સિદ્ધના જીવો સર્વથા રાગ રહિત હોવાથી જગતના જીવોને કોઈ પ્રકારના

દુઃખનું કારણ બનતા નથી તેમ પ્રાણાતિપાતથી વિરત થયેલ સાધુ પણ નિઃશ્રેયસ અવસ્થાને અભિમુખ સુદૃઢ યત્ન કરીને સમભાવમાં વર્તે છે તેથી તેઓની સર્વ પ્રવૃત્તિ કેવલ સમભાવની વૃદ્ધિનું કારણ હોવાથી કોઈ જીવને લેશ પણ દુઃખનું કારણ બનતી નથી.

વળી, સંસારી જીવોની આરંભની પ્રવૃત્તિ બીજાને અનેક પ્રકારનાં દુઃખો ઉત્પન્ન કરે છે તે સર્વ પ્રકારનાં દુઃખો સમભાવવાળા મુનિથી થતાં નથી, તે બતાવવા અર્થે કહે છે – આ પ્રાણાતિપાતનું વિરમણ સર્વ જીવોને શોક ઉત્પાદક નથી, જૂરણ ઉત્પાદક નથી, તર્પણ ઉત્પાદક નથી, પીડન ઉત્પાદક નથી, પરિતાપન ઉત્પાદક નથી અને ઉત્ત્રાસણ ઉત્પાદક નથી. તેથી એ પ્રાપ્ત થાય કે સંસારી જીવોની ક્રિયા આરંભ-સમારંભવાળી હોવાથી પોતાને કે અન્ય જીવોને શોક આદિને ઉત્પન્ન કરનારી હોય છે. જ્યારે મુનિ તો સુખ-દુઃખ, જીવન-મૃત્યુ, શત્રુ-મિત્ર પ્રત્યે સમભાવવાળા હોવાથી તેઓની પ્રવૃત્તિ પોતાને કે બીજાને દુઃખ ઉત્પાદન કરતી નથી કે શોક ઉત્પાદન કરતી નથી. આથી જ મુનિ શાસ્ત્રથી ભાવિત થઈને રતિ-અરતિ આદિનું વમન કરનારા છે.

વળી, આ રીતે પ્રાણાતિપાતવિરમણ સર્વ જીવોને અદુઃખન આદિ ભાવોનું કારણ છે તેમ બતાવ્યા પછી તેના ભાવો કેવા વિશેષ છે ? તે બતાવવા કહે છે –

પ્રાણાતિપાતવિરમણ મહા અર્થવાળું છે અર્થાત્ આ પ્રાણાતિપાતવિરમણથી ઘણા પ્રકારનાં શ્રેષ્ઠ ફળો પ્રાપ્ત થાય તેવા મહાન અર્થવાળું છે; કેમ કે સમભાવના પરિણામરૂપ છે. વળી, મહા ગુણવાળું છે; કેમ કે સર્વ ગુણોનો આધાર મહાવ્રતો છે. મહાન અનુભાવવાળું છે અર્થાત્ અતિશાયી એવા અનુભાવવાળું છે=અતિશાયી એવા ફલવાળું છે; કેમ કે સ્વર્ગ અને મોક્ષ આદિ શ્રેષ્ઠ કોટિના ફલને આપનાર છે. મહાપુરુષોથી આચીર્ણ=આચરાયેલું છે, તેથી પણ પ્રાણાતિપાતવિરમણ શ્રેષ્ઠ છે. વળી, પરમઋષિ એવા તીર્થંકરો વડે બતાવાયેલું છે અને પ્રશસ્ત છે= અત્યંત શુભ છે; કેમ કે સર્વ કલ્યાણની પરંપરાનું કારણ છે. આથી કરીને તે=પ્રાણાતિપાતવિરમણ, મને સંસારના પરિભ્રમણરૂપ દુઃખના ક્ષય માટે, સર્વ દુઃખના કારણરૂપ એવાં કર્મોના ક્ષય માટે, સંપૂર્ણ બંધનથી

મુક્ત થવા માટે, મોક્ષપ્રાપ્તિના પરમ ઉપાયરૂપ બોધિલાભ માટે અને સર્વ વિડંબનારૂપ એવા સંસારથી ઉત્તારણ માટે થશે. તેથી કરીને તે મહાવ્રતને સ્વીકારીને હું માસકલ્પ આદિરૂપ સુસાધુના વિહારથી વિહરું છું.

આનાથી એ પ્રાપ્ત થાય કે જે સાધુ શાસ્ત્રવિધિ અનુસાર માસકલ્પાદિ કરીને અને આત્માને સદા શાસ્ત્રથી ભાવિત કરીને સંવરભાવમાં દૃઢ ઉદ્યમવાળા છે તેઓ જ પ્રાણાતિપાતવિરમણ દ્વારા દુઃખક્ષય આદિ યાવત્ સંસાર-ઉત્તારણને પ્રાપ્ત કરે છે. અન્ય માટે તો તે શબ્દોનાં ઉચ્ચારણો કંઈક ઉપયોગપૂર્વક બોલવામાં આવે તો તેટલા અંશથી શુભભાવના જનક થાય. માટે જે સાધુ આ પ્રકારના વચનપ્રયોગ દ્વારા આત્માને ભાવિત કરે છે, શક્તિ અનુસાર તે પ્રકારનું સેવન કરવા પ્રયત્ન કરે છે તેઓ માટે જ આ પ્રાણાતિપાતવિરમણમહાવ્રત કલ્યાણનું કારણ બને છે.

**અવતરણિકા :-**

**આ રીતે પ્રથમ મહાવ્રતનું અત્યાર સુધી વર્ણન કરીને 'હું તે મહાવ્રતને સ્વીકારીને વિહરું છું' તે પ્રમાણે બોલીને સાધુ પોતાના મહાવ્રતના પરિણામને સ્થિર કરે છે. હવે તે સર્વનું નિગમન કરતાં કહે છે –**

**સૂત્ર :-**

**पढमे भंते ! महव्वए उवट्ठिओ मि सव्वाओ पाणाइवायाओ वेरमणं ।।१।।**

**સૂત્રાર્થ :-**

**હે ભગવંત ! પ્રથમ મહાવ્રતમાં હું વ્યવસ્થિત છું. તેથી સર્વ પ્રાણાતિપાતથી વિરમણ છે. ।।૧।।**

**ભાવાર્થ :-**

ભવનો અંત કરનાર ગુરુને સંબોધીને સાધુ કહે છે – 'હે ભગવંત ! આ રીતે હું પ્રથમ મહાવ્રતમાં વ્યવસ્થિત છું'. તેથી એ ફલિત થાય કે જે સાધુ પૂર્વમાં વર્ણન કર્યું તે પ્રમાણે અર્થને ધારણ કરીને તે પ્રકારના પરિણામને વહન

કરવાના સંકલ્પવાળા છે અને સંકલ્પ અનુસાર જીવનની સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરનારા છે તેઓ પ્રથમ મહાવ્રતમાં રહેલા છે. વળી તે મહાત્મા પોતાને તે પ્રકારનો ભાવ ઉત્પન્ન ન થયો હોય તો પ્રગટ થાય અને મહાવ્રતના પરિણામમાં પોતે રહેલો હોય તો તે પરિણામને સ્થિર કરવા અર્થે કહે છે કે 'આ પ્રકારના ઉચ્ચારણ દ્વારા ઉલ્લસિત થયેલા વીર્યવાળો હું પહેલા મહાવ્રતમાં રહેલો છું. તેથી અત્યારથી માંડીને મને સર્વ પ્રાણાતિપાતરૂપ જીવહિંસાથી નિવૃત્તિ છે'. **॥૧॥**

**દ્વિતીય મહાવ્રતનું ઉચ્ચારણ :-**

**અવતરણિકા :-**

**હવે ક્રમપ્રાપ્ત દ્વિતીય મૃષાવાદવિરમણમહાવ્રતને કહે છે –**

**સૂત્ર :-**

**अहावरे दोच्चे भंते ! महव्वए मुसावायाओ वेरमणं । सव्वं भंते ! मुसावायं पच्चक्खामि । से कोहा वा लोहा वा भया वा हासा वा, नेव सयं मुसं वएज्जा, नेवन्नेहिं मुसं वायावेज्जा, मुसं वयंते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं, न करेमि, न कारवेमि, करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।।**

**સૂત્રાર્થ :-**

**હવે, બીજા મહાવ્રતમાં હે ભગવંત ! મૃષાવાદથી વિરમણ છે. હે ભગવંત ! હું સર્વ મૃષાવાદનું વિરમણ કરું છું. તે આ પ્રમાણે – ક્રોધથી, લોભથી, ભયથી, હાસ્યથી, આદિ અંતના ગ્રહણથી માન-માયાનું ગ્રહણ છે=માનથી, માયાથી, હું સ્વયં મૃષાવાદ બોલીશ નહીં, અન્ય વડે મૃષાવાદ બોલાવીશ નહીં અને મૃષાવાદ બોલતા અન્યની અનુમોદના કરીશ નહીં.**

ક્યાં સુધી ? તેથી કહે છે –

**"જાવજ્જીવાએ" અર્થાત્ જીવું ત્યાં સુધી, ત્રિવિધે-ત્રિવિધે=મન-વચન-કાયાથી મૃષાવાદ બોલીશ નહીં, મૃષાવાદ બોલાવીશ નહીં અને મૃષાવાદ બોલતા અન્યની અનુમોદના કરીશ નહીં. હે ભગવંત ! પૂર્વમાં કરાયેલા મૃષાવાદનું હું પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, ગર્હા કરું છું અને સેવાયેલા મૃષાવાદવાળા મારા આત્માને વોસિરાવું છું.**

**સૂત્ર :-**

**से मुसावाए चउव्विहे पन्नत्ते । तं जहा—दव्वओ खित्तओ कालओ भावओ । दव्वओ णं मुसावाए सव्वदव्वेसु, खित्तओ णं मुसावाए लोए वा अलोए वा, कालओ णं मुसावाए दिआ वा राओ वा, भावओ णं मुसावाए रागेण वा दोसेण वा ।।**

**સૂત્રાર્થ :-**

**તે મૃષાવાદ ચાર પ્રકારનો કહેવાયો છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી. દ્રવ્યથી સર્વ જીવદ્રવ્યોમાં અજીવદ્રવ્યોમાં મૃષાવાદ છે; કેમ કે ધર્મ-અધર્મ આદિ વિપરીતની પ્રરૂપણા છે=જીવ, અજીવ આદિ પદાર્થોના જે ધર્મો છે કે જે અધર્મો છે તે સર્વની વિપરીત પ્રરૂપણાથી મૃષાવાદ થાય છે. ક્ષેત્રથી લોક વિષયક અને અલોક વિષયક મૃષાવાદ થાય છે. કાલથી દિવસ સંબંધી કે રાત્રિ સંબંધી અને ભાવથી રાગ કે દ્વેષથી મૃષાવાદ થાય છે.**

**ભાવાર્થ :-**

સમભાવવાળા મુનિ સમભાવની વૃદ્ધિને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે અને તેવા મુનિ વચનગુપ્તિવાળા હોવાથી સંયમના પ્રયોજન અર્થે નિરવદ્યભાષા બોલે છે. તેથી તેવા મુનિ મૃષાવાદના પ્રત્યાખ્યાનવાળા છે અને મૃષાવાદનું પ્રત્યાખ્યાન હોવાને કારણે તેઓ સ્વયં મૃષાવાદ બોલતા નથી, મૃષાવાદ બોલવામાં કોઈને પ્રેરણા કરતા નથી કે કોઈ મૃષાવાદ બોલતું હોય તેમાં અનુમોદન પણ કરતા નથી. જે મુનિમાં કોઈક પ્રકારની બાહ્ય પદાર્થ વિષયક ઉત્સુકતા થવાને કારણે સમભાવનો પરિણામ મ્લાન થાય છે કે સમભાવનો પરિણામ નાશ પામે

છે તેઓ મૃષાવાદ બોલે તેવા પ્રસંગની પ્રાપ્તિ થાય છે. મૃષાવાદનો પરિણામ આત્માના ભાવપ્રાણના નાશ માટેનું કારણ હોવાથી પોતાના ભાવપ્રાણના રક્ષણ માટે ઉદ્યમવાળા મુનિ જે જે કારણથી મૃષાવાદ થવાની સંભાવના છે તે સર્વનું સ્મરણ કરીને પાક્ષિકસૂત્રમાં મૃષાવાદવિરમણની પોતાની પ્રતિજ્ઞા દૃઢ કરે છે.

તે મૃષાવાદ અનાભોગ, સહસાત્કારથી પણ સાધુને કઈ રીતે થઈ શકે છે ? તે બતાવતાં કહે છે –

ક્રોધથી થાય છે અર્થાત્ કોઈ પદાર્થ પ્રત્યે અરુચિ, અકળામણ, ગુસ્સો હોય તો તે ક્રોધના અવાંતર ભેદોથી પણ જીવ મૃષાવાદ કરે છે; કેમ કે ક્રોધ કે ક્રોધના અવાંતર દ્વેષના ભાવો જીવને તે પ્રકારના અસંબદ્ધ પ્રલાપ કરવા પ્રત્યે પ્રેરક બને છે. વળી, માનને વશ કે માયાને વશ પણ મૃષાવાદ થાય છે. પોતાને સારું માન મળે તે અર્થે વસ્તુને વિપરીત કહેવાના પ્રસંગમાં માનથી મૃષાવાદ થાય છે અથવા પોતાનું ખરાબ દેખાશે તે પ્રકારના માનને વશ પણ મૃષાવાદ બોલવાનો પ્રસંગ આવે છે. વળી, ચિત્તમાં માયાનો પરિણામ થાય તોપણ બીજાને ઠગવાના આશયથી મૃષાવાદ થાય છે. વળી, કોઈ સારી વસ્તુની પ્રાપ્તિની ઇચ્છા થાય ત્યારે પણ લોભને વશ મૃષાવાદ બોલાય છે. આ સિવાય કોઈ પ્રકારના ભયથી પણ મૃષાવાદ બોલાય છે અને કોઈકની મશ્કરી કરવા માટે હાસ્યથી પણ મૃષાવાદ બોલાય છે. તેથી જે સાધુ મૃષાવાદનું વિરમણ કરવાના સંકલ્પવાળા છે તેઓ ક્રોધાદિ કષાયો અને હાસ્યાદિ નોકષાયો ઊઠે નહીં તદર્થે પોતાના આત્માને તત્ત્વથી વાસિત રાખે છે અને પ્રયોજનથી સંયમની વૃદ્ધિને કારણે બોલતા હોય ત્યારે પણ કોઈ કષાયનો ઉદય ન થાય તે પ્રકારની અંતરંગ યતનાપૂર્વક બોલે છે. અને જો તે પ્રકારની અંતરંગ યતના ન રાખી શકે તો બોલવાના પ્રસંગે ગમે તે કારણ મૃષાવાદનું નિમિત્ત બને છે. કદાચ સાક્ષાત્ બોલતા ન હોય તોપણ **કોઈકનું મૃષાવાદ વચન સાંભળીને તેને અનુરૂપ કાંઈક ભાવ કરે તોપણ સાધુને વ્યક્ત-અવ્યક્તરૂપે તેના=બોલનારના, મૃષાવાદના અનુમોદનની પ્રાપ્તિ થાય છે.**

આ મૃષાવાદ જીવ-અજીવ રૂપ સર્વ દ્રવ્ય વિષયક હોય છે. તેથી એ પ્રાપ્ત

થાય કે જીવના સ્વરૂપમાં વિપરીત કથન થાય કે અજીવના સ્વરૂપમાં વિપરીત કથન થાય તો દ્રવ્ય વિષયક મૃષાવાદની પ્રાપ્તિ થાય. ક્ષેત્રથી લોક વિષયક કે અલોક વિષયક વિપરીત પ્રરૂપણા કરે તો મૃષાવાદની પ્રાપ્તિ થાય. ક્ષેત્રથી મૃષાવાદમાં લોકનું જે સ્વરૂપ છે, તેને અન્યથા કહેવું; દા. ત. 'વિશ્વ ઇંડા જેવું છે', 'વિશ્વ દડા જેવું ગોળ છે', વગેરે લોક વિષયક મૃષાવાદ છે. તે રીતે 'અલોક છે જ નહિ', 'અલોક અનંત નથી, મર્યાદિત છે', 'અલોક છે તેનું પ્રમાણ શું ?' વગેરે બોલવું તે અલોક વિષયક મૃષાવાદ છે. વળી, કાલથી મૃષાવાદ=રાત્રિને દિવસ કહે કે દિવસને રાત્રિ કહે, અથવા રાત્રિક કે દિવસ વિષયક અવાંતર વિપરીત કથન કરે તે કાલથી મૃષાવાદ છે. ભાવથી યથાર્થ કથન કરે કે વિપરીત કથન કરે, પરંતુ કથનકાળમાં રાગ-દ્વેષથી પ્રવૃત્તિ હોય તો તે મૃષાવાદ છે. મૃષાવાદનું કાર્ય થતું હોય તો મૃષાવાદ જ છે, પછી વચન ગમે તે હોય. **મૃષાવાદનું કાર્ય પાપબંધ છે, એટલે પાપબંધ થાય તેવું કોઈપણ વચન મૃષાવાદ છે.**

**સૂત્ર :-**

**जं मए इमस्स धम्मस्स केवलिपन्नत्तस्स अहिंसालक्खणस्स सच्चाहिट्ठियस्स विणयमूलस्स खंतिप्पहाणस्स अहिरण्णसोवन्निअस्स उवसमपभवस्स नवबंभचेरगुत्तस्स अपयमाणस्स भिक्खावित्तिअस्स कुक्खीसंबलस्स निरग्गिसरणस्स संपक्खालिअस्स चत्तदोसस्स गुणग्गाहियस्स निव्विआरस्स निव्वित्तिलक्खणस्स पंचमहव्वयजुत्तस्स असंनिहिसंचयस्स अविसंवाइअस्स संसारपारगामिअस्स निव्वाणगमणपज्जवसाणफलस्स, पुव्विं अन्नाणयाए असवणयाए अबोहि(आ)ए अणभिगमेणं अभिगमेण वा पमाएणं रागदोसपडिबद्धयाए बालयाए मोहयाए मंदयाए किड्डयाए तिगारवगरु(अ)याए चउक्कसाओवगएणं पंचिंदिओवसट्टेणं पडुप्पन्नभारियाए सायासुक्खमणुपालयंतेणं इहं वा भवे, अन्नेसु वा भवग्गहणेसु, मुसावाओ भासिओ वा, भासाविओ वा, भासिज्जंतो वा परेहिं समणुन्नाओ, तं निंदामि गरिहामि तिविहं तिविहेणं मणेणं वायाए काएणं,**

अईअं निंदामि, पडुप्पन्नं संवरेमि, अणागयं पच्चक्खामि, सव्वं मुसावायं, जावज्जीवाए अणिस्सिओऽहं नेव सयं मुसं वएज्जा, नेवन्नेहिं मुसं वायावेज्जा, मुसं वयंते वि अन्ने न समणुजाणिज्जा (समणुज्जाणामि) तं जहा—अरिहंतसक्खिअं सिद्धसक्खिअं साहुसक्खिअं देवसक्खिअं अप्पसक्खिअं, एवं भवइ भिक्खु वा भिक्खुणी वा संजय-विरय-पडिहय-पच्चक्खायपावकम्मे दिआ वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, एस खलु मुसावायस्स वेरमणे हिए सुहे खमे निस्सेसिए आणुगामिए पारगामिए सव्वेसिं पाणाणं सव्वेसिं भूयाणं सव्वेसिं जीवाणं सव्वेसिं सत्ताणं अदुक्खणयाए असोअणयाए अजूरणयाए अतिप्पणयाए अपीडणयाए अपरिआवणयाए अणुद्दवणयाए महत्थे महागुणे महाणुभावे महापुरिसाणुचिन्ने परमरिसिदेसिए पसत्थे, तं दुक्खक्खयाए कम्मक्खयाए मो(मु)क्खयाए बोहिलाभाए संसारुत्तारणाए त्ति कट्टु उवसंपज्जित्ता णं विहरामि । दोच्चे भंते ! महव्वए उवट्ठिओ मि सव्वाओ मुसावायाओ वेरमणं ।।२।।

**સૂત્રાર્થ :-**

કેવલીપ્રજ્ઞપ્ત, અહિંસાલક્ષણ, સત્યાદિમાં રહેલ, વિનયમૂલ, ક્ષાંતિપ્રધાન, અહિરણ્ય-સુવર્ણવાળા, ઉપશમપ્રભવ, નવ બ્રહ્મચર્યની ગુપ્તિવાળા, અપચમાન=પાકક્રિયાના અભાવવાળા, ભિક્ષાવૃત્તિવાળા, કુક્ષિસંબલવાળા, નિરગ્નિશરણવાળા, સમપ્રક્ષાલિત મલવાળા, ત્યક્તદોષવાળા, ગુણગ્રાહી, નિર્વિકારક, નિવૃત્તિલક્ષણવાળા, પાંચ મહાવ્રતથી યુક્ત, અસંનિધિ સંચયવાળા, અવિસંવાદી, સંસારપારગામી, નિર્વાણગમનના પર્યવસાન ફલવાળા એવા ૨૨ પ્રકારના વિશેષણવાળા આ ધર્મનું પૂર્વમાં અજ્ઞાનથી, અશ્રવણથી, અબોધથી, અણભિગમથી અથવા અભિગમ થવા છતાં પ્રમાદથી, રાગ-દ્વેષ પ્રતિબદ્ધતાને કારણે, બાલપણાને કારણે, મોહપણાને કારણે, મંદપણાને કારણે, ક્રીડાપણાને કારણે, રસગારવ-ઋદ્ધિગારવ-સાતાગારવને કારણે, ચાર કષાયથી

**ઉપગત એવા મારા વડે પાંચ ઇંદ્રિયોના વશથી, વર્તમાનમાં ઉત્પન્ન એવા કર્મના ભારને કારણે, શાતાના સુખના અનુપાલન કરતા=અનુભવતા, એવા મારા વડે અહીં આ ભવમાં કે અન્ય ભવ ગ્રહણમાં મૃષાવાદ કર્યો હોય, કરાવ્યો હોય કે કરતા એવા બીજાને સમનુજ્ઞા કરી હોય તેની મન-વચન-કાયારૂપ ત્રિવિધથી હું નિંદા કરું છું, ગર્હા કરું છું.**

**અતીત એવા સર્વ મૃષાવાદની હું નિંદા કરું છું, વર્તમાન સંબંધી મૃષાવાદનો હું સંવર કરું છું અને અનાગત એવા સર્વ મૃષાવાદનું હું પચ્ચક્ખાણ કરું છું.**

હવે અનાગત પ્રત્યાખ્યાનને વિશેષથી બતાવતાં કહે છે –

**જાવજ્જીવ સુધી અનિશ્રિત એવો હું=આલોક અને પરલોકની આશંસાથી રહિત એવો હું, સ્વયં મૃષાભાષણને કરીશ નહીં, અન્ય પાસેથી મૃષાભાષણ કરાવીશ નહીં અને મૃષાભાષણ કરતા બીજાની હું અનુમોદના કરીશ નહીં.**

આ પ્રતિજ્ઞા પોતે પાંચની સાક્ષીએ ગ્રહણ કરે છે તે બતાવે છે –

**(૧) અરિહંતસાક્ષિક, (૨) સિદ્ધસાક્ષિક, (૩) સુગુરુસાક્ષિક, (૪) દેવસાક્ષિક અને (૫) આત્મસાક્ષિક.**

**જાવજ્જીવ સુધી હું મૃષાવાદને કરીશ નહીં આદિ પૂર્વની સાથે સંબંધ છે.**

**આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું તે પ્રમાણે અત્યંત ઉપયુક્ત થઈને તદર્થમાં અર્પિત માનસવાળા કોઈ સાધુ કે સાધ્વી મૃષાવાદવિરમણની પ્રતિજ્ઞા કરે તો તે માનસવ્યાપારથી તે મહાત્મામાં પ્રત્યાખ્યાનનો પરિણામ ઉલ્લસિત થાય એ રીતે, કોઈ ભિક્ષુ કે ભિક્ષુણી અર્થાત્ સાધુ કે સાધ્વી દિવસ હોય કે રાત્રિ હોય, એક હોય કે પર્ષદાગત હોય, સૂતેલા હોય કે જાગતા હોય, ત્યારે તેઓ સંયત, વિરત, કર્મની સ્થિતિને પ્રતિહત કરવાથી પ્રત્યાખ્યાત પાપકર્મોવાળા થાય છે.**

**આ મૃષાવાદનું વિરમણ હિત છે, સુખ છે, સમર્થ છે, નિઃશ્રેયસ્ક છે=મોક્ષનું કારણ છે, આનુગામિક=પરલોકમાં સાથે આવનાર છે,**

**પારગામી=સંસારના પારને પહોંચાડે તેવું છે, સર્વ પ્રાણોને, સર્વ ભૂતોને, સર્વ જીવોને અને સર્વ સત્ત્વોને અદુઃખ આપનાર હોવાથી, અશોચન કરનાર હોવાથી, અજૂરણ કરનાર હોવાથી, અતેપણ કરનાર હોવાથી, અપીડન કરનાર હોવાથી, અપરિતાપન કરનાર હોવાથી, ઉત્ત્રાસણ નહીં કરનાર હોવાથી, મહા અર્થવાળું છે, મહા ગુણવાળું છે, મહાનુભાવ છે, મહાપુરુષો દ્વારા અનુચીર્ણ છે, પરમ ઋષિ એવા તીર્થંકરોથી બતાવાયેલ છે, પ્રશસ્ત છે તે દુઃખક્ષય માટે, કર્મક્ષય માટે, મોક્ષ માટે, બોધિલાભ માટે, સંસાર ઉત્તારણ માટે મને થશે એથી કરીને તેને=મૃષાવાદવિરમણને, સ્વીકારીને હું માસકલ્પાદિ વડે વિહરું છું.**

**હે ભગવંત ! દ્વિતીય મહાવ્રતમાં હું વ્યવસ્થિત છું. તેથી સર્વ મૃષાવાદથી વિરમણ છે. ।।૨।।**

**ભાવાર્થ :-**

ત્યારપછી ૨૨ વિશેષણવાળા ચારિત્રધર્મનું સ્વરૂપ બતાવીને તેવા ચારિત્રનું પાલન કરનારા જીવો જ આ બીજા મહાવ્રતનું રક્ષણ કરી શકે છે તેમ બતાવ્યું. અને આવો ઉત્તમ વિશેષણવાળો ધર્મ પાળનાર જીવો જ આ મૃષાવાદના પાપથી વિરામ પામે છે તેમ બતાવ્યું. આમ છતાં, પૂર્વમાં અજ્ઞાન, અશ્રવણ આદિને કારણે પોતે આવા ૨૨ વિશેષણવાળા ધર્મનો સ્વીકાર કર્યો નહીં અને તેના કારણે આ ભવમાં કે પૂર્વભવમાં જે મૃષાવાદનું ભાષણ કર્યું હોય, અન્ય પાસે મૃષાવાદનું ભાષણ કરાવ્યું હોય કે મૃષાવાદનું ભાષણ કરતાની અનુમોદના કરી હોય તે સર્વની નિંદા સાધુ કરે છે. જેથી પૂર્વમાં મૃષાવાદરૂપ પાપનો જે પરિણામ હતો તેના પ્રત્યે જુગુપ્સા કરવાથી તેનાથી વિરુદ્ધ એવો સંવરભાવ ઉલ્લસિત થાય છે. આ રીતે સંવરભાવ ઉલ્લસિત કર્યા પછી અતીતના મૃષાવાદની નિંદા, વર્તમાનના મૃષાવાદનો સંવર અને અનાગત મૃષાવાદનું પચ્ચક્ખાણ કરીને પોતે મૃષાવાદનો સર્વથા વિરામ કરે છે તેમ ફરી સ્મૃતિમાં લાવીને અરિહંત ભગવંત આદિ પાંચની સાક્ષીએ પોતાની પ્રતિજ્ઞાને સાધુ સ્થિર કરે છે. જેથી મૃષાવાદવિરમણવ્રત પ્રત્યે અત્યંત પક્ષપાત થાય છે. આના કારણે સાધુને કેવું શ્રેષ્ઠ ફળ પ્રાપ્ત થાય છે ? તે અંતે બતાવીને મહાગુણવાળા મહાપુરુષોથી

સેવાયેલા આ વ્રતને ગ્રહણ કરીને પોતે મોક્ષ માટે ઉદ્યમ કરે છે તેમ સાધુ સ્મૃતિમાં લાવે છે. અંતે મૃષાવાદવિરમણમહાવ્રતનું નિગમન કરતાં કહે છે કે 'હે ભગવંત ! બીજા મૃષાવાદવિરમણમહાવ્રતમાં ઉપસ્થિત થયેલો એવો હું સર્વથા મૃષાવાદથી વિરમણ પામું છું'. **॥૨॥**

**તૃતીય મહાવ્રતનું ઉચ્ચારણ :-**

**અવતરણિકા :-**

**હવે ક્રમપ્રાપ્ત ત્રીજા અદત્તાદાનવિરમણમહાવ્રતને કહે છે –**

**સૂત્ર :-**

**अहावरे तच्चे भंते ! महव्वए अदिन्नादाणाओ वेरमणं । सव्वं भंते ! अदिन्नादाणं पच्चक्खामि, से गामे वा नगरे वा अरण्णे वा, अप्पं वा बहुं वा, अणुं वा थूलं वा, चित्तमंतं वा अचित्तमंतं वा, नेव सयं अदिन्नं गिण्हिज्जा, नेवन्नेहिं अदिन्नं गिण्हाविज्जा, अदिन्नं गिण्हंते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि, न कारवेमि, करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।**

**સૂત્રાર્થ :-**

**હવે અપર એવા ત્રીજા મહાવ્રતમાં 'અદત્તાદાન'થી વિરમણ છે. હે ભગવંત ! સર્વ અદત્તાદાનનું હું પચ્ચક્ખાણ કરું છું. તે અદત્તાદાન ગામના વિષયમાં, નગરના વિષયમાં, અરણ્યના વિષયમાં, અલ્પ અથવા બહુ, અણુ અથવા સ્થૂલ, સચિત્ત કે અચિત્ત વિષયક જાણવું. હું સ્વયં અદત્તાદાન ગ્રહણ કરીશ નહીં, અન્યને અદત્તાદાન ગ્રહણ કરાવીશ નહીં અને અદત્તાદાન ગ્રહણ કરતા અન્યની અનુમોદના કરીશ નહીં. જાવજ્જીવ સુધી ત્રિવિધ-ત્રિવિધથી મન દ્વારા, વચન દ્વારા અને કાયા દ્વારા હું અદત્તાદાન કરતો નથી, અદત્તાદાન કરાવતો નથી અને અદત્તાદાન કરતા એવા અન્યની અનુમોદના કરતો નથી. હે ભગવંત !**

**તેનું=પૂર્વમાં કરાયેલા અદત્તાદાનનું, પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, ગર્હા કરું છું અને તેવા મારા આત્માને=પૂર્વમાં કરાયેલા અદત્તાદાનવાળા આત્માને, વોસિરાવું છું.**

**સૂત્ર :-**

**से अदिन्नादाणे चउव्विहे पन्नत्ते । तं जहा—दव्वओ खित्तओ कालओ भावओ । दव्वओ णं अदिन्नादाणे गहणधारणिज्जेसु दव्वेसु, खित्तओ णं अदिन्नादाणे गामे वा नगरे वा अरण्णे वा, कालओ णं अदिन्नादाणे दिआ वा राओ वा, भावओ णं अदिन्नादाणे रागेण वा दोसेण वा ।।**

**સૂત્રાર્થ :-**

**તે અદત્તાદાન ચાર પ્રકારનું કહેવાયું છે. તે આ પ્રમાણે – દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી. દ્રવ્યથી અદત્તાદાન ગ્રહણ અને ધારણ કરી શકાય એવા દ્રવ્યોના વિષયમાં છે. ક્ષેત્રથી અદત્તાદાન ગ્રામ વિષયક, નગર વિષયક, અરણ્ય વિષયક છે. કાલથી અદત્તાદાન દિવસે કે રાત્રે છે. ભાવથી અદત્તાદાન રાગથી કે દ્વેષથી છે.**

**ભાવાર્થ :-**

ત્રીજું મહાવ્રત અદત્તાદાનવિરમણ છે. તે અદત્તાદાનનું સાધુને પચ્ચક્ખાણ હોય છે, છતાં તે પચ્ચક્ખાણના પરિણામને દૃઢ કરવા અર્થે પક્ખીસૂત્રમાં ફરી તે પ્રતિજ્ઞા બોલે છે. જેથી પ્રતિજ્ઞાનો સંકલ્પ દૃઢ થાય છે અને તે વ્રતની મર્યાદા અનુસાર સાધુ તે પ્રવૃત્તિ કરીને સદાને માટે અદત્તાદાનથી આત્માનું રક્ષણ કરે છે.

તે અદત્તાદાન ગામ, નગર અને અરણ્ય વિષયક છે તેમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે સાધુ કોઈપણ ક્ષેત્રનો પરિભોગ કરે તો તેના સ્વામીની અનુજ્ઞાથી તે ક્ષેત્રનો પરિભોગ કરે છે. તેથી જે ગામમાં કે નગરમાં જે રાજા હોય તેની અનુજ્ઞાથી ત્યાં પ્રવેશ કરે અને ત્યાં વસે. પરંતુ જો તે પ્રમાણે અનુજ્ઞા વગર તે ગામ કે નગરમાં વસે તો તે ગામ કે નગરમાં વસવાથી તે ગામ, નગરના સ્વામીનો અદત્તાદાનનો દોષ લાગે છે. તે રીતે અરણ્યમાં પણ જેની

વસતિ હોય તેવો કોઈ પુરુષ ત્યાં વિદ્યમાન હોય તો તેની અનુજ્ઞાથી ત્યાં વસે. અન્યથા "અણુજાણહ જસ્સુગ્ગહો" દ્વારા "જેનો અવગ્રહ હોય તે મને વસવાની અનુજ્ઞા આપો" તે પ્રકારનો ભાવથી પરિણામ કરીને તે અરણ્યના સ્થાનમાં વસે છે. આથી જ કોઈક વૃક્ષ આદિ પાસે કોઈ પુરુષો બેઠેલા હોય તો કારણે સાધુને ત્યાં ઊભા રહેવાનું કે બેસવાનું પ્રયોજન થાય તો તે ક્ષેત્રમાં બેઠેલા પુરુષોની અનુજ્ઞાથી ત્યાં બેસે છે. જેથી તેઓએ ત્યાં બેસીને તે વસતિનું સ્વામિત્વ ધારણ કરેલું હોવાથી તેમની વસતિમાં બેસવાથી સાધુને અદત્તાદાનનું પાપ પ્રાપ્ત થાય નહીં.

વળી, તે અદત્તાદાન કોઈક દ્રવ્યના ગ્રહણથી પણ થાય છે અને તે દ્રવ્ય અલ્પ મૂલ્યવાળું હોય કે બહુ મૂલ્યવાળું હોય; થોડા પ્રમાણમાં હોય કે વધારે પ્રમાણમાં હોય; સચિત્ત હોય કે અચિત્ત હોય તેને આશ્રયીને થાય છે. તે સર્વ અદત્તાદાનનું વિરમણ સાધુ કરે છે અને તે વિરમણ પણ સ્વયં અદત્તાદાન કરે નહીં, બીજાને કરાવે નહીં અને અન્ય કોઈ અદત્તાદાન કરતા હોય તેની અનુમોદના કરે નહીં. તેથી એ પ્રાપ્ત થાય કે સંયમના કારણ વિના કોઈપણ વસ્તુ ગ્રહણ કરે તો તીર્થંકરઅદત્ત કે ગુરુઅદત્ત પ્રાપ્ત થાય, જેનો પરિહાર કરવા અર્થે સાધુ સંયમમાં ઉપકારક હોય તેવું જ ગુરુની અનુજ્ઞાથી ગ્રહણ કરે. વળી, સાધુ સચિત્ત વસ્તુ ગ્રહણ કરે તો જીવઅદત્ત પ્રાપ્ત થાય. તેના પરિહાર અર્થે જીવસંસક્ત વગરની વસ્તુનું જ ગ્રહણ કરે. વળી, સ્વામીની અનુજ્ઞા વગર કોઈ અલ્પ મૂલ્યવાળી વસ્તુ પણ ગ્રહણ કરે તો સ્વામિઅદત્ત પ્રાપ્ત થાય. તેના પરિહાર અર્થે જે વસ્તુ જે સ્વામીની હોય તે વસ્તુ જો સંયમમાં ઉપકારક હોય તો તે સ્વામીની અનુજ્ઞાથી ગ્રહણ કરે.

વળી, આ પ્રતિજ્ઞાનો સંકલ્પ જાવજ્જીવ હોવાથી આજીવન સંયમમાં અનુપકારક કોઈપણ વસ્તુ ગ્રહણ ન કરવાનો દૃઢ સંકલ્પ થાય છે, પરંતુ જાવજ્જીવની પ્રતિજ્ઞા ન હોય તો કાલાવધિ પછી ભોગાદિ અર્થે કે શાતા અર્થે તે વસ્તુ ગ્રહણ કરવાનો અધ્યવસાય રહેવાથી તે પચ્ચક્ખાણ ત્રિવિધ-ત્રિવિધ બનતું નથી. આથી જ શ્રાવક સામાયિકકાલમાં દુવિહં-તિવિહં પચ્ચક્ખાણ કરે છે; કેમ કે તે કાલાવધિ પછી ભોગાદિ અર્થે કે શાતાદિ અર્થે તે દ્રવ્યોના ગ્રહણનો અધ્યવસાય

છે. આથી જીવઅદત્ત આદિનો પરિહાર અશક્ય છે. તેથી સામાયિકકાલમાં પણ તે અદત્તાદાનની અનુમોદના પ્રાપ્ત થાય છે. જ્યારે સાધુ તો કાલાવધિ=કાલની મર્યાદા, કર્યા વગર જાવજ્જીવ સુધી સર્વ અદત્તાદાનનો પરિહાર કરવાનો સંકલ્પ કરે છે. તેથી સાધુએ સામાયિકના પરિણામની વૃદ્ધિના ઉપાય સિવાય કોઈ વસ્તુનું ગ્રહણ કરવું જોઈએ નહીં અને જો તે વસ્તુનું ગ્રહણ કરે તો નિર્દોષ એવી પણ તે વસ્તુમાં અદત્તાદાનની અનુમોદનાની પ્રાપ્તિ થાય.

વળી, દ્રવ્યથી તે અદત્તાદાન ગ્રહણ અને ધારણ કરી શકાય તેવા દ્રવ્ય વિષયક છે. તેથી આહાર, વસ્ત્ર આદિ દ્રવ્ય વિષયક અદત્તાદાનની પ્રાપ્તિ થાય. ક્ષેત્રથી ગામ, નગર કે અરણ્ય વિષયક છે. માટે સ્વામીની અનુજ્ઞા વગર ગામ, નગર કે અરણ્યમાં વસવાથી અદત્તાદાનની પ્રાપ્તિ થાય. કાલથી દિવસ કે રાત્રિ વિષયક છે. માટે દિવસમાં કે રાત્રિમાં કોઈ પ્રકારનું અદત્તાદાન ગ્રહણ કરવામાં આવે તો અદત્તાદાનની પ્રાપ્તિ થાય. અને ભાવથી અદત્તાદાન રાગથી કે દ્વેષથી છે. માટે નિર્દોષ વસતિ, વસ્ત્ર આદિ હોય છતાં રાગ-દ્વેષનો પરિણામ થાય તો તીર્થંકરઅદત્ત આદિની પ્રાપ્તિ થાય. માટે અદત્તાદાનના પાપના વિરમણના અર્થી સાધુએ સામાયિકના પરિણામની વૃદ્ધિને અનુકૂળ સતત મન-વચન-કાયાના યોગમાં ઉદ્યમ કરવો જોઈએ.

**સૂત્ર :-**

**जं मए इमस्स धम्मस्स केवलिपन्नत्तस्स अहिंसालक्खणस्स सच्चाहि-ट्ठिअस्स विणयमूलस्स खंतिप्पहाणस्स अहिरण्णसोवन्निअस्स उवसम-पभवस्स नवबंभचेरगुत्तस्स अपयमाणस्स भिक्खावित्तिअस्स कुक्खी-संबलस्स निरग्गिसरणस्स संपक्खालिअस्स चत्तदोसस्स गुणग्गाहिअस्स निव्विआरस्स निव्वित्तिलक्खणस्स पंचमहव्वयजुत्तस्स असंनिहिसंचयस्स अविसंवाइअस्स संसारपारगामिअस्स निव्वाणगमणपज्जवसाणफलस्स पुव्विं अन्नाणयाए असवणयाए अबोहि(आ)ए अणभिगमेणं अभिगमेण वा पमाएणं रागदोसपडिबद्धयाए बालयाए मोहयाए मंदयाए किड्डयाए तिगारवगरु(अ)याए चउक्कसाओवगएणं पंचिंदिओवसट्टेणं पडुप्पन्न-भारियाए सायासुक्खमणुपालयंतेणं इहं वा भवे, अन्नेसु वा भवग्गहणेसु,**

अदिन्नादाणं गहिअं वा गाहाविअं वा धिप्पंतं वा परेहिं समणुन्नायं, तं निंदामि गरिहामि तिविहं तिविहेणं मणेणं वायाए काएणं, अईअं निंदामि, पडुप्पन्नं संवरेमि, अणागयं पच्चक्खामि, सव्वं अदिन्नादाणं, जावज्जीवाए अणिस्सिओऽहं नेव सयं अदिन्नं गिण्हिज्जा, नेवन्नेहिं अदिन्नं गिण्हाविज्जा, अदिन्नं गिण्हंते वि अन्ने न समणुजाणामि (समणुजाणिज्जा), तं जहा–अरिहंतसक्खिअं सिद्धसक्खिअं साहुसक्खिअं देवसक्खिअं अप्पसक्खिअं, एवं भवइ भिक्खु वा भिक्खुणी वा संजय-विरय-पडिहय-पच्चक्खायपावकम्मे दिआ वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, एस खलु अदिन्नादाणस्स वेरमणे हिए सुहे खमे निस्सेसिए आणुगामिए पारगामिए सव्वेसिं पाणाणं सव्वेसिं भूआणं सव्वेसिं जीवाणं सव्वेसिं सत्ताणं अदुक्खणयाए असोअणयाए अजूरणयाए अतिप्पणयाए अपीडणयाए अपरिआवणयाए अणुद्दवणयाए महत्थे महागुणे महाणुभावे महापुरिसाणुचिन्ने परमरिसि-देसिए पसत्थे, तं दुक्खक्खयाए कम्मक्खयाए मोक्खयाए बोहिलाभाए संसारुत्तारणाए त्ति कट्टु उवसंपज्जिता णं विहरामि । तच्चे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ अदिन्नादाणाओ वेरमणं ।।३।।

**सूत्रार्थ :-**

કેવલીપ્રજ્ઞપ્ત, અહિંસાલક્ષણ, સત્યાદિમાં રહેલ, વિનયમૂલ, ક્ષાંતિપ્રધાન, અહિરણ્ય-સુવર્ણવાળા, ઉપશમપ્રભવ, નવ બ્રહ્મચર્યની ગુપ્તિવાળા, અપચમાન=પાકક્રિયાના અભાવવાળા, ભિક્ષાવૃત્તિવાળા, કુક્ષિસંબલવાળા, નિરગ્નિશરણવાળા, સમપ્રક્ષાલિત મલવાળા, ત્યક્તદોષવાળા, ગુણગ્રાહી, નિર્વિકારક, નિવૃત્તિલક્ષણવાળા, પાંચ મહાવ્રતથી યુક્ત, અસંનિધિ સંચયવાળા, અવિસંવાદી, સંસારપારગામી, નિર્વાણગમનના પર્યવસાન ફલવાળા એવા ૨૨ પ્રકારના વિશેષણવાળા આ ધર્મનું પૂર્વમાં અજ્ઞાનથી, અશ્રવણથી, અબોધથી, અણભિગમથી

અથવા અભિગમ થવા છતાં પ્રમાદથી, રાગ-દ્વેષ પ્રતિબદ્ધતાને કારણે, બાલપણાને કારણે, મોહપણાને કારણે, મંદપણાને કારણે, ક્રીડાપણાને કારણે, રસગારવ-ઋદ્ધિગારવ-સાતાગારવને કારણે, ચાર કષાયથી ઉપગત એવા મારા વડે પાંચ ઇંદ્રિયોના વશથી, વર્તમાનમાં ઉત્પન્ન એવા કર્મના ભારને કારણે, શાતાના સુખના અનુપાલન કરતા=અનુભવતા, એવા મારા વડે અહીં આ ભવમાં કે અન્ય ભવગ્રહણમાં અદત્ત ગ્રહણ કર્યું હોય, કરાવ્યું હોય કે કરતા એવા બીજાને સમનુજ્ઞા કરી હોય તેની મન-વચન-કાયારૂપ ત્રિવિધથી હું નિંદા કરું છું, ગર્હા કરું છું.

અતીત એવા સર્વ અદત્તાદાનની હું નિંદા કરું છું, વર્તમાન સંબંધી અદત્તાદાનનો હું સંવર કરું છું અને અનાગત એવા સર્વ અદત્તાદાનનું હું પચ્ચક્ખાણ કરું છું.

હવે અનાગત પ્રત્યાખ્યાનને વિશેષથી બતાવતાં કહે છે –

જાવજ્જીવ સુધી અનિશ્રિત એવો હું=આલોક અને પરલોકની આશંસાથી રહિત એવો હું, સ્વયં અદત્તાદાનને કરીશ નહીં, અન્ય પાસેથી અદત્તાદાન કરાવીશ નહીં અને અદત્તાદાન કરતા એવા બીજાની હું અનુમોદના કરીશ નહીં.

આ પ્રતિજ્ઞા પોતે પાંચની સાક્ષીએ ગ્રહણ કરે છે તે બતાવે છે –

(૧) અરિહંતસાક્ષિક, (૨) સિદ્ધસાક્ષિક, (૩) સુગુરુસાક્ષિક, (૪) દેવસાક્ષિક અને (૫) આત્મસાક્ષિક.

જાવજ્જીવ સુધી હું અદત્તાદાનને કરીશ નહીં આદિ પૂર્વની સાથે સંબંધ છે.

આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું તે પ્રમાણે, અત્યંત ઉપયુક્ત થઈને તદર્થમાં અર્પિત માનસવાળા કોઈ સાધુ કે સાધ્વી અદત્તાદાનવિરમણની પ્રતિજ્ઞા કરે તો તે માનસવ્યાપારથી તે મહાત્મામાં પ્રત્યાખ્યાનનો પરિણામ ઉલ્લસિત થાય એ રીતે, કોઈ ભિક્ષુ કે ભિક્ષુણી અર્થાત્ સાધુ કે સાધ્વી દિવસ હોય કે રાત્રિ હોય, એક હોય કે પર્ષદાગત હોય,

**સૂતેલા હોય કે જાગતા હોય, ત્યારે તેઓ સંયત, વિરત, કર્મની સ્થિતિને પ્રતિહત કરવાથી પ્રત્યાખ્યાત પાપકર્મોવાળા થાય છે.**

**આ અદત્તાદાનનું વિરમણ હિત છે, સુખ છે, સમર્થ છે, નિઃશ્રેયસ્ક છે=મોક્ષનું કારણ છે, આનુગામિક=પરલોકમાં સાથે આવનાર છે, પારગામી=સંસારના પારને પહોંચાડે તેવું છે, સર્વ પ્રાણોને, સર્વ ભૂતોને, સર્વ જીવોને અને સર્વ સત્ત્વોને અદુઃખ આપનાર હોવાથી, અશોચન કરનાર હોવાથી, અજૂરણ કરનાર હોવાથી, અતેપણ કરનાર હોવાથી, અપીડન કરનાર હોવાથી, અપરિતાપન કરનાર હોવાથી, ઉત્ત્રાસણ નહીં કરનાર હોવાથી, મહા અર્થવાળું છે, મહા ગુણવાળું છે, મહાનુભાવ છે, મહાપુરુષો દ્વારા અનુચીર્ણ છે, પરમ ઋષિ એવા તીર્થંકરોથી બતાવાયેલ છે, પ્રશસ્ત છે તે દુઃખક્ષય માટે, કર્મક્ષય માટે, મોક્ષ માટે, બોધિલાભ માટે, સંસાર ઉત્તારણ માટે મને થશે એથી કરીને તેને=અદત્તાદાન-વિરમણને, સ્વીકારીને હું માસકલ્પાદિ વડે વિહરું છું.**

**હે ભગવંત ! તૃતીય મહાવ્રતમાં હું વ્યવસ્થિત છું. તેથી સર્વ અદત્તાદાનથી વિરમણ છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

ત્યારપછી ૨૨ વિશેષણવાળા ચારિત્રધર્મનું સ્વરૂપ બતાવીને આવો ઉત્તમ વિશેષણવાળો ધર્મ પાળનાર જીવો જ આ અદત્તાદાનના પાપથી વિરામ પામે છે અને ત્રીજા મહાવ્રતનું રક્ષણ કરી શકે છે તેમ બતાવ્યું. આમ છતાં, પૂર્વમાં અજ્ઞાન, અશ્રવણ આદિને કારણે પોતે આવા ૨૨ વિશેષણવાળા ધર્મનો સ્વીકાર કર્યો નહીં અને તેના કારણે આ ભવમાં કે પૂર્વભવમાં જે અદત્તાદાન ગ્રહણ કર્યું હોય, ગ્રહણ કરાવ્યું હોય કે ગ્રહણ કરતાની અનુમોદના કરી હોય તે સર્વની નિંદા સાધુ કરે છે. જેથી પૂર્વમાં અદત્તાદાનરૂપ પાપ પ્રત્યેનો જે પરિણામ હતો તેના પ્રત્યે જુગુપ્સા કરવાથી તેનાથી વિરુદ્ધ એવો સંવરભાવ પોતાના આત્મામાં ઉલ્લસિત થાય છે. આ રીતે સંવરભાવ ઉલ્લસિત કર્યા પછી અતીતના અદત્તાદાનની નિંદા, વર્તમાનના અદત્તાદાનનો સંવર અને અનાગત અદત્તાદાનનું પચ્ચક્ખાણ કરીને પોતે અદત્તાદાનનો સર્વથા વિરામ કરે છે તેમ

ફરી સ્મૃતિમાં લાવીને અરિહંત ભગવંત આદિ પાંચની સાક્ષીએ પોતાની પ્રતિજ્ઞાને સાધુ સ્થિર કરે છે. જેથી અદત્તાદાન વિષયક વ્રત પ્રત્યે અત્યંત પક્ષપાત થાય છે. આના કારણે સાધુને કેવું શ્રેષ્ઠ ફળ પ્રાપ્ત થાય છે ? તે અંતે બતાવીને મહાગુણવાળા મહાપુરુષોથી સેવાયેલા આ વ્રતને ગ્રહણ કરીને પોતે મોક્ષ માટે ઉદ્યમ કરે છે તેમ સાધુ સ્મૃતિમાં લાવે છે. અંતે અદત્તાદાનવિરમણમહાવ્રતનું નિગમન કરતાં કહે છે કે 'હે ભગવંત ! ત્રીજા અદત્તાદાનવિરમણમહાવ્રતમાં ઉપસ્થિત થયેલો એવો હું સર્વથા અદત્તાદાનથી વિરમણ પામું છું'. **॥૩॥**

**ચતુર્થ મહાવ્રતનું ઉચ્ચારણ :-**

**અવતરણિકા :-**

**હવે ક્રમપ્રાપ્ત ચોથા મૈથુનવિરમણમહાવ્રતને કહે છે –**

**સૂત્ર :-**

**अहावरे चउत्थे भंते ! महव्वए मेहुणाओ वेरमणं । सव्वं भंते ! मेहुणं पच्चक्खामि । से दिव्वं वा माणुसं वा तिरिक्खजोणिअं वा । नेव सयं मेहुणं सेविज्जा, नेवन्नेहिं मेहुणं सेवाविज्जा, मेहुणं सेवंते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि, न कारवेमि, करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।**

**સૂત્રાર્થ :-**

**હવે અપર ચોથા મહાવ્રતમાં હે ભગવંત ! હું સર્વથા મૈથુનથી વિરમણ પામું છું. હે ભગવંત ! સર્વ મૈથુનનું પચ્ચક્ખાણ કરું છું. તે મૈથુન દેવ સંબંધી, મનુષ્ય સંબંધી અને તિર્યંચયોનિ સંબંધી છે. હું સર્વ મૈથુનને સેવીશ નહીં, અન્ય પાસે સેવરાવીશ નહીં અને સેવતા એવા અન્યની હું અનુમોદના કરીશ નહીં.**

ક્યાં સુધી ? તેથી કહે છે –

**જાવજ્જીવ સુધી, ત્રિવિધે-ત્રિવિધે=મન-વચન-કાયાથી હું મૈથુન કરતો નથી, કરાવતો નથી અને કરતાની અનુમોદના કરતો નથી. હે ભગવંત !**

**પૂર્વમાં કરાયેલા મૈથુનનું હું પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, ગર્હા કરું છું અને સેવાયેલા મૈથુનવાળા મારા આત્માને વોસિરાવું છું. આ પ્રકારે મૈથુન પ્રત્યેના વિરમણના અધ્યવસાયથી સામાયિકનો પરિણામ દૃઢ થાય છે; કેમ કે સામાયિકના પરિણામવાળા મહાત્મા સંપૂર્ણ મૈથુનના કરણ-કરાવણ-અનુમોદનથી વિરામ પામી શકે છે.**

**સૂત્ર :-**

**से मेहुणे चउव्विहे पन्नत्ते । तं जहा—दव्वओ खित्तओ कालओ भावओ । दव्वओ णं मेहुणे रूवेसु वा रूवसहगएसु वा, खित्तओ णं मेहुणे उड्ढलोए वा अहोलोए वा तिरियलोए वा, कालओ णं मेहुणे दिआ वा राओ वा, भावओ णं मेहुणे रागेण वा दोसेण वा ।।**

**સૂત્રાર્થ :-**

**તે મૈથુન ચાર પ્રકારનું કહેવાયું છે. તે આ પ્રમાણે –**

**દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી.**

**દ્રવ્યથી મૈથુન રૂપ વિષયક કે રૂપ સહગત એવી વસ્તુ વિષયક અર્થાત્ રૂપવાળા એવા સ્ત્રી-પુરુષમાં થાય કે અલંકારયુક્ત એવા સ્ત્રી-પુરુષ આદિમાં થાય. ક્ષેત્રથી મૈથુન ઊર્ધ્વલોક, અધોલોક કે તિર્ચ્છાલોકમાં થાય. કાલથી મૈથુન દિવસમાં કે રાત્રિમાં થાય. ભાવથી મૈથુન રાગથી કે દ્વેષથી થાય.**

**ભાવાર્થ :-**

'દ્રવ્યથી મૈથુન રૂપ વિષયક કે રૂપ સહગત વિષયક છે' એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે સુંદર દેહવાળા કોઈને જોઈને તેના પ્રત્યે પ્રીતિ થાય કે અલંકારયુક્ત કોઈને જોઈને તેના પ્રત્યે પ્રીતિ થાય તે દ્રવ્યથી મૈથુનની પ્રવૃત્તિરૂપ છે. તે પ્રીતિ જ અતિશયિત થાય તો ભોગાદિની પ્રવૃત્તિમાં યત્ન કરાવે છે. ક્ષેત્રથી મૈથુનની ક્રિયા ત્રણે લોકમાં થાય છે અને કાલથી મૈથુનની ક્રિયા દિવસે કે રાત્રે થાય છે અને ભાવથી મૈથુનની ક્રિયા રાગથી કે દ્વેષથી થાય

છે. જેમ કોઈને પોતાના શત્રુ પ્રત્યે દ્વેષ હોય તો દ્વેષથી પણ તેની સ્ત્રી આદિના શીલનું ખંડન કરે ત્યારે દ્વેષથી મૈથુન ક્રિયા થાય છે. રાગથી મૈથુનની ક્રિયા સર્વને પ્રતીત જ છે.

**સૂત્ર :-**

**जं मए इमस्स धम्मस्स केवलिपन्नत्तस्स अहिंसालक्खणस्स सच्चाहिट्ठिअस्स विणयमूलस्स खंतिप्पहाणस्स अहिरण्णसोवन्निअस्स उवसमपभवस्स नवबंभचेरगुत्तस्स अपयमाणस्स भिक्खावित्तिअस्स कुक्खीसंबलस्स निरग्गिसरणस्स संपक्खालिअस्स चत्तदोसस्स गुणग्गाहिअस्स निव्विआरस्स निव्वित्तिलक्खणस्स पंचमहव्वयजुत्तस्स असंनिहिसंचयस्स अविसंवाइअस्स संसारपारगामिअस्स निव्वाणगमणपज्जवसाणफलस्स, पुव्विं अन्नाणयाए असवणयाए अबोहि(आ)ए अणभिगमेणं अभिगमेण वा, पमाएणं रागदोसपडिबद्धयाए बालयाए मोहयाए मंदयाए किड्डयाए तिगारवगरु(अ)याए चउक्कसाओवगएणं पंचिंदिओवसट्टेणं पडुप्पन्नभारियाए सायासुक्खमणुपालयंतेणं इहं वा भवे, अन्नेसु वा भवग्गहणेसु, मेहुणं सेविअं वा सेवाविअं वा सेविज्जंतं वा परेहिं समणुन्नायं, तं निंदामि, गरिहामि, तिविहं तिविहेणं मणेणं वायाए काएणं, अईयं निंदामि, पडुप्पन्नं संवरेमि, अणागयं पच्चक्खामि, सव्वं मेहुणं, जावज्जीवाए अणिस्सिओऽहं नेव सयं मेहुणं सेविज्जा, नेवन्नेहिं मेहुणं सेवाविज्जा, मेहुणं सेवंते वि अन्ने न समणुजाणिज्जा(णामि), तं जहा— अरिहंतसक्खिअं सिद्धसक्खिअं साहुसक्खिअं देवसक्खिअं अप्पसक्खिअं, एवं भवइ भिक्खू वा भिक्खुणी वा संजय-विरय-पडिहय-पच्चक्खायपावकम्मे दिआ वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, एस खलु मेहुणस्स वेरमणे हिए सुहे खमे निस्सेसिए आणुगामिए पारगामिए सव्वेसिं पाणाणं सव्वेसिं भूआणं सव्वेसिं जीवाणं सव्वेसिं सत्ताणं अदुक्खणयाए असोअणयाए अजूरणयाए**

अतिप्पणयाए अपीडणयाए अपरिआवणयाए अणुद्दवणयाए महत्थे महागुणे महाणुभावे महापुरिसाणुचिन्ने परमरिसिदेसिए पसत्थे, तं दुक्खक्खयाए कम्मक्खयाए मोक्खयाए बोहिलाभाए संसारुत्तारणाए त्ति कट्टु उवसंपज्जित्ता णं विहरामि । चउत्थे भंते ! महव्वए उवट्ठिओ मि सव्वाओ मेहुणाओ वेरमणं ।।४।।

सूत्रार्थ :-

કેવલીપ્રજ્ઞપ્ત, અહિંસાલક્ષણ, સત્યાદિમાં રહેલ, વિનયમૂલ, ક્ષાંતિપ્રધાન, અહિરણ્ય-સુવર્ણવાળા, ઉપશમપ્રભવ, નવ બ્રહ્મચર્યની ગુપ્તિવાળા, અપચમાન=પાકક્રિયાના અભાવવાળા, ભિક્ષાવૃત્તિવાળા, કુક્ષિસંબલવાળા, નિરગ્નિશરણવાળા, સમપ્રક્ષાલિત મલવાળા, ત્યક્તદોષવાળા, ગુણગ્રાહી, નિર્વિકારક, નિવૃત્તિલક્ષણવાળા, પાંચ મહાવ્રતથી યુક્ત, અસંનિધિ સંચયવાળા, અવિસંવાદી, સંસારપારગામી, નિર્વાણગમનના પર્યવસાન ફલવાળા એવા ૨૨ પ્રકારના વિશેષણવાળા આ ધર્મનું પૂર્વમાં અજ્ઞાનથી, અશ્રવણથી, અબોધથી, અણભિગમથી અથવા અભિગમ થવા છતાં પ્રમાદથી, રાગ-દ્વેષ પ્રતિબદ્ધતાને કારણે, બાલપણાને કારણે, મોહપણાને કારણે, મંદપણાને કારણે, ક્રીડાપણાને કારણે, રસગારવ-ઋદ્ધિગારવ-સાતાગારવને કારણે, ચાર કષાયથી ઉપગત એવા મારા વડે પાંચ ઇંદ્રિયોના વશથી, વર્તમાનમાં ઉત્પન્ન એવા કર્મના ભારને કારણે, શાતાના સુખના અનુપાલન કરતા=અનુભવતા, એવા મારા વડે અહીં આ ભવમાં કે અન્ય ભવગ્રહણમાં મૈથુન સેવન કર્યું હોય, સેવરાવ્યું હોય કે સેવન કરતા એવા બીજાને સમનુજ્ઞા આપી હોય તેની મન-વચન-કાયારૂપ ત્રિવિધથી હું નિંદા કરું છું, ગર્હા કરું છું.

અતીત એવા સર્વ મૈથુનની હું નિંદા કરું છું, વર્તમાન સંબંધી મૈથુનનો હું સંવર કરું છું અને અનાગત એવા સર્વ મૈથુનનું હું પચ્ચક્ખાણ કરું છું.

હવે અનાગત પ્રત્યાખ્યાનને વિશેષથી બતાવતાં કહે છે –

**જાવજ્જીવ સુધી અનિશ્રિત એવો હું=આલોક અને પરલોકની આશંસાથી રહિત એવો હું, સ્વયં મૈથુન સેવીશ નહીં, અન્ય પાસે સેવરાવીશ નહીં અને મૈથુન સેવતાં અન્યની હું અનુમોદના કરીશ નહીં.**

આ પ્રતિજ્ઞા પોતે પાંચની સાક્ષીએ ગ્રહણ કરે છે તે બતાવે છે –

**(૧) અરિહંતસાક્ષિક, (૨) સિદ્ધસાક્ષિક, (૩) સુગુરુસાક્ષિક, (૪) દેવસાક્ષિક અને (૫) આત્મસાક્ષિક.**

**જાવજ્જીવ સુધી હું મૈથુન સેવીશ નહીં આદિ પૂર્વની સાથે સંબંધ છે.**

**આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું તે પ્રમાણે, અત્યંત ઉપયુક્ત થઈને તદર્થમાં અર્પિત માનસવાળા કોઈ સાધુ કે સાધ્વી મૈથુનવિરમણની પ્રતિજ્ઞા કરે તો તે માનસવ્યાપારથી તે મહાત્મામાં પ્રત્યાખ્યાનનો પરિણામ ઉલ્લસિત થાય એ રીતે, કોઈ ભિક્ષુ કે ભિક્ષુણી અર્થાત્ સાધુ કે સાધ્વી દિવસ હોય કે રાત્રિ હોય, એક હોય કે પર્ષદાગત હોય, સૂતેલા હોય કે જાગતા હોય, ત્યારે તેઓ સંયત, વિરત, કર્મની સ્થિતિને પ્રતિહત કરવાથી પ્રત્યાખ્યાત પાપકર્મોવાળા થાય છે.**

**આ મૈથુનનું વિરમણ હિત છે, સુખ છે, સમર્થ છે, નિઃશ્રેયસ્ક છે=મોક્ષનું કારણ છે, આનુગામિક=પરલોકમાં સાથે આવનાર છે, પારગામી=સંસારના પારને પહોંચાડે તેવું છે, સર્વ પ્રાણોને, સર્વ ભૂતોને, સર્વ જીવોને અને સર્વ સત્ત્વોને અદુઃખ આપનાર હોવાથી, અશોચન કરનાર હોવાથી, અજૂરણ કરનાર હોવાથી, અતેપણ કરનાર હોવાથી, અપીડન કરનાર હોવાથી, અપરિતાપન કરનાર હોવાથી, ઉત્ત્રાસણ નહીં કરનાર હોવાથી, મહા અર્થવાળું છે, મહા ગુણવાળું છે, મહાનુભાવ છે, મહાપુરુષો દ્વારા અનુચીર્ણ છે, પરમ ઋષિ એવા તીર્થંકરોથી બતાવાયેલ છે, પ્રશસ્ત છે તે દુઃખક્ષય માટે, કર્મક્ષય માટે, મોક્ષ માટે, બોધિલાભ માટે, સંસાર ઉત્તારણ માટે મને થશે એથી કરીને તેને=મૈથુનવિરમણને, સ્વીકારીને હું માસકલ્પાદિ વડે વિહરું છું.**

**હે ભગવંત ! ચતુર્થ મહાવ્રતમાં હું વ્યવસ્થિત છું. તેથી સર્વ મૈથુનથી વિરમણ છે. ।।૪।।**

**ભાવાર્થ :-**

આ રીતે મૈથુનનું સ્વરૂપ અને મૈથુનની પ્રક્રિયા બતાવ્યા પછી ૨૨ વિશેષણોવાળો એવો સાધુધર્મ જે નિર્વાણફલમાં પર્યવસાન પામનારો છે તેવો ઉત્તમ ધર્મ સેવન કરનાર જ સંપૂર્ણ વિકારોનો નિરોધ કરી શકે છે તેથી મૈથુનનો સર્વથા ત્યાગ કરી શકે છે. અન્ય મૈથુનનો દેશથી ત્યાગ કરી શકે, પરંતુ સર્વથા ત્યાગ કરી શકે નહીં. અને તેવા ઉત્તમ ધર્મને પણ અજ્ઞાનાદિના કારણે પૂર્વે સેવ્યો નથી, તેથી અત્યાર સુધી સંસારમાં પરિભ્રમણ કર્યું છે તે સર્વને ઉપસ્થિત કરીને સાધુ તે મૈથુનની ક્રિયાની અત્યંત નિંદા કરે છે અને કહે છે કે ત્રિવિધ-ત્રિવિધથી હું અતીતના મૈથુનના સેવનની નિંદા કરું છું, વર્તમાનમાં સંવૃત થાઉં છું અને અનાગતના સર્વ મૈથુનનું પચ્ચક્ખાણ કરું છું. તેને દૃઢ કરવા માટે જ સ્પષ્ટ ઉલ્લેખ કરે છે કે જાવજ્જીવ અનિશ્રાથી= રાગને વશ થયા વગર, મૈથુનનું સ્વયં સેવન કરીશ નહીં, અન્ય પાસે સેવન કરાવીશ નહીં અને મૈથુન સેવતા એવા અન્યની અનુમોદના કરીશ નહીં. આ પ્રતિજ્ઞા અરિહંત ભગવંત આદિ પાંચની સાક્ષીએ સાધુ ગ્રહણ કરે છે, જેથી તે પ્રતિજ્ઞાપાલનનો પરિણામ અત્યંત સ્થિર થાય. ત્યારપછી તે મૈથુનની વિરતિનું પાલન પોતાને માટે હિતરૂપ છે, સુખરૂપ છે ઇત્યાદિ દ્વારા તેના પ્રત્યેનો અત્યંત પક્ષપાત સાધુ ઉત્પન્ન કરે છે. વળી, આ મૈથુનવિરમણની ક્રિયા સમભાવના પરિણામના બળથી જ જીવે છે. તેથી સર્વ જીવોના અદુઃખ, અશોચન આદિ માટે થાય છે તે પ્રમાણે ઉપસ્થિત કરીને મહાગુણવાળું, મહાપુરુષોથી સેવાયેલું આ મૈથુનવિરમણમહાવ્રત છે તેમ સાધુ ઉપસ્થિત કરે છે. જેથી તે વ્રતપાલન પ્રત્યેનો પક્ષપાત અત્યંત ઉલ્લસિત બને છે.

વળી, આ મૈથુનવિરમણમહાવ્રતને પોતે દુઃખક્ષય, કર્મક્ષય, મોક્ષ અને બોધિલાભ માટે અને સંસારથી પાર ઊતરવા માટે સેવે છે તે પ્રકારનું પ્રતિસંધાન કરીને આ મહાવ્રત એકવાક્યતાથી મોક્ષ સાથે કારણરૂપે જોડાયેલું છે તેવી ઉપસ્થિતિ સાધુ કરે છે. તેવા મહાવ્રતને ગ્રહણ કરીને હું વિચરું છું અને અંતે સર્વનું નિગમન કરતાં કહે છે હે ભગવંત ! ચોથા મહાવ્રતમાં રહેલો હું સર્વથા મૈથુનથી વિરમણ પામું છું. ॥૪॥

પંચમ મહાવ્રતનું ઉચ્ચારણ :-

અવતરણિકા :-

હવે ક્રમપ્રાપ્ત પાંચમા પરિગ્રહવિરમણમહાવ્રતને કહે છે –

સૂત્ર :-

अहावरे पंचमे भंते ! महव्वए परिग्गहाओ वेरमणं, सव्वं भंते ! परिग्गहं पच्चक्खामि, से अप्पं वा बहुं वा, अणुं वा थूलं वा, चित्तमंतं वा अचित्तमंतं वा, नेव सयं परिग्गहं परिगिण्हिज्जा, नेवन्नेहिं परिग्गहं परिगिण्हाविज्जा, परिग्गहं परिगिण्हंते वि अन्ने न समणुजाणामि, जाव-ज्जीवाए, तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं, न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि । तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।।

સૂત્રાર્થ :-

હવે અપર પાંચમા મહાવ્રતના વિષયમાં હે ભગવંત ! હું પરિગ્રહથી વિરમું છું. હે ભગવંત ! હું સર્વ પરિગ્રહનું પચ્ચક્ખાણ કરું છું. તે પરિગ્રહ અલ્પ મૂલ્યવાળો હોય, બહુ મૂલ્યવાળો હોય; અણુ હોય કે સ્થૂલ હોય; સચિત્ત સ્ત્રી આદિરૂપ હોય કે અચિત્ત અલંકાર આદિરૂપ હોય; એવા પરિગ્રહને હું ગ્રહણ કરીશ નહીં, બીજાને ગ્રહણ કરાવીશ નહીં કે પરિગ્રહ ગ્રહણ કરતાં અન્યની હું અનુમોદના કરીશ નહીં. જાવજ્જીવ સુધી ત્રિવિધ-ત્રિવિધ મનથી, વચનથી, કાયાથી હું પરિગ્રહને કરતો નથી, કરાવતો નથી અને કરતાં એવા અન્યનું અનુમોદન કરતો નથી અને હે ભગવંત ! પૂર્વમાં કરેલા પરિગ્રહનું હું પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, ગર્હા કરું છું અને પરિગ્રહવાળા એવા મારા આત્માને હું વોસિરાવું છું.

સૂત્ર :-

से परिग्गहे चउव्विहे पन्नत्ते । तं जहा—दव्वओ खित्तओ कालओ

**भावओ । दव्वओ णं परिग्गहे सचित्ताचित्तमीसेसु दव्वेसु । खित्तओ णं परिग्गहे सव्वलोए । कालओ णं परिग्गहे दिआ वा राओ वा । भावओ णं परिग्गहे अप्पग्घे वा महग्घे वा, रागेण वा दोसेण वा ।।**

**સૂત્રાર્થ :-**

**તે પરિગ્રહ ચાર પ્રકારનો કહેવાયો છે. તે આ પ્રમાણે – દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી. દ્રવ્યથી તે પરિગ્રહ સચિત્ત દ્રવ્ય, અચિત્ત દ્રવ્ય અને મિશ્ર દ્રવ્ય વિષયક છે; કેમ કે આ ત્રણે પ્રકારના દ્રવ્યમાં મમત્વ થવાનો સંભવ છે. ક્ષેત્રથી પરિગ્રહ સર્વ લોકમાં છે; કેમ કે લોકમાં વસતા તે તે સ્થાનમાં જીવને મમત્વ થવાનો સંભવ છે. કાલથી પરિગ્રહ દિવસ અને રાત્રિના વિષયમાં છે અર્થાત્ રાત્રિના સમયે દિવસ હોય તો સારું એ એ પ્રકારે દિવસ પ્રત્યે કે રાત્રિ પ્રત્યે મમત્વ થવાનો સંભવ છે. અને ભાવથી પરિગ્રહ અલ્પમૂલ્યવાળી વસ્તુમાં અથવા બહુમૂલ્યવાળી વસ્તુમાં, રાગથી કે દ્વેષથી થાય છે અર્થાત્ અલ્પમૂલ્યવાળી કે બહુ મૂલ્યવાળી વસ્તુમાં મમત્વ થવાનો સંભવ છે અથવા જીવમાં રાગનો પરિણામ વર્તતો હોય કે કોઈ નિમિત્તને પામી દ્વેષનો પરિણામ વર્તતો હોય તો તે રાગ-દ્વેષનો પરિણામ પણ પરિગ્રહરૂપ જ છે.**

**ભાવાર્થ :-**

જીવ પોતાના પરિણામ સિવાય અન્ય કોઈ પદાર્થ પ્રત્યે મમત્વ કરે તો તે પરિગ્રહનો પરિણામ છે અને બાહ્ય પદાર્થો પ્રત્યે મમત્વ ન કરે પરંતુ અંતરંગ પોતાનામાં રાગાદિ ભાવો કરે તો તે રાગાદિ ભાવો પણ જીવના સ્વભાવભૂત નથી પરંતુ આગંતુક ભાવો જ છે. તેથી તે પણ પરિગ્રહરૂપ છે. જે સાધુને પરિગ્રહના ત્યાગનો પરિણામ છે તે સાધુ સર્વ ઉદ્યમથી મમત્વના કારણીભૂત બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરે છે અને અંતરંગ રીતે પણ કોઈ પદાર્થો પ્રત્યે મમત્વ ન રહે તદર્થે દેહ, સંયમનાં ઉપકરણો આદિ પણ સંયમની વૃદ્ધિનાં કારણ બને તે રીતે જ ધારણ કરે છે અને પાલન કરે છે અને આત્મામાં અંતરંગ રાગાદિ ભાવોરૂપ પરિણામ પણ ન વર્તે તદર્થે સર્વ ઉદ્યમથી પોતાના

અપરિગ્રહ સ્વભાવથી આત્માને ભાવિત કરે છે અને પોતાના અપરિગ્રહ સ્વભાવના પ્રકર્ષ અર્થે જ સદા ગુપ્ત થઈને આત્માને શાસ્ત્રવચનોથી ભાવિત કરે છે. જેથી આત્માના ભાવને છોડીને અન્ય કોઈ આગંતુક પરિણામ આત્મામાં ઉલ્લસિત ન થાય, પરંતુ આત્માના અપરિગ્રહ સ્વભાવનો પરિણામ જ અતિશય-અતિશયતર થાય તે રીતે સાધુ સદા ઉદ્યમ કરે છે. તે ઉદ્યમને અતિશયિત કરવા અર્થે જ સાધુ પ્રતિજ્ઞા કરે છે કે 'હું મનથી, વચનથી, કાયાથી કરણ, કરાવણ અને અનુમોદનને આશ્રયીને પરિગ્રહને વોસિરાવું છું'. આ ભાવને સ્થિર કરવાનો એક ઉપાય આત્મામાં સ્ફુરાયમાન થતા ઉપયોગસ્વરૂપ આત્માનો અપરિગ્રહ સ્વભાવ છે. આ ઉપયોગરૂપે વર્તતો અપરિગ્રહસ્વભાવ પ્રકર્ષને પામે ત્યારે જીવ વીતરાગ, સર્વજ્ઞ બને છે. જેથી ક્યારેય ફરી તે મહાત્મામાં પરિગ્રહનો સ્વભાવ ઉલ્લસિત થતો નથી.

**સૂત્ર :-**

**जं मए इमस्स धम्मस्स केवलिपन्नत्तस्स अहिंसालक्खणस्स सच्चाहि-ट्ठिअस्स विणयमूलस्स खंतिप्पहाणस्स अहिरण्णसोवन्निअस्स उवसम-पभवस्स नवबंभचेरगुत्तस्स अपयमाणस्स भिक्खावित्तिअस्स कुक्खी-संबलस्स निरग्गिसरणस्स संपक्खालिअस्स चत्तदोसस्स गुणग्गाहिअस्स निव्विआरस्स निव्वित्तिलक्खणस्स पंचमहव्वयजुत्तस्स असंनिहिसंचयस्स अविसंवाइअस्स संसारपारगामिअस्स निव्वाणगमणपज्जवसाणफलस्स पुव्विं अन्नाणयाए असवणयाए अबोहि(आ)ए अणभिगमेणं अभिगमेण वा पमाएणं रागदोसपडिबद्धयाए बालयाए मोहयाए मंदयाए किड्डयाए तिगारवगरु(अ)याए चउक्कसाओवगएणं पंचिंदिओवसट्टेणं पडुपन्न-भारियाए सायासुक्खमणुपालयंतेणं इहं वा भवे, अन्नेसु वा भवग्गहणेसु, परिग्गहो गहिओ वा गाहाविओ वा घिप्पंतो वा परेहिं समणुन्नाओ, तं निंदामि, गरिहामि, तिविहं तिविहेणं मणेणं वायाए काएणं अईअं निंदामि, पडुप्पन्नं संवरेमि, अणागयं पच्चक्खामि, सव्वं परिग्गहं, जावज्जीवाए अणिस्सिओऽहं नेव सयं परिग्गहं परिगिण्हिज्जा, नेवन्नेहिं**

परिग्गहं परिगिण्हाविज्जा, परिग्गहं परिगिण्हंते वि अन्ने न समणुजाणामि(णिज्जा) तं जहा—अरिहंतसक्खिअं सिद्धसक्खिअं साहुसक्खिअं देवसक्खिअं अप्पसक्खिअं, एवं भवइ भिक्खू वा भिक्खुणी वा संजय-विरय-पडिहय-पच्चक्खायपावकम्मे दिआ वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, एस खलु परिग्गहस्स वेरमणे हिए सुहे खमे निस्सेसिए आणुगामिए पारगामिए सव्वेसिं पाणाणं सव्वेसिं भूआणं सव्वेसिं जीवाणं सव्वेसिं सत्ताणं अदुक्खणयाए असोअणयाए अजूरणयाए अतिप्पणयाए अपीडणयाए अपरिआवणयाए अणुद्दवणयाए महत्थे महागुणे महाणुभावे महा-पुरिसाणुचिन्ने परमरिसिदेसिए पसत्थे, तं दुक्खक्खयाए कम्मक्खयाए मोक्खयाए बोहिलाभाए संसारुत्तारणाए त्ति कट्टु उवसंपज्जित्ता णं विहरामि । पंचमे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ परिग्गहाओ वेरमणं ।।५।।

**સૂત્રાર્થ :-**

કેવલીપ્રજ્ઞપ્ત, અહિંસાલક્ષણ, સત્યાદિમાં રહેલ, વિનયમૂલ, ક્ષાંતિપ્રધાન, અહિરણ્ય-સુવર્ણવાળા, ઉપશમપ્રભવ, નવ બ્રહ્મચર્યની ગુપ્તિવાળા, અપચમાન=પાકક્રિયાના અભાવવાળા, ભિક્ષાવૃત્તિવાળા, કુક્ષિસંબલવાળા, નિરગ્નિશરણવાળા, સમપ્રક્ષાલિત મલવાળા, ત્યક્તદોષવાળા, ગુણગ્રાહી, નિર્વિકારક, નિવૃત્તિલક્ષણવાળા, પાંચ મહાવ્રતથી યુક્ત, અસંનિધિ સંચયવાળા, અવિસંવાદી, સંસારપારગામી, નિર્વાણગમનના પર્યવસાન ફલવાળા એવા ૨૨ પ્રકારના વિશેષણવાળા આ ધર્મનું પૂર્વમાં અજ્ઞાનથી, અશ્રવણથી, અબોધથી, અણભિગમથી અથવા અભિગમ થવા છતાં પ્રમાદથી, રાગ-દ્વેષ પ્રતિબદ્ધતાને કારણે, બાલપણાને કારણે, મોહપણાને કારણે, મંદપણાને કારણે, ક્રીડાપણાને કારણે, રસગારવ-ઋદ્ધિગારવ-સાતાગારવને કારણે, ચાર કષાયથી ઉપગત એવા મારા વડે પાંચ ઇંદ્રિયોના વશથી, વર્તમાનમાં ઉત્પન્ન એવા

**કર્મના ભારને કારણે, શાતાના સુખના અનુપાલન કરતા=અનુભવતા, એવા મારા વડે અહીં આ ભવમાં કે અન્ય ભવગ્રહણમાં પરિગ્રહ ગ્રહણ કર્યો હોય, કરાવ્યો હોય કે કરતા એવા બીજાને સમનુજ્ઞા કરી હોય તેની મન-વચન-કાયારૂપ ત્રિવિધથી હું નિંદા કરું છું, ગર્હા કરું છું.**

**અતીત એવા સર્વ પરિગ્રહની હું નિંદા કરું છું, વર્તમાન સંબંધી પરિગ્રહનો હું સંવર કરું છું અને અનાગત એવા સર્વ પરિગ્રહનું હું પચ્ચક્ખાણ કરું છું.**

હવે અનાગત પ્રત્યાખ્યાનને વિશેષથી બતાવતાં કહે છે –

**જાવજ્જીવ સુધી અનિશ્રિત એવો હું=આલોક અને પરલોકની આશંસાથી રહિત એવો હું, સ્વયં પરિગ્રહ ગ્રહણ કરીશ નહીં, અન્ય પાસેથી ગ્રહણ કરાવીશ નહીં અને પરિગ્રહ ગ્રહણ કરતાં અન્યની હું અનુમોદના કરીશ નહીં.**

આ પ્રતિજ્ઞા પોતે પાંચની સાક્ષીએ ગ્રહણ કરે છે તે બતાવે છે –

**(૧) અરિહંતસાક્ષિક, (૨) સિદ્ધસાક્ષિક, (૩) સુગુરુસાક્ષિક, (૪) દેવસાક્ષિક અને (૫) આત્મસાક્ષિક.**

**જાવજ્જીવ સુધી હું પરિગ્રહ ગ્રહણ કરીશ નહીં આદિ પૂર્વની સાથે સંબંધ છે.**

**આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું તે પ્રમાણે અત્યંત ઉપયુક્ત થઈને તદર્થમાં અર્પિત માનસવાળા કોઈ સાધુ કે સાધ્વી પરિગ્રહવિરમણની પ્રતિજ્ઞા કરે તો તે માનસવ્યાપારથી તે મહાત્મામાં પ્રત્યાખ્યાનનો પરિણામ ઉલ્લસિત થાય એ રીતે, કોઈ ભિક્ષુ કે ભિક્ષુણી અર્થાત્ સાધુ કે સાધ્વી દિવસ હોય કે રાત્રિ હોય, એક હોય કે પર્ષદાગત હોય, સૂતેલા હોય કે જાગતા હોય, ત્યારે તેઓ સંયત, વિરત, કર્મની સ્થિતિને પ્રતિહત કરવાથી પ્રત્યાખ્યાત પાપકર્મોવાળા થાય છે.**

**આ પરિગ્રહનું વિરમણ હિત છે, સુખ છે, સમર્થ છે, નિઃશ્રેયસ્ક છે=મોક્ષનું કારણ છે, આનુગામિક=પરલોકમાં સાથે આવનાર છે,**

**પારગામી=સંસારના પારને પમાડે તેવું છે, સર્વ પ્રાણોને, સર્વ ભૂતોને, સર્વ જીવોને અને સર્વ સત્ત્વોને અદુઃખ આપનાર હોવાથી, અશોચન કરનાર હોવાથી, અજૂરણ કરનાર હોવાથી, અતેપણ કરનાર હોવાથી, અપીડન કરનાર હોવાથી, અપરિતાપન કરનાર હોવાથી, ઉત્ત્રાસણ નહીં કરનાર હોવાથી, મહા અર્થવાળું છે, મહા ગુણવાળું છે, મહાનુભાવ છે, મહાપુરુષો દ્વારા અનુચીર્ણ છે, પરમ ઋષિ એવા તીર્થંકરોથી બતાવાયેલ છે, પ્રશસ્ત છે તે દુઃખક્ષય માટે, કર્મક્ષય માટે, મોક્ષ માટે, બોધિલાભ માટે, સંસાર ઉત્તારણ માટે મને થશે એથી કરીને તેને=પરિગ્રહવિરમણને, સ્વીકારીને હું માસકલ્પાદિ વડે વિહરું છું.**

**હે ભગવંત ! પાંચમા મહાવ્રતમાં હું વ્યવસ્થિત છું. તેથી સર્વ પરિગ્રહથી વિરમણ છે. ।।૫।।**

**ભાવાર્થ :-**

સર્વ પદાર્થ પ્રત્યે મૂર્ચ્છાના ત્યાગરૂપ અપરિગ્રહનો પરિણામ જીવમાં વર્તે ત્યારે આગળમાં બતાવાયા છે તેવા ૨૨ વિશેષણોવાળો ધર્મ જીવમાં સદા વર્તે છે. આ ધર્મ નિર્વાણગમનના પર્યવસાન ફલવાળો છે. આમ છતાં, આવા ઉત્તમ ધર્મને અજ્ઞાનતા આદિને કારણે પોતે અત્યારસુધી જાણ્યો નહીં, કદાચ કોઈક રીતે જાણ્યો છતાં સમ્યક્ સેવ્યો નહીં તેથી જ પોતે સંસારની સર્વ કદર્થના પામે છે. તેથી કહે છે કે આ ભવમાં કે પૂર્વના ભવોમાં જે મેં પરિગ્રહ ગ્રહણ કર્યો હોય, ગ્રહણ કરાવ્યો હોય અને ગ્રહણ કરતાની અનુમોદના કરી હોય તે સર્વની ત્રિવિધ-ત્રિવિધથી નિંદા કરું છું, ગર્હા કરું છું.

આ નિંદા કઈ રીતે કરે છે ? તેથી કહે છે –

હું અતીતની નિંદા કરું છું અર્થાત્ ભૂતકાળમાં મેં જે પરિગ્રહનું સેવન કર્યું તે સર્વ પ્રત્યે જુગુપ્સા કરું છું. વર્તમાનમાં કોઈ પદાર્થ પ્રત્યે સંશ્લેષનો પરિણામ ન થાય તે રીતે પરિગ્રહ પરિણામથી આત્માનો સંવર કરું છું. અને અનાગત માટે પચ્ચક્ખાણ કરું છું અર્થાત્ જાવજ્જીવ સુધી અનાગતમાં પરિગ્રહનો સ્વભાવ ઉલ્લસિત ન થાય તે પ્રકારનો પરિણામ કરવાની હું પ્રતિજ્ઞા કરું છું.

વળી, આ પ્રતિજ્ઞા અરિહંત, સિદ્ધ, સદ્ગુરુ, દેવતાઓ અને આત્માની સાક્ષીએ ગ્રહણ કરીને સાધુ દૃઢ કરે છે, જેથી ઉલ્લસિત થયેલો દૃઢ પરિણામ, જીવનની નિષ્ઠા સુધી અપરિગ્રહભાવનાથી સર્વત્ર પ્રવૃત્તિ કરાવવા સમર્થ બને છે. વળી પોતાના અપરિગ્રહભાવને દૃઢ કરવા માટે સાધુ વિચારે છે કે 'આ રીતે જે સાધુ-સાધ્વી-સંજય-વિરત-પ્રતિહત પચ્ચક્ખાણના પાપકર્મોવાળા, દિવસમાં-રાત્રિમાં, એકલા હોય કે પર્ષદાગત હોય, સૂતા હોય કે જાગતા હોય, તોપણ પરિગ્રહવિરમણના પરિણામને કારણે સાધુનું હિત થાય છે; કેમ કે પરિગ્રહના પરિણામકૃત પાપ બંધાતું નથી, પરંતુ મોહની અનાકુળતાનું સુખ થાય છે; કેમ કે ચિત્ત સર્વત્ર અસંશ્લેષના પરિણામવાળું હોવાથી પરમ સ્વસ્થતાનું સુખ પ્રાપ્ત થાય છે.

વળી, આ પરિગ્રહના વિરમણનો પરિણામ કર્મબંધનું અકારણ હોવાથી જીવને સંસારસાગરથી તારવામાં સમર્થ છે. મોક્ષનું કારણ હોવાથી નિઃશ્રેયસ છે, પરભવમાં સાથે આવનારું છે. વળી, અપરિગ્રહભાવનાથી ભાવિત થયેલું સાધુનું ચિત્ત સર્વ જીવોને સર્વ પ્રકારનાં અદુઃખોનું કારણ છે, જીવના મહાન અર્થને સાધનારું હોવાથી મહાઅર્થવાળું છે, જીવને ઘણો લાભ કરનારું હોવાથી મહાગુણવાળું છે, ઉત્તમ ફલવાળું હોવાથી મહાનુભાવ છે, મહાપુરુષોથી સેવાયેલું છે, પરમઋષિ એવા તીર્થંકરો વડે બતાવાયેલું છે, પ્રશસ્ત છે. તેથી દુઃખના નાશ માટે, કર્મના નાશ માટે, મોક્ષની પ્રાપ્તિ માટે, બોધિલાભ માટે અને સંસારથી તરવા માટે અપરિગ્રહના પરિણામને ધારણ કરી વિચરું છું અને અંતે નિગમનરૂપે કહે છે – 'હે ભગવંત ! પાંચમા મહાવ્રતમાં રહેલો હું સર્વ પરિગ્રહથી વિરમણ પામું છું.'

આ રીતે ઉપયુક્ત થઈને જે સાધુ પ્રસ્તુત પક્ખીસૂત્રનું સદા પારાયણ કરે છે તે સાધુ પોતાના આત્માને અપરિગ્રહ સ્વભાવ પ્રત્યે અત્યંત પક્ષપાતવાળો બનાવે છે અને આત્માનો અપરિગ્રહ સ્વભાવ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સર્વ કર્મનો નાશ કરે છે. તેથી કલ્યાણના અર્થીએ અપરિગ્રહ સ્વભાવ વૃદ્ધિ પામે અને પરિગ્રહ સ્વભાવ તિરોધાન થાય તે પ્રકારના ઉપયોગથી આત્માને સદા ભાવિત કરવો જોઈએ. ॥૫॥

**છટ્ઠા વ્રતનું ઉચ્ચારણ :-**

**અવતરણિકા :-**

હવે ક્રમપ્રાપ્ત છટ્ઠા રાત્રિભોજનવિરમણવ્રતને કહે છે –

**સૂત્ર :-**

**अहावरे छट्ठे भंते ! वए राईभोअणाओ वेरमणं । सव्वं भंते ! राईभोअणं पच्चक्खामि । से असणं वा पाणं वा खाइमं वा साइमं वा नेव सयं राइं भुंजिज्जा, नेवन्नेहिं राइं भुंजाविज्जा, राइं भुंजते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि, न कारवेमि, करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।**

**સૂત્રાર્થ :-**

**હવે અપર એવા છટ્ઠા વ્રતમાં હે ભગવંત ! હું રાત્રિભોજનનું વિરમણ કરું છું. હે ભગવંત ! સર્વ રાત્રિભોજનનું પચ્ચક્ખાણ કરું છું. તે અશન-પાન-ખાદિમ-સ્વાદિમરૂપ છે. હું સ્વયં રાત્રે ખાઈશ નહીં, બીજાને રાત્રે ખવડાવીશ નહીં અને રાત્રે ખાનારની હું અનુમોદના કરીશ નહીં.**

ક્યાં સુધી ? તેથી કહે છે –

**જાવજ્જીવ સુધી.**

કઈ રીતે ? તેથી કહે છે –

**ત્રિવિધે-ત્રિવિધે=મન-વચન-કાયાથી હું રાત્રિભોજન કરતો નથી, કરાવતો નથી અને કરતા એવા અન્યની અનુમોદના કરતો નથી. હે ભગવંત ! તેનું=પૂર્વમાં રાત્રિભોજન કર્યું હોય તેનું, પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, ગર્હા કરું છું અને રાત્રિભોજન કરેલા એવા મારા આત્માને વોસિરાવું છું. ॥**

**સૂત્ર :-**

**से राईभोअणे चउव्विहे पन्नत्ते । तं जहा—दव्वओ खित्तओ कालओ**

**भावओ । दव्वओ णं राईभोअणे असणे वा पाणे वा खाइमे वा साइमे वा, खित्तओ णं राईभोअणे समयखित्ते, कालओ णं राईभोअणे दिआ वा राओ वा, भावओ णं राईभोअणे तित्ते वा कडुए वा कसाए वा अंबिले वा महुरे वा लवणे वा रागेण वा दोसेण वा ।**

**સૂત્રાર્થ :-**

**તે રાત્રિભોજન ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે –**

**દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી.**

**દ્રવ્યથી તે રાત્રિભોજન અશન, પાન, ખાદિમ અને સ્વાદિમને આશ્રયીને છે. ક્ષેત્રથી તે રાત્રિભોજન સમયક્ષેત્રમાં=અઢીદ્વીપમાં છે; કેમ કે ત્યાં જ દિવસ-રાતની મર્યાદા છે. કાલથી તે રાત્રિભોજન દિવસમાં કે રાત્રે હોઈ શકે છે; કેમ કે દિવસમાં પણ તે પ્રકારના મનોવ્યાપારથી રાત્રિભોજનનો સંભવે છે. ભાવથી રાત્રિભોજન તિક્ત, કટુ, કષાય, ખાટા, મધુર, ખારા ભાવોમાં રાગથી અને દ્વેષથી થાય છે.**

**ભાવાર્થ :-**

આશય એ છે કે સાધુને દિવસના પણ ખાતી વખતે આહારમાં તિક્ત આદિ ભાવોને આશ્રયીને પ્રીતિ-અપ્રીતિના પરિણામો થાય તો તે ભાવથી રાત્રિભોજનનો પરિણામ છે. તેથી એ ફલિત થાય કે **સાધુએ અત્યંત સંવૃત થઈને આહાર વાપરવો જોઈએ, જેથી આહારકાલમાં સાધુનો ઉપયોગ સંયમવૃદ્ધિના ઉપાયરૂપે જ વર્તે.** જેથી આહાર વાપરવાના ક્રિયાકાલમાં પણ સાધુ સંયમના ઉપાયને સેવીને સંયમના કંડકોની વૃદ્ધિ કરે છે અને જે સાધુને આહાર વાપરતી વખતે તિક્ત આદિ કે તે ભાવો પ્રમાણે પરિણામ થાય તો તે રાત્રિભોજનના જ અતિચારરૂપ કે અનાચારરૂપે બને છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સાધુ અભોજનભાવનાથી જ ભાવિત હોય છે અને અભોજનભાવનાની વૃદ્ધિ અર્થે તેના ઉપાયભૂત સંયમમાં ઉદ્યમ કરે છે અને સંયમના ઉપાયભૂત દેહપાલન અર્થે આહાર વાપરતા હોય ત્યારે પણ

પોતાનો અભોજનભાવનાનો પરિણામ વૃદ્ધિ જ પામે તે પ્રકારે આહાર વાપરે છે. તે સિવાય આહાર વાપરવાથી પોતાના ભાવપ્રાણની હિંસા થાય છે અને તે હિંસાનો અતિશય સંભવ રાત્રે ભોજન કરવામાં છે. તેથી રાત્રિભોજનના વિરમણરૂપ છઠ્ઠું મહાવ્રત સાધુના મૂલગુણરૂપે સ્વીકારાયું છે. જે સાધુ અભોજન-ભાવનાથી ભાવિત થાય તે સદા રાત્રિભોજનનો પરિહાર કરે છે.

**સૂત્ર :-**

**जं मए इमस्स धम्मस्स केवलिपन्नत्तस्स अहिंसालक्खणस्स सच्चाहि-ट्ठिअस्स विणयमूलस्स खंतिप्पहाणस्स अहिरण्णसोवन्निअस्स उवसम-पभवस्स नवबंभचेरगुत्तस्स अपयमाणस्स भिक्खावित्तिअस्स कुक्खी-संबलस्स निरग्गिसरणस्स संपक्खालिअस्स चत्तदोसस्स गुणग्गाहिअस्स निव्विआरस्स निव्वित्तिलक्खणस्स पंचमहव्वयजुत्तस्स असंनिहिसंचयस्स अविसंवाइअस्स संसारपारगामिअस्स निव्वाणगमणपज्जवसाणफलस्स पुव्विं अन्नाणयाए असवणयाए अबोहि(आ)ए अणभिगमेणं अभिगमेण वा पमाएणं रागदोसपडिबद्धयाए बालयाए मोहयाए मंदयाए किड्डयाए तिगारवगरु(अ)याए चउक्कसाओवगएणं पंचिंदिओवसट्टेणं पडुप्पन्न-भारिआए सायासुक्खमणुपालयंतेणं इहं वा भवे, अन्नेसु वा भवग्गहणेसु, राईभोअणं भुत्तं वा, भुंजाविअं वा, भुंजंतं वा परेहिं समणुन्नायं, तं निंदामि गरिहामि तिविहं तिविहेणं मणेणं वायाए काएणं । अईअं निंदामि, पडुप्पन्नं संवरेमि, अणागयं पच्चक्खामि सव्वं राईभोअणं, जावज्जीवाए अणिस्सिओऽहं नेव सयं राईओभणं भुंजिज्जा, नेवन्नेहिं राईभोअणं भुंजाविज्जा, राईभोअणं भुंजंते वि अन्ने न समणुजाणिज्जा (समणुज्जाणामि), तं जहा—अरिहंतसक्खिअं सिद्धसक्खिअं साहु-सक्खिअं देवसक्खिअं अप्पसक्खिअं, एवं भवइ भिक्खू वा भिक्खुणी वा संजय-विरय-पडिहय-पच्चक्खायपावकम्मे दिआ वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, एस खलु राईभोअणस्स**

वेरमणे हिए सुहे खमे निस्सेसिए अणुगामिए पारगामिए सव्वेसिं पाणाणं सव्वेसिं भूआणं सव्वेसिं जीवाणं सव्वेसिं सत्ताणं अदुक्खणयाए असोअणयाए अजूरणयाए अतिप्पणयाए अपीडणयाए अपरिआवणयाए अणुद्दवणयाए महत्थे महागुणे महाणुभावे महापुरिसाणुचिन्ने परमरिसिदेसिए पसत्थे, तं दुक्खक्खयाए कम्मक्खयाए मो(मु)क्खयाए बोहिलाभाए संसारुत्तारणाए त्ति कट्टु उवसंपज्जित्ता णं विहरामि । छट्ठे भंते ! वए उवट्ठिओ मि सव्वाओ राईभोअणाओ वेरमणं ।।६।।

સૂત્રાર્થ :-

કેવલીપ્રજ્ઞપ્ત, અહિંસાલક્ષણ, સત્યાદિમાં રહેલ, વિનયમૂલ, ક્ષાંતિપ્રધાન, અહિરણ્ય-સુવર્ણવાળા, ઉપશમપ્રભવ, નવ બ્રહ્મચર્યની ગુપ્તિવાળા, અપચમાન=પાકક્રિયાના અભાવવાળા, ભિક્ષાવૃત્તિવાળા, કુક્ષિસંબલવાળા, નિરગ્નિશરણવાળા, સમ્પ્રક્ષાલિત મલવાળા, ત્યક્તદોષવાળા, ગુણગ્રાહી, નિર્વિકારક, નિવૃત્તિલક્ષણવાળા, પાંચ મહાવ્રતથી યુક્ત, અસંનિધિ સંચયવાળા, અવિસંવાદી, સંસારપારગામી, નિર્વાણગમનના પર્યવસાન ફલવાળા એવા ૨૨ પ્રકારના વિશેષણવાળા આ ધર્મનું પૂર્વમાં અજ્ઞાનથી, અશ્રવણથી, અબોધથી, અણભિગમથી અથવા અભિગમ થવા છતાં પ્રમાદથી, રાગ-દ્વેષ પ્રતિબદ્ધતાને કારણે, બાલપણાને કારણે, મોહપણાને કારણે, મંદપણાને કારણે, ક્રીડાપણાને કારણે, રસગારવ-ઋદ્ધિગારવ-સાતાગારવને કારણે, ચાર કષાયથી ઉપગત એવા મારા વડે પાંચ ઈંદ્રિયોના વશથી, વર્તમાનમાં ઉત્પન્ન એવા કર્મના ભારને કારણે, શાતાના સુખના અનુપાલન કરતા=અનુભવતા, એવા મારા વડે અહીં આ ભવમાં કે અન્ય ભવગ્રહણમાં રાત્રિભોજન કર્યું હોય, કરાવ્યું હોય કે કરતા એવા બીજાને સમનુજ્ઞા કરી હોય તેની મન-વચન-કાયારૂપ ત્રિવિધથી હું નિંદા કરું છું, ગર્હા કરું છું. ।।

અતીત એવા સર્વ રાત્રિભોજનની હું નિંદા કરું છું, વર્તમાન સંબંધી રાત્રિભોજનનો હું સંવર કરું છું અને અનાગત એવા સર્વ રાત્રિભોજનનું હું પચ્ચક્ખાણ કરું છું.

હવે અનાગત પ્રત્યાખ્યાનને વિશેષથી બતાવતાં કહે છે –

**જાવજ્જીવ સુધી અનિશ્રિત એવો હું=આલોક અને પરલોકની આશંસાથી રહિત એવો હું, સ્વયં રાત્રિભોજન કરીશ નહીં, અન્ય પાસે કરાવીશ નહીં અને રાત્રિભોજન કરતા બીજાની હું અનુમોદના કરીશ નહીં.**

આ પ્રતિજ્ઞા પોતે પાંચની સાક્ષીએ ગ્રહણ કરે છે તે બતાવે છે –

**(૧) અરિહંતસાક્ષિક, (૨) સિદ્ધસાક્ષિક, (૩) સુગુરુસાક્ષિક, (૪) દેવસાક્ષિક અને (૫) આત્મસાક્ષિક.**

**જાવજ્જીવ સુધી હું રાત્રિભોજન કરીશ નહીં આદિ પૂર્વની સાથે સંબંધ છે.**

**આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું તે પ્રમાણે, અત્યંત ઉપયુક્ત થઈને તદર્થમાં અર્પિત માનસવાળા કોઈ સાધુ કે સાધ્વી રાત્રિભોજનવિરમણની પ્રતિજ્ઞા કરે તો તે માનસવ્યાપારથી તે મહાત્મામાં પ્રત્યાખ્યાનનો પરિણામ ઉલ્લસિત થાય એ રીતે, કોઈ ભિક્ષુ કે ભિક્ષુણી અર્થાત્ સાધુ કે સાધ્વી દિવસ હોય કે રાત્રિ હોય, એક હોય કે પર્ષદાગત હોય, સૂતેલા હોય કે જાગતા હોય, ત્યારે તેઓ સંયત, વિરત, કર્મની સ્થિતિને પ્રતિહત કરવાથી પ્રત્યાખ્યાત પાપકર્મોવાળા થાય છે.**

**આ રાત્રિભોજનનું વિરમણ હિત છે, સુખ છે, સમર્થ છે, નિઃશ્રેયસ્ક છે=મોક્ષનું કારણ છે, આનુગામિક=પરલોકમાં સાથે આવનાર છે, પારગામી=સંસારના પારને પહોંચાડે તેવું છે, સર્વ પ્રાણોને, સર્વ ભૂતોને, સર્વ જીવોને અને સર્વ સત્ત્વોને અદુઃખ આપનાર હોવાથી, અશોચન કરનાર હોવાથી, અજૂરણ કરનાર હોવાથી, અતેપણ કરનાર હોવાથી, અપીડન કરનાર હોવાથી, અપરિતાપન કરનાર હોવાથી, ઉત્ત્રાસણ નહીં કરનાર હોવાથી, મહા અર્થવાળું છે, મહા ગુણવાળું છે, મહાનુભાવ છે, મહાપુરુષો દ્વારા અનુચીર્ણ છે, પરમ ઋષિ એવા તીર્થંકરોથી બતાવાયેલ છે, પ્રશસ્ત છે તે દુઃખક્ષય માટે, કર્મક્ષય માટે, મોક્ષ માટે, બોધિલાભ માટે, સંસાર ઉત્તારણ માટે મને થશે એથી કરીને તેને=રાત્રિભોજન-**

**વિરમણને, સ્વીકારીને હું માસકલ્પાદિ વડે વિહરું છું.**

**હે ભગવંત ! છટ્ઠા વ્રતમાં હું વ્યવસ્થિત છું. તેથી સર્વ રાત્રિભોજનથી વિરમણ છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

ભાવથી રાત્રિભોજન રાગથી અને દ્વેષથી થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે સાધુને આહારગ્રહણમાં રાગ-દ્વેષ સ્પર્શતા નથી, પરંતુ આત્માના અણાહારી સ્વભાવથી અત્યંત વાસિત છે, તેથી સંયમનું અંગ બને તેટલો જ અને તે પ્રકારના ઉપયોગથી આહાર ગ્રહણ કરે છે. તે સાધુ સદા રાત્રિભોજનનો પરિહાર કરે છે. તેવા સાધુઓ પૂર્વે બતાવાયેલા ૨૨ વિશેષણોવાળો ધર્મ સેવીને સદા નિર્વાણગમનને અનુકૂળ ઉદ્યમ કરનારા છે. આથી જ રાત્રિભોજન-વિરમણવ્રતમાં પણ ૨૨ વિશેષણવાળા ધર્મનું પ્રતિસંધાન કરેલ છે. અને આથી જ જે શ્રાવકો રાત્રિભોજન કરતા નથી તેઓ પણ શાતાના અર્થી હોવાથી ભોજનમાં રાગાદિ ભાવવાળા છે તેમને આ છટ્ઠું વ્રત નથી.

પાંચે મહાવ્રતો અને છટ્ઠું રાત્રિભોજનવિરમણવ્રત એ સર્વે વ્રતો ૨૨ વિશેષણવાળા ધર્મ સાથે એકવાક્યતાથી સંબંધિત છે એવો ઉત્તમ ધર્મ વિદ્યમાન હોવા છતાં પૂર્વમાં અજ્ઞાનતા આદિને કારણે પોતે રાત્રિભોજનનું વિરમણ કર્યું નથી તે સર્વને યાદ કરીને સાધુ તેની ત્રિવિધ-ત્રિવિધથી નિંદા અને ગર્હા કરે છે. પોતે કરેલા અતીતરાત્રિભોજનની નિંદા કરે છે, વર્તમાનમાં રાત્રિભોજનનો સંવર કરે છે અને અનાગત રાત્રિભોજનનું પચ્ચક્ખાણ કરે છે. તે સર્વ પ્રવૃત્તિ દ્વારા આત્માનો અભોજનસ્વભાવ ઉલ્લસિત થાય છે અને અભોજનભાવનાથી સાધુ અનાદિની ભોજનની ભાવના ક્ષીણ-ક્ષીણતર કરે છે. જેથી આ જીવે ભોજનની ભાવનાથી વાસિત થઈને અનેક કર્મો બાંધેલાં છે તે સર્વનો નાશ થાય છે અને અભોજનભાવના પ્રકર્ષવાળી થાય તો જીવ સર્વ પદાર્થો પ્રત્યે સંશ્લેષ વિનાનો થઈ વીતરાગ, સર્વજ્ઞ બને છે. તેથી સાધુ અભોજનભાવનાને દૃઢ કરવા અરિહંત, સિદ્ધ, સદ્ગુરુ, દેવતા અને આત્મા એમ પાંચની સાક્ષીએ ફરી તે પ્રતિજ્ઞાને ઉપસ્થિત કરે છે. સાધુ વિચારે છે કે આ રાત્રિભોજનનું વિરમણ જીવ માટે હિતરૂપ છે; કેમ કે ભોજનભાવનાથી બંધાતા કર્મો અટકે

છે. આ રાત્રિભોજનનું વિરમણ જીવ માટે સુખરૂપ છે; કેમ કે તેનાથી ભોજનની વૃત્તિરૂપ સંક્લેશ દૂર થાય છે. આ રાત્રિભોજનનું વિરમણ જીવ માટે સમર્થ છે; કેમ કે તેનાથી ભોજનની વૃત્તિ દૂર થવાથી સંસારથી પાર ઊતરવું સુકર બને છે. આ રાત્રિભોજનનું વિરમણ જીવ માટે કલ્યાણનું કારણ છે, આ રાત્રિભોજનનું વિરમણ જીવને પરભવમાં સાથે આવનાર છે અને અભોજનભાવનાથી ભાવિત જીવ સર્વ આરંભોથી પર થવાને કારણે સર્વ જીવોને સર્વ પ્રકારના અનુપદ્રવનું કારણ બને છે. આ રાત્રિભોજનનું વિરમણ મહાન અર્થવાળું છે, મહાન ગુણવાળું છે, મહાન ફલવાળું છે, મહાપુરુષોથી સેવાયેલું છે અને પરમ ઋષિ એવા તીર્થંકર વડે કહેવાયેલું છે, માટે દુઃખક્ષય માટે, કર્મક્ષય માટે, મોક્ષની પ્રાપ્તિ માટે, બોધિલાભ માટે અને સંસારથી પાર ઊતરવા માટે હું રાત્રિભોજન વિરમણને ધારણ કરીને વિહરું છું. અંતે નિગમન કરતાં કહે છે કે – હે ભગવંત ! હું છટ્ઠા રાત્રિભોજનવિરમણવ્રતમાં રહેલો છું અને રાત્રિભોજનથી સર્વથા વિરામ પામું છું. **॥૬॥**

અહીં વિશેષ એ છે કે આત્માનો અહિંસાસ્વભાવ છે અને આત્માના આ અહિંસાસ્વભાવને ઉલ્લસિત કરવા માટે સાધુ સદા પોતાના ભાવપ્રાણનું રક્ષણ કરવા યત્ન કરે છે અને ભાવપ્રાણના રક્ષણના ઉપાયભૂત ક્ષમાદિ ભાવો અતિશય-અતિશયતર થાય તે રીતે સાધુ સર્વ અનુષ્ઠાનો કરે છે અને પોતાના ભાવપ્રાણના રક્ષણના અંગરૂપે ષટ્કાયના પાલનનો પરિણામ ધારણ કરે છે અને ષટ્કાયપાલનના પરિણામના રક્ષણ અર્થે સંયમની સર્વ બાહ્ય યતનાઓ કરે છે. આ સાધુનું અહિંસારૂપ પહેલું મહાવ્રત છે અને તે મહાવ્રતની વાડરૂપે સત્યાદિ ચાર મહાવ્રત અને રાત્રિભોજનવિરમણવ્રત છે. આથી જ સર્વ મહાવ્રતમાં રાગ કે દ્વેષથી કોઈ પરિણામ થાય તો ભાવથી તે મહાવ્રતનું ઉલ્લંઘન થાય છે, તેમ કહેલ છે. તે રીતે રાત્રિભોજનમાં પણ ભાવથી રાત્રિભોજનનું વિરમણ રાગ-દ્વેષના પરિણામને આશ્રયી છે. તેથી કટુ આદિ પદાર્થો આહારમાં પ્રાપ્ત થયા હોય ત્યારે આહાર વાપરતી વખતે સાધુને તેને અનુરૂપ કોઈ ભાવ થાય તો તેને આશ્રયીને રાત્રિભોજનવિરમણવ્રતમાં અતિચાર પ્રાપ્ત થાય છે અને આહાર વાપરવાની ક્રિયા ન થતી હોય તોપણ જો રાગ-દ્વેષનો પરિણામ વર્તતો હોય તો ભાવથી રાત્રિભોજનવિરમણવ્રતમાં સાધુને અતિચાર પ્રાપ્ત થાય છે.

તેથી સાધુ આત્માને અહિંસાભાવનાથી અત્યંત ભાવિત કરે છે, તેના અંગરૂપે જ સત્યાદિ મહાવ્રતની ભાવનાથી પણ આત્માને ભાવિત કરે છે અને તેના અંગભૂત જ અભોજનભાવનાથી અર્થાત્ અણાહારીભાવનાથી આત્માને ભાવિત કરે છે. જેથી પાંચ મહાવ્રતની અને છટ્ઠા રાત્રિભોજનવિરમણવ્રતની વિરુદ્ધ કોઈ ભાવોના બળથી આત્મા પોતાના ભાવપ્રાણોનો નાશ ન કરે તેવી શક્તિનો સંચય પ્રસ્તુત આલાવાઓથી સાધુ કરે છે.

**પાંચ મહાવ્રતોને અને છટ્ઠા રાત્રિભોજનવિરમણવ્રતને સ્થિર કરવા અર્થે તે તે મહાવ્રતના અતિક્રમણનું સ્મરણ :-**

**અવતરણિકા :-**

**પૂર્વમાં પાંચ મહાવ્રત અને છટ્ઠા રાત્રિભોજનવિરમણવ્રત વિષયક સાધુ કયા પ્રકારની ઉચ્ચારણા કરે છે ? તે બતાવ્યું. હવે સર્વ વ્રતોના સંક્ષેપથી સ્વીકારને બતાવીને નિગમન કરતાં કહે છે –**

**સૂત્ર :-**

**इच्चेइआइं पंचमहव्वयाइं राइभोअणवेरमणछट्ठाइं अत्तहिअट्ठयाए उवसंपज्जित्ता णं विहरामि ।।**

**સૂત્રાર્થ :-**

**ઈત્યાદિ પાંચ મહાવ્રતને અને છટ્ઠા રાત્રિભોજનવિરમણવ્રતને આત્મહિતાર્થે ઉપસંપન્ન કરીને હું વિહરું છું=સુસાધુના વિહારથી વિહરું છું.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં બતાવેલી પાંચ મહાવ્રતોની અને છટ્ઠા રાત્રિભોજનવિરમણવ્રતની ઉચ્ચારણાને ઉપસ્થિત કરીને સાધુ વિચારે છે કે હું મારા આત્માના હિત માટે આ સર્વને સ્વીકારીને વિહરું છું. જેથી આ પાંચ મહાવ્રત અને છટ્ઠું રાત્રિભોજન-વિરમણવ્રત એ, આત્માનું હિત જે મોક્ષ છે તેનો ઉપાય છે. તેના અર્થે હું આ છ વ્રતોનું પાલન કરું છું તે પ્રકારનું પ્રતિસંધાન થવાથી બુદ્ધિમાન સાધુને ઉપસ્થિતિ થાય છે કે યોગનિરોધથી મોક્ષ છે અને આ છ વ્રતો યોગનિરોધ

સાથે કારણભાવરૂપે એકવાક્યતાથી જોડાયેલાં છે. માટે જે રીતે ભગવાને કહેલાં છે તે રીતે યોગનિરોધ સાથે કારણભાવ સંબંધ કરીને આ વ્રતોને એવી રીતે હું પાળું, જેથી યોગનિરોધને અનુકૂળ મહાવીર્યનો સંચય થાય અને શીઘ્ર સંસારનો અંત થાય.

અહીં વિશેષ એ છે કે કાર્યના અર્થી કાર્યના કારણને સેવે છે. આમ છતાં, બાહ્યથી દેખાતું કારણ કાર્ય સાથે કારણભાવરૂપે સંલગ્ન ન બને તો તે કારણથી કાર્ય થાય નહીં. જેમ દંડ, ચક્ર આદિ કારણસામગ્રીથી કુંભાર ઘટ નિષ્પન્ન કરે છે પરંતુ તેની તે સામગ્રી સમ્યક્ રીતે પ્રવર્તાવવામાં ન આવે તો ઘટરૂપે કાર્ય થાય નહીં તેમ યોગનિરોધ સાથે પાંચ મહાવ્રત અંતરંગ રીતે કઈ રીતે સંલગ્ન બને છે ? તેનો બોધ કરીને તે પ્રમાણે તે મહાવ્રતોનું પાલન થાય તો તે મહાવ્રતના પાલનથી યોગનિરોધને અનુકૂળ ઉત્તરોત્તરની શક્તિનો સંચય થાય છે. આથી જ પાંચ મહાવ્રતનો સ્વીકાર કર્યા પછી અને પાંચ મહાવ્રતોના સમ્યક્ પાલનની વિચારણા કર્યા પછી તે મહાવ્રતો કઈ રીતે સ્થિર પરિણામવાળા, અતિચાર રહિત થાય ? ઇત્યાદિ પ્રરૂપણા આગળમાં કરેલ છે. જેથી તે તે દોષોના પરિહાર માટે યત્ન કરીને અને તે તે ગુણોમાં સમ્યગ્ યત્ન કરીને વિવેકી સાધુ તે પાંચ મહાવ્રતોની ઉચ્ચારણાના બળથી જ અસંગભાવની પ્રાપ્તિ દ્વારા યોગનિરોધની પ્રાપ્તિનું કારણ બને તે રીતે તે છયે વ્રતો સદા સેવે છે.

**અવતરણિકા :-**

**પાંચ મહાવ્રતોનું સ્વરૂપ ઉપસ્થિત કર્યા પછી તે તે મહાવ્રતમાં જે અતિચારો છે તેનું સ્મરણ કરીને તે અતિચારો પ્રત્યે જુગુપ્સા કરવા અર્થે સાધુ પક્ખીસૂત્રમાં તેનું સ્મરણ કરે છે –**

**સૂત્ર :-**

**अप्पसत्था य जे जोगा, परिणामा य दारुणा ।**
**पाणाइवायस्स वेरमणे, एस वुत्ते अइक्कमे ।।१।।**

**સૂત્રાર્થ :-**

**અપ્રશસ્ત એવા જે મન-વચન-કાયાના યોગો છે च=અને, परिणामात्=**

**જે પરિણામથી દારુણ છે, પ્રાણાતિપાતવિરમણમહાવ્રતમાં આ અતિચાર કહેવાયા છે, (માટે હું તેનો પરિહાર કરું છું.) ॥૧॥**

**ભાવાર્થ :-**

સાધુ ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરીને સંયમની વૃદ્ધિના અંગભૂત સર્વ ઉચિત આચારો તે તે કાલમાં અને તે તે સંયોગોમાં સેવે છે. અને સાધુ પોતાના સંયોગ અનુસાર જે જે પ્રવૃત્તિ કરે છે તે સર્વ પ્રવૃત્તિ ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરીને કરે છે, અને તે સર્વ પ્રવૃત્તિ સમભાવની વૃદ્ધિને અનુકૂળ યત્ન થાય તે રીતે દૃઢ મનને પ્રવર્તાવીને કરે છે. છતાં અનાદિ ભવઅભ્યસ્ત પ્રમાદને વશ કોઈપણ યોગમાં સ્ખલના થાય અને તે યોગ જિનવચનથી અનિયંત્રિત બને તો તે યોગ અપ્રશસ્ત કહેવાય અને તે યોગો રાગાદિની વૃદ્ધિ કરીને સંસારની વૃદ્ધિના કારણ બને છે તેથી તે યોગો પરિણામથી દારુણ છે માટે પ્રાણાતિપાતવિરમણવ્રતમાં આ અપ્રશસ્ત યોગો અતિચારરૂપ કહેવાયા છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**હવે બીજા મૃષાવાદવિરમણમહાવ્રતના અતિચારોને કહે છે –**

**સૂત્ર :-**

**तिव्वरागा य जा भासा, तिव्वदोसा तहेव य ।**
**मुसावायस्स वेरमणे, एस वुत्ते अइक्कमे ।।२।।**

**સૂત્રાર્થ :-**

**તીવ્ર રાગવાળી જે ભાષા છે. અને તે પ્રકારે જ તીવ્ર દ્વેષવાળી જે ભાષા છે. મૃષાવાદના વિરમણમાં આ અતિચાર કહેવાયો છે, (માટે હું તેનો પરિહાર કરું છું.) ॥૨॥**

**ભાવાર્થ :-**

સાધુ સમભાવના પરિણામવાળા હોય છે અને સમભાવની વૃદ્ધિના પ્રયોજનથી

સંયમની વૃદ્ધિનું કારણ જણાય ત્યારે યતનાપૂર્વક બોલે છે. જેને ભાષાસમિતિ કહેવાય છે અને સંયમનું પ્રયોજન ન હોય ત્યારે સાધુ લેશ પણ બોલવાના પરિણામવાળા નથી, તેથી વચનગુપ્તિવાળા છે. તેવા મહાત્માનો રાગ સદા વચનગુપ્તિમાં છે અને વચનગુપ્તિના અંગભૂત સંયમવૃદ્ધિના પ્રસંગે કોઈપણ વચનપ્રયોગ કરે ત્યારે ભાષાસમિતિમાં રાગ વર્તે છે અને ભાષાસમિતિ અને વચનગુપ્તિમાં સ્ખલના થાય તેના પ્રત્યે દ્વેષ વર્તે છે. આમ છતાં કોઈક નિમિત્તને પામીને ભાષાસમિતિના પ્રયોજન વગર સાધુને બોલવાની ઇચ્છા થાય તો તે તીવ્ર રાગપૂર્વકની ભાષા છે અથવા ભાષાસમિતિની મર્યાદાનું ઉલ્લંઘન કરે તેવો કોઈક વસ્તુ પ્રત્યે દ્વેષ થાય તેના કારણે સાધુ બોલે તો તે તીવ્ર દ્વેષપૂર્વકની ભાષા છે; કેમ કે **જે રાગ-દ્વેષ ભગવાનના વચનથી નિયંત્રિત રહેતા નથી તે રાગ-દ્વેષ તીવ્ર છે** અને તેને વશ થઈને સાધુ જે કોઈ વચનપ્રયોગ કરે તે મૃષાવાદના વિરમણમાં અતિચારરૂપ છે. આથી જ સંયમની વૃદ્ધિનું પ્રયોજન ન હોય તેવી કોઈ વસ્તુ વિષયક જાણવાની ઇચ્છાથી સાધુ કોઈને કાંઈ પૃચ્છા કરે તો તે પણ મૃષાવાદના વિરમણમાં સાધુ માટે અતિચાર છે; કેમ કે મૃષાવાદનું વિરમણ એ પ્રથમ મહાવ્રતની વાડ છે અને પ્રથમ મહાવ્રત પોતાના ભાવપ્રાણના રક્ષણમાં યત્ન કરાવે છે અને ભાવપ્રાણના રક્ષણ માટે સાધુ જિનવચનાનુસાર ઉદ્યમ કરીને ક્ષમાદિ ભાવોની સતત વૃદ્ધિ કરે છે અને તે **ક્ષમાદિ ભાવોની વૃદ્ધિને અનુકૂળ વ્યાપારરૂપ પ્રથમ મહાવ્રતનું રક્ષણ ન કરી શકે તેવા સર્વ વચનપ્રયોગો તીવ્ર રાગથી કે તીવ્ર દ્વેષથી બોલાયેલા છે**, માટે મૃષાવાદવિરમણમહાવ્રતમાં અતિચાર છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**ક્રમપ્રાપ્ત ત્રીજા અદત્તાદાનવિરમણમહાવ્રતના અતિચારોને કહે છે –**

**સૂત્ર :-**

**उग्गहंसि अजाइत्ता, अविदिन्ने य उग्गहे ।**
**अदिन्नादाणस्स वेरमणे, एस वुत्ते अइक्कमे ।।३।।**

**સૂત્રાર્થ :-**

**અવગ્રહની યાચના કર્યા વગર અને અવગ્રહ નહીં અપાયે છતે તે**

**વસતિના ઉપભોગ એ અદત્તાદાનવિરમણમહાવ્રતમાં અતિચાર કહેવાયો છે. ।।૩।।**

**ભાવાર્થ :-**

સાધુ સ્વામિઅદત્તના પરિહાર અર્થે વસતિનો ઉપભોગ કરતાં પહેલાં તેના સ્વામીની પાસે તે વસતિની યાચના કરે છે અને સ્વામી તેની વસતિ આપે ત્યારપછી જ તે વસતિનો ઉપભોગ કરી શકે છે. જે સાધુ અવગ્રહની યાચના કર્યા વગર અથવા સ્વામીએ અવગ્રહ આપ્યો ન હોય છતાં તે વસતિનો ઉપભોગ કરે તો અદત્તાદાનવિરમણવ્રતમાં અતિચારની પ્રાપ્તિ થાય છે અને જો તીર્થંકર આદિની અનુજ્ઞા વગર વસ્તુ ગ્રહણ કરવામાં આવે તો ઉપલક્ષણથી તીર્થંકરઅદત્ત આદિ અદત્તોની પ્રાપ્તિ થાય છે. અને અનાભોગાદિથી તેવી પ્રવૃત્તિ થઈ હોય તો અદત્તાદાનવિરમણમહાવ્રતમાં સાધુને અતિચાર પ્રાપ્ત થાય છે; કેમ કે સાધુને જેમ વસતિના સ્વામી પાસે અવગ્રહની યાચના આવશ્યક છે તેમ સાધુના સ્વામી તીર્થંકર અને ગુરુ છે, તેમની અનુજ્ઞા પણ વસ્તુ ગ્રહણ કરવામાં આવશ્યક છે. આથી જ કોઈ સાધુ નિર્દોષ વસતિમાં ઊતર્યા હોય, સ્વામીની અનુજ્ઞાથી ઊતર્યા પછી પણ તે વસતિમાં સંયમને અનુકૂળ દૃઢ વ્યાપાર ન કરે તો સ્વામી પાસેથી યાચના કરીને વસતિમાં ઊતર્યા હોવા છતાં તીર્થંકરોએ સાધુને તેમાં ઊતરવાની અનુજ્ઞા આપી નથી. આમ છતાં સાધુ તે વસતિનો પરિભોગ કરે તો તીર્થંકરઅદત્ત લાગે અને આથી જ તેવી નિર્દોષ વસતિ પણ સાધુ માટે ગૃહતુલ્ય=પરિગ્રહ છે, તેમ વિંશતિવિંશિકામાં કહેલ છે.

આનાથી એ ફલિત થાય કે પોતાના ભાવપ્રાણના રક્ષણરૂપ પ્રથમ મહાવ્રતની વાડભૂત એવું અદત્તાદાનનું વિરમણ છે. તેથી જે સાધુ પોતાના ભાવપ્રાણના રક્ષણને અનુકૂળ સંયમમાં ઉદ્યમ ન કરતા હોય તે સાધુ સ્વામીના અવગ્રહને યાચીને વસતિમાં રહેલા હોય તોપણ તીર્થંકરની આજ્ઞા નહીં હોવાથી તેમને તીર્થંકરઅદત્તની પ્રાપ્તિ થાય છે. માટે ત્રીજા મહાવ્રતને અતિચાર રહિત કરવાના અર્થી સાધુએ સર્વ શક્તિથી સંયમમાં અપ્રમાદ કરવો જોઈએ, અન્યથા ત્રીજા મહાવ્રતમાં અતિચારની પ્રાપ્તિ થાય અને વ્રત નાશ થાય તો સંયમનો પણ નાશ થાય. ॥૩॥

**અવતરણિકા :-**

**ક્રમપ્રાપ્ત ચતુર્થ મૈથુનવિરમણમહાવ્રતના અતિચારોને કહે છે –**

**સૂત્ર :-**

**सद्दा-रूवा-रसा-गंधा, फासाणं पवियारणा ।**

**मेहुणस्स वेरमणे, एस वुत्ते अइक्कमे ।।४।।**

**સૂત્રાર્થ :-**

**શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શની પ્રવિચારણા=રાગથી પ્રતિસેવના, મૈથુનના વિરમણમાં આ અતિચાર કહેવાયો છે, (માટે સાધુ તેનો પરિહાર કરે.) ॥૪॥**

**ભાવાર્થ :-**

શ્રોત્રેન્દ્રિયનો વિષય શબ્દ છે, ચક્ષુરિંદ્રિયનો વિષય રૂપ છે, જિહ્વેન્દ્રિયરૂપ રસનેન્દ્રિયનો વિષય રસ છે, ઘ્રાણેન્દ્રિયનો વિષય ગંધ છે અને સ્પર્શનેન્દ્રિયનો વિષય સ્પર્શ છે. આ સર્વ વિષયમાંથી કોઈપણ વિષયમાં રાગનો લેશ પણ સ્પર્શ થાય તો મૈથુનવિરમણમહાવ્રતના અતિક્રમનો અતિચાર પ્રાપ્ત થાય છે; કેમ કે બ્રહ્મચર્ય આત્માનું સ્વરૂપ છે અને આત્માના સ્વરૂપમાં રહેલા મુનિઓ પાંચે ઇન્દ્રિયો અને મનથી સંવૃત હોય છે. જેથી કોઈપણ ઇન્દ્રિય, કોઈપણ વિષય સાથે સંસર્ગ કરીને તદ્વિષયક રાગવાળી થાય નહીં, પરંતુ ઇન્દ્રિયથી સંવૃત થઈને મુનિ જિનવચનથી નિયંત્રિત મનોયોગને પ્રવર્તાવે છે ત્યારે કદાચ વિષયોનો ઇન્દ્રિયો સાથે સંસર્ગ થાય તોપણ મન જિનવચનથી નિયંત્રિત હોવાથી વિષયભાવને સ્પર્શતું નથી. આથી જ મુનિ આહાર વાપરતી વખતે પણ આહારના તે તે સ્વાદ સાથે ચિત્ત ન જોડાય પરંતુ સંયમની વૃદ્ધિના ઉપાયરૂપે 'હું તે રીતે આહાર વાપરું કે જેથી આહારના સંગનો પરિણામ મને સ્પર્શે નહીં' તે પ્રકારે ઉપયુક્ત થઈને વાપરે છે. આમ છતાં કોઈપણ ઇન્દ્રિયના કોઈપણ વિષયના સંસર્ગમાં તે વિષય સાથે ચિત્ત સંશ્લેષ પામે તો અબ્રહ્મના પરિણામની ભૂમિકા શરૂ થાય છે. તેથી તે સર્વ મૈથુનવિરમણમહાવ્રતના અતિચારો છે. આથી જ, મૈથુનવિરમણમહાવ્રત પણ આત્માના શુદ્ધ ભાવપ્રાણના રક્ષણરૂપ અહિંસા-મહાવ્રતની વાડ સ્વરૂપ છે. **॥૪॥**

**અવતરણિકા :-**

**ક્રમપ્રાપ્ત પાંચમા પરિગ્રહવિરમણમહાવ્રતના અતિચારોને કહે છે –**

**સૂત્ર :-**

**इच्छा मुच्छा य गेही य, कंखा लोभे य दारुणे ।**
**परिग्गहस्स वेरमणे, एस वुत्ते अइक्कमे ।।५।।**

**સૂત્રાર્થ :-**

**દારુણ એવાં ઇચ્છા, મૂર્ચ્છા, ગૃદ્ધિ, કાંક્ષા અને લોભ; પરિગ્રહવિરમણ-મહાવ્રતમાં આ અતિચાર કહેવાયો છે, (માટે સાધુ તેનો પરિહાર કરે.) ।।૫।।**

**ભાવાર્થ :-**

સાધુને ઇચ્છા છે, પરંતુ માત્ર આત્માના ગુણોની વૃદ્ધિની જ ઇચ્છા છે; સાધુને મૂર્ચ્છા છે, પણ માત્ર આત્માના ગુણોની વૃદ્ધિની જ મૂર્ચ્છા છે; સાધુને ગૃદ્ધિ છે=આસક્તિ છે, પણ આત્માના ગુણોની વૃદ્ધિમાં જ આસક્તિ છે; સાધુને કાંક્ષા છે પરંતુ આત્માના ગુણોની વૃદ્ધિની જ આકાંક્ષા છે; સાધુને લોભ છે પરંતુ માત્ર આત્માના ગુણો વૃદ્ધિ પામે તે રીતનો જ લોભ છે. આ રીતે ઇચ્છાદિ ભાવો સંયમવૃદ્ધિ કરવા દ્વારા નિર્વાણના સાધક છે; કેમ કે સાધુ જ્યાં સુધી વીતરાગ ન બને ત્યાં સુધી તે મહાત્મા જ્યાં ઉપયોગ મૂકે ત્યાં ઇચ્છા થાય અથવા દ્વેષ થાય અને સાધુને જે અનુકૂળ જણાય ત્યાં ઇચ્છા થાય છે અને જે પ્રતિકૂળ જણાય ત્યાં દ્વેષ થાય છે. સાધુની નિર્મળ દૃષ્ટિ પરમાર્થને જોનારી હોવાથી તેમને આત્માના સમભાવ અને સમભાવના ઉપાયો જ અનુકૂળ જણાય છે અને પોતાના આત્મામાં નિમિત્તોને પામીને સમભાવના ઉદ્યમમાં સ્ખલના થાય છે તે પ્રતિકૂળ જણાય છે. તેથી સાધુનો ગુણના પક્ષપાતવાળો ઉપયોગ હોવાથી સાધુને ગુણવૃદ્ધિની જ ઇચ્છા થાય છે. જેમ સંસારી જીવોને ધનનો જ પક્ષપાત હોય છે, તેથી ધનવૃદ્ધિની જ ઇચ્છા થાય છે.

આમ છતાં, જ્યારે સાધુના તે ઇચ્છા-મૂર્ચ્છાદિ ભાવો આત્માના ગુણવૃદ્ધિને

છોડી અન્ય કોઈ પદાર્થ વિષયક થાય ત્યારે તે ઇચ્છા-મૂર્ચ્છાદિ દારુણ બને છે. તેથી તે પરિગ્રહવિરમણમહાવ્રતમાં અતિચારરૂપ બને છે. આથી જ નાનું બાળક કાલુંઘેલું બોલતું હોય તેને જોવાની ઇચ્છા થાય કે જોવાથી ઇષદ્ પ્રીતિ થાય તોપણ સાધુને પરિગ્રહવ્રતમાં અતિચાર પ્રાપ્ત થાય છે. **॥૫॥**

**અવતરણિકા :-**

**ક્રમપ્રાપ્ત છટ્ઠા રાત્રિભોજનવિરમણવ્રતના અતિચારોને કહે છે –**

**સૂત્ર :-**

**अइमत्ते अ आहारे, सूरखित्तंमि संकिए ।**

**राईभोअणस्स वेरमणे, एस वुत्ते अइक्कमे ।।६।।**

**સૂત્રાર્થ :-**

**અતિમાત્રાનો આહાર કરાયે છતે કે સૂર્યક્ષેત્ર શંકિત હોતે છતે સાધુ આહાર કરે તો આ રાત્રિભોજનવિરમણવ્રતનો અતિચાર કહેવાય છે, (માટે સાધુ તેનો પરિહાર કરે.) ॥૬॥**

**ભાવાર્થ :-**

સંયમપાલન માટે ઉપયોગી હોય તેટલો જ આહાર ગ્રહણ કરવાની સાધુને શાસ્ત્રમાં આજ્ઞા છે અને સંયમની પુષ્ટિનું કારણ ન હોય તેવો અતિમાત્રાનો આહાર ગ્રહણ કરે તો આહાર પ્રત્યેના મમત્વના કારણે રાત્રિભોજનવિરમણવ્રતમાં અતિચાર લાગે છે. વળી, પોતે જે પચ્ચક્ખાણ કર્યું હોય તે સૂર્યના ગમનાદિથી સાધુઓ નક્કી કરે છે. હવે જો તે શંકિત હોય છતાં સંભાવનાથી પચ્ચક્ખાણ આવી ગયું છે તે પ્રકારની બુદ્ધિ કરીને વાપરે તો રાત્રિભોજનવિરમણવ્રતનો અતિચાર લાગે છે. તેથી સાધુ આહારની મૂર્ચ્છાને છોડીને યતનાપૂર્વક સંયમના પ્રયોજનથી આહાર ગ્રહણ કરે તો છટ્ઠું રાત્રિભોજનવિરમણવ્રત સુરક્ષિત રહે અને પોતાના ભાવપ્રાણના રક્ષણરૂપ પ્રથમ મહાવ્રત સુરક્ષિત રહે, આથી રાત્રિભોજનવિરમણવ્રત પ્રથમ મહાવ્રતની વાડરૂપ છે. **॥૬॥**

**પાંચ મહાવ્રત અને છઠ્ઠા રાત્રિભોજનવિરમણવ્રતને સ્થિર કરવા માટેના આલાપકો :-**

**અવતરણિકા :-**

**પાંચ મહાવ્રત અને છઠ્ઠા રાત્રિભોજનવિરમણવ્રત વિષયક અતિચારો બતાવ્યા પછી સાધુ કઈ રીતે ઉદ્યમ કરે તો અતિચાર રહિત સંયમનું પાલન થાય તે બતાવવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**दंसणनाणचरित्ते, अविराहित्ता ठिओ समणधम्मे ।**
**पढमं वयमणुरक्खे, विरयामो पाणाइवायाओ ।।७।।**

**સૂત્રાર્થ :-**

**દર્શન-જ્ઞાન-ચારિત્રને અવિરાધીને શ્રમણધર્મમાં રહેલો, પ્રાણાતિપાતથી વિરત એવો હું પ્રથમ મહાવ્રતની રક્ષા કરું છું. ।।૭।।**

**ભાવાર્થ :-**

જે સાધુ સંયમકાલમાં ભગવાનનું વચન જ એકાંતે હિતકારી છે તેવી સ્થિર રુચિને ધારણ કરે છે, વર્તમાનમાં સંયમને ઉચિત ભગવાનની આજ્ઞા શું છે ? તેનું યથાર્થ જ્ઞાન કરે છે અને તે જ્ઞાનથી નિયંત્રિત થઈને સંયમનું ઉચિત કૃત્ય કરે છે, તે સાધુ દર્શન-જ્ઞાન-ચારિત્રને અવિરાધીને રહેલા છે અર્થાત્ જિનવચનના સ્મરણપૂર્વક અંતરંગ વીતરાગતાને અનુકૂળ યત્ન થાય તે રીતે કરાતા ઉપયોગથી જે કોઈ સૂત્રનું ભાવન, શાસ્ત્રઅધ્યયન કે અન્ય કોઈ પ્રવૃત્તિ થાય છે તે રત્નત્રયીના પરિણામરૂપ હોવાથી તે સાધુ રત્નત્રયીને અવિરાધીને રહેલા છે. આથી જ ઓઘથી પણ શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ કરવાની રુચિ જ્યારે જ્યારે ઉપયોગરૂપે ઉલ્લસિત થાય છે ત્યારે ત્યારે તે ઉપયોગ સ્વપરિણામ અનુસાર રત્નત્રયીને પ્રતિકૂળ કર્મોનો અવશ્ય નાશ કરે છે. આ રીતે રહેલા સાધુ ક્ષમાદિ દસ પ્રકારના શ્રમણધર્મમાં સ્થિત છે; કેમ કે **રત્નત્રયીના પરિણામથી નિયંત્રિત ઉપયોગ ક્ષમાદિ ભાવોની વૃદ્ધિનું જ કારણ બને છે** અને તેવા મહાત્મા વિચારે છે મારા ભાવપ્રાણના રક્ષણરૂપ પ્રાણાતિપાતથી વિરત થયેલો હું પ્રથમ મહાવ્રતની

રક્ષા કરું છું અર્થાત્ મારા આત્માને પ્રથમ મહાવ્રતથી તે રીતે ભાવિત કરું છું જેથી તે મહાવ્રત અસંગભાવની પ્રાપ્તિ દ્વારા વીતરાગભાવનું કારણ બને. **॥૭॥**

**સૂત્ર :-**

**दंसणनाणचरित्ते, अविराहित्ता ठिओ समणधम्मे ।**

**बीअं वयमणुरक्खे, विरयामो मुसावायाओ ।।८।।**

**સૂત્રાર્થ :-**

**દર્શન-જ્ઞાન-ચારિત્રને અવિરાધીને શ્રમણધર્મમાં રહેલો, મૃષાવાદથી વિરત એવો હું દ્વિતીય મહાવ્રતની રક્ષા કરું છું. ॥૮॥**

**ભાવાર્થ :-**

વળી, જે સાધુ સંયમના પ્રયોજનથી બોલવાનું પ્રયોજન હોય ત્યારે પણ ભગવાનના વચન વિષયક રુચિ, ધારણ કરતા હોય, બોલવા વિષયક ભગવાનની આજ્ઞા શું છે ? તેનું યથાર્થ જ્ઞાન હોય અને તે જ્ઞાનથી નિયંત્રિત ઉચિત ઉપયોગપૂર્વક સંભાષણ કરતા હોય ત્યારે તે મહાત્મા રત્નત્રયીને અવિરાધીને રહેલા છે. તે વખતે તે સાધુ જે કાંઈ ઉચિત સંભાષણ કરતા હોય તેનાથી ક્ષમાદિ ભાવોની વૃદ્ધિને અનુકૂળ એવા વ્યાપારવાળા હોવાથી શ્રમણધર્મમાં રહેલા છે. વળી, ભાષાસમિતિના ઉપયોગથી ઉપયુક્ત થઈને બોલે છે. તેથી મૃષાવાદથી વિરત છે અને તે રીતે વિરત થઈને બીજા મહાવ્રતની રક્ષા કરે છે અર્થાત્ સત્યભાષણ કરીને સંયમના કંડકોની વૃદ્ધિને અનુકૂળ ઉચિત વ્યાપારવાળા બને છે. **॥૮॥**

**સૂત્ર :-**

**दंसणनाणचरित्ते, अविराहित्ता ठिओ समणधम्मे ।**

**तइअं वयमणुरक्खे, विरयामो अदिन्नादाणाओ ।।९।।**

**સૂત્રાર્થ :-**

**દર્શન-જ્ઞાન-ચારિત્રને અવિરાધીને શ્રમણધર્મમાં રહેલો, અદત્તાદાનથી વિરત એવો હું ત્રીજા મહાવ્રતની રક્ષા કરું છું. ॥૯॥**

**ભાવાર્થ :-**

જે સાધુ ભગવાનના વચનની સ્થિર રુચિવાળા છે તેથી સમ્યગ્દર્શનવાળા છે અને ભગવાનનું વચન ચાર પ્રકારના અદત્તાદાનના વિરમણ અર્થે સાધુને કઈ ઉચિત પ્રવૃત્તિ કરવાનું કહે છે ? તેના સમ્યક્ બોધપૂર્વક તે કાલે તે તે ઉચિત પ્રવૃત્તિઓ કરે છે તેથી સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમાં રહેલા છે અને રત્નત્રયીમાં વર્તતા એવા તે સાધુ વર્તમાનમાં ઉચિત ઉપયોગવાળા હોવાથી રત્નત્રયીની અવિરાધનાથી રહેલા છે અને તેના કારણે ક્ષમાદિ ભાવો વૃદ્ધિ થાય તે પ્રકારે ઉચિત પ્રવૃત્તિ કરી રહ્યા છે તેથી શ્રમણધર્મમાં રહેલા છે. ભગવાનના વચનના નિયંત્રણથી ચાર પ્રકારના અદત્તના પરિહારના ઉપયોગવાળા હોવાથી અદત્તાદાનથી વિરત છે અને તેના કારણે અદત્તાદાનવિરમણમહાવ્રતરૂપ ત્રીજા મહાવ્રતની રક્ષા કરે છે અને ત્રીજા મહાવ્રતની રક્ષા અર્થે અપ્રમાદથી જિનવચનાનુસાર પ્રવૃત્તિવાળા હોવાથી સતત સંયમના કંડકોની વૃદ્ધિને પામે છે. **॥૯॥**

**સૂત્ર :-**

**दंसणनाणचरित्ते, अविराहित्ता ठिओ समणधम्मे ।**
**चउत्थं वयमणुरक्खे, विरयामो मेहुणाओ ।।१०।।**

**સૂત્રાર્થ :-**

**દર્શન-જ્ઞાન-ચારિત્રને અવિરાધીને શ્રમણધર્મમાં રહેલો, મૈથુનથી વિરત એવો હું ચતુર્થ મહાવ્રતની રક્ષા કરું છું. ॥૧૦॥**

**ભાવાર્થ :-**

જે સાધુને ભગવાનના વચનમાં સ્થિર રુચિ છે અને તત્ત્વના જાણનારા હોવાથી જાણે છે કે અનાદિની સુઅભ્યસ્ત મૈથુનવાસના છે અને મુનિભાવમાં પણ વેદનો ઉદય વિરામ પામેલો નથી તેથી અત્યંત સંવૃત થઈને વ્યાપાર નહીં કરવામાં આવે તો વિષયના સંપર્કથી ઇન્દ્રિયો વિકારને પામશે અને મૈથુનવ્રત મલિન થશે. જે સાધુ પાસે આવો બોધ છે અને તેના નિવારણનો ઉપાય બ્રહ્મચર્યની ગુપ્તિરૂપ નવ વાડો છે તેવું જ્ઞાન છે તે સાધુ બ્રહ્મચર્યની નવ વાડોના સમ્યક્ બોધપૂર્વક તે વાડોના પાલન માટે ઉદ્યમ કરે છે. અને સતત

કામની કુત્સિતતાના સ્વરૂપનું ભાવન કરીને વિકારના સંસ્કારોને તિરોધાન કરવા યત્ન કરે છે. આવા સાધુ ચારિત્રના પરિણામવાળા છે અને સુદૃઢ ઉપયોગપૂર્વક રત્નત્રયીની અવિરાધના કરતા એવા તે મહાત્મા ક્ષમાદિ ભાવોની વૃદ્ધિને અનુકૂળ વ્યાપારરૂપ શ્રમણધર્મમાં રહેલા છે અને બ્રહ્મચર્યની વાડોના રક્ષણના ઉપયોગવાળા હોવાથી મૈથુનની વિરાધનાથી વિરત છે અને તેના કારણે ચોથા મહાવ્રતનું રક્ષણ કરે છે અર્થાત્ અબ્રહ્મના સંસ્કારો નાશ પામે અને બ્રહ્મચર્ય પ્રત્યેનો પક્ષપાત વૃદ્ધિ પામે તેવા ઉત્તમ સંસ્કારોથી આત્માને ભાવિત કરે છે. તેથી તેમનું ચોથું મહાવ્રત અતિચારોના દોષથી રહિત બને છે. **॥૧૦॥**

**સૂત્ર :-**

**दंसणनाणचरित्ते, अविराहित्ता ठिओ समणधम्मे ।**
**पंचमं वयमणुरक्खे, विरयामो परिग्गहाओ ।।११।।**

**સૂત્રાર્થ :-**

**દર્શન-જ્ઞાન-ચારિત્રને અવિરાધીને શ્રમણધર્મમાં રહેલો, પરિગ્રહથી વિરત એવો હું પાંચમા મહાવ્રતની રક્ષા કરું છું. ॥૧૧॥**

**ભાવાર્થ :-**

જે મહાત્માને ભગવાને બતાવેલા અસંગભાવમાં સ્થિર રુચિ છે તેથી સમ્યગ્દર્શનવાળા છે. અસંગભાવને અનુકૂળ ઉદ્યમ કરવા શું ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ ? તેનું સમ્યગ્જ્ઞાન છે, તેથી જ્ઞાનવાળા છે અને તે સમ્યગ્જ્ઞાનથી નિયંત્રિત થઈને અસંગભાવને અભિમુખ ઉત્તમ સંસ્કારો આધાન થાય તેવી સર્વ આચરણા કરે છે તેથી ચારિત્રમાં સ્થિત છે. આ રીતે રત્નત્રયીની અવિરાધનાથી રહેલા એવા તે મહાત્મા દસ પ્રકારના શ્રમણધર્મમાં રહેલા છે; કેમ કે અસંગભાવને અનુકૂળ યોગોના પ્રવર્તનથી ક્ષમાદિ ભાવો વધે છે અને સર્વત્ર અસંગભાવને અનુકૂળ ઉપયોગ હોવાથી મૂર્ચ્છારૂપ પરિગ્રહથી વિરત છે. તેથી કોઈ પદાર્થ સાથે મૂર્ચ્છાથી સંગ ન થાય તે પ્રકારના ઉપયોગવાળા હોવાથી પાંચમા મહાવ્રતનું રક્ષણ કરે છે અર્થાત્ સર્વત્ર અનિચ્છાના પરિણામરૂપ પાંચમા મહાવ્રતના

સંસ્કારોથી આત્માને અત્યંત વાસિત કરે છે. જેથી અસંગને અનુકૂળ ચિત્ત ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે. **॥૧૧॥**

**સૂત્ર :-**

**दंसणनाणचरित्ते, अविराहित्ता ठिओ समणधम्मे ।**

**छट्ठं वयमणुरक्खे, विरयामो राईभोअणाओ ।।१२।।**

**સૂત્રાર્થ :-**

**દર્શન-જ્ઞાન-ચારિત્રને અવિરાધીને શ્રમણધર્મમાં રહેલો, રાત્રિભોજનથી વિરત એવો હું છટ્ઠા વ્રતની રક્ષા કરું છું. ।।૧૨।।**

**ભાવાર્થ :-**

જે સાધુ સર્વત્ર જીવરક્ષાના પરિણામવાળા છે તેથી ભગવાનના વચનાનુસાર ષટ્કાયના પાલનની રુચિવાળા છે અને ષટ્કાયના પાલન અર્થે રાત્રિભોજન-વિરમણવ્રતની રક્ષા કરવા માટે કઈ રીતે ઉદ્યમ કરવો જોઈએ ? તેનું જ્ઞાન છે અને તે જ્ઞાનથી નિયંત્રિત થઈને આહારસંજ્ઞા ક્યાંય ઉલ્લસિત ન થાય તે પ્રકારે આહારગ્રહણાદિની પ્રવૃત્તિ કરે છે તેવા મહાત્મા ભિક્ષાટન કરતા હોય, આહાર કરતા હોય કે અન્ય કોઈ ઉચિત કૃત્ય કરતા હોય ત્યારે પણ રત્નત્રયીની અવિરાધના કરીને દસ પ્રકારના શ્રમણધર્મમાં રહેલા છે; કેમ કે ભિક્ષાટન, આહારગ્રહણ વગેરે સર્વ પ્રવૃત્તિ દ્વારા ક્ષમાદિ ભાવોની વૃદ્ધિ કરે છે અને તેવા મહાત્મા રાત્રિભોજન દ્વારા થતી હિંસાના પરિણામથી વિરત છે અને તેથી છટ્ઠા વ્રતની રક્ષા કરે છે અર્થાત્ સદા અણાહારીભાવનાને અનુકૂળ ઉદ્યમવાળા રહે છે. **॥૧૨॥**

**અવતરણિકા :-**

**સાધુને પાંચ મહાવ્રત અને છટ્ઠું રાત્રિભોજનવિરમણવ્રત છે. તેનું રક્ષણ કરવું તે સંયમજીવનનું પ્રધાન અંગ છે. તેના દ્વારા જે દસ પ્રકારનો શ્રમણધર્મ વધે છે તેના દ્વારા જ સાધુ અસંગભાવને પામીને વીતરાગ થાય છે. તેથી વીતરાગ થવાના પરમ ઉપાયરૂપ તે છ વ્રતોની રક્ષાનો એક પ્રકારનો ઉપાય બતાવ્યા પછી અન્ય પ્રકારના ઉપાયો બતાવવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**आलयविहारसमिओ, जुत्तो गुत्तो ठिओ समणधम्मे ।**
**पढमं वयमणुरक्खे, विरयामो पाणइवायाओ ।।१३।।**

**સૂત્રાર્થ :-**

**આલય, વિહાર, સમિત, યુક્ત=ગુણોથી યુક્ત, ગુપ્ત=ગુપ્તિઓથી ગુપ્ત, અને શ્રમણધર્મમાં રહેલો, પ્રાણાતિપાતથી વિરત એવો હું પ્રથમ મહાવ્રતની રક્ષા કરું છું. ।।૧૩।।**

**ભાવાર્થ :-**

સાધુએ પ્રથમ મહાવ્રતની રક્ષા અર્થે વસતિના સર્વ દોષોના પરિહારપૂર્વક વસતિમાં રહેવું જોઈએ અને તે રીતે જે સાધુ વસે છે તે આલયવાળા છે. વળી, સાધુએ પહેલા મહાવ્રતની રક્ષા અર્થે નવકલ્પી વિહાર કરીને સર્વત્ર અપ્રતિબંધવાળા થવું જોઈએ, જેથી કોઈ સ્થાનમાં સંગની બુદ્ધિના અભાવને કારણે પ્રથમ મહાવ્રતનું રક્ષણ થાય; આવા સાધુ વિહારવાળા છે. વળી, સંયમના પ્રયોજન અર્થે કોઈ બાહ્ય પ્રવૃત્તિ કરવાની હોય ત્યારે પાંચ સમિતિમાંથી ઉચિત સમિતિમાં ઉપયુક્ત હોય તે સાધુ સમિત છે. વળી, તત્ત્વથી વાસિત હોવાને કારણે ગુણોથી યુક્ત છે. વળી, મન-વચન-કાયા દ્વારા જિનવચનથી નિયંત્રિત થઈ ધ્યાનાદિ યોગોમાં પ્રવર્તે છે, માટે ગુપ્ત છે. આવા સાધુ શ્રમણધર્મમાં રહેલા છે=ક્ષમાદિ ભાવોની વૃદ્ધિને અનુકૂળ વ્યાપારવાળા છે તેથી પ્રાણાતિપાતથી વિરત છે અર્થાત્ પોતાના ભાવપ્રાણની રક્ષા માટે ઉદ્યમવાળા છે અને તેવા મહાત્મા પ્રથમ મહાવ્રતની રક્ષા કરે છે. તેથી સાધુએ વ્રતની રક્ષા અર્થે આલય, વિહાર આદિ સર્વ ઉચિત પ્રવૃત્તિમાં ઉદ્યમ કરવો જોઈએ જેથી પ્રથમ મહાવ્રતનું રક્ષણ થાય. **।।૧૩।।**

**સૂત્ર :-**

**आलयविहारसमिओ, जुत्तो गुत्तो ठिओ समणधम्मे ।**
**बीअं वयमणुरक्खे, विरयामो मुसावायाओ ।।१४।।**

**સૂત્રાર્થ :-**

**આલય, વિહાર, સમિત, યુક્ત=ગુણોથી યુક્ત, ગુપ્ત=ગુપ્તિઓથી**

**ગુપ્ત, અને શ્રમણધર્મમાં રહેલો એવો મૃષાવાદથી વિરત એવો હું દ્વિતીય મહાવ્રતની રક્ષા કરું છું. ।।૧૪।।**

**ભાવાર્થ :-**

વળી, બીજા મહાવ્રતના રક્ષણ માટે પણ સાધુએ આલય, વિહાર આદિમાં ઉદ્યમ કરવો જોઈએ અને જે સાધુ આલય, વિહાર આદિ સર્વ ઉચિત કૃત્યોમાં ઉદ્યમવાળા છે તેઓ જ મૃષાવાદથી વિરત છે અને બીજા મહાવ્રતનું રક્ષણ કરે છે. જે સાધુ કોઈ મૃષાવાદ બોલતા ન હોય છતાં આલય, વિહારમાં યત્નવાળા ન હોય તો જિનવચન અનુસાર યત્ન કરનારા નહીં હોવાથી તેઓના મિથ્યા આચારથી જ લોકોને આ સાધ્વાચાર છે તેવો ભ્રમ થાય છે, તેથી મૃષાવાદ દ્વારા જેમ અન્યને વિપરીત બોધ થાય છે તેમ સાધુના તે આચારો દ્વારા અન્યને વિપરીત બોધ થાય છે માટે મૃષાવાદનું રક્ષણ થતું નથી.

તેથી સાધુ આલય આદિથી યુક્ત થઈને હું મૃષાવાદથી વિરત થઈને બીજા વ્રતની રક્ષા કરું છું એમ કહીને બીજા મહાવ્રતને સ્થિર કરવા યત્ન કરે છે. **।।૧૪।।**

**સૂત્ર :-**

**आलयविहारसमिओ, जुत्तो गुत्तो ठिओ समणधम्मे ।**
**तइअं वयमणुरक्खे, विरयामो अदिन्नादाणाओ ।।१५।।**

**સૂત્રાર્થ :-**

**આલય, વિહાર, સમિત, યુક્ત=ગુણોથી યુક્ત, ગુપ્ત=ગુપ્તિઓથી ગુપ્ત, અને શ્રમણધર્મમાં રહેલો અદત્તાદાનથી વિરત એવો હું તૃતીય મહાવ્રતની રક્ષા કરું છું. ।।૧૫।।**

**ભાવાર્થ :-**

વળી, અદત્તાદાનવિરમણમહાવ્રતના રક્ષણ અર્થે પણ સાધુએ આલય, વિહાર આદિ સર્વ ઉચિત કૃત્યોમાં ઉદ્યમ કરવો આવશ્યક છે. જો સાધુ નિર્દોષ વસતિમાં ન ઊતરે તો તીર્થંકરઅદત્તની પ્રાપ્તિ થાય, નવકલ્પી વિહાર ન કરે તો તે રીતે વિહાર નહીં કરનાર સાધુને ભગવાને આહારાદિ ગ્રહણની અનુજ્ઞા આપી

નથી અને તે પ્રમાણે આહાર ગ્રહણ કરનારને તીર્થંકરઅદત્તની પ્રાપ્તિ થાય. વળી સમિતિ-ગુપ્તિમાં ઉદ્યમ નહીં કરનારા અને શ્રમણધર્મમાં નહીં રહેલા સાધુને પણ આહાર, વસ્ત્ર વગેરે કાંઈ ગ્રહણ કરવાની ભગવાને અનુજ્ઞા આપી નથી. તેથી તે સર્વે ગ્રહણ કરનાર સાધુને અદત્તાદાનવ્રત રહે નહીં. માટે ત્રીજા મહાવ્રતની રક્ષાના અર્થી સાધુએ આલય, વિહાર આદિમાં ઉદ્યમ કરવો જોઈએ.

તેથી સાધુ આલય આદિથી યુક્ત થઈને "હું અદત્તાદાનથી વિરત થઈને ત્રીજા મહાવ્રતની રક્ષા કરું છું" એમ કહીને ત્રીજા મહાવ્રતને સ્થિર કરવા યત્ન કરે છે. **॥૧૫॥**

**સૂત્ર :-**

**आलयविहारसमिओ, जुत्तो गुत्तो ठिओ समणधम्मे ।**
**चउत्थं वयमणुरक्खे, विरयामो मेहुणाओ ।।१६।।**

**સૂત્રાર્થ :-**

**આલય, વિહાર, સમિત, યુક્ત=ગુણોથી યુક્ત, ગુપ્ત=ગુપ્તિઓથી ગુપ્ત, અને શ્રમણધર્મમાં રહેલો એવો મૈથુનથી વિરત એવો હું ચતુર્થ મહાવ્રતની રક્ષા કરું છું. ।।૧૬।।**

**ભાવાર્થ :-**

બ્રહ્મચર્યની રક્ષા અર્થે પણ સાધુએ આલય, વિહાર, સમિતિ વગેરેમાં સદા ઉદ્યમ કરવો જોઈએ. જેઓ નિર્દોષ વસતિના ગ્રહણમાં અને સ્ત્રીસંસક્ત વસતિ આદિના પરિહારમાં યત્ન કરતા નથી તેઓ વસતિના પ્રતિબંધવાળા થઈને નિમિત્ત પામીને ચોથા મહાવ્રતને પણ મલિન કરે છે. તેથી જેણે બ્રહ્મચર્યની સુરક્ષા કરવી હોય તેવા સાધુએ સ્ત્રી આદિ યુક્ત વસતિનો પરિહાર, નિર્દોષ વસતિમાં રહેવું, નવકલ્પી વિહાર કરવો, સમિતિ-ગુપ્તિમાં યત્ન કરવો અતિ આવશ્યક છે. અન્યથા અગુપ્તિના પરિણામને કારણે અનાદિના મોહના સંસ્કારથી કોઈ નિમિત્તને પામીને બ્રહ્મચર્યમહાવ્રતમાં પણ અતિચારો થવાનો સંભવ રહે છે.

તેથી સાધુ આલય આદિથી યુક્ત થઈને "હું મૈથુનથી વિરત થઈને ચોથા મહાવ્રતની રક્ષા કરું છું" એમ કહીને ચોથા મહાવ્રતને સ્થિર કરવા યત્ન કરે છે. **॥૧૬॥**

**સૂત્ર :-**

**आलयविहारसमिओ, जुत्तो गुत्तो ठिओ समणधम्मे ।**
**पंचमं वयमणुरक्खे, विरयामो परिग्गहाओ ।।१७।।**

**સૂત્રાર્થ :-**

**આલય, વિહાર, સમિત, યુક્ત=ગુણોથી યુક્ત, ગુપ્ત=ગુપ્તિઓથી ગુપ્ત, અને શ્રમણધર્મમાં રહેલો પરિગ્રહથી વિરત એવો હું પાંચમા મહાવ્રતની રક્ષા કરું છું. ।।૧૭।।**

**ભાવાર્થ :-**

મૂર્ચ્છા એ પરિગ્રહનો પરિણામ છે અને મૂર્ચ્છાથી પોતાના આત્માના રક્ષણ અર્થે સાધુ નિર્દોષ વસતિ આદિ ગ્રહણ કરે છે. નવકલ્પી વિહાર કરે છે, સમિતિ-ગુપ્તિનું પાલન કરે છે. જે સાધુ તેમાં યત્નવાળા નથી તેઓ વસતિ આદિમાં મૂર્ચ્છાને પામે છે, સ્થિરવાસને કારણે ક્ષેત્રમાં મૂર્ચ્છા પામે છે, ગુપ્તિના અભાવને કારણે ઇન્દ્રિયના સંસર્ગવાળા પદાર્થોમાં મૂર્ચ્છા પામે છે, માટે સાધુએ સતત ગુપ્ત થઈ દસ પ્રકારના શ્રમણધર્મમાં ઉદ્યમ કરવો જોઈએ. તો પરિગ્રહ-વિરમણમહાવ્રતનું રક્ષણ થાય.

તેથી સાધુ આલય આદિથી યુક્ત થઈને “હું પરિગ્રહથી વિરત થઈને પાંચમા મહાવ્રતની રક્ષા કરું છું” એમ કહીને પાંચમા મહાવ્રતને સ્થિર કરવા યત્ન કરે છે. **।।૧૭।।**

**સૂત્ર :-**

**आलयविहारसमिओ, जुत्तो गुत्तो ठिओ सममधम्मे ।**
**छट्ठं वयमणुरक्खे, विरयामो राईभोअणाओ ।।१८।।**

**સૂત્રાર્થ :-**

**આલય, વિહાર, સમિત, યુક્ત=ગુણોથી યુક્ત, ગુપ્ત=ગુપ્તિઓથી ગુપ્ત, અને શ્રમણધર્મમાં રહેલો એવો રાત્રિભોજનથી વિરત એવો હું છટ્ઠા વ્રતની રક્ષા કરું છું. ।।૧૮।।**

**ભાવાર્થ :-**

છઠ્ઠું વ્રત ષટ્કાયના પાલનના અંગભૂત છે; કેમ કે રાત્રિભોજનમાં વિશિષ્ટ હિંસા છે અને તે હિંસાના પરિહારના અર્થી સાધુ રાત્રિભોજનથી વિરત છે અને તેના પાલનના અંગરૂપે સાધુને આલય-વિહાર-સમિતિ-ગુપ્તિ આદિનું પાલન આવશ્યક છે. સાધુ આલય આદિમાં યત્ન ન કરે તો રાત્રિભોજનવિરમણ-વ્રતનું પ્રયોજન પ્રથમ મહાવ્રતનું રક્ષણ છે, તેનું જ પાલન થતું નથી. તેથી દ્રવ્યથી રાત્રે વાપરતા ન હોય તોપણ રાગાદિના પરિણામથી ભાવથી રાત્રિભોજનની પ્રાપ્તિ થાય છે. માટે છઠ્ઠા વ્રતની રક્ષાના અર્થી સાધુએ પણ આલય-વિહાર આદિમાં ઉદ્યમ કરવો જોઈએ.

તેથી સાધુ આલય આદિથી યુક્ત થઈને "હું રાત્રિભોજનથી વિરત થઈને છઠ્ઠા વ્રતની રક્ષા કરું છું" એમ કહીને છઠ્ઠા વ્રતને સ્થિર કરવા યત્ન કરે છે. **॥૧૮॥**

**અવતરણિકા :-**

**વળી, વિશેષથી પાંચે મહાવ્રત અને છઠ્ઠા રાત્રિભોજનવિરમણવ્રતના રક્ષણના ઉપાયને કહે છે –**

**સૂત્ર :-**

**आलयविहारसमिओ, जुत्तो गुत्तो ठिओ समणधम्मे ।**
**तिविहेण अप्पमत्तो, रक्खामि महव्वए पंच ।।१९।।**

**સૂત્રાર્થ :-**

**આલય, વિહાર, સમિત, યુક્ત=ગુણોથી યુક્ત, ગુપ્ત=ગુપ્તિઓથી ગુપ્ત, અને શ્રમણધર્મમાં રહેલ મન-વચન-કાયાથી અપ્રમત્ત એવો હું પાંચે મહાવ્રતોની રક્ષા કરું છું. ॥૧૯॥**

**ભાવાર્થ :-**

પાંચ મહાવ્રતની રક્ષા અર્થે સાધુએ મન-વચન-કાયાથી અપ્રમત્ત થવું જોઈએ અને તે અપ્રમત્તતા આલય, વિહાર, સમિતિ, ગુપ્તિ અને શ્રમણધર્મ વિષયક છે. તેથી જે સાધુ જિનવચનનું સ્મરણ કરીને નિત્ય આલય, વિહાર આદિમાં

મન-વચન-કાયાથી અપ્રમત્તપણે યત્ન કરે છે તે મહાત્મા પાંચે મહાવ્રતોનું રક્ષણ કરે છે.

આ રીતે પ્રસ્તુત ગાથા દ્વારા સાધુ મન-વચન-કાયા દ્વારા અપ્રમત્ત થવા યત્ન કરે છે. **॥૧૯॥**

**એકથી લઈને દસ સુધીના દોષોનો પરિત્યાગ અને ગુણોના સ્વીકારપૂર્વક મહાવ્રતોના રક્ષણનો યત્ન :-**

**અવતરણિકા :-**

**વળી, મહાવ્રતોની રક્ષા અર્થે કયાં સ્થાનોનું વર્જન આવશ્યક છે અને કયાં સ્થાનોનું સેવન આવશ્યક છે તે અનેક પ્રકારે બતાવતાં પ્રથમ એક સ્થાનના ત્યાગથી મહાવ્રતોની રક્ષાના ઉપાયોને કહે છે –**

**સૂત્ર :-**

**सावज्जजोगमेगं, मिच्छत्तं एगमेव अन्नाणं ।**
**परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ।।२०।।**

**સૂત્રાર્થ :-**

**એક સાવધયોગ, એક મિથ્યાત્વ અને એક અજ્ઞાન એમ ત્રણનો પરિહાર કરતો મન, વચન, કાયાથી ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતની રક્ષા કરું છું. ।।૨૦।।**

**ભાવાર્થ :-**

મહાવ્રતનો બાધક સાવદ્યયોગ છે, તત્ત્વના બોધનું બાધક મિથ્યાત્વ છે અને જ્ઞાનનું બાધક અજ્ઞાન છે; કેમ કે જીવને મિથ્યાત્વને કારણે જ જિનવચનથી વિપરીત રુચિ હોય છે, કદાચ જિનવચનમાં સ્થિર રુચિ હોય તોપણ મહાવ્રતના રક્ષણ માટે શું કરવું જોઈએ ? શું ન કરવું જોઈએ ? તે વિષયમાં અજ્ઞાન હોય તોપણ મહાવ્રતની રક્ષા ન થાય. કદાચ મિથ્યાત્વ-અજ્ઞાન ન હોય, પરંતુ મન-વચન-કાયાના યોગો સાવદ્ય વર્તતા હોય અર્થાત્ બાહ્ય પદાર્થોના સંશ્લેષને પામીને વર્તતા હોય તોપણ મહાવ્રતનું રક્ષણ થાય નહીં. તેથી સાધુએ મહાવ્રતની

રક્ષા અર્થે ભગવાનનું વચન જ તત્ત્વ છે, ભગવાનના વચનથી અન્ય સર્વ પ્રવૃત્તિઓ જીવ માટે એકાંતે અકલ્યાણકારી છે તે પ્રકારના ભાવોથી આત્માને અત્યંત ભાવિત કરીને જિનવચન અનુસાર સર્વ પ્રવૃત્તિઓ તત્ત્વરૂપ ભાસે તેવી નિર્મલ મતિ ઉત્પન્ન કરવી જોઈએ. જેથી મિથ્યાત્વનું વર્જન થાય. સંયમની વૃદ્ધિ માટે વર્તમાનમાં શું પ્રવૃત્તિ ઉચિત છે ? અને શું અનુચિત છે ? તેનું ગીતાર્થ ગુરુના વચનથી જ્ઞાન કરવું જોઈએ. જેથી અજ્ઞાનનું વર્જન થાય અને ત્યારપછી સમ્યગ્જ્ઞાનથી નિયંત્રિત મન-વચન-કાયાના યોગ પ્રવર્તાવવા જોઈએ. જેથી મન-વચન-કાયાના યોગો વીતરાગભાવની વૃદ્ધિને અનુકૂળ વ્યાપારવાળા બને અને જો તેમ ન કરવામાં આવે તો બાહ્ય પદાર્થના સંગના પરિણામથી કર્મબંધને અનુકૂળ એવા સાવદ્યયોગની પ્રાપ્તિ થાય. માટે મહાવ્રતની રક્ષાના અર્થી સાધુ એક મિથ્યાત્વ, એક અજ્ઞાન અને એક સાવદ્યયોગનો પરિત્યાગ કરીને ગુપ્ત થયેલો પાંચ મહાવ્રતની રક્ષા કરું છું, તેમ કહીને સંયમની શક્તિનો સંચય કરે છે. **॥૨૦॥**

**અવતરણિકા :-**

**સાધુ કઈ રીતે સાવદ્યયોગ, મિથ્યાત્વ અને અજ્ઞાનનો પરિહાર કરી મહાવ્રતનું રક્ષણ કરી શકે ? તેથી કહે છે –**

**સૂત્ર :-**

**अणवज्जजोगमेगं, सम्मत्तं एगमेव नाणं तु ।**
**उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ।।२१।।**

**સૂત્રાર્થ :-**

**એક અનવદ્ય યોગ, એક સમ્યક્ત્વ અને એક જ્ઞાનથી સંપન્ન થયેલો એવો હું પાંચ મહાવ્રતની રક્ષા કરું છું. ॥૨૧॥**

**ભાવાર્થ :-**

સાધુ મિથ્યાત્વના પરિહાર અર્થે સમ્યક્ત્વને ધારણ કરે છે. સમ્યક્ત્વને ધારણ કરવા અર્થે આત્માને ભાવિત કરે છે કે તીર્થંકર, તીર્થંકરે બતાવેલ માર્ગ અને તીર્થંકરના માર્ગ પર ચાલનાર સુસાધુ સિવાય જગતના સર્વ પદાર્થો

અસાર છે, આત્મા માટે એકાંતે અહિતકારી છે. માટે આ ત્રણ પ્રત્યે દૃઢ રાગ ઉત્પન્ન થાય તે રીતે આત્માને ભાવિત કરે છે. તેથી તેને તીર્થંકર, સુસાધુ અને તીર્થંકરનો માર્ગ જ તત્ત્વરૂપે દેખાય છે, જે સમ્યક્ત્વ છે. આ પ્રકારે સમ્યક્ત્વ સ્થિર કર્યા પછી સંયમની સર્વ ઉચિત પ્રવૃત્તિ કઈ રીતે કરવી આવશ્યક છે ? તેનું શાસ્ત્રવચન કે ગીતાર્થ ગુરુ પાસેથી યથાર્થ જ્ઞાન મેળવે તે સમ્યગ્જ્ઞાન છે અને તે જ્ઞાનથી નિયંત્રિત થઈને તે તે કાળે સર્વ ઉચિત પ્રવૃત્તિ કરે તે અનવદ્ય યોગ છે અને તેનાથી સંપન્ન થયેલા અને સાધુના ગુણોથી યુક્ત અર્થાત્ ક્ષમાદિ ગુણોથી યુક્ત એવા મહાત્મા પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું, એમ કહીને સંયમની શક્તિ સંચય કરે છે. **॥૨૧॥**

**અવતરણિકા :-**

**વળી, બે-બે વસ્તુના ત્યાગથી મહાવ્રતના રક્ષણનો ઉપાય બતાવે છે –**

**સૂત્ર :-**

**दो चेव रागदोसे, दुन्नि य झाणाइं अट्टरुद्दाइं ।**
**परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ।।२२।।**

**સૂત્રાર્થ :-**

**રાગ-દ્વેષરૂપ બે અને આર્ત-રૌદ્રરૂપ બે ધ્યાનનો પરિહાર કરતો ગુપ્તિઓથી ગુપ્ત હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૨૨॥**

**ભાવાર્થ :-**

બાહ્ય નિમિત્તને પામીને સાધુનો ઉપયોગ રાગ-દ્વેષના પરિણામવાળો, મલિન થાય તો મહાવ્રતોનું પાલન થઈ શકે નહીં. અને બાહ્ય નિમિત્તને આશ્રયીને આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થાય તોપણ મહાવ્રતનું રક્ષણ થઈ શકે નહીં. તેથી મહાવ્રતના રક્ષણના અર્થી એવા સાધુ સદા પાંચ ઇંદ્રિય અને છટ્ઠા મનને સંવૃત કરીને રાખે છે. જેથી ઇન્દ્રિયના તે તે વિષયના સંપર્કથી રાગાદિ દ્વારા મન આકુળ થાય નહીં. પરંતુ સાધુ પોતાનો રાગ સમભાવ પ્રત્યે, દ્વેષ અસમભાવ પ્રત્યે, સ્થિર થાય તે રીતે સંયમની ક્રિયામાં મનને પ્રવર્તાવે છે. વળી, રાગાદિથી આકુળ થયેલું મન વિશેષ નિમિત્ત પામીને આર્તધ્યાન-રૌદ્રધ્યાનમાં ચઢે છે અને

આર્તધ્યાન-રૌદ્રધ્યાનમાં ચઢેલું ચિત્ત મહાવ્રતના નાશનું કારણ બને છે. તેથી રાગ-દ્વેષરૂપ બે કષાયોનો પરિહાર કરતો અને આર્તધ્યાન-રૌદ્રધ્યાનરૂપ બે ધ્યાનનો પરિહાર કરતો અને ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત એવો સાધુ પાંચ મહાવ્રતોની "હું રક્ષા કરું છું." એમ બોલીને મહાવ્રતના રક્ષણ અર્થે શક્તિનો સંચય કરે છે. **॥૨૨॥**

**અવતરણિકા :-**

**કઈ રીતે રાગ-દ્વેષનો પરિહાર કરીને અને બે પ્રકારના અશુભ ધ્યાનનો પરિહાર કરીને સાધુ પાંચ મહાવ્રતોની રક્ષા કરે છે ? તે બતાવતાં કહે છે –**

**સૂત્ર :-**

**दुविहं चरित्तधम्मं, दुन्नि य झाणाइं धम्मसुक्काइं ।**
**उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ।।२३।।**

**સૂત્રાર્થ :-**

**બે પ્રકારનો ચારિત્રધર્મ=મૂલગુણ અને ઉત્તરગુણરૂપ બે પ્રકારનો ચારિત્રધર્મ અને ધર્મધ્યાન, શુક્લધ્યાનરૂપ બે પ્રકારના ધ્યાનને પ્રાપ્ત થયેલો છતો હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું. ॥૨૩॥**

**ભાવાર્થ :-**

બે પ્રકારના ચારિત્રધર્મમાં ટીકાકારશ્રી યશોદેવસૂરિ મહારાજા દેશવિરતિ અને સર્વવિરતિરૂપ ચારિત્રધર્મ ગ્રહણ કરે છે તે કઈ અપેક્ષાએ છે તે સ્પષ્ટ થતું નથી, તેથી બે પ્રકારના ચારિત્રથી અહીં મૂલગુણ અને ઉત્તરગુણરૂપ ચારિત્ર ગ્રહણ કરેલ છે; કેમ કે સાધુ મૂલગુણ અને ઉત્તરગુણને પ્રાપ્ત કરી પાંચ મહાવ્રતોનું રક્ષણ કરે છે તેમ કહી શકાય, પરંતુ દેશચારિત્ર અને સર્વચારિત્રને પ્રાપ્ત કરી પાંચ મહાવ્રતોનું રક્ષણ કરે છે તેમ કહેવું સંગત થતું નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે સાધુ સદા અપ્રમાદથી અતિચારના પરિહારપૂર્વક મૂલગુણ અને ઉત્તરગુણ સેવતા હોય તો ચારિત્રધર્મનું રક્ષણ થાય અને ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં યત્ન કરતા હોય તો ચારિત્રધર્મનું રક્ષણ થાય. આથી જ

સાધુ સદા જિનવચનનું સ્મરણ કરીને અપ્રમાદથી સર્વ ક્રિયાઓ કરે છે. જેથી ભગવાનના વચનરૂપ ધર્મધ્યાનમાં ચિત્ત વર્તે અને ઉપયોગની શુદ્ધિ થાય તો વિકલ્પોથી અતીત એવા નિર્વિકલ્પરૂપ શુક્લધ્યાનને પણ પ્રાપ્ત કરે છે.

આ રીતે હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું એમ બોલીને સાધુ વ્રતરક્ષણની શક્તિનો સંચય કરે છે. **॥૨૩॥**

**અવતરણિકા :-**

**વળી, ત્રણ-ત્રણ વસ્તુના પરિત્યાગથી મહાવ્રતોના રક્ષણનો ઉપાય બતાવે છે –**

**સૂત્ર :-**

**किण्हा नीला काऊ, तिन्नि य लेसाओ अप्पसत्थाओ ।**
**परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ।।२४।।**

**સૂત્રાર્થ :-**

**કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યારૂપ ત્રણ અપ્રશસ્તલેશ્યાનો પરિહાર કરતો ગુપ્તિઓથી ગુપ્ત હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ।।૨૪।।**

**ભાવાર્થ :-**

જીવ મન-વચન-કાયાના ઉપયોગવાળો છે અને **મન-વચન-કાયાનો ઉપયોગ જે પ્રકારના પરિણામવાળો હોય તે પરિણામ લેશ્યા છે**. જેમ આહારને અનુકૂળ વિચારોનો ઉપયોગ પ્રવર્તતો હોય તો આહારની લેશ્યા કહેવાય. તે રીતે આત્માને ભગવાનના વચનાનુસાર પ્રવર્તાવનારા સાધુ પણ જિનવચનના નિયંત્રણથી યોગ પ્રવર્તાવી ન શકે તો બાહ્ય નિમિત્તને પામીને ચિત્ત રાગાદિથી આકુળ બને છે તે વખતે અપ્રશસ્ત લેશ્યાને વશ સાધુ અતિચાર આપાદન કરે છે. જો સાધુ યત્નપૂર્વક તે અપ્રશસ્ત લેશ્યાઓનો પરિહાર ન કરે તો સંયમમાં અતિચાર દ્વારા ક્રમે કરીને સાધુનો સંયમથી પાત પણ થાય છે. તેથી અપ્રશસ્ત લેશ્યાના પરિહારાર્થે સાધુ જિનવચનના સ્મરણપૂર્વક સર્વ પ્રવૃત્તિઓ કરે છે અને સ્ખલના થાય તો તેની નિંદા-ગર્હા કરીને અપ્રશસ્ત લેશ્યાનો પરિહાર કરે

છે અને તે ભાવ દૃઢ કરવા અર્થે સાધુ વિચારે છે કે કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યારૂપ ત્રણ અપ્રશસ્ત લેશ્યાઓનો પરિહાર કરીને જિનવચનના નિયંત્રણથી ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું. આ રીતે બોલીને સાધુ મહાવ્રતોના રક્ષણનું બળ સંચિત કરે છે. **॥૨૪॥**

**અવતરણિકા :-**

**કઈ રીતે ત્રણ પ્રકારની અપ્રશસ્ત લેશ્યાઓનો પરિહાર કરીને સાધુ પાંચ મહાવ્રતનું રક્ષણ કરે છે ? તે કહે છે –**

**સૂત્ર :-**

**तेऊ पम्हा सुक्का, तिन्नि य लेसाओ सुप्पसत्थाओ ।**
**उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ।।२५।।**

**સૂત્રાર્થ :-**

**તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યારૂપ ત્રણ સુપ્રશસ્ત લેશ્યાઓને સંપ્રાપ્ત થયેલો, સંયમના ગુણોથી યુક્ત એવો હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું. ।।૨૫।।**

**ભાવાર્થ :-**

સાધુ જિનવચનનું સ્મરણ કરીને સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરતા હોય ત્યારે ષટ્કાયના પાલનના પરિણામવાળા બને છે. ક્વચિત્ સૂત્ર-અર્થના પરાવર્તનથી સંવેગના પરિણામના પ્રકર્ષવાળા બને છે ત્યારે ચિત્તસર્વ વિકલ્પથી પર નિર્વિકલ્પભાવને અભિમુખ બને છે. તે સર્વ કાળમાં તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યારૂપ ત્રણ પ્રકારની સુપ્રશસ્ત લેશ્યા વર્તે છે અને તે સુપ્રશસ્ત લેશ્યાના બળથી સંપન્ન થયેલો એવો હું સંયમના ગુણોથી યુક્ત છું અને પાંચ મહાવ્રતની રક્ષા કરું છું એ પ્રકારનું પર્યાલોચન કરી સાધુ પ્રશસ્ત લેશ્યા અને સંયમના પરિણામ પ્રત્યે અત્યંત પક્ષપાતવાળા થાય છે, જેથી ચિત્તમાં અનાભોગ વગેરેથી પણ અપ્રશસ્તલેશ્યા પ્રવેશ પામે નહીં અને સંયમમાં અતિચાર લાગે નહીં. **॥૨૫॥**

**સૂત્ર :-**

**मणसा मणसच्चविऊ, वायासच्चेण करणसच्चेण ।**
**तिविहेण वि सच्चविऊ, रक्खामि महव्वए पंच ।।२६।।**

**સૂત્રાર્થ :-**

**શુભભાવરૂપ મન દ્વારા મનસત્યને જાણનાર, વાક્સત્યથી (વાક્સત્યને જાણનાર) અને કરણસત્યથી (કરણસત્યને જાણનાર) આથી ત્રિવિધ પણ સત્યને જાણનાર એવો હું પાંચ મહાવ્રતની રક્ષા કરું છું. ॥૨૬॥**

**ભાવાર્થ :-**

સાધુ મન આદિ દ્વારા મનસત્ય શું છે, વાક્સત્ય શું છે અને કરણસત્ય શું છે ? તે ત્રણેનો બોધ કરે છે અને તે ત્રણેને સત્યરૂપે પ્રવર્તાવીને પાંચ મહાવ્રતોની રક્ષા કરે છે. આશય એ છે કે સાધુ સત્યતત્ત્વનું યથાર્થ ચિંતવન કરે ત્યારે મનોવ્યાપાર સત્યયોગને સ્પર્શનારો છે, અર્થાત્ તે મનનો પ્રયોગ મનસત્ય બને છે. વચનપ્રયોગકાલમાં સાધુ વાક્સંયમપૂર્વક જિનવચનથી નિયંત્રિત થઈને બોલે તો તે વચનપ્રયોગ વાક્સત્ય બને છે અને જિનવચનના નિયંત્રણથી કાયાના યોગના નિરોધને અનુકૂળ વ્યાપારવાળો કાયયોગ પ્રવર્તતો હોય ત્યારે તે કરણસત્ય બને છે. શાસ્ત્રવચનના બોધથી જે સાધુ “મનસત્ય શું છે, વાક્સત્ય શું છે અને કાયના વ્યાપારરૂપ કરણસત્ય શું છે ?” તે ત્રણે સત્યનો યથાર્થ બોધ કરીને તે ત્રણે યોગોને જિનવચનાનુસાર પ્રવર્તાવીને મોહના ઉન્મૂલન માટે પ્રયત્ન કરે છે ત્યારે તે સાધુ પાંચ મહાવ્રતોનું રક્ષણ કરે છે.

અહીં વિશેષ એ છે કે ભગવાનના વચનના નિયંત્રણથી પ્રવર્તતો મનોયોગ એ મનસત્યરૂપ છે, ભગવાનના વચનથી નિયંત્રિત થઈને પ્રવર્તતો વચનયોગ એ વચનસત્યરૂપ છે અને ભગવાનના વચનથી નિયંત્રિત થઈને પ્રવર્તતો કાયયોગ એ કરણસત્યયોગ છે. ભગવાનના વચનથી નિયંત્રિત પ્રવર્તતા ત્રણે યોગો સતત મોહનું ઉન્મૂલન કરીને સમભાવની વૃદ્ધિ દ્વારા વીતરાગતાગામી પરિણામને નિષ્પન્ન કરે છે, જેથી સાધુના પાંચ મહાવ્રતો સુરક્ષિત રહે છે અને ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે. **॥૨૬॥**

**અવતરણિકા :-**

**વળી, ચાર-ચાર વસ્તુના પરિત્યાગથી મહાવ્રતોની રક્ષાનો ઉપાય બતાવે છે –**

**સૂત્ર :-**

**चत्तारि य दुहसिज्जा, चउरो सन्ना तहा कसाया य ।**
**परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ।।२७।।**

**સૂત્રાર્થ :-**

**ચાર પ્રકારની દુઃશય્યા, ચાર પ્રકારની સંજ્ઞા તથા ચાર કષાયોનો પરિહાર કરતો, ગુપ્તિઓથી ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ।।૨૭।।**

**ભાવાર્થ :-**

પ્રવચનનું અશ્રદ્ધાન, પરલાભની ઇચ્છા, કામની આશંસા અને સ્નાનાદિની ઇચ્છા એ ચાર દુઃશય્યા છે=સંયમનો નાશ કરનાર એવી જીવની પરિણતિ છે. વળી ચાર સંજ્ઞાઓ અર્થાત્ આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા પણ સંયમનો નાશ કરનારી છે. તદુપરાંત, ચાર કષાયો=ક્રોધકષાય, માનકષાય, માયાકષાય અને લોભકષાય પણ સંયમનો નાશ કરનારા છે. તેથી સાધુ ચિંતવન કરે છે કે ચાર દુઃશય્યા, ચાર સંજ્ઞા અને ચાર કષાયોનો પરિહાર કરતો મન-વચન-કાયાથી ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું.

અહીં વિશેષ એ છે કે સાધુ સદા ભગવાનનું વચન જ સત્ય છે તેવી સ્થિર બુદ્ધિ કરવા દ્વારા 'तमेव सच्चं णिस्संकं जं जिणेहिं पवेइयं ।' ઇત્યાદિથી આત્માને પરિણમિત કરે છે અને જિનવચનના પરમાર્થને સૂક્ષ્મ-સૂક્ષ્મતરપણે જાણવા માટે સદા ઉદ્યમ કરે છે. કોઈ સ્થાનમાં શાસ્ત્રાનુસાર પદાર્થનો નિર્ણય ન થાય અને તે સ્થાનનો યથાર્થ નિર્ણય કર્યા વિના અન્ય-અન્ય સ્થાનને જાણવા પ્રયત્ન કરે તો પ્રદેશોદયરૂપે વર્તતા મિથ્યાત્વનાં દળિયાં વિપાકોદયમાં આવે છે અને પ્રવચનના અશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે. તેના નિવારણ માટે સાધુ

જે સ્થાનમાં નિર્ણય ન થાય તે સ્થાનના વિષયમાં વિચારે છે કે ભગવાને આ શાસ્ત્રવચનનો જે અર્થ કહ્યો છે તે જ અર્થ સત્ય છે, અન્ય નહીં; આમ છતાં તેના અર્થ વિષયક અનેક વિકલ્પો થાય છે, તેમાંથી કયો વિકલ્પ જિનવચનાનુસાર છે તેનો હું અત્યારે નિર્ણય કરી શકતો નથી તોપણ પોતાની રુચિ જિનવચનાનુસારના વિકલ્પ પ્રત્યે જ રહે તેને દૃઢ કરવા માટે 'तमेव सच्चं णिस्संकं जं जिणेहिं पवेइयं ।' વચનનો વિચાર કરીને પોતાની રુચિ જિનવચન પ્રત્યે જ પક્ષપાતવાળી રાખે છે.

વળી, સંયમની સર્વ પ્રવૃત્તિ કરતી વખતે સાધુ જે ઉચિત આચારો ભગવાને કહ્યા છે તેનું સ્મરણ કરીને પોતાનું ચિત્ત તેના પ્રત્યે જ પક્ષપાતવાળું કરે છે અને જેઓ તે પ્રકારે કરતા નથી, પરંતુ સ્વસંયોગો અનુસાર સંયમના આચારો સેવે છે તેઓને પ્રવચનમાં અશ્રદ્ધાનરૂપ એક દુઃશય્યા છે.

વળી, સંયમની વૃદ્ધિના પ્રયોજન વિના કોઈ બાહ્ય પદાર્થની ઇચ્છા થાય તો તે પરલાભની ઇચ્છારૂપ બીજી દુઃશય્યા છે.

વળી, પાંચ ઇન્દ્રિયને પ્રાપ્ત થતા અનુકૂલ વિષયોમાં પ્રીતિ થાય તો કામની આશંસારૂપ ત્રીજી દુઃશય્યાની પ્રાપ્તિ થાય છે.

વળી, મલિન ગાત્ર કે મલિન વસ્ત્રાદિ સ્વચ્છ રાખવાની આશંસા થાય તો સ્નાનાદિની ઇચ્છારૂપ ચોથી દુઃશય્યાની પ્રાપ્તિ થાય છે.

આ ચારે દુઃશય્યાઓના પરિહાર માટે સાધુ યત્ન કરે નહીં તો તેનું સંયમરૂપી ગાત્ર=શરીર, નાશ પામે છે.

વળી, જીવને અનાદિકાળથી ચાર સંજ્ઞાઓ વર્તે છે. તેથી ક્ષુધા લાગે ત્યારે આહારસંજ્ઞા ઊઠે છે, બાહ્ય પ્રતિકૂળ સંયોગો ઊભા થાય ત્યારે ભયસંજ્ઞા ઊઠે છે, ઇન્દ્રિયને અનુકૂળ બાહ્ય વિષયો પ્રાપ્ત થાય ત્યારે કામસંજ્ઞા=મૈથુનસંજ્ઞા, ઊઠે છે અને બાહ્ય કોઈ પદાર્થ પ્રત્યે મમત્વ થાય ત્યારે પરિગ્રહસંજ્ઞા ઊભી થાય છે. આ ચારે સંજ્ઞાઓનો પરિહાર કરવામાં ન આવે તો સાધુનું સંયમ નાશ પામે છે.

વળી, અનાદિ અભ્યાસને કારણે જીવમાં ક્રોધકષાય, માનકષાય, માયાકષાય અને લોભકષાય આત્મક ચાર કષાયો વર્તે છે. તેથી સાધુ શાસ્ત્રવચનથી

ક્ષમાદિ ભાવોનો બોધ કરીને ક્રોધ આદિ કષાયોના પ્રતિપક્ષભૂત એવા ક્ષમા, માર્દવ, આર્જવ અને સંતોષના ભાવોમાં સદા યત્ન કરે છે. જો સાધુ તે પ્રકારે યત્ન ન કરે તો તે તે નિમિત્તને પામીને ક્રોધાદિ કષાયોનો ઉદય વર્તે છે જે સંયમનો નાશ કરે છે.

તેથી સંયમરક્ષણના અર્થી સાધુ વિચારે છે કે ચાર પ્રકારની દુ:શય્યા, ચાર સંજ્ઞાઓ અને ચાર કષાયોનો પરિહાર કરતો એવો હું ગુપ્ત થઈને પાંચ મહાવ્રતોની-રક્ષા કરું છું.

અહીં **શય્યા એટલે જેમાં જીવ સુખપૂર્વક જીવે તે. એ જ રીતે દુ:શય્યા એટલે જીવને પ્રતિકૂળ હોય તેવી શય્યા.** જે સાધુ સંયમરૂપી દેહનો નાશ કરે તેવી પ્રતિકૂળ શય્યામાં સૂનારા છે તેઓની શય્યા દુ:શય્યા છે. **॥૨૭॥**

**અવતરણિકા :-**

**ચાર દુ:શય્યા, ચાર પ્રકારની સંજ્ઞા અને ચાર કષાયોના ત્યાગથી કઈ રીતે સાધુ પાંચ મહાવ્રતોની રક્ષા કરે છે ? તે બતાવે છે –**

**સૂત્ર :-**

**चत्तारि य सुहसिज्जा, चउव्विहं संवरं समाहिं च ।**
**उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ।।२८।।**

**સૂત્રાર્થ :-**

**ચાર સુખશય્યા, ચાર પ્રકારના સંવર અને ચાર પ્રકારની સમાધિને ઉપસંપન્ન, ગુણોથી યુક્ત એવો હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું. ॥૨૮॥**

**ભાવાર્થ :-**

સાધુના સંયમના રક્ષણનો ઉપાય ચાર પ્રકારની સુખશય્યા છે. જે આ પ્રમાણે છે : (૧) ભગવાનના પ્રવચનનું શ્રદ્ધાન, (૨) સંયમના ઉપષ્ટંભક ન હોય તેવા કોઈ પણ પદાર્થનું અપ્રાર્થન, (૩) પાંચ ઇન્દ્રિયના વિષયોની અનાશંસા અને (૪) શરીરના મલ કે વસ્ત્રના મલને જોઈને પણ સ્નાનાદિની અનાશંસા.

સાધુ, ભગવાનનું વચન જ સત્ય છે, અને તે જ એકાંતે કલ્યાણનું કારણ છે તેવા ભાવોથી આત્માને સદા વાસિત રાખે છે. આથી જ ભગવાનના વચનથી વિપરીત કોઈ બાહ્ય આચરણા પણ ન થાય તેની સ્થિર રુચિ રાખવા અર્થે અનાભોગથી પણ વિપરીત આચરણા થઈ જાય તો તેની જુગુપ્સા કરીને જિનવચનની શ્રદ્ધાને સ્થિર કરે છે. જેથી **પ્રવચનના શ્રદ્ધાનરૂપ સુખશય્યામાં સૂતેલા તે સાધુનું સમ્યક્ત્વ નિર્મલ રહે છે.**

વળી, હું સાધુ છું માટે સંયમના ઉપષ્ટંભક ન હોય તેવા કોઈ પદાર્થની ઇચ્છા ન કરાય તેવા પ્રકારના ભાવોથી આત્માને ભાવિત કરીને બાહ્ય પદાર્થના લાભની પ્રાર્થનાના પરિહારરૂપ બીજી સુખશય્યામાં વર્તે છે જેથી અપરિગ્રહવ્રત સુરક્ષિત રહે છે.

વળી, વિષયોને સ્પર્શીને પાંચે ઇન્દ્રિયો વિકારવાળી ન બને તે પ્રકારે ચિત્તને ભાવિત કરીને ઉચિત યોગો પ્રવર્તાવે છે, જેથી કામની અનાશંસારૂપ ત્રીજી સુખશય્યામાં રહીને સાધુ સંયમજીવનનું રક્ષણ કરે છે.

વળી, દેહની કે વસ્ત્રની મલિનતાને જોઈને જુગુપ્સા ન થાય અને સ્નાનાદિની ઇચ્છા ન થાય તે પ્રકારે આત્માને ભાવિત કરીને સ્નાનાદિની અનિચ્છારૂપ ચોથી સુખશય્યામાં વર્તે છે, જેથી સંયમજીવન સુરક્ષિત રહે છે અર્થાત્ સુખ-શય્યામાં સૂતેલો પુરુષ જેમ સુખી થાય છે તેમ પ્રવચનશ્રદ્ધાન આદિરૂપ સુખ-શય્યામાં સૂતેલા સાધુ સંયમદેહની રક્ષા કરીને સુખી થાય છે.

વળી, સાધુ સંયમની વૃદ્ધિ અર્થે મનસંવર, વચનસંવર, કાયસંવર અને ઉપકરણસંવરરૂપ ચાર પ્રકારના સંવરમાં સદા ઉદ્યમ કરે છે. તેથી મન-વચન-કાયાના યોગો જિનવચનથી નિયંત્રિત થઈને પ્રવર્તે છે અને સંયમના ઉપષ્ટંભક ઉપકરણો પણ મૂર્ચ્છાનું કારણ બનતાં નથી, પરંતુ સંયમની વૃદ્ધિનું કારણ જ બને છે. જેથી સાધુનું સંયમ સુરક્ષિત બને છે.

વળી, સાધુ પ્રશસ્તભાવરૂપ ચાર સમાધિમાં યત્ન કરે છે, જે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ સ્વરૂપ છે અર્થાત્ શક્તિના પ્રકર્ષથી ભગવાનના વચનના પરમાર્થને યથાર્થ જાણીને જ્ઞાનસમાધિમાં યત્ન કરે છે, ભગવાનના વચનમાં

વર્તતી શ્રદ્ધાને દૃઢ કરીને દર્શનસમાધિમાં યત્ન કરે છે અને શક્તિ અનુસાર ચારિત્રાચાર, તપાચારનું સેવન કરીને ચારિત્રસમાધિ અને તપસમાધિને પ્રાપ્ત કરે છે.

આ રીતે જે સાધુ ચાર સુખશય્યા, ચાર સંવર અને ચાર સમાધિમાં ઉદ્યમ કરીને સંયમગુણોથી યુક્ત પ્રવર્તે છે તે મહાત્મા "હું પાંચે મહાવ્રતોનું રક્ષણ કરું છું" એમ બોલીને પોતાના ચારિત્રપરિણામને સ્થિર કરવા યત્ન કરે છે. **॥૨૮॥**

**અવતરણિકા :-**

**હવે પાંચ પ્રકારની વસ્તુના ત્યાગથી મહાવ્રતની રક્ષાનો ઉપાય બતાવે છે –**

**સૂત્ર :-**

**पंचेव य कामगुणे, पंचेव य अण्हवे महादोसे ।**
**परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ।।२९।।**

**સૂત્રાર્થ :-**

**પાંચ કામગુણોનો અને પ્રાણાતિપાત આદિ મહાદોષરૂપ પાંચ આશ્રવોનો પરિહાર કરતો, ગુપ્તિઓથી ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું. ॥૨૯॥**

**ભાવાર્થ :-**

પાંચ ઇન્દ્રિયના વિષયો સાથે સંશ્લેષ પામતું ચિત્ત કામગુણવાળું છે અને તે પાંચે કામગુણોનો પરિહાર કરવાથી સંયમનું રક્ષણ થાય છે. વળી, પ્રાણાતિપાત આદિ મહાદોષરૂપ પાંચ આશ્રવો છે, તેનો પરિહાર કરવાથી સંયમનું રક્ષણ થાય છે. તેથી સંયમના અર્થી એવા સાધુ પાંચ કામગુણોને અને પાંચ મહાદોષરૂપ આશ્રવોને પરિહાર કરતા ગુપ્તિઓથી ગુપ્ત થઈ 'પાંચ મહાવ્રતોનું હું રક્ષણ કરું છું' તે પ્રકારે બોલીને પાંચ ઇન્દ્રિયોના કામગુણોથી સંવૃત થાય છે અને પોતાનું ચિત્ત પ્રાણાતિપાત આદિ મહાદોષોથી નિવર્તનવાળું કરે છે, જેનાથી સંયમજીવન સુરક્ષિત બને છે. **॥૨૯॥**

**અવતરણિકા :-**

**પાંચ કામગુણો આદિ પાંચ પ્રકારની વસ્તુઓના ત્યાગથી કઈ રીતે સાધુ મહાવ્રતોની રક્ષા કરે છે ? તે બતાવે છે –**

**સૂત્ર :-**

**पंचिंदियसंवरणं, तहेव पंचविहमेव सज्झायं ।**
**उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ।।३०।।**

**સૂત્રાર્થ :-**

**પાંચ ઈન્દ્રિયોનો સંવર અને પાંચ પ્રકારના સ્વાધ્યાયને પ્રાપ્ત, સંયમગુણોથી યુક્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૩૦॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને પ્રાપ્ત થયેલી પાંચ ઇન્દ્રિયો જ અસંવરવાળી હોવાને કારણે વિષયો સાથે સંશ્લેષ પામીને કર્મબંધનું કારણ બને છે અને આશ્રવના રોધના અર્થી સાધુ એ પાંચે ઇન્દ્રિયોને સંવૃત કરીને શક્તિ અનુસાર પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં જ ચિત્તને પ્રવર્તાવે છે. જેથી ઇન્દ્રિયો વિષયો સાથે સંપર્ક પામીને અસંયમવાળી થાય નહીં અને સ્વાધ્યાયથી વાસિત ચિત્ત હોવાથી સંવેગની વૃદ્ધિ દ્વારા સંયમના કંડકોની વૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. તેથી જે સાધુ ઉપયોગપૂર્વક આ પ્રમાણે પ્રસ્તુત સૂત્ર બોલે છે તેનાથી વાસિત થયેલું તેમનું ચિત્ત સદા ઇન્દ્રિયોના સંવરવાળું બને છે અને સ્વાધ્યાયમાં યત્ન કરીને સંયમની શુદ્ધિને પ્રાપ્ત કરે છે. **॥૩૦॥**

**અવતરણિકા :-**

**છ-છ વસ્તુઓના ત્યાગથી મહાવ્રતોના રક્ષણનો ઉપાય બતાવતાં કહે છે –**

**સૂત્ર :-**

**छज्जीवनिकायवहं, छप्पि य भासाओ(उ) अप्पसत्थाओ ।**
**परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ।।३१।।**

**સૂત્રાર્થ :-**

**છ જીવનિકાયના વધનો અને છ અપ્રશસ્ત ભાષાઓનો પરિહાર કરતો ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૩૧॥**

**ભાવાર્થ :-**

સાધુ સર્વજીવોને આત્મતુલ્ય જોવાની નિર્મલ દૃષ્ટિવાળા હોય છે. આથી જ સર્વ જીવો પ્રત્યે સમભાવ વર્તે છે અને સમભાવના પરિણામવાળા સાધુ છકાયના જીવો પ્રત્યે દયાળુ હોવાથી કોઈ જીવને લેશ પણ પીડા ન થાય, કોઈ પણ જીવનો પ્રાણનાશ ન થાય કે કોઈ જીવ પોતાના નિમિત્તે કષાયના ઉદ્રેકને પામીને ક્લેશ ન પામે તે પ્રમાણે સદા ઉદ્યમ કરે છે. જેનાથી છ જીવનિકાયના વધનો પરિહાર થાય છે.

વળી, સંયમજીવનના નાશનું કારણ છ પ્રકારની અપ્રશસ્તભાષાઓ છે : (૧) હીલિત=હીલનાકારી શબ્દોથી યુક્ત ભાષા, (૨) ખિંસિત=નિંદાથી યુક્ત ભાષા, (૩) પરુષ=કઠોર શબ્દોથી યુક્ત ભાષા, (૪) અલીક=અસત્યથી યુક્ત ભાષા, (૫) ગૃહસ્થી=ગૃહસ્થને યોગ્ય શબ્દોથી યુક્ત ભાષા અને (૬) ઉપશમિતકલહનું પ્રવર્તન કરનારી ભાષા.

(૧) જે ભાષા બોલવાથી બીજાની અવજ્ઞા થાય તે હીલિત ભાષા છે. (૨) બીજાની નિંદા કરનારી ભાષા ખિંસિત ભાષા કહેવાય છે. (૩) યથાર્થ પણ ભાષા કઠોર શબ્દોમાં કહેવામાં આવે તો તે પરુષભાષા કહેવાય. (૪) વસ્તુને વિપરીત રીતે રજૂ કરનારી ભાષા અલીક ભાષા છે. (૫) સાધુ પોતાના સંયમ સાથે સંલગ્ન હોય તેવી ભાષા બોલે, પરંતુ તેનાથી વિપરીત અર્થાત્ ગૃહસ્થ જેવી ભાષા વાપરે તો તે ગૃહસ્થીભાષા છે. (૬) કોઈકનો કલહ ઉપશાંત થયો હોય તેને પુનઃ જાગ્રત કરે તેવી ભાષા ઉપશમિતકલહપ્રવર્તિની ભાષા છે.

આ છએ ભાષાઓનો પ્રયોગ અન્ય જીવને પીડા ઉપજાવે છે. આ છએ ભાષાઓ સંયમના વિનાશનું કારણ છે. તેથી તેના સ્વરૂપને જાણીને સાધુ તે છએ ભાષાના વર્જન માટે ઉદ્યમ કરે છે. જે સાધુ છ જીવનિકાયના વધને અને છએ અપ્રશસ્ત ભાષાઓને વર્જન કરતો ગુપ્ત થયેલો 'હું પાંચ મહાવ્રતોની

રક્ષા કરું છું' તેમ બોલીને છ જીવનિકાયના વધના પરિણામને અને અપ્રશસ્ત ભાષા બોલવાના પરિણામના પરિહાર માટે અંતરંગ ઉલ્લસિત વીર્યવાળા થાય છે તેઓ સંયમનું રક્ષણ કરી શકે છે. **॥૩૧॥**

**અવતરણિકા :-**

**છ પ્રકારના બાહ્ય તપથી અને છ પ્રકારના અભ્યંતરતપથી સાધુ કઈ રીતે મહાવ્રતોની રક્ષા કરે છે ? તે બતાવે છે –**

**સૂત્ર :-**

**छव्विहमब्भिंतरयं, बज्झंपि य छव्विहं तवोकम्मं ।**
**उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ।।३२।।**

**સૂત્રાર્થ :-**

**છ અભ્યંતરતપ અને બાહ્ય પણ છ પ્રકારના તપને ઉપસંપન્ન થયેલો, ગુણોથી યુક્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૩૨॥**

**ભાવાર્થ :-**

સાધુ ચિત્તને સંવૃત રાખવા માટે સ્વાધ્યાય આદિ છ પ્રકારના અભ્યંતર તપો અને અનશન આદિ છ પ્રકારના બાહ્ય તપોને શક્તિ અનુસાર સેવે છે. જેના બળથી મન-વચન-કાયાના યોગો વિષયોથી પરાઙ્મુખ રહીને જિનવચનાનુસાર સંયમને અનુકૂળ દૃઢ રીતે પ્રવર્તે છે. આથી સાધુએ વિકારોના પરિહાર અર્થે બાહ્ય તપ અને શુભભાવોને ઉલ્લસિત કરવા સંવેગપૂર્વક્ અભ્યંતર તપ કરવો જોઈએ, જેથી મહાવ્રતોનું રક્ષણ થાય.

આ રીતે "પ્રસ્તુત આલાવાથી પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું" એમ બોલીને સાધુ બાહ્ય અને અભ્યંતર તપ તે રીતે કરવાની શક્તિનો સંચય કરે છે જેથી મહાવ્રતો સુરક્ષિત થાય. **॥૩૨॥**

**અવતરણિકા :-**

**સાત-સાત પ્રકારની વસ્તુના પરિહારથી મહાવ્રતની રક્ષાનો ઉપાય બતાવે છે –**

**સૂત્ર :-**

**सत्त य भयठाणाइं, सत्तविहं चेव नाणविब्भंगं ।**
**परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ।।३३।।**

**સૂત્રાર્થ :-**

**સાત ભયનાં સ્થાનોને અને સાત પ્રકારના વિભંગ જ્ઞાનને પરિહરતો, ગુપ્તિઓથી ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું. ।।૩૩।।**

**ભાવાર્થ :-**

સાધુ જગતના સર્વ ભાવો પ્રત્યે સમભાવવાળા હોય છે. તેથી તેઓને સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ સર્વ તુલ્ય છે. આ સમભાવની રુચિથી તેઓ સમભાવમાં યત્ન કરતા હોય છતાં આદ્ય ભૂમિકામાં સમભાવ પ્રત્યેના રાગથી જ તેઓ સમભાવનમાં ઉદ્યમ કરે છે. આમ છતાં દેહના કે અન્ય કોઈ વિષમ સંયોગ આવે અને પોતાનો સમભાવ નાશ પામે તેમ હોય તો સમભાવના નાશના ભયથી તે વિષમ સંયોગનો પરિહાર કરવા યત્ન કરે; આવા વિષમ સંયોગોમાં ગૃહસ્થને જેમ "ઇહલોકભય, પરલોકભય, આજીવિકાભય, અકસ્માતૂભય, આદાનભય, મરણભય અને અપયશભય" એમ સાત પ્રકારનો ભય વર્તે છે તેવો કોઈ ભય સાધુને થતો નથી અને અનાદિના ભવઅભ્યાસને કારણે તેવો કોઈ ભય પોતાનામાં પ્રવેશ પામીને સંયમસ્થાનથી પોતાનો પાત ન થાય તે માટે **સંયમનાશના ભયને સાધુ સદા ઉપયોગપૂર્વક જીવાડે છે**. તેને દૃઢ કરવા સાધુ વિચારે છે કે 'સાત ભયસ્થાનોનો પરિહાર કરું તો જ જગતના પદાર્થો સાથેનો મારા સંશ્લેષના પરિણામનો ત્યાગ થાય'. વળી, અસંયમનો પરિણામ થશે તો મને ચાર ગતિઓના પરિભ્રમણની પ્રાપ્તિ થશે તેમ વિચારી ચારગતિઓના પરિભ્રમણના ભયથી પણ સાધુ સંયમ પ્રત્યેનો રાગ દૃઢ કરે છે અને સંયમના રાગમાં વ્યાઘાતક એવા સાત પ્રકારના ભયોના પરિહારપૂર્વક સાધુ સંયમની ક્રિયાઓ કરે તો ત્રણ ગુપ્તિના પાલનપૂર્વક પાંચ મહાવ્રતોની રક્ષા કરી શકે છે.

વળી, સાધુને કોઈક રીતે અવધિજ્ઞાન થાય અને તેથી અમુક મર્યાદિત ક્ષેત્રને જોવાની શક્તિ આવે અને અમુક મર્યાદિત વસ્તુને જોવાની શક્તિ આવે તેના

કારણે તે બોધ પ્રમાણે એકાંત વિકલ્પ પાડે કે વિપરીત વિકલ્પ પાડે તો સાત પ્રકારના વિભંગજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને સાધુ તેનો પરિહાર ન કરે તો જિનવચન પ્રત્યેની રુચિ સ્થિર થાય નહીં અને જિનવચન પ્રત્યેની રુચિ સ્થિર ન હોય તો સંયમની ક્રિયાથી પણ ચારિત્રના પરિણામરૂપ પાંચ મહાવ્રતનું રક્ષણ થાય નહીં. તેથી સાધુ વિચારે છે કે સાત પ્રકારના વિભંગજ્ઞાનનો ત્યાગ કરતો ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું. **॥૩૩॥**

**અવતરણિકા :-**

**સાત અન્ય સ્થાનોથી સાધુ કઈ રીતે મહાવ્રતોની રક્ષા કરે છે ? તે બતાવે છે –**

**સૂત્ર :-**

**पिंडेसण पाणेसण, उग्गह सत्तिक्कया महज्झयणा ।**
**उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ।।३४।।**

**સૂત્રાર્થ :-**

**પિંડૈષણા, પાનૈષણા સાત છે અને અવગ્રહ અર્થાત્ અવગ્રહની પ્રતિમા સાત છે, સપ્તિક્યા=સપ્તએક્કા એવા આચારાંગસૂત્રના સાત અધ્યયન-વિશેષ છે અને મહાઅધ્યયન=સૂત્રકૃતાંગસૂત્રનાં સાત મહાઅધ્યયનો છે, તેનાથી ઉપસંપન્ન, ગુણોથી યુક્ત એવો હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું. ॥૩૪॥**

**ભાવાર્થ :-**

સાધુઓએ સંયમના કંડકોની વૃદ્ધિ અર્થે આત્માને સદા તત્ત્વથી ભાવિત રાખવો પડે અને તે ભાવિત કરવા અર્થે આહાર-પાણીની જે સાત એષણા છે અર્થાત્ સંસૃષ્ટા, અસંસૃષ્ટા, ઉદ્ધૃત્તા, અલ્પલેપા, અવગૃહીતા, પ્રગૃહીતા અને ઉજ્ઝિતધર્મા એમ સાત એષણા છે. તેનાથી ભાવિત થવા અર્થે સાધુ વિચારે છે કે આ સાત એષણાથી ઉપસંપન્ન એવો હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું.

વળી, સાધુ ક્ષેત્ર પ્રત્યેનો પ્રતિબંધ ટાળવા માટે નિર્દોષ વસતિ ગ્રહણ કરે છે અને ત્યાં રહીને સંયમની વિશિષ્ટ આરાધના કરે છે. સાધુ આવી વસતિના

સાત વિકલ્પો પાડે છે અને અવગ્રહપ્રતિમાના સાત વિકલ્પોથી આત્માને ભાવિત કરવા દ્વારા વિચારે છે કે સાત અવગ્રહની પ્રતિમાથી ઉપસંપન્ન એવો હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું. આ પ્રકારે અવગ્રહના સ્વરૂપને જાણીને તેનાથી ભાવિત થવાથી સંયમની વૃદ્ધિને અનુકૂળ તે પ્રકારે વસતિના ગ્રહણનો પ્રયત્ન થાય છે.

વળી, આચારાંગસૂત્રના સાત સપ્તૈકક આદિ અધ્યયનો છે અને તે અધ્યયનવિશેષથી આત્માને ભાવિત કરવા સાધુ યત્ન કરે છે, જેથી શુદ્ધ આચારોનો પક્ષપાત પ્રગટે અને સૂત્રકૃતાંગસૂત્રનાં સાત મહાઅધ્યયનો છે, તેનાથી આત્માને ભાવિત કરે છે, જેથી સંયમના કંડકોની વૃદ્ધિ થાય. સાધુ આ માટે વિચારે છે કે સપ્તૈકક અધ્યયન અને મહાઅધ્યયનથી ઉપસંપન્ન અને સંયમના ગુણોથી યુક્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. **॥૩૪॥**

**અવતરણિકા :-**

**આઠ-આઠ પ્રકારની વસ્તુના ત્યાગથી મહાવ્રતોની રક્ષાનો ઉપાય બતાવે છે —**

**સૂત્ર :-**

**अट्ठ य मयठाणाइं, अट्ठ य कम्माइं तेसिं बंधं च ।**
**परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ।।३५।।**

**સૂત્રાર્થ :-**

**આઠ મદનાં સ્થાનોનો અને આઠ જ્ઞાનાવરણીય આદિ કર્મો અને તેઓના બંધનો=તેમના બંધના કારણીભૂત અધ્યવસાયોનો, પરિહાર કરતો, ગુપ્તિઓથી ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું. ॥૩૫॥**

**ભાવાર્થ :-**

પોતાની જે કાંઈ વિશેષતા હોય તે કૃત "હું કાંઈક છું" તે પ્રકારની બુદ્ધિરૂપ મદનો પરિણામ જીવ સ્વભાવે વ્યક્તરૂપે કે અવ્યક્તરૂપે પ્રાયઃ ધારણ કરે છે. આથી જ ઐશ્વર્યવાળાને 'હું ઐશ્વર્યવાળો છું' તેવી બુદ્ધિના કારણે તેના ઐશ્વર્યમદની

અભિવ્યક્તિ થાય છે. તેવી રીતે જુદાં જુદાં કારણોથી સંભવિત એવા આઠ મદોનો પરિહાર કરવા માટે સાધુ વિચારે છે કે આ આઠ મદસ્થાનોનો પરિહાર કરતો ગુપ્તિમાં રહેલો હું પાંચ મહાવ્રતની રક્ષા કરું છું. આ પ્રકારના ઉપયોગપૂર્વક બોલાયેલા વચનના બળથી પણ તે મહાત્માને મદ નહીં કરવાના સંસ્કારો દૃઢ થાય છે તેથી નિમિત્ત પામીને કોઈ મદ થાય નહીં.

વળી, જીવની વિડંબના કરનાર આઠ કર્મો છે અને જીવ પોતાના અધ્યવસાયોથી તેનો સતત બંધ કરે છે અને તે કર્મબંધના કારણીભૂત અધ્યવસાયોના પરિહાર અર્થે સાધુ વિચારે છે કે 'આ આઠ કર્મો અને તેના બંધના વર્જન માટે હું યત્ન કરું કે જેથી મારી ગુપ્તિ અતિશય=અતિશયતર થાય અને હું સંસારના અંતને કરનારો બનું'. આ ભાવને દૃઢ કરવા માટે જ તે પક્ખીસૂત્રમાં બોલે છે કે આઠ કર્મ અને તેના બંધનો પરિહાર કરતો, ગુપ્તિઓથી ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતની રક્ષા કરું છું. સાધુ જ્યારે પાંચ મહાવ્રતના પરિણામવાળા હોય ત્યારે પણ કર્મબંધ થઈ રહ્યો છે, તોપણ બંધાતાં એવાં કર્મો અલ્પ-અલ્પતર બંધાય છે અને મહાવ્રતનો પરિણામ અતિશય-અતિશયતર થાય છે. તેથી 'नश्यमानं नष्टम्' વચન અનુસાર સાધુ કર્મબંધનો પરિહાર કરીને પાંચ મહાવ્રતોની રક્ષા કરે છે. **॥૩૫॥**

**અવતરણિકા :-**

**વળી, આઠ સંયમના સ્થાનો વડે મહાવ્રતની રક્ષા સાધુ કરે છે તે બતાવે છે –**

**સૂત્ર :-**

**अट्ठ य पवयणमाया, दिट्ठा अट्ठविहनिट्ठिअट्ठेहिं ।**
**उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ।।३६।।**

**સૂત્રાર્થ :-**

**અષ્ટવિધનિષ્ઠિત અર્થવાળા જિનેશ્વરો વડે=આઠ કર્મોનો નાશ કર્યો છે જેમણે એવા જિનેશ્વરદેવો વડે, જોવાયેલી આઠ પ્રવચનમાતા છે, તેને પ્રાપ્ત થયેલો ગુણોથી યુક્ત એવો હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું. ।।૩૬।।**

**ભાવાર્થ :-**

આઠ કર્મોનો નાશ કરેલા સિદ્ધના જીવો છે અને જિનેશ્વરદેવો કેવલજ્ઞાન પામે છે ત્યારે ચાર ઘાતીકર્મોનો નાશ કર્યો હોય છે અને ચાર અઘાતીકર્મો નાશ પામવાની તૈયારી છે, તેથી 'नश्यमानं नष्टम्' એ ન્યાયથી કેવલીઅવસ્થામાં વર્તતા જિનો આઠ કર્મોથી રહિત છે અને તેઓએ કેવલજ્ઞાનમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ સાધુના સંયમના આઠ પરિણામોને પ્રવચનની માતારૂપે જોયેલા છે; કેમ કે જે મહાત્માઓ સંસારથી ભય પામીને સંયમ ગ્રહણ કરે છે અને સંયમ ગ્રહણ કર્યા પછી હંમેશાં ત્રણ ગુપ્તિથી ગુપ્ત છે. તેથી સિદ્ધના જીવો જેમ શુદ્ધ આત્મભાવોમાં વર્તે છે, તેમ સદા શુદ્ધ આત્મભાવોમાં જવા માટે સાધુ યત્ન કરનારા છે અને શુદ્ધ આત્મભાવોમાં જવા માટે ઉપષ્ટંભક એવી કોઈ પ્રવૃત્તિ કરવી પડે ત્યારે પાંચ સમિતિનું પાલન કરે છે અને તેવા મહાત્માઓ સંસારના સર્વ ભાવોથી સંવૃત પરિણામવાળા હોવાથી ભિક્ષાગ્રહણથી માંડીને શાસ્ત્રઅધ્યયનની જે કોઈ પ્રવૃત્તિ કરે છે તે સર્વ પ્રવૃત્તિ તેઓમાં સમ્યક્ પરિણમન પામે છે, તેથી તેઓના આત્મામાં પ્રવચનની સમ્યક્ નિષ્પત્તિનું કારણ તેઓમાં વર્તતી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ છે. તેથી સમિતિ-ગુપ્તિને પ્રવચનની માતા કહેલ છે. જે મહાત્માઓ સર્વજ્ઞ વડે કહેવાયેલી આઠ પ્રવચનની માતાને ઉપસંપન્ન થઈ વિચરે છે તેઓ પ્રવચનના સમ્યક્ પાલનને કારણે પાંચ મહાવ્રતોનું સમ્યક્ રક્ષણ કરે છે. પાંચ મહાવ્રતોના પાલનના બળથી જ સતત અસંગભાવને અભિમુખ જાય છે જેના બળથી તેઓનો સંસાર પણ ક્ષીણ-ક્ષીણતર થાય છે.

અહીં વિશેષ એ છે કે પ્રવચન ભગવાનના વચન સ્વરૂપ છે અને તે ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષારૂપ છે. સમિતિ-ગુપ્તિથી પરિણત સાધુ નવું-નવું શ્રુત ગ્રહણ કરે છે અને ગ્રહણ કર્યા પછી તે સૂત્રોના અર્થોને સમ્યક્ જાણે છે, જાણ્યા પછી તે સૂત્ર-અર્થ સ્થિર-પરિચિત કરે છે અને સૂત્ર-અર્થને સ્થિર-પરિચિત કર્યા પછી તે સૂત્ર-અર્થનું પારાયણ કરીને આત્માને વાસિત કરે છે તે આસેવનશિક્ષા છે. જેઓ સૂત્રોને યથાર્થ ગ્રહણ કરે છે અને તે સૂત્રોના અર્થથી આત્માને વાસિત કરી આસેવનશિક્ષા ગ્રહણ કરે છે તે સાધુ ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષાના બળથી સંયમના કંડકોની વૃદ્ધિ કરે છે અને શક્તિનો પ્રકર્ષ

થાય તો આ ભવમાં વીતરાગ-સર્વજ્ઞ બને છે અને જો આ ભવમાં પરાકાષ્ઠાના સંયમના પરિણામને ન પામે તોપણ જન્માંતરમાં ફરી તે સંયમને પ્રાપ્ત કરીને તેઓ અવશ્ય સંસારનો અંત કરે છે. **॥૩૬॥**

**અવતરણિકા :-**

**નવ-નવ વસ્તુઓના ત્યાગથી સાધુ કઈ રીતે મહાવ્રતોની રક્ષા કરે છે ? તે બતાવે છે –**

**સૂત્ર :-**

**नवपावनिआणाइं, संसारत्था य नवविहा जीवा ।**
**परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ।।३७।।**

**સૂત્રાર્થ :-**

**નવ પ્રકારનાં પાપનાં કારણ એવાં પાપનિદાનો અને સંસારમાં રહેતા નવ પ્રકારના જીવોનો પરિહાર કરતો=રક્ષા કરતો, ગુપ્તિઓથી ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું. ॥૩૭॥**

**ભાવાર્થ :-**

સંસારના આશયોથી જુદા જુદા પ્રકારના પાપનું કારણ બને તેવાં નિદાનો થવાના પ્રસંગો સાધુને આવે છે. તે પાપના કારણભૂત એવાં નવ નિદાનોમાંથી કોઈ નિદાન ન થાય તે પ્રકારે જે સાધુ સદા ઉદ્યમવાળા છે અને સંસારમાં રહેલા નવ પ્રકારના જીવોના રક્ષણ માટે જેઓ સદા ઉદ્યમવાળા છે, ગુપ્તિઓથી ગુપ્ત છે તેઓ પાંચ મહાવ્રતોની રક્ષા કરે છે.

અહીં વિશેષ એ છે કે સંયમ ગ્રહણ કર્યા પછી પણ કોઈક નિમિત્તને પામીને જીવને કોઈ પ્રકારનો સંસાર વિષયક અધ્યવસાય થવાથી પાંચ મહાવ્રતધારી સાધુ પણ ક્યારેક વિવિધ પ્રકારનાં નિદાનમાંથી કોઈક નિદાન કરે છે, જેનું સંક્ષિપ્ત સ્વરૂપ નીચે પ્રમાણે છે :

**(૧) પરભવમાં રાજા થવા સ્વરૂપ નિદાન :-**

કોઈ સાધુ કે સાધ્વી એમ વિચારે કે દેવલોક તો પ્રગટ છે નહીં, માટે આ તપ, જપ, વ્રત, નિયમ, બ્રહ્મચર્યના ફળરૂપે હું આગામી ભવમાં રાજા થાઉં

અને સુંદર ભોગો પ્રાપ્ત કરું. આવું નિદાન કરી સેવેલા તપ, સંયમના બળથી તે સાધુ કે સાધ્વી દેવલોકમાં જાય. ત્યાંથી ચ્યવીને નિદાનને અનુરૂપ ભોગોને પ્રાપ્ત કરે અને કોઈ મહાત્માનો યોગ થાય અને ધર્મ મળે તોપણ નિદાનના કારણે દુર્લભબોધિ થયેલા તે સાધુ જન્માંતરમાં ધર્મ પામે નહીં. તેથી સાધુએ સંયમના ફળરૂપે ભોગોની ઇચ્છા કરવી જોઈએ નહીં.

**(૨) પરભવમાં શ્રેષ્ઠીપુત્ર થવા સ્વરૂપ નિદાન :-**

વળી, કોઈ સાધુ સંયમ પાળીને સંયમના ફળરૂપે ઇચ્છા કરે કે, રાજાને તો ઘણી ચિંતા હોય છે, તેથી આ સંયમના ફળરૂપે હું વૈભવસંપન્ન શ્રેષ્ઠિપુત્ર થાઉં, તો તે સાધુ તે સંયમના પાલનના બળથી દેવલોકમાં જાય છે, ત્યારબાદ શ્રેષ્ઠિપુત્ર થઈને નિદાનને અનુરૂપ ભોગો મેળવે છે અને ધર્મ સાંભળવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તોપણ તેને ધર્મ રુચતો નથી. કારણ કે પૂર્વે સાધુપણું પાળીને કરેલા નિદાનને કારણે તે દુર્લભબોધિ બન્યો છે. તેથી આ બીજા પ્રકારનું નિદાન પણ સાધુ કરે નહીં.

**(૩) પરભવમાં સ્ત્રી થવા સ્વરૂપ નિદાન :-**

વળી, કોઈ સાધુ કે સાધ્વી સંયમ પાળીને વિચારે કે, પુરુષોને ધન કમાવું આદિ ઘણાં કાર્યો હોય છે. માટે હું અન્ય ભવમાં સ્ત્રી થાઉં. આ નિદાનના બળથી તે સાધુ દેવલોકમાંથી ચ્યવીને સ્ત્રી થાય; પરંતુ ધર્મસામગ્રી મળવા છતાં ધર્મ પામે નહીં. આમ, દુર્લભબોધિપણાના કારણે ધર્મની રુચિથી રહિત ભવ પૂર્ણ કરીને સંસારમાં પરિભ્રમણ કરે. તેથી આ ત્રીજા પ્રકારનું નિદાન પણ સાધુ કરે નહીં.

**(૪) પરભવમાં પુરુષ થવા સ્વરૂપ નિદાન :-**

વળી, કોઈ સાધુ કે સાધ્વી સંયમ પાળીને વિચાર કરે કે, આ સંયમના ફળરૂપે જન્માંતરમાં જો હું સ્ત્રી થાઉં તો અસમર્થ બનું, સર્વથી પરાભવ પામું, ઇત્યાદિ કારણે હું શ્રેષ્ઠી આદિના કુળમાં પુરુષ થાઉં. તો તે દેવલોકમાંથી ચ્યવીને પુરુષ થાય; પરંતુ ધર્મની સામગ્રી મળે તોપણ ધર્મ સ્વીકારે નહીં અને દુર્લભબોધિ થઈને સંસારમાં પરિભ્રમણ કરે. માટે, સાધુ આ ચોથા પ્રકારના નિદાનનો પણ પરિહાર કરે છે.

**(૫) પરભવમાં અન્ય સાથે ભોગ ભોગવનાર દેવી-દેવતા થવા સ્વરૂપ નિદાન :-**

કોઈ સાધુ કે સાધ્વી વિચારે કે મનુષ્યના કામ-ભોગો અશુચિવાળા છે માટે અસાર છે અને જે દેવો અન્ય દેવ-દેવીને ભોગવે છે અર્થાત્ દેવો દેવીઓને ભોગવે છે અને દેવીઓ દેવોને ભોગવે છે અને પોતાનાં પણ તે પ્રકારનાં રૂપો વિકુર્વીને તેની સાથે ભોગો ભોગવે છે, તો હું પણ આ સંયમના ફળથી દેવી-દેવતા થાઉં. તો તે પ્રકારનું નિદાન કરીને તે સાધુ તેવા પ્રકારનો દેવ કે દેવી થાય અને ત્યાંથી ચ્યવીને મનુષ્ય થાય તો ત્યાં કોઈ મહાત્મા તેને ધર્મ કહે તોપણ તેને ધર્મની રુચિ થાય નહીં; પરંતુ દેવોના ભોગોના નિદાનને કારણે દુર્લભબોધિ થયેલો હોવાથી નિષ્ફલ મનુષ્યભવ પૂરો કરીને દુર્ગતિઓમાં રખડે છે. તેથી સાધુ આ પ્રકારનું નિદાન પણ કરે નહીં.

**(૬) પરભવમાં પોતાની વૈક્રિય શક્તિથી પોતાની સાથે જ ભોગ ભોગવનાર દેવતા થવા સ્વરૂપ નિદાન :-**

કોઈ સાધુ કે સાધ્વી વિચારે કે મનુષ્યના ભોગો અસાર છે અને દેવલોકમાં દેવો પણ કેટલાંક અન્ય દેવી-દેવતાના ભોગોને ભોગવતા નથી, પરંતુ પોતાની વૈક્રિયશક્તિથી જ પોતાની ઇચ્છા અનુસાર તેવા પ્રકારનાં દેવી-દેવતાઓનું રૂપ વિકુર્વીને તેની સાથે ભોગો ભોગવે છે. માટે હું પણ આ સંયમના ફળથી તેવો દેવ થાઉં તો તે નિદાનના બળથી દેવભવમાં તેવા પ્રકારના ભોગો કરું તેવો દેવ બનું. આ રીતે તે સાધુ કે સાધ્વી તેવા પ્રકારના નિદાનથી દેવ બનીને ત્યાંના ભોગો ભોગવી ચ્યવન પામીને મનુષ્ય થાય અને ત્યાં કોઈ ઉપદેશક ધર્મ કહે તોપણ તેને ધર્મમાં રુચિ થાય નહીં. આમ છતાં, પરલોકના ભોગની આશંસાથી તે ભવમાં ફરી સાધુ થાય તોપણ તેવા પ્રકારની વિરતિના પરિણામથી રહિત, શાસ્ત્રના વિપરીત ઉપદેશમાં પરાયણ થઈ સ્ત્રીકામનાથી સહિત અસુરદેવ કે કિલ્બિષિકદેવ થાય અને ત્યાંથી ખરાબ પશુ આદિ ભવમાં ભટકીને સંસારમાં પરિભ્રમણ કરે. તેથી આવા નિદાનથી પણ સાધુ દુર્લભબોધિ થાય છે, માટે સાધુએ આવા પ્રકારનું નિદાન કરવું જોઈએ નહીં.

### (૭) પરભવમાં કામની ઇચ્છાશૂન્ય દેવતા થવા સ્વરૂપ નિદાન :-

કોઈ સાધુ દેવ અને મનુષ્યના કામ-ભોગોથી નિર્વેદ પામેલા હોય તેથી નિદાન કરે કે આ ધર્મના ફળરૂપે હું ત્યાં જન્મું કે જ્યાં કામોની ઇચ્છા ન હોય. આવા પ્રકારના નિદાનના બળથી તે સાધુ એવા જ દેવલોકમાં જાય છે કે જ્યાં કામની ઇચ્છા થાય નહીં. ત્યાંથી ચ્યવીને મનુષ્યભવને પામ્યા પછી ધર્મ સાંભળવા મળે તો તે ધર્મનું શ્રવણ કરીને તેને ધર્મની રુચિ થાય છે, પરંતુ દેશવિરતિની પ્રાપ્તિ થતી નથી; કેમ કે નિદાનના કારણે તેવા પ્રકારનાં ચારિત્રમોહનીયકર્મ અતિશય બંધાયેલાં હોવાથી અવિરત એવો સમ્યગ્દૃષ્ટિ થઈને સુલભબોધિ થાય છે. તેથી આ પ્રકારનું નિદાન પણ વિરતિના પરિણામમાં પ્રતિબંધક હોવાથી સાધુએ કરવું જોઈએ નહીં.

### (૮) પરભવમાં સુશ્રાવક થવા સ્વરૂપ નિદાન :-

કોઈ સાધુ સંયમ પાળીને ભોગો પ્રત્યેના નિર્વેદવાળા હોય, ધર્મ પ્રત્યેની રુચિવાળા હોય અને સારા શ્રાવકોના અણુવ્રત, ગુણવ્રતના આચારો અને સુસાધુઓ પ્રત્યેની સુંદર ભક્તિને જોઈને વિચારે કે 'આ શ્રાવકો કેવી સુંદર ધર્મની આરાધના કરે છે ! માટે હું પણ મારાં સંયમના બળથી તેવા શ્રાવકપણાને પામું'. આ પ્રકારનું નિદાન કરીને તે સાધુ દેવભવમાં જાય અને નિદાનના ફળરૂપે સારા કુળમાં જન્મીને બાર પ્રકારના શ્રાવકધર્મરૂપ દેશવિરતિને સ્વીકારે, પરંતુ સર્વવિરતિધર્મને પામે નહીં; કેમ કે પૂર્વમાં સંયમકાળમાં તે પ્રકારનું નિદાન કરેલ હોવાથી સર્વવિરતિનાં પ્રતિબંધક એવાં વિશેષ કર્મો બાંધીને તે સાધુ સંયમને પ્રાપ્ત કરતા નથી. માટે આ પ્રકારનું નિદાન પણ સાધુ કરે નહીં.

અહીં વિશેષ એ છે કે, સાતમા નિદાનમાં સાધુ દેવ અને મનુષ્યના ભોગોમાં નિર્વેદવાળા છે તેથી કામની ઇચ્છા વગરના ભવની ઇચ્છા કરે છે; જ્યારે આઠમા પ્રકારના નિદાનવાળા મહાત્મા તો દેવલોકના ભોગોથી વિમુખ છે, ધર્મની રુચિવાળા છે, તોપણ સર્વવિરતિધર્મ કરતાં દેશવિરતિધર્મ સુખે સાધ્ય જણાવાથી તેવા ધર્મના સેવનની ઇચ્છા કરે છે. તેથી સાતમા નિદાનવાળા સાધુ

દર્શનશ્રાવક થાય છે, પરંતુ દેશવિરતિધર થતા નથી. જ્યારે આઠમા નિદાનવાળા સાધુને દેશવિરતિની રુચિ હોવાથી દેશવિરતિધર થાય છે, પરંતુ સર્વવિરતિધર થતા નથી.

**(૯) પરભવમાં દીક્ષા ગ્રહણને ઉત્સુક હોવાથી દરિદ્ર કુલમાં જન્મ થવા સ્વરૂપ નિદાન :-**

કોઈ સાધુ કે સાધ્વી કામ-ભોગોની ઇચ્છાથી રહિત હોય અને વિચારે કે, જો હું શ્રીમંત કુળમાં ઉત્પન્ન થઈશ તો ભોગોની ઇચ્છા થશે. માટે મારા સંયમના ફળરૂપે હું દરિદ્ર કુળમાં ઉત્પન્ન થાઉં, તેથી સુખપૂર્વક સંયમની પ્રાપ્તિ થશે. આ પ્રકારની ઇચ્છાથી દરિદ્રકુળમાં ઉત્પન્ન થવાનું નિદાન કરે તો તે દરિદ્ર કુળમાં ઉત્પન્ન થાય, પ્રવ્રજ્યા પણ ગ્રહણ કરે; આમ છતાં, તે ભવમાં તે કેવળજ્ઞાન પામે નહીં. માટે આ નિદાન કેવળજ્ઞાનને અનુકૂળ વીર્યઉલ્લાસમાં પ્રતિબંધક બને છે; કેમ કે સંયમની વૃદ્ધિ સિવાય અર્થ વગરના વિચારો કરીને તેવા નિરર્થક ફળની ઇચ્છા કરવી ઉચિત નથી, છતાં સમભાવના વૃદ્ધિના પરિણામમાં યત્નને છોડીને આ પ્રકારે નિદાન કરે છે તે અંશથી અનુચિત પરિણામ છે. માટે સાધુ આ પ્રકારનું પણ નિદાન કરે નહીં.

આ નવ પ્રકારનાં નિદાનો મોક્ષમાર્ગની પ્રવૃત્તિમાં પ્રતિબંધક છે, તેથી સાધુએ વર્જન કરવાં જોઈએ અને સંસારમાં રહેલા નવ પ્રકારના જીવોની સાધુએ રક્ષા કરવી જોઈએ, અર્થાત્ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય આત્મક પાંચ સ્થાવર અને બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય આત્મક ચાર ત્રસ એમ કુલ નવે પ્રકારના જીવોની કોઈપણ પ્રકારે હિંસા ન થાય તે રીતે સંયમમાં યત્ન કરવો જોઈએ. તેથી જે સાધુ અપ્રમાદથી સંયમના યોગોમાં ઉત્થિત હોય છે તેઓ નવે પ્રકારના જીવોની રક્ષા કરે છે અને ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત છે અને તેના બળથી પાંચ મહાવ્રતોની રક્ષા કરે છે. આ રીતે રક્ષિત થયેલાં પાંચ મહાવ્રતો ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને નિર્વાણગમનરૂપ ફલમાં પર્યવસાન પામે છે. માટે સાધુએ અપ્રમત્તભાવથી પાંચ મહાવ્રતોના પાલનમાં ઉદ્યમ કરવો જોઈએ. ॥૩૭॥

**અવતરણિકા :-**

**કઈ નવ વસ્તુઓથી સંયુક્ત થઈને સાધુ મહાવ્રતોનું રક્ષણ કરે છે ? તે બતાવતાં કહે છે –**

**સૂત્ર :-**

**नवबंभचेरगुत्तो, दुनवविहं बंभचेरपरिसुद्धं ।**
**उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ।।३८।।**

**સૂત્રાર્થ :-**

**નવ બ્રહ્મચર્યથી ગુપ્ત અને અઢાર બ્રહ્મચર્યના ભેદોથી પરિશુદ્ધ એવા બ્રહ્મચર્યને પામેલો, ગુણોથી યુક્ત હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું. ।।૩૮।।**

**ભાવાર્થ :-**

નવ બ્રહ્મચર્યની વાડોનું પાલન કરતો અને ઔદારિક તથા વૈક્રિય સંબંધી નવ-નવ અબ્રહ્મોના સેવનના પરિહારથી પરિશુદ્ધ એવા બ્રહ્મચર્યના સેવનથી સંપન્ન થયેલો સાધુ પાંચ મહાવ્રતોની રક્ષા કરે છે.

અહીં વિશેષ એ છે કે સંસારી જીવો ઔદારિકશરીર અને વૈક્રિયશરીરથી મૈથુનની ક્રિયા કરે છે અને તે ક્રિયા મનથી, વચનથી, કાયાથી તથા કરણ, કરાવણ અને અનુમતિથી કરે છે. તેથી નવ પ્રકારની ઔદારિકશરીર સંબંધી મૈથુનની ક્રિયા અને નવ પ્રકારની વૈક્રિયશરીર સંબંધી મૈથુનની ક્રિયા જે મહાત્મા વર્જન કરે છે, તેઓ વિદ્યમાન એવા પણ વેદમોહનીયકર્મના ઉદયને સ્વપરાક્રમથી નિષ્ફળ કરે છે. અવેદીપણાની પ્રાપ્તિ તો જોકે નવમા ગુણસ્થાનકે પ્રાપ્ત થાય છે, તોપણ અવેદી થવાને અનુકૂળ શક્તિનો સંચય કરીને સાધુ પાંચ મહાવ્રતોની રક્ષા કરે છે અને વેદના ઉદયને નિષ્ફળ કરવામાં જેમ ઔદારિક અને વૈક્રિયના નવ-નવ ભેદોથી વિરુદ્ધ ભાવોમાં ઉદ્યમ આવશ્યક છે તેમ તેનું રક્ષણ કરવા માટે બ્રહ્મચર્યની નવ વાડો પણ આવશ્યક છે. તેથી બાહ્ય આચરણારૂપે નવ વાડોમાં સાધુ ઉદ્યમ કરે છે અને અંતરંગ અઢાર પ્રકારના બ્રહ્મચર્યમાં યત્ન કરીને વેદના ઉદયના વિકારથી સાધુ આત્માનું રક્ષણ કરે છે. જેનાથી પાંચ

મહાવ્રતોનું પાલન થાય છે; કેમ કે પાંચ મહાવ્રતના પાલનના અંગભૂત ચોથું મહાવ્રત છે. ॥૩૮॥

**અવતરણિકા :-**

**દશ પ્રકારની કઈ વસ્તુઓના ત્યાગથી સાધુ પાંચ મહાવ્રતોની રક્ષા કરે છે ? તે બતાવતાં કહે છે –**

**સૂત્ર :-**

**उवघायं च दसविहं, असंवरं तह य संकिलेसं च ।**
**परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ।।३९।।**

**સૂત્રાર્થ :-**

**દસ પ્રકારના ઉપઘાતનું, દસ પ્રકારના અસંવરનું અને દસ પ્રકારના સંક્લેશનું પરિવર્જન કરતો ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું. ।।૩૯।।**

**ભાવાર્થ :-**

સાધુના સંયમજીવનમાં અયતનાને કારણે દસ પ્રકારના ઉપઘાતો પ્રાપ્ત થાય છે. જેનાથી મહાવ્રતો મ્લાન થાય છે અને ક્રમસર નાશ પામે છે. તેથી મહાવ્રતોને સુરક્ષિત રાખવા અર્થે દસ પ્રકારના ઉપઘાતનું સમ્યક્ સ્મરણ કરીને સાધુ તેના પ્રત્યે જુગુપ્સાનો ભાવ કરે તો તે ઉપઘાતોનું પરિવર્જન થાય છે અને મહાવ્રતો શુદ્ધ રહે છે. દશ પ્રકારના ઉપઘાતો આ પ્રમાણે છે :

**દસ પ્રકારના સંયમના ઉપઘાતો :-**

**૧. ઉદ્ગમઉપઘાત :-**

ભિક્ષાના ગ્રહણમાં ઉદ્ગમદોષ આદિ દોષોના સેવનથી સંયમનો ઉપઘાત થાય છે. તેથી તે ઉદ્ગમઉપઘાત છે.

**૨. ઉત્પાદનઉપઘાત :-**

સાધુ ભિક્ષાની ગવેષણા કરે ત્યારે ધાત્રીદોષ આદિ દોષોના સેવનથી સંયમનો ઉપઘાત થાય છે. તેથી તે ઉત્પાદનઉપઘાત છે.

**૩. એષણાઉપઘાત :-**

વળી, શંકિત આદિ દોષોથી યુક્ત ભિક્ષાની ગવેષણા કરે તો સંયમનો ઉપઘાત થાય. તે એષણાઉપઘાત છે.

**૪. પરિકર્મઉપઘાત :-**

વસ્ત્ર-પાત્ર આદિનું પરિકર્મ કરે અર્થાત્ બરાબર, સુંદર, સુશોભિત બનાવવા પ્રયત્ન કરે, તેનાથી સ્વાધ્યાય આદિનો ઉપઘાત થાય, ક્ષમાદિ સંયમદેહનો ઉપઘાત થાય અને અંતે સમગ્ર સંયમનો ઉપઘાત થાય તે પરિકર્મઉપઘાત છે.

આશય એ છે કે, સાધુ વસ્ત્રને ધોઈ સ્વચ્છ રાખવા પ્રયત્ન કરે, પાત્રને સુશોભિત કરવા પ્રયત્ન કરે, તે સર્વ પરિકર્મદોષ ન થાય તે માટે ઉચિત વિધિથી રંગવાની અનુજ્ઞા છે, પરંતુ તે સુશોભિત કરવા વગેરે માટે શ્રમ કરવાની અનુજ્ઞા નથી. છતાં તે પ્રકારે વસ્ત્ર-પાત્રાદિનું પરિકર્મ જે સાધુ કરે છે તેમાં તેઓના સ્વાધ્યાયનો ઉપઘાત થાય છે. જેથી સ્વાધ્યાયના સેવન દ્વારા આત્માને તત્ત્વથી વાસિત કરવામાં વિઘ્ન પ્રાપ્ત થાય છે. વળી, સુંદર વસ્ત્રાદિ જોવામાં પ્રીતિ ઉત્પન્ન થાય છે. તેથી પ્રીતિ-અપ્રીતિના પરિણામને કારણે ક્ષમાદિરૂપ સંયમદેહનો ઉપઘાત થાય છે. તેથી આ પરિકર્મઉપઘાતનું વર્જન કરતો સાધુ સ્વાધ્યાય અને ક્ષમાદિ ભાવો દ્વારા મહાવ્રતોનું રક્ષણ કરી શકે છે.

**૫. પરિકરણાઉપઘાત (પરિશાતનાઉપઘાત) :-**

સાધુને સંયમને ઉપકારક એવાં ઉપકરણો જેવા લક્ષણવાળા કહ્યા છે. તેનાથી વિપરીત લક્ષણવાળા ગ્રહણ કરે અને જેવા પ્રકારનાં ઉપકરણો કલ્પ્ય કહ્યાં છે તેનાથી વિપરીત ગ્રહણ કરે તો તે વિપરીત ઉપકરણોના ઉપભોગથી સંયમનો ઉપઘાત થાય છે. તે પરિકરણાઉપઘાત (પરિશાતનાઉપઘાત) છે.

સાધુએ ઔઘિકઉપધિ અને ઔપગ્રહિકઉપધિ ગ્રહણ કરવાની શાસ્ત્રની મર્યાદા છે. તે સર્વ ઉપધિનું કેવું સ્વરૂપ હોય તો સાધુ ગ્રહણ કરી શકે ? અને કેવું સ્વરૂપ હોય તો સાધુ ગ્રહણ ન કરી શકે ? તેનું વર્ણન પૂ. સૂરિપુરંદર આ. ભ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ પંચવસ્તુકગ્રંથમાં કરેલ છે. વળી, કેવી ઉપધિ કલ્પ્ય છે ? અને કેવી ઉપધિ અકલ્પ્ય છે ? તેનું પણ વર્ણન કરેલું છે. આ સર્વનો બોધ કરીને જે સાધુ સંયમને ઉપકારક હોય તેવી ઉપધિ ગ્રહણ કરે

અને સંયમના અંગરૂપે જ તેનું સેવન કરે તો તે ઉપધિ સંયમવૃદ્ધિનું કારણ બને છે અને જે સાધુ ઉપધિનાં લક્ષણો કે કલ્પ્યાકલ્પ્યનો શાસ્ત્રવિધિ અનુસાર બોધ કરતા નથી અને પોતાની અનુકૂળતાને અનુસાર ઉપધિ ગ્રહણ કરે છે, તેના પરિભોગ દ્વારા તેઓના સંયમનો ઉપઘાત થાય છે. તેથી આ પરિકરણા-પરિશાતનાઉપઘાતના પરિહારથી સાધુનાં પાંચ મહાવ્રતોનું રક્ષણ થાય છે.

**૬. જ્ઞાનઉપઘાત :-**

પ્રમાદને વશ સાધુ અકાળે સ્વાધ્યાય કરે અથવા શક્તિ હોવા છતાં સ્વાધ્યાય ન કરે કે વિપરીત સ્વાધ્યાય કરે તો તેનાથી સમ્યગ્જ્ઞાન નિષ્પન્ન થતું નથી, તેથી શ્રુતજ્ઞાનનો ઉપઘાત થાય છે અને શ્રુતજ્ઞાનના ઉપઘાતથી મહાવ્રતોની રક્ષા સમ્યગ્ થઈ શકતી નથી. તેથી સાધુ જ્ઞાનઉપઘાતના પરિહારમાં ઉદ્યમ કરીને મહાવ્રતોની રક્ષા કરે છે.

**૭. દર્શનઉપઘાત :-**

ભગવાનના વચનમાં શંકાદિ દ્વારા સમ્યગ્દર્શનનો ઉપઘાત થાય છે. તેથી સાધુ દર્શનની શુદ્ધિ અર્થે 'तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं' પ્રકારના સૂત્રને ઉપસ્થિત કરીને જિનવચન પ્રત્યેની સ્થિર રુચિ ધારણ કરે છે અને શક્તિના પ્રકર્ષથી જિનવચનના પરમાર્થને જાણવા પ્રયત્ન કરે છે. શાસ્ત્રઅધ્યયન કરતી વખતે પણ કોઈ સ્થાનમાં સર્વજ્ઞના વચનના તાત્પર્યનો નિર્ણય ન થાય તોપણ તેની ઉપેક્ષા કરતા નથી. તે વખતે તેઓ વિચારે છે કે 'ભગવાને જે તાત્પર્યમાં આ કથન કર્યું છે તે જ તત્ત્વ છે અને ઉચિત સામગ્રી મળશે તો ભગવાને કહેલા તત્ત્વનો નિર્ણય આ શાસ્ત્રવચનથી કરીશ'. જો તે પ્રકારનો નિર્ણય કર્યા વગર સાધુ તે સ્થાનને મૂકી દે તો પ્રદેશોદયથી વર્તતું મિથ્યાત્વ વિપાકમાં આવે છે અને દર્શનનો ઉપઘાત થાય છે. માટે સાધુ જિનવચન પ્રત્યેની સ્થિર રુચિને ધારણ કરીને જિનવચનના પરમાર્થને જાણવા સદા ઉદ્યમ કરે છે. જેથી દર્શનનો ઉપઘાત થાય નહીં અને તેના દ્વારા પાંચ મહાવ્રતની રક્ષા કરે છે.

**૮. ચારિત્રઉપઘાત :-**

સમિતિ-ગુપ્તિના ભંગથી ચારિત્રનો ભંગ થાય છે. જે સાધુ શાસ્ત્ર ભણવા માટે ઉદ્યમવાળા છે અને ભગવાનના વચનમાં સ્થિર રુચિવાળા છે તથા સંયમની

વૃદ્ધિના અંગભૂત સમિતિ-ગુપ્તિમાં યત્ન કરીને સંયમની વૃદ્ધિ કરે છે, છતાં તે સાધુ ક્યારેક પ્રમાદને વશ ગમન આદિમાં સમિતિનો ભંગ કરે કે ત્રણ ગુપ્તિઓના બળથી વીતરાગતાને અનુકૂળ ઉદ્યમમાં શિથિલ બને તો ચારિત્રનો ઉપઘાત થાય છે અને તે ચારિત્રના ઉપઘાતના પરિહારથી સાધુ મહાવ્રતોનું રક્ષણ કરે છે.

**૯. સંરક્ષણાઉપઘાત :-**

સાધુને શરીર, વસ્ત્ર, પાત્ર વિષયક ક્યાંય પણ મૂર્ચ્છા થાય અને તેના કારણે શરીરનું પાલન કરે કે વસ્ત્ર-પાત્રનું રક્ષણ કરે તો તેણે સ્વીકારેલી પરિગ્રહવિરતિનો ઉપઘાત થાય છે જે સંરક્ષણા ઉપઘાત છે.

સાધુ દેહથી માંડીને સર્વ વસ્તુનો ત્યાગ કરીને સંયમને સ્વીકારે છે. તેથી સંયમને જે ઉપકારક થાય તેવા દેહ-વસ્ત્રાદિને ગ્રહણ કરે છે અને દેહ, વસ્ત્રાદિનું પાલન પણ સંયમની વૃદ્ધિના અંગરૂપે કરે છે. જેઓ દેહ દ્વારા કે વસ્ત્રાદિ ઉપકરણ દ્વારા સંયમની વૃદ્ધિમાં ઉદ્યમ કરી શકતા નથી તેઓને દેહ અને વસ્ત્રાદિ પરિગ્રહરૂપ બને છે. તેથી દેહના પાલનથી કે વસ્ત્રાદિના ગ્રહણથી પરિગ્રહવિરતિનો ઉપઘાત થાય છે. તેથી જે સાધુ સંરક્ષણાઉપઘાતના સ્વરૂપનું પર્યાલોચન કરીને તેના પરિહારમાં ઉદ્યમ કરે છે તેઓ પાંચ મહાવ્રતોનું રક્ષણ કરે છે.

**૧૦. અચિયત્તઉપઘાત (અપ્રીતિઉપઘાત) :-**

સાધુ વિશેષ પર્યાયવાળા સાધુનાં વિનય-વૈયાવચ્ચ કરે છે. આમ છતાં, ગુણ પ્રત્યેની પ્રીતિપૂર્વક જે સાધુ ઉચિત કૃત્ય કરીને ગુણવૃદ્ધિમાં યત્ન કરતા નથી તેઓને તે કૃત્ય પ્રત્યે અપ્રીતિ વર્તે છે. આવા સાધુ સંયોગથી તે તે કૃત્ય કરે છે, તોપણ અપ્રીતિપૂર્વક સેવાયેલાં તે વિનય આદિ કૃત્યોથી સંયમમાં ઉપઘાત થાય છે, જે અચિયત્તઉપઘાત છે=અપ્રીતિઉપઘાત છે.

**દસ પ્રકારના અસંવરના ભાવો :-**

પાંચ મહાવ્રતોની રક્ષાર્થે સાધુ ૧૦ પ્રકારના સંયમના ઉપઘાતોનો પરિહાર કરે છે તે રીતે દસ પ્રકારના અસંવરના ભાવોનો પણ પરિહાર કરે છે. તે દસ પ્રકારના અસંવરભાવો આ પ્રમાણે છે :

**(૧ થી ૫) પાંચ ઇન્દ્રિયોનો અસંવર :-**

પાંચ ઇન્દ્રિયનો સંવર કરીને જે સાધુ સદા સંયમના ઉપાયોમાં દૃઢ ઉદ્યમવાળા છે તેઓની પાંચેય ઇન્દ્રિયો વિષય સાથે સંસર્ગ કરવા માટે અભિમુખ ભાવવાળી થતી નથી. તેથી સાધુનો આત્મા પાંચ ઇન્દ્રિયના સંવરવાળો હોય છે. તે પાંચ પ્રકારનો સંવર છે. જે સાધુ તે પ્રકારના સંવરભાવવાળા નથી તેઓની ઇન્દ્રિય બાહ્ય વિષય સાથે તે તે નિમિત્ત પામીને ભાવો કરે છે અને જે ઇન્દ્રિયને જે ઇષ્ટ પદાર્થો મળે ત્યાં સાધુને રાગ થાય છે અને અનિષ્ટ પદાર્થો મળે ત્યાં દ્વેષ થાય છે. આ પ્રકારે પાંચ ઇન્દ્રિયોના અસંવરની પ્રાપ્તિ સાધુને થાય છે. તે પાંચ ઇન્દ્રિયોના અસંવરનો પરિહાર કરીને સાધુ પાંચ મહાવ્રતોની રક્ષા કરે છે.

**(૬ થી ૮) મન-વચન-કાયાનો અસંવર :-**

વળી, સાધુ મનને, વચનને અને કાયાને સંવૃત કરીને ઉચિત સ્વાધ્યાય આદિ ક્રિયાઓ કરીને આત્માને શુભભાવોથી વાસિત કરે છે. તેથી મન હંમેશાં જિનવચનના અવલંબનથી ગુણવૃદ્ધિમાં પ્રવર્તે છે. વચન બોલવાનું કોઈ પ્રયોજન ન હોય તો વચનગુપ્તિમાં રહે છે અને સ્વાધ્યાયમાં પૃચ્છા આદિના પ્રયોજનથી સાધુ વચનપ્રયોગ કરે તોપણ ભાષાસમિતિપૂર્વક વચનપ્રયોગ કરે છે; કાયાને પ્રવર્તાવવાનું કોઈ પ્રયોજન ન હોય તો સ્થિર આસનમાં બેસીને કાયગુપ્તિમાં રહે છે અને સંયમના પ્રયોજનથી કાયચેષ્ટા કરવી પડે તેમ હોય તો તે તે સમિતિપૂર્વક તે તે કાયિક ક્રિયા કરે છે તેથી કાયસંવર પ્રાપ્ત થાય છે. જે સાધુ મન-વચન-કાયાને સંવૃત રાખીને યત્ન કરતા નથી તેઓનું મન યથાતથા વિચારમાં પ્રવર્તે છે, વાણીનો પ્રયોગ યથાતથા સંભાષણમાં કરે છે અને કાયાની ચેષ્ટાઓ નિરર્થક પ્રવર્તે છે કે અસમિતિપૂર્વક પ્રવર્તે છે. આ ત્રણેય મન-વચન-કાયાના અસંવર છે. તેના પરિહારપૂર્વક સાધુ મહાવ્રતોની રક્ષા કરે છે.

**(૯-૧૦) ઔઘિક અને ઔપગ્રહિક ઉપધિ સંબંધી અસંવર :-**

સાધુને સંયમની વૃદ્ધિ અર્થે બે પ્રકારની ઉપધિ હોય છે. (૧) ઔઘિક ઉપધિ અને (૨) ઔપગ્રહિક ઉપધિ. જે સાધુ શાસ્ત્રવિધિ અનુસાર ઔઘિક ઉપધિ કે ઔપગ્રહિક ઉપધિ ગ્રહણ કરીને સંયમની વૃદ્ધિના અંગરૂપે પરિભોગ કરતા નથી, તેઓને ઔઘિક ઉપધિ વિષયક અસંવર ને ઔપગ્રહિક ઉપધિ વિષયક

અસંવર પ્રાપ્ત થાય છે. જે સાધુ ઔઘિક ઉપધિ કે ઔપગ્રહિક ઉપધિમાંથી જે ઉપધિ, જ્યારે, જે રીતે સંયમવૃદ્ધિ માટે ઉપયોગ કરવાનું શાસ્ત્રમાં કહ્યું છે તેનું જ્ઞાન કરીને તે ઉપધિનો શાસ્ત્રવિધિ અનુસાર ઉપયોગ કરે છે, તેઓને ઔઘિક ઉપધિ અને ઔપગ્રહિક ઉપધિ વિષયક બે પ્રકારના અસંવરનો પરિહાર થાય છે, જેનાથી તે સાધુનાં પાંચ મહાવ્રતોનું રક્ષણ થાય છે.

**દસ પ્રકારના સંક્લેશો :-**

**(૧) ઉપધિસંક્લેશ :-**

ભગવાને સંયમને ઉપષ્ટંભક ઉચિત ઉપધિ ગ્રહણ કરવાની સાધુને અનુજ્ઞા આપી છે. તે અનુજ્ઞાના સ્મરણપૂર્વક સાધુ ઉચિત ઉપધિનું ગ્રહણ કરે અને ઉપધિની ગવેષણા કરતી વખતે નિર્દોષ ઉપધિ પ્રાપ્ત થાય તો હર્ષ ધારણ ન કરે અને અપ્રાપ્ત થાય તો ખેદ કરે નહીં. વળી, ઉપધિને પ્રાપ્ત કર્યા પછી તે ઉપધિનો સંયમ અર્થે ઉપયોગ કરે ત્યારે પણ મમત્વ ધારણ ન કરે તે ઉપધિ વિષયક સંક્લેશનો પરિહાર છે. જે સાધુ વસ્ત્ર-પાત્ર આદિ ઉપધિને ગ્રહણ કરવામાં શાસ્ત્રવિધિ અનુસાર સમ્યગ્ યત્ન કરતા નથી અથવા શાસ્ત્રવિધિ અનુસાર સમ્યગ્ યત્નપૂર્વક ઉપધિ ગ્રહણ કરે પણ તેની પ્રાપ્તિમાં હર્ષ ધારણ કરે છે અને અપ્રાપ્તિમાં ખેદ ધારણ કરે છે તેઓને ઉપધિસંક્લેશની પ્રાપ્તિ થાય છે. તેથી સાધુ ઉપધિસંક્લેશના પરિહારપૂર્વક સંયમમાં યત્ન કરીને પાંચ મહાવ્રતોની રક્ષા કરે છે.

**(૨) ઉપાશ્રયસંક્લેશ :-**

સંયમને ઉપકારક પ્રમાણોપેત નિર્દોષ વસતિ ગ્રહણ કરવાની ભગવાને સાધુને અનુજ્ઞા આપી છે. તે રીતે જેઓ વસતિને ગ્રહણ કરતા નથી તેઓને વસતિ વિષયક સંક્લેશ વર્તે છે. વળી, જે સાધુ સંયમને ઉપકારક સુંદર વસતિ હોય તો પ્રીતિ કરે છે અને અસુંદર વસતિ હોય તો અપ્રીતિ કરે છે તેઓને વસતિ=ઉપાશ્રય, વિષયક સંક્લેશ વર્તે છે. તેથી સાધુ ઉપાશ્રયના સંક્લેશના પરિહારપૂર્વક સંયમમાં યત્ન કરીને પાંચ મહાવ્રતની રક્ષા કરે છે.

**(૩) કષાયસંક્લેશ :-**

સાધુને નિમિત્તો પામીને ક્રોધ, માન, માયા, લોભ કે રતિ-અરતિ આદિ

ભાવો થાય તો કષાયકૃત સંક્લેશની પ્રાપ્તિ થાય છે. તેથી સાધુ સદા જિનવચનના અવલંબનથી ક્ષમાદિ દશ ભાવોમાં ઉદ્યમ કરીને કષાયના સંક્લેશનો પરિહાર કરે છે, જેનાથી તેઓ પાંચ મહાવ્રતોની રક્ષા કરે છે.

**(૪) ભક્ત-પાનાદિ આશ્રિત સંક્લેશ :-**

સાધુને ભક્ત-પાન કરવાની અને ભક્ત-પાનનો ઉપયોગ કરવાની વિધિ જે રીતે બતાવી છે તે રીતે જે સાધુ યત્ન કરે છે તેઓ આહાર-પાણીના ગ્રહણકાળમાં કે પરિભોગકાળમાં પણ સંયમના કંડકોની વૃદ્ધિ કરે છે; કેમ કે ભિક્ષા મળશે તો સંયમની વૃદ્ધિ થશે અને નહીં મળે તો તપની વૃદ્ધિ થશે એ પ્રકારના ઉપયોગથી ભિક્ષા માટે યત્ન કરીને સાધુ અંતરંગ રીતે સમભાવની વૃદ્ધિમાં યત્ન કરે છે. જેઓ આ રીતે ભિક્ષા ગ્રહણ કરતા નથી તેઓને ભક્ત-પાનાદિ આશ્રિત સંક્લેશ પ્રાપ્ત થાય છે, જે સંયમના નાશનું કારણ બને છે.

વળી, જેઓ વિધિનું સ્મરણ કરીને આહાર-પાણીના ગ્રહણ માટે યત્ન કરે છે છતાં પણ, આહારાદિની પ્રાપ્તિમાં પ્રીતિ અને અપ્રાપ્તિમાં અપ્રીતિ; ઇષ્ટની પ્રાપ્તિમાં પ્રીતિ અને અનિષ્ટની પ્રાપ્તિમાં અપ્રીતિ કરે છે અને આહાર વાપરતી વખતે પણ ઇષ્ટ-અનિષ્ટ પદાર્થ અનુસાર પ્રીતિ-અપ્રીતિ કરે છે, તેઓનો ભક્ત-પાન આદિ વિષયક થતો સંક્લેશ અતિચાર આદિ દ્વારા સંયમનાશનું કારણ બને છે. તેથી સાધુ ભક્ત-પાન વિષયક સંક્લેશના વર્જનથી પાંચ મહાવ્રતનું રક્ષણ કરવા યત્ન કરે છે.

**(૫) મનસંક્લેશ :-**

જે સાધુને નિમિત્તો અનુસાર મનમાં પ્રીતિ, અપ્રીતિ થાય છે તે સાધુને મનસંક્લેશ વર્તે છે, જેનાથી અતિચારોની પ્રાપ્તિ દ્વારા ક્રમસર સંયમનો નાશ થાય છે. તેથી સંયમના અર્થી સાધુ સદા સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ આદિ સર્વ ભાવો પ્રત્યે સમભાવવાળું ચિત્ત રહે તે પ્રકારે વીર્યને પ્રવર્તાવીને સર્વ સંયોગોમાં સમભાવના આનંદવાળા રહે છે. આવા સાધુઓ મનસંક્લેશનો પરિહાર કરી શકે છે અને તે રીતે યત્ન કરીને તે સાધુ પાંચ મહાવ્રતોનું રક્ષણ કરવા યત્ન કરે છે.

**(૬) વાક્સંક્લેશ :-**

સાધુ સંયમવૃદ્ધિના પ્રયોજનથી ઉચિત વાણીનો પ્રયોગ કરે છે. તેથી વચનગુપ્તિ અને ભાષાસમિતિના યત્ન દ્વારા સંક્લેશનો પરિહાર કરે છે. પરંતુ જ્યારે કોઈક નિમિત્તને પામીને સાધુ શાસ્ત્રનિયંત્રણથી રહિત વચનપ્રયોગ કરે છે ત્યારે વાણીના સંક્લેશને પ્રાપ્ત કરે છે; કેમ કે ભગવાનના વચનથી અનિયંત્રિત વાણી મોહના ઉદ્રેકનું કારણ બને છે, જે સંક્લેશ સ્વરૂપ છે. સુસાધુ વાણીના સંક્લેશના પરિહારપૂર્વક પાંચ મહાવ્રતોની રક્ષા કરવા યત્ન કરે છે.

**(૭) કાયસંક્લેશ :-**

સાધુ સદા કાયાથી ગુપ્ત રહે છે. તેથી સંયમનું કોઈ પ્રયોજન ન હોય તો કાયાને સ્થિર કરીને ધ્યાન, અધ્યયનમાં ઉદ્યમ કરે છે અને સંયમના પ્રયોજનથી કાયાને પ્રવર્તાવવાનો પ્રસંગ આવે ત્યારે સાધુ સમિતિપૂર્વક પ્રવૃત્તિ કરે છે, જેથી કાયાની પ્રવૃત્તિકૃત કોઈ મોહનો પરિણામ થાય નહીં, પરંતુ સંયમની વૃદ્ધિ થાય. જે સાધુ કાયાને ગુપ્ત રાખીને સંયમમાં યત્ન કરી શકતા નથી અને કાયાની પ્રવૃત્તિકાળમાં સમિતિઓમાં સુદૃઢ વ્યાપાર કરી શકતા નથી, તેઓને નિષ્કારણ કાયાની પ્રવૃત્તિથી મોહની વૃદ્ધિ થાય છે જે કાયસંક્લેશરૂપ છે. સાધુ કાયસંક્લેશના પરિહારપૂર્વક પાંચ મહાવ્રતોની રક્ષા કરવા યત્ન કરે છે.

**(૮) જ્ઞાનસંક્લેશ :-**

કોઈ મહાત્મા શાસ્ત્રઅધ્યયન કરે, પરંતુ વિધિપૂર્વક અધ્યયન ન કરે અથવા સૂત્રના અર્થોનું યથાતથા યોજન કરે જેથી વિપરીત બોધ થાય કે સંશયાત્મક બોધ થાય અને તેના કારણે ચિત્તમાં વિપરીત રુચિ આદિ ભાવો થાય તો તે જ્ઞાનકૃત સંક્લેશ છે. તેવા જ્ઞાનસંક્લેશના પરિહાર માટે યત્ન કરનારા સાધુ ગુરુ પાસે ઉચિત વિધિ અનુસાર શાસ્ત્ર ભણે અને શાસ્ત્રના પદાર્થોને સમ્યગ્ અવધારણ કરે તો જ્ઞાનસંક્લેશનો પરિહાર થાય છે અને જ્ઞાન સંક્લેશના પરિહારથી થયેલા સમ્યગ્જ્ઞાનના પરિણમનને કારણે સાધુ પાંચ મહાવ્રતોની રક્ષા કરવા યત્ન કરે છે.

**(૯) દર્શનસંક્લેશ :-**

જે મહાત્માઓને વારંવાર પરલોક આદિમાં સંશય થતો હોય; અથવા

પરલોક આદિમાં સંશય ઉત્પન્ન થાય તેવું ઉપદેશક આદિ પાસેથી સાંભળવા મળે; અથવા શંકા થાય કે 'સર્વજ્ઞ છે કે નહીં ?', 'આ ચારિત્ર સર્વજ્ઞકથિત છે કે નહીં ?' તેના કારણે ભગવાનના વચનમાં દૃઢ શ્રદ્ધાનો અભાવ પ્રાપ્ત થાય, જેથી સંયમની ક્રિયામાં પણ દૃઢ ઉત્સાહ આવે નહીં. તેથી જિનવચનમાં સંદેહરૂપ દર્શનસંક્લેશ ઉત્પન્ન થાય છે.

આ દર્શનસંક્લેશના નિવારણ અર્થે સાધુ જિનવચનમાં સંદેહ ન થાય તે પ્રકારે સ્થિર નિર્ણય કરવા અર્થે યોગ્ય ઉપદેશક પાસેથી શાસ્ત્રના પરમાર્થને જાણવા યત્ન કરવો જોઈએ, જેથી સર્વજ્ઞનું વચન અનુભવ અને યુક્તિથી અવિસંવાદી છે, તેવો સ્થિર નિર્ણય થાય. આ રીતે દર્શનસંક્લેશનું વર્જન કરીને 'ચારિત્રમાં દૃઢ ઉત્સાહ થાય' તે પ્રકારના યત્નથી સાધુ પાંચ મહાવ્રતોનું રક્ષણ કરવા યત્ન કરે છે.

**(૧૦) ચારિત્રસંક્લેશ :-**

કોઈ મહાત્માને ભગવાનના વચનનો યથાર્થ બોધ હોય, 'જિનવચન જ તત્ત્વ છે' તેવો અનુભવ અને યુક્તિથી સ્થિર નિર્ણય હોય અને ઉત્સાહથી ચારિત્રાચારનું પાલન કરતા હોય તોપણ અચારિત્રના પાલનના અનાદિના સંસ્કારને કારણે વારંવાર ચારિત્રાચારના સેવનમાં કષ્ટકારિતાના બોધને કારણે અરતિ થાય છે, જેથી સંયમ પ્રત્યેનો અનહદ રાગ હોવા છતાં ચારિત્રકૃત સંક્લેશની પ્રાપ્તિ તે મહાત્માને થાય છે. એના કારણે તે મહાત્માનાં મહાવ્રત સુરક્ષિત બનતાં નથી. આથી તેવા મહાત્માએ સંસારના વાસ્તવિક સ્વરૂપનું પર્યાલોચન કરીને ચારિત્રના સેવનથી મળતાં ઉત્તમ ફળો અને પરંપરાએ મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે તેનું સમાલોચન કરવું જોઈએ. ચારિત્રમાં કરાયેલા પ્રમાદથી ચૌદપૂર્વીઓ પણ નિગોદમાં જાય છે તેવા શાસ્ત્રવચનનું સ્મરણ કરીને ચારિત્રમાં પ્રમાદના પરિહાર માટે દૃઢ યત્ન કરવો જોઈએ અને ચારિત્રમાં ઉત્સાહ ઉત્પન્ન થાય તેવાં સદાલંબનો ગ્રહણ કરવાં જોઈએ. વળી, પૂર્વના સત્ત્વશાળી મહાપુરુષોએ અસિધારા જેવા ચારિત્રને નિરતિચાર પાળીને કલ્યાણને સાધ્યું છે તેનાં દૃષ્ટાંતોથી આત્માને અત્યંત ભાવિત કરવો જોઈએ, જેથી ચારિત્રના સંક્લેશનો પરિહાર થાય છે. આ રીતે સાધુ ચારિત્રના સંક્લેશના પરિહારથી પોતાનાં પાંચ મહાવ્રતનું રક્ષણ કરવા યત્ન કરે છે. **॥૩૯॥**

**અવતરણિકા :-**

**દસ પ્રકારની કઈ વસ્તુઓની પ્રાપ્તિથી સાધુ પાંચ મહાવ્રતોનું રક્ષણ કરે છે ? તે બતાવે છે –**

**સૂત્ર :-**

**सच्चसमाहिट्ठाणा, दस चेव दसाओ समणधम्मं च ।**
**उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ।।४०।।**

**સૂત્રાર્થ :-**

**દસ પ્રકારના સત્યને, દસ પ્રકારનાં સમાધિસ્થાનોને, દસ દશાઓને અને દસ પ્રકારના શ્રમણધર્મને પ્રાપ્ત થયેલો ગુણથી યુક્ત એવો હું પાંચ મહાવ્રતનું રક્ષણ કરું છું. ।।૪૦।।**

**ભાવાર્થ :-**

સાધુ સદા સત્યભાષા બોલે છે અને તે સત્યભાષા દસ પ્રકારની છે. તે દસ પ્રકારની સત્યભાષાના પરમાર્થને જાણીને જે સાધુ જે સંયોગમાં, જે સત્ય સંયમવૃદ્ધિનું કારણ બને તે સત્યથી વચનપ્રયોગ કરે તો બીજા મહાવ્રતનું રક્ષણ થાય છે. સાધુ પ્રયોજન વગર ઘટને ઘટ કહે તોપણ અસત્યભાષા હોવાથી સાધુના બીજા મહાવ્રતનું રક્ષણ થાય નહીં, માટે તે સત્ય પણ પરમાર્થથી સત્ય નથી. વળી, જિનપ્રતિમાને 'આ જિન છે' એમ કોઈ સાધુ કહે તો તે વાસ્તવિક રીતે સાક્ષાત્ જિન ન હોવા છતાં 'સ્થાપનાસત્ય' છે. તેથી કોઈ સાધુ 'આ જિન છે' તેમ બોલે તો તે મૃષાભાષા બને નહીં. આ રીતે દસે પણ પ્રકારના સત્યોનો યથાર્થ બોધ કરીને તે મર્યાદાથી બોલાયેલાં વચનો દ્વારા સાધુ પાંચ મહાવ્રતની રક્ષા કરવા યત્ન કરે છે.

આ દશ સત્યોનું વિસ્તારથી સ્વરૂપ અમારા દ્વારા લખાયેલા "ભાષારહસ્ય"ના વિવેચનથી જિજ્ઞાસુએ જાણવું.

વળી, સાધુને માટે દસ પ્રકારનાં સમાધિસ્થાનો છે. સાધુનું ચિત્ત બાહ્ય પદાર્થો વિષયક રાગાદિથી આકુળ ન હોય, પરંતુ જિનવચનનું સ્મરણ કરીને

જિનવચન અનુસાર અંતરંગ ભાવો ઉલ્લસિત થાય તે પ્રકારે સર્વ ઉચિત પ્રવૃત્તિ જે સાધુ કરે છે તે સાધુનું ચિત્ત સમાધિવાળું છે. જે સાધુ આ રીતે સર્વ ઉચિત પ્રવૃત્તિ કરતા હોય તે સાધુ રાગાદિથી આકુળ થતા નથી, પરંતુ જિનવચનના દૃઢ અવલંબનથી રાગાદિના ઉચ્છેદના વ્યાપારવાળા છે. તે સાધુની સમાધિ છે.

સાધુના દસ સમાધિસ્થાનો આ પ્રકારે છે –

**(૧) સ્ત્રી-પશુ-નપુંસક સંસક્ત શયન-આસનનું અસેવન :-**

સ્ત્રી, પશુ અને નપુંસકથી સંસક્ત શયન અને આસનને સેવે નહીં તે સાધુનું પ્રથમ સમાધિસ્થાન છે.

સાધુ અંતરંગ મહાવીર્યથી અસંગભાવ તરફ યત્ન કરનારા હોય છે અને તેમાં વ્યાઘાતક નિમિત્તો અસમાધિનાં સ્થાનો છે. તેમાં સ્ત્રી, પશુ કે નપુંસકનાં સંસક્ત સ્થાનોના સંપર્કને કારણે ચિત્તમાં વિકાર ઉત્પન્ન થાય તો સંયમયોગનો દૃઢ વ્યાપાર નાશ પામે, તેથી સંયમયોગના દૃઢ વ્યાપારના રક્ષણ અર્થે સાધુ સ્ત્રી આદિ સંસક્ત એવાં સ્થાનોનો પરિહાર કરે છે. આ પ્રકારના સમાધિસ્થાનના સેવનના બળથી સાધુ પાંચ મહાવ્રતોનું રક્ષણ કરવા યત્ન કરે છે.

**(૨) સ્ત્રીઅકથી :-**

વળી, સાધુ એકલી સ્ત્રીઓને ધર્મદેશનાદિ કહે નહીં અથવા સ્ત્રીનાં વસ્ત્રાદિ વિષયક કથનો કરે નહીં તે બીજું સમાધિસ્થાન છે. જીવમાં અનાદિથી મૈથુનસંજ્ઞા સંસ્કારરૂપે પડેલ છે, તે નિમિત્તને પામીને પ્રગટ થાય છે. તેથી મહાવીર્યથી સંયમમાં ઉદ્યમ કરનારા સાધુનું પણ સદ્વીર્ય સ્ખલના પામે છે. તેથી યોગમાર્ગમાં પ્રવર્તતા સદ્વીર્યનું રક્ષણ કરવા અર્થે સાધુ કોઈ પુરુષ ન હોય ત્યારે એકલી સ્ત્રીઓને ધર્મોપદેશ આપે નહીં, જેથી નિમિત્તને પામીને ઈષદ્ અર્થાત્ થોડોક પણ રાગવિકાર થાય નહીં. વળી, અન્ય સાથે કથન કરતી વખતે પણ સ્ત્રીનાં વસ્ત્ર, અલંકાર કે દેહની શોભાનું વર્ણન કરે નહીં, જેથી સ્ત્રી સંબંધી વિકાર થાય. આ પ્રકારે બીજા સમાધિસ્થાનમાં દૃઢ યત્ન કરીને સાધુ બ્રહ્મચર્યની ગુપ્તિનું રક્ષણ કરે છે. જે સમાધિસ્થાનના સેવનના બળથી સાધુ પાંચ મહાવ્રતોનું રક્ષણ કરવા યત્ન કરે છે.

**(૩) પ્રણીતરસઅભોજી :-**

અનાદિકાળથી ઇન્દ્રિયોના અનુકૂળ ભાવો પ્રત્યે જીવને રાગ ઉત્પન્ન થાય છે અને તે સર્વ રાગનો પરિહાર કરીને સાધુ જિનવચનાનુસાર સંયમમાં ઉદ્યમ કરે છે. જો સાધુ ઇન્દ્રિયોને પ્રીતિકર એવા રસવાળું ભોજન કરે તો તે ભોજન પ્રત્યેના પ્રીતિના અંશથી સ્ખલના પામેલું સદ્‌વીર્ય અસમાધિની પ્રાપ્તિ કરાવે છે. તેથી ઇન્દ્રિયોના રસમાં પ્રીતિરૂપ અસમાધિસ્થાનના વર્જનપૂર્વક સાધુ સંયમની વૃદ્ધિના અંગભૂત યતનાપૂર્વક ભોજન કરે તે ત્રીજું સમાધિસ્થાન છે. જેના દ્વારા સાધુ પાંચેય મહાવ્રતોનું રક્ષણ કરવા યત્ન કરે છે.

**(૪) અતિમાત્રઅન્નપાનઅભોજી :-**

સાધુ અભોજનભાવનાથી આત્માને વાસિત રાખે છે. તેથી તે વિચારે છે કે ભોજન કરવાનો મારો સ્વભાવ નથી, પરંતુ મારો અણાહારીસ્વભાવ છે. સાધુ અણાહારી સ્વભાવની વૃદ્ધિના ઉપાયરૂપે સંયમમાં યત્ન કરે છે અને સંયમમાં ઉપષ્ટંભક બને તે રીતે અને તેટલા પ્રમાણમાં જ દેહનું પાલન કરવા અર્થે આહારને ગ્રહણ કરે છે. પરંતુ ક્ષુધાને અનુરૂપ આહાર ગ્રહણ કરતા નથી, તે ચોથું સમાધિસ્થાન છે. તેના પાલનથી સાધુ પાંચેય મહાવ્રતોનું રક્ષણ કરવા યત્ન કરે છે.

**(૫) પૂર્વક્રીડિતઅસ્મરણ :-**

સાધુ નિઃસ્પૃહ ચિત્તની વૃદ્ધિ અર્થે સંયમયોગમાં દૃઢ વ્યાપાર કરીને સંયમના સંસ્કારોનું આધાન કરે છે. આમ છતાં આત્મામાં ભોગાદિના અનાદિના સંસ્કારો નાશ પામ્યા નથી, પરંતુ બાહ્ય ત્યાગના બળથી અને સમભાવના રાગના બળથી સાધુ સંયમસ્થાનને વહન કરે છે. હવે જો પ્રમાદને વશ ગૃહસ્થઅવસ્થામાં કરાયેલા ભોગોનું સ્મરણ થાય તો તે પ્રકારના ભોગના સંસ્કારો જાગ્રત બને અને ક્રમે કરીને સંયમનો નાશ થાય. તેથી કોઈ નિમિત્તને પામીને પૂર્વના ભોગોનું સ્મરણ ન થાય તે પ્રમાણે જે સાધુ આત્માને ભાવિત રાખી શકે છે તે પાંચમું સમાધિસ્થાન છે. તેના દ્વારા સાધુ પાંચે મહાવ્રતોની રક્ષા કરવા યત્ન કરે છે.

**(૬) સ્ત્રીગણઅસેવી :-**

સાધુ સ્ત્રીગણ આદિનું સેવન કરનાર ન થાય તે છઠ્ઠું સમાધિસ્થાન છે.

જે સ્થાનમાં સ્ત્રીઓ બેઠેલી હોય એવા આસનાદિનું તેઓના ઊઠ્યા પછી પણ તત્કાળ સેવન ન કરે અને સ્ત્રી વિષયક કોઈ વિકાર ઉત્પન્ન ન થાય તે પ્રકારના સુદૃઢ યત્નપૂર્વક બ્રહ્મગુપ્તિને ધારણ કરીને જે સાધુ સંયમમાં ઉદ્યમ કરે છે તે સાધુ છઠ્ઠા સમાધિસ્થાનના ઉપયોગથી સંયમનું અને પાંચ મહાવ્રતોનું રક્ષણ કરવા યત્ન કરે છે.

**(૭) સ્ત્રીઇન્દ્રિયરૂપઆલોચનપૂર્વક અનવલોકન :-**

સાધુ સ્ત્રીઓની મનોહર ઇન્દ્રિયો અને મનોહર રૂપનું આલોચન કરીને દૃષ્ટિથી અવલોકન કરનાર થાય નહીં તે સાતમું સમાધિસ્થાન છે.

સાધુ બ્રહ્મગુપ્તિના દૃઢ પાલન અર્થે સ્ત્રી સામે દૃષ્ટિપાત પણ ન થાય તે રીતે સંવૃત થઈને ભિક્ષાટન આદિ સર્વ ક્રિયાઓ કરતા હોય છે. આમ છતાં, સહસા કોઈ સુંદર રૂપવાળી સ્ત્રી આદિ પ્રત્યે દૃષ્ટિ પડે અને નિમિત્તને પામીને સાધુ અંતરંગ રીતે જાગ્રત ન રહે તો તેનું મુખ-લાવણ્ય જોવાની સહજ ઉત્સુકતા થાય છે. તેથી તેવી ઉત્સુકતા ન થાય તે માટે બ્રહ્મગુપ્તિ અંતર્ગત સ્ત્રી સન્મુખ રાગથી અવલોકનને અનુકૂળ ઉપયોગ ન પ્રવર્તે તે પ્રકારના સાતમા સમાધિસ્થાનથી સાધુ આત્માને ભાવિત રાખે છે. જેથી નિમિત્તને પામીને પણ વ્રતોમાં માલિન્ય થાય નહીં. આ પ્રકારે સાતમા સમાધિસ્થાન દ્વારા સાધુ પાંચ મહાવ્રતોની રક્ષા કરવા યત્ન કરે છે.

**(૮) સાધુ શબ્દાનુપાતી-રૂપાનુપાતી-ગંધાનુપાતી નથી :-**

સાધુ શબ્દાનુપાતી, રૂપાનુપાતી અને ગંધાનુપાતી થાય નહીં તે આઠમું સમાધિસ્થાન છે.

ઇન્દ્રિયોના વિકાર ઉત્પન્ન કરે તેવા સુંદર શબ્દો, સુંદર રૂપો કે સુંદર ગંધને અનુસરવા મન ઉત્થિત થાય નહીં તે પ્રકારે મનને મનોગુપ્તિમાં રાખીને જે સાધુ આઠમા સમાધિસ્થાનથી આત્માને ભાવિત રાખે છે તેને ઇન્દ્રિયોના વિકારરૂપ કામ ઉલ્લસિત થતો નથી અને તેના બળથી તે મહાત્મા પાંચે મહાવ્રતોનું રક્ષણ કરવા યત્ન કરે છે.

### (૯) શ્લાઘાનુપાતી નથી :-

સાધુ શ્લાઘાનો અનુપાતી થાય નહીં તે નવમું સમાધિસ્થાન છે.

સાધુ સર્વ ઉદ્યમથી સમભાવની વૃદ્ધિને અર્થે ઉચિત સ્વાધ્યાય આદિની ક્રિયામાં યત્ન કરે છે અને સમભાવના રાગના બળથી જ મહાવ્રતની ધુરાને વહન કરે છે. તેમના ત્યાગને જોઈને કોઈ શ્લાઘા કરે ત્યારે સાધુનો આત્મા આ નવમા સમાધિસ્થાનથી ભાવિત ન હોય તો તે શ્લાઘામાં પ્રીતિ થાય છે અને તે શ્લાઘાની પ્રીતિ થવાથી તે સાધુ સમભાવને ભૂલીને લોકમાં ખ્યાતિને અનુકૂળ પ્રવૃત્તિમાં યત્નશીલ બને છે. જેથી બાહ્ય રીતે સંયમની સર્વ ક્રિયા વિદ્યમાન હોવા છતાં નવમા અસમાધિસ્થાનથી ક્રમસર સાધુનાં મહાવ્રતો નાશ પામે છે. તેથી મહાવ્રતની રક્ષા અર્થે સાધુ શ્લાઘાના અનુપાતી ન થાય તે રીતે નવમા સમાધિસ્થાનના બળથી પાંચ મહાવ્રતની રક્ષા કરવા યત્ન કરે છે.

### (૧૦) શાતા-સુખમાં અપ્રતિબદ્ધ :-

સાધુ દેહના શાતા-સુખમાં અપ્રતિબદ્ધ હોય તે દશમું સમાધિસ્થાન છે.

સાધુ સંયમના ઉપકરણ સિવાય દેહને કે કોઈ ઉપધિને રાખતા નથી. **સંયમનું ઉપકરણ એટલે સંયમને ઉપકારક બને તેવા દેહ અને ઉપધિ.** તે ઉપકરણના બળથી સાધુ સદા સંયમની વૃદ્ધિ કરે છે. તે રીતે સંયમના ઉપકરણભૂત દેહ દ્વારા પણ સંયમમાં દૃઢ વ્યાપાર કરીને સાધુ સદા અસંગભાવ તરફ જાય છે. આમ છતાં, અનાદિની વાસનાને કારણે દેહની કે ઇન્દ્રિયોની શાતાની અર્થિતા થાય તો સંયમના ઉપકરણરૂપ દેહ પણ કર્મબંધનું કારણ બને છે. તેથી પૂર્વમાં જે ઉપકરણ હતું તે જ શરીર અધિકરણ બને છે. સમભાવના રાગી સાધુ દેહ અધિકરણ ન બને તે માટે શાતા-સુખમાં પ્રતિબદ્ધતાના વર્જન માટે સદા દસમા સમાધિસ્થાનથી આત્માને ભાવિત રાખે છે. જેથી બાહ્ય નિમિત્તને પામીને અશાતા આવે તોપણ દ્વેષ થાય નહીં અને શાતા અર્થે પ્રયત્ન થાય નહીં. ક્વચિત્ સ્વાભાવિક શાતા પ્રવર્તતી હોય તોપણ તે શાતા પ્રત્યે ઉપેક્ષા કરીને સંયમ પ્રત્યેના રાગને જ દૃઢ પ્રવર્તાવે છે. જેથી શાતાના પરિણામકૃત રતિનો અનુભવ થાય નહીં, પરંતુ સંયમના પરિણામકૃત રતિની જ વૃદ્ધિ થાય. જેના બળથી તે મહાત્મા પાંચ મહાવ્રતોની રક્ષા કરવા યત્ન કરે છે.

વળી, સાધુ દસ દશાઓને પ્રાપ્ત કરીને પાંચ મહાવ્રતોની રક્ષા કરવા યત્ન કરે છે. જેનું સંક્ષિપ્ત વર્ણન આ પ્રમાણે છે –

**(૧) કર્મવિપાકદશા :-**

કર્મોના શુભ અને અશુભ એમ બે પ્રકારના વિપાકોના ફળોનું વર્ણન છે જેમાં, તેવા દસ અધ્યયનોવાળું જે અગિયારમું "વિપાકસૂત્ર" નામનું આગમ તે સાધુને જાણવાલાયક પ્રથમ કર્મવિપાકદશા છે. સાધુ આ આગમથી પોતાના આત્માને ભાવિત કરે તો 'કર્મોનાં અશુભ ફળ કઈ રીતે જીવને સંસારમાં કદર્થના કરનારાં છે ? અને કર્મોનાં શુભ ફળ કઈ રીતે જીવને સંસારમાં ઉત્તમ સામગ્રીની પ્રાપ્તિ દ્વારા ધર્મમાં આગળ-આગળ છેક મોક્ષ સુધી પહોંચાડનારાં છે ?' તેનો બોધ સ્પષ્ટ-સ્પષ્ટતર રીતે ઉપસ્થિત રહે છે. તેનાથી ભાવિત થયેલું ચિત્ત હોવાથી તેવા અશુભ કર્મબંધના કારણભૂત પ્રમાદ આદિ દોષો સંયમમાંથી દૂર થાય છે અને શુભ કર્મબંધ તથા નિર્જરાના કારણભૂત જિનાજ્ઞાપૂર્વકના પંચાચારના પાલન આદિ ગુણોની પ્રાપ્તિમાં ઉદ્યત બને છે. જેના બળથી સાધુ પાંચ મહાવ્રતોની રક્ષા કરવા યત્ન કરે છે.

**(૨) ઉપાસકદશા :-**

સાધુની ઉપાસના કરે તે ઉપાસક-શ્રાવકો કહેવાય. તેઓની ક્રિયાના સમૂહથી પ્રતિબદ્ધ દસ અધ્યયનોવાળું ઉપાસકદશાંગસૂત્ર નામનું સાતમું અંગ છે, જે સાધુને જાણવાલાયક બીજી ઉપાસકદશા છે. વીરપ્રભુના દશ શ્રાવકોએ શ્રાવકઅવસ્થામાં પણ ઉપસર્ગો અને પરિષહોનો જય કરીને ગુણસ્થાનકની વૃદ્ધિ કેવી રીતે કરી હતી તેનું સુંદર વર્ણન ઉપાસકદશાંગસૂત્રમાં છે. સાધુ આ ગ્રંથથી આત્માને સદા ભાવિત કરે તો શ્રાવકોના તે પ્રકારના પરાક્રમના સ્મરણથી ઉપસ્થિત થાય કે 'સાધુ કરતાં નીચેની ભૂમિકામાં રહેલા શ્રાવકો પણ જો આ રીતે અપ્રમાદ કરી શકે છે તો હું તો સાધુ છું, તેથી મારે તો અવશ્ય વિશેષથી અપ્રમાદ કરવો જ જોઈએ'. આ પ્રકારના ભાવનથી પોતાનામાં પણ સંયમને અનુકૂળ દૃઢ વ્યાપાર ઉલ્લસિત થાય છે. જેનાથી સાધુ પાંચ મહાવ્રતોની રક્ષા કરવા યત્ન કરે છે.

**(૩) અંતકૃદ્દશા :-**

જેઓના વડે સંસારના અંતને કરનારી દશા પ્રાપ્ત કરાઈ તેવા તીર્થંકર સિવાયના પણ ઉત્તમ સાધકોનું ચરિત્ર જેમાં વર્ણવેલું છે તે આઠમું અંતકૃદ્દશાંગસૂત્ર નામનું આગમ છે, જે સાધુને જાણવાલાયક ત્રીજી અંતકૃદ્દશા છે. આ આગમનાં દશ અધ્યયનો છે. દસ અધ્યયનવાળા આ આઠમા અંગથી સાધુ આત્માને ભાવિત કરે તો તીર્થંકર આદિ મહાત્માઓએ કઈ રીતે સંસારનો અંત કર્યો તેનો સ્પષ્ટ, સ્પષ્ટતર બોધ થાય છે. જેનાથી ઉલ્લસિત થયેલું વીર્ય પાંચે મહાવ્રતોના પાલનમાં સમર્થ બનાવે છે. જેનાથી સાધુ પાંચ મહાવ્રતોની રક્ષા કરવા યત્ન કરે છે.

**(૪) અનુત્તરોપપાતિકદશા :-**

જે સાધુઓ સંયમ પાળીને સર્વાર્થસિદ્ધ આદિ પાંચ વિમાનોમાં જનારા છે તેઓનાં ચરિત્રોને કહેનારું આગમ તે અનુત્તરોપપાતિકદશાંગસૂત્ર નામનું નવમું આગમ છે, જે સાધુને જાણવાલાયક ચોથી અનુત્તરોપપાતિકદશા છે. આ આગમથી સાધુ પોતાના આત્માને ભાવિત રાખે તો અનુત્તરદેવલોકમાં ઉત્પન્ન થનારા અસંગભૂમિકાને પામેલા મહાસાત્ત્વિક સાધુઓનાં ચરિત્રથી પોતાનો આત્મા ભાવિત બને છે. જેના કારણે પોતાની શક્તિને અનુસાર સંયમમાં અપ્રમાદની વૃદ્ધિ થાય છે. તેનાથી સાધુ પાંચ મહાવ્રતોની રક્ષા કરે છે.

**(૫) આચારદશા :-**

આચરણરૂપ આચાર છે અને તે જ્ઞાનાદિ વિષયક પાંચ પ્રકારના આચારને પ્રતિપાદન કરનારાં દસ અધ્યયન સ્વરૂપ આચારદશા તે દશાશ્રુતસ્કંધ નામનું આગમ છે, જે સાધુને જાણવાલાયક પાંચમી દશા છે. જે સાધુ આ દશાશ્રુતસ્કંધથી પોતાના આત્માને સદા વાસિત રાખે છે તેને જ્ઞાનાચાર, દર્શનાચાર આદિ પાંચે આચારોને પાળવા માટે કઈ રીતે ઉદ્યમ કરવો જોઈએ ? તેનું સ્વરૂપ ઉપસ્થિત રહે છે. તે આચારોના પાલનના જ્ઞાનના બળથી સ્વશક્તિ અનુસાર તે આચારોને સેવીને તે મહાત્મા પોતે સ્વીકારેલાં પાંચ મહાવ્રતનું રક્ષણ કરે છે.

**(૬) પ્રશ્નવ્યાકરણદશા :-**

જેમાં સંયમને ઉપકારક થાય તેવા પ્રશ્નો અને તેના ઉત્તરોનું પ્રતિપાદન

કરાયું છે તેવું પ્રશ્નવ્યાકરણસૂત્ર નામનું દશમું અંગ તે સાધુને જાણવાલાયક છટ્ઠી પ્રશ્નવ્યાકરણદશા છે. આ આગમ ગ્રંથમાં હિંસાદિ પાંચ અસંવરભાવો અને અહિંસાદિ પાંચ સંવરભાવોનું સુંદર વર્ણન કરાયેલું છે. જેનાથી સાધુ પોતાના આત્માને વાસિત રાખે તો સંયમને ઉપકારક એવા કયા-કયા પ્રશ્નો છે અને તેનું કઈ રીતે સમાધાન કરાયું છે તેનો બોધ થવાથી તેનાથી વાસિત થયેલા મહાત્મા પોતાના સંયમની ધુરાને સમ્યગ્ રીતે વહન કરી શકે છે અને પોતાનાં પાંચ મહાવ્રતોનું રક્ષણ કરે છે.

**(૭) બંધદશા (૮) દ્વિગૃદ્ધિદશા (૯) દીર્ઘદશા અને (૧૦) સંક્ષેપકદશા :-**

આ ચાર દશાને બતાવનારાં આગમો અત્યારે ઉપલબ્ધ નથી. છતાં તેનું પરાવર્તન કરીને મહાત્માઓ સંયમની શુદ્ધિને કરતા હશે, તેથી તે દશાના ભાવનના બળથી સાધુનાં પાંચ મહાવ્રતોનું રક્ષણ કરવા યત્ન કરે છે.

સાધુ દસ પ્રકારના શ્રમણધર્મના બળથી પાંચ મહાવ્રતની રક્ષા કરે છે. જે મહાત્મા ક્રોધાદિ ચાર કષાયોના પ્રતિપક્ષભૂત ક્ષમા, માર્દવ, આર્જવ અને મૃદુતારૂપ ચાર ભાવોમાં સદા ઉદ્યમ કરે છે અને તે ભાવોની વૃદ્ધિ અર્થે તપમાં, સંયમમાં, સત્યમાં, શૌચધર્મમાં, આકિંચન્યમાં અને બ્રહ્મગુપ્તિમાં યત્ન કરે છે તેઓ દસ પ્રકારના યતિધર્મના બળથી પાંચ મહાવ્રતોનું રક્ષણ કરવા યત્ન કરે છે. **॥૪૦॥**

**સૂત્ર :-**

**आसायणं च सव्वं, तिगुणं इक्कारसं विवज्जंतो ।**
**उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ।।४१।।**

**સૂત્રાર્થ :-**

**અગિયારને ત્રણ વડે ગુણવાથી પ્રાપ્ત થતી તેત્રીસ આશાતનાઓનું વર્જન કરતો અને તેના પ્રતિપક્ષભૂત અનાશાતનાના ભાવને પ્રાપ્ત કરેલો, ગુણોથી યુક્ત એવો હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું. ।।૪૧।।**

**ભાવાર્થ :-**

"આશાતના" શબ્દની વ્યુત્પત્તિ કરતાં શાસ્ત્રમાં કહ્યું છે કે 'આય એટલે

જ્ઞાનાદિનો લાભ, તેનું જે સાદન કરે અર્થાત્ નાશ કરે તે આશાતના છે'. આવી આશાતના તેત્રીસ પ્રકારની છે. તે તેત્રીસ આશાતનાનું વર્જન કરતો સાધુ અનાશાતનાના ભાવને પામે છે અને તેનાથી પાંચ મહાવ્રતોનું રક્ષણ કરે છે.

આ તેત્રીસ પ્રકારની આશાતનાનું સંક્ષિપ્ત વર્ણન આ પ્રમાણે છે :

**(૧) અરિહંતઆશાતના :-**

સર્વજ્ઞે કહેલા વચનનો અપલાપ કરવો, સર્વજ્ઞના વચનથી વિપરીત કથન કરવું કે સર્વજ્ઞ જગતમાં કોઈ નથી એમ સ્થાપન કરવું તે અરિહંતની આશાતના છે.

**(૨) સિદ્ધઆશાતના :-**

'સિદ્ધો જગતમાં નથી' અથવા 'સિદ્ધઅવસ્થા જીવની સુંદર અવસ્થા નથી; કેમ કે સિદ્ધઅવસ્થાનું વર્ણન શાસ્ત્રમાં ભોગ વગરની, કેવળ એકલા આત્માની અવસ્થારૂપે પ્રાપ્ત થાય છે. આવી અવસ્થા સુખકારી નથી', તેમ કહીને સિદ્ધઅવસ્થા પ્રત્યે દ્વેષ કરવો તે સિદ્ધોની આશાતના છે.

**(૩) આચાર્યઆશાતના :-**

આચાર્ય ભગવંત પ્રત્યે દ્વેષ ધારણ કરવો અથવા આચાર્યપદને ન શોભે તેવી ભૂમિકાવાળા જીવો આચાર્યપદવી ગ્રહણ કરીને આચાર્યની આશાતના કરે છે.

**(૪) ઉપાધ્યાયઆશાતના :-**

ઉપાધ્યાય પ્રત્યે દ્વેષ કરવો કે ઉપાધ્યાયપણાને યોગ્ય ભૂમિકાવાળા ન હોય તેવા જીવો ઉપાધ્યાયપદવી ગ્રહણ કરીને ઉપાધ્યાયની આશાતના કરે છે.

**(૫-૬) સાધુઆશાતના અને સાધ્વીઆશાતના :-**

સાધુ કે સાધ્વીની નિંદા કરે, તેઓનાં મલિન ગાત્ર જોઈને જુગુપ્સા કરે કે સાધુ કે સાધ્વીના વેશમાં રહીને તે વેશની જગતમાં હીલના થાય તે રીતે આચારનું સેવન કરે તો તે સાધુ અને સાધ્વીની આશાતના છે.

**(૭-૮) શ્રાવકઆશાતના અને શ્રાવિકાઆશાતના :-**

શ્રાવક કે શ્રાવિકા પ્રત્યે દ્વેષ ધારણ કરે, તેઓના દેશવિરતિના આચારોને જોઈને તે આચારો પ્રત્યે અરુચિ કરે તે સર્વ શ્રાવકની અને શ્રાવિકાની આશાતનારૂપ છે.

**(૯-૧૦) દેવઆશાતના અને દેવીઆશાતના :-**

'જગતમાં દેવો કે દેવીઓ નથી' તે રીતે તેઓનો અપલાપ કરે અથવા 'દેવ-દેવી અવિરતિવાળાં છે' તેમ કહીને સંયમને પાળીને, સંયમના ફળરૂપે દેવ-દેવી તરીકે ઉત્પન્ન થયેલા જીવોની આશાતના કરે અથવા 'શાસનદેવ અને શાસનદેવીઓ જો હોય તો વર્તમાનકાળમાં કેમ શાસનની રક્ષા માટે આવતાં નથી ?' તેમ દેવ-દેવીઓ પ્રત્યે અરુચિ કરે તો તે દેવ-દેવીની આશાતના છે.

**(૧૧) ઇહલોકઆશાતના :-**

આ લોકનું જે સ્વરૂપ છે તેનાથી વિપરીત પ્રરૂપણા કરીને અથવા 'જે પ્રકારે મનુષ્યલોકનું વર્ણન શાસ્ત્રમાં મળે છે તે પ્રમાણે સંગત નથી' તેમ કથન કરવામાં આવે તે ઇહલોકઆશાતના છે.

**(૧૨) પરલોકઆશાતના :-**

વળી, મનુષ્યલોકની અપેક્ષાએ પરલોક એવા નરક, તિર્યંચ અને દેવલોકની આશાતના તે પરલોકઆશાતના છે. જે પરલોકની આશાતના તે તે લોકના અપલાપથી કે વિપરીત પ્રરૂપણાથી થાય છે. જેમ નારકીઓ નથી, દેવતાઓ નથી અથવા જે રીતે નારક આદિનું વર્ણન શાસ્ત્રમાં કરાયેલું છે તેનાથી વિપરીત તે નારકાદિના સ્વરૂપના કથનથી પરલોકની આશાતના થાય છે.

**(૧૩) કેવલીપ્રરૂપિત ધર્મની આશાતના :-**

કેવલીએ પ્રરૂપેલો ધર્મ શ્રુત અને ચારિત્રરૂપ છે. કોઈ કહે કે 'ભગવાનનાં શાસ્ત્રો પ્રાકૃતમાં રચાયેલાં છે, સંસ્કૃતમાં નથી માટે અસાર છે'. અથવા 'ભગવાને કહેલો ધર્મ સારરૂપ નથી' અથવા 'દાન વગરના ચારિત્રધર્મથી શું થાય ?' ઇત્યાદિ યથાતથા પ્રરૂપણા કરવામાં આવે અથવા સર્વજ્ઞે કહેલા ધર્મને શ્રોતાની

ભૂમિકા અનુસાર યોગ્ય ઉપદેશ આપવામાં ન આવે, જેથી યોગ્ય શ્રોતાને પણ તે ધર્મ સારભૂત જણાય નહીં, તે સર્વ કેવલીપ્રજ્ઞપ્ત ધર્મની આશાતના છે.

**(૧૪) ત્રિલોકઆશાતના :-**

દેવ, મનુષ્ય અને અસુરરૂપ ત્રણ લોકની આશાતના તે ત્રિલોકઆશાતના છે. શાસ્ત્રમાં જે રીતે દેવલોક, મનુષ્યલોક કે અસુરલોકનું વર્ણન છે, તેનાથી વિપરીત પ્રરૂપણા કરવામાં આવે તો ત્રણ લોકની આશાતના થાય છે.

**(૧૫) સર્વજીવઆશાતના :-**

સર્વ જીવો વિષયક વિપરીત પ્રરૂપણા કરવાથી આ આશાતના પ્રાપ્ત થાય છે. જેમ નિગોદનું સ્વરૂપ જેવું છે તેનાથી વિપરીત કહેવામાં આવે, નરકાદિનું સ્વરૂપ જેવું છે તેનાથી વિપરીત કહેવામાં આવે તો તે સર્વ જીવોની આશાતના છે.

**(૧૬) કાલઆશાતના :-**

પાંચ કારણોમાં એક કારણ કાલ છે. તે કાળરૂપ કારણનો અપલાપ કરવામાં આવે તો તે કાળની આશાતના કહેવાય.

**(૧૭) શ્રુતઆશાતના :-**

શાસ્ત્રમાં સાધુને અમુક સંયમપર્યાય પૂર્ણ થાય પછી તે તે આગમો ભણાવવાની અનુજ્ઞા છે. આનો કોઈ અપલાપ કરે અને કહે કે 'જેમ રોગિષ્ઠ માટે ઔષધનો કાળ કયો છે તે વિચારવાનું ન હોય, પરંતુ રોગ છે એટલે ઔષધનું સેવન કરવું જોઈએ; તેમ સંસારી જીવો રોગિષ્ઠ છે એટલે તેના ઔષધરૂપ જ્ઞાન મેળવવું જોઈએ. આમ છતાં શાસ્ત્રકારોએ તે તે આગમો માટે સંયમપર્યાય નક્કી કર્યો છે તે ઉચિત નથી' એમ કહીને કોઈ શ્રુતની આશાતના કરે તે ઉચિત નથી; કેમ કે શાસ્ત્રમાં દરેક યોગો પરસ્પર અવિરુદ્ધ રીતે ઉચિત કાળે સેવવાના કહ્યા છે. તેથી જે કાળે તે સેવવાની ભૂમિકા તૈયાર થઈ ન હોય તે કાળે તેને સેવવાનો નિષેધ કર્યો છે તે પણ જીવના હિતાર્થે જ છે. આમ છતાં સ્વમતિથી તર્ક કરીને શ્રુત ભણવાનાં કારણોનો અપલાપ કરવામાં આવે તો શ્રુતધર્મની આશાતના થાય.

**(૧૮) શ્રુતદેવતાઆશાતના :-**

'શ્રુતદેવતા નથી' અથવા 'શ્રુતદેવતા કોઈ કામના નથી; કેમ કે અત્યારે કોઈ આવતા નથી, શ્રુતની, જ્ઞાનની વૃદ્ધિમાં કોઈ સહાય કરતા નથી' ઇત્યાદિ દ્વારા શ્રુતદેવતાની આશાતના થાય છે.

**(૧૯) વાચનાચાર્યઆશાતના :-**

પ્રસંગે-પ્રસંગે વાચનાચાર્યને વંદન કરવાની વિધિ છે અર્થાત્ અધ્યયનના પ્રારંભમાં, અધ્યયનની સમાપ્તિમાં કે તે તે પૃચ્છના આદિના કાળમાં વાચનાચાર્યને વંદન કરવાની વિધિ છે. તેથી કોઈને વિચાર આવે કે 'આ વાચનાચાર્ય નિષ્કારણ વારંવાર વંદન કરાવે છે' તો તે વાચનાચાર્યની આશાતના છે. વસ્તુતઃ તે વંદનની ક્રિયા વાચનાચાર્યના શ્રુત પ્રત્યેની ભક્તિને અર્થે છે.

**(૨૦) વ્યાવિદ્ધઅક્ષરસૂત્રઆશાતના :-**

સૂત્રના કોઈક શબ્દના અક્ષરો પરસ્પર આગળ-પાછળ ગોઠવાઈને નવા શબ્દરૂપે બોલાય તે સૂત્ર વ્યાવિદ્ધ અક્ષરવાળું કહેવાય. આ રીતે સૂત્રને બોલવામાં આવે તો સૂત્રની આશાતનારૂપ વ્યાવિદ્ધદોષ થાય.

**(૨૧) વ્યત્યામ્રેડિતસૂત્રઆશાતના :-**

કૃષ્ણવાસુદેવને દેવતાએ આપેલી ભેરીને જેમ ભેરીપાલકે ધનાઢ્ય માણસો પાસેથી ધન લઈને તોડી તેના સ્થાને ચંદનના ટુકડા લગાવી દઈ આખી ભેરી ચંદનના ટુકડાની કંથા જેવી બનાવી દીધી હતી, તેમ સૂત્રનો આખો એક ભાગ નીકળી જાય તથા અન્ય શબ્દોનો સમૂહ ગોઠવાઈ જાય તે રીતે સૂત્ર બોલવાની ક્રિયા તે વ્યત્યામ્રેડિતદોષ કહેવાય. આ પણ એક પ્રકારની સૂત્રની આશાતના છે. તેથી તેનું વર્જન કરવું જોઈએ.

**(૨૨) હીનાક્ષરસૂત્રઆશાતના :-**

ગ્રહણ કરાયેલું સૂત્ર હીન અક્ષરવાળું હોય અર્થાત્ મૂળ સૂત્ર કરતાં ઓછા અક્ષર બોલવામાં આવે તો તે હીનાક્ષરઆશાતનાથી યુક્ત કહેવાય. તેથી તેનું વર્જન કરવું જોઈએ.

**(૨૩) અત્યક્ષરસૂત્રઆશાતના :-**

ગ્રહણ કરાયેલું સૂત્ર અધિક અક્ષરવાળું હોય અર્થાત્ મૂળ સૂત્ર કરતાં અધિક અક્ષર બોલવામાં આવે તો તે અત્યક્ષરઆશાતનાથી યુક્ત છે, માટે સાધુએ તેનું વર્જન કરવું જોઈએ.

**(૨૪) પદહીનસૂત્રઆશાતના :-**

કોઈ સૂત્રમાં કોઈ પદ ઓછું બોલવામાં આવે તો તે સૂત્ર પદથી હીન છે. જેમ નવકારમાં નવ પદો છે, તેમાંથી એકાદ પદ ન્યૂન બોલવામાં આવે તો તે પદથી હીન છે. તેમ બોલવાથી સૂત્રની પદહીનઆશાતના થાય છે. માટે સાધુએ તેનું વર્જન કરવું જોઈએ.

**(૨૫) વિનયહીનસૂત્રઆશાતના :-**

શાસ્ત્રમાં શ્રુત વિષયક ચાર પ્રકારની સમાધિ કહેલ છે –

(૧) શ્રુત ભણવાથી મને શ્રુતનો સૂક્ષ્મ બોધ પ્રાપ્ત થશે.

(૨) શ્રુત ભણવાથી મને એકાગ્રતા પ્રાપ્ત થશે.

(૩) શ્રુત ભણવાથી હું મારા આત્માને ધર્મમાં સ્થાપન કરી શકીશ. અને

(૪) શ્રુત ભણવાથી અન્યને ધર્મમાં સ્થાપન કરી શકીશ.

આ પ્રકારની સમાધિપૂર્વક જે સાધુ સૂત્રોનું અધ્યયન કરે છે તે મહાત્માને શ્રુતનો જિનવચન અનુસાર યથાર્થ બોધ થાય છે. અને તે પ્રકારે શ્રુતનો સમ્યગ્ બોધ થયેલો હોવાથી આત્મામાં સંસારી ભાવોથી પર એવી શ્રુત વિષયક એકાગ્રતા આવે છે અને શ્રુતથી ભાવિત થઈને તે મહાત્મા પોતાને અને બીજા યોગ્ય જીવોને ધર્મમાં સ્થિર કરે છે.

જે મહાત્માઓ શ્રુત ભણવાની ક્રિયા શાસ્ત્રનો યથાર્થ બોધ થાય તે પ્રકારે વિનયપૂર્વક કરતા નથી તેઓને આ ચાર પ્રકારની સમાધિ પ્રાપ્ત થતી નથી. જેથી શ્રુત ભણવાની ક્રિયા પણ અકલ્યાણનું કારણ બને છે. માટે ઉચિત વિનયપૂર્વક શ્રુતનો સમ્યગ્ બોધ થાય તે રીતે યત્ન કરવો જોઈએ.

**(૨૬) ઘોષહીનસૂત્રઆશાતના :-**

વાચનાચાર્ય વડે વાચના દ્વારા સૂત્રોના જે અક્ષરો ઉદાત્ત, અનુદાત્ત સ્વરિતરૂપ ઘોષ વડે અપાયા હોય તે પ્રમાણે સૂત્રને ગ્રહણ ન કરે, તેથી તેનો ઉચ્ચાર પણ તે રીતે ન થાય. માટે તે સૂત્ર ઘોષહીનઆશાતનાથી યુક્ત કહેવાય. આ આશાતનાનું પણ સાધુએ વર્જન કરવું જોઈએ.

**(૨૭) યોગહીનસૂત્રઆશાતના :-**

સાધુને સંયમના પર્યાયની વૃદ્ધિ અનુસાર યોગોદ્વહન કરીને તે તે આગમ ભણવાની જિનાજ્ઞા છે. આમ છતાં પ્રમાદને વશ કોઈ સાધુ તે યોગોને વહન કર્યા વગર અથવા યથાતથા યોગોને વહન કરીને તે શાસ્ત્રો ભણે તો તે શાસ્ત્ર ભણવાની ક્રિયાથી પણ આશાતનાની પ્રાપ્તિ થાય. માટે શક્તિ ગોપવ્યા વગર યોગોદ્વહન કરવાપૂર્વક સાધુએ શ્રુત ભણવું જોઈએ.

**(૨૮) સુ(દુ)ષ્ઠુદત્તસૂત્રઆશાતના :-**

કોઈ શાસ્ત્ર જે તાત્પર્યમાં હોય તે તાત્પર્યને છોડીને કંઈક અધિક સ્વપ્રજ્ઞાથી જોડીને ગુરુ શિષ્યને તે શાસ્ત્ર આપે તો તેનાથી શ્રુતની આશાતના થાય છે. માટે યોગ્ય શિષ્યને શાસ્ત્રમર્યાદાના યથાર્થ તાત્પર્યપૂર્વક જ સૂત્રના અર્થોનું પ્રદાન કરવું જોઈએ, જેથી શ્રુતની સુ(દુ)ષ્ઠુદત્તઆશાતના થાય નહીં.

**(૨૯) સુ(દુ)ષ્ઠુપ્રતિચ્છિન્નસૂત્રઆશાતના :-**

કોઈ ગુરુ શિષ્યને શાસ્ત્ર ભણાવે, આમ છતાં તે શિષ્ય કલુષિત્ અંતરવાળા આત્માથી સૂત્ર ભણે - વિદ્વાન થવાના આશયથી કે અન્ય કોઈ કષાયને વશ શાસ્ત્ર ભણે - તો ખરાબ આશયથી ગ્રહણ કરાયેલું તે શ્રુતઅધ્યયન શ્રુતની સુ(દુ)ષ્ઠુપ્રતિચ્છિન્નસૂત્રઆશાતનાનું કારણ બને છે. માટે તે આશાતનાનું વર્જન કરવું જોઈએ.

**(૩૦) અકાળસ્વાધ્યાયકરણસૂત્રઆશાતના :-**

શાસ્ત્રમાં જે શ્રુત માટે ભણવાનો અકાળ કહ્યો હોય તે કાળમાં તે શ્રુત ભણે તો શ્રુતની આશાતના થાય. તે આશાતનાનું સાધુએ વર્જન કરવું જોઈએ.

**(૩૧) કાલસ્વાધ્યાયઅકરણસૂત્રઆશાતના :-**

જે કાળે=જેટલા સંયમપર્યાય પછી તે તે આગમ ભણવાનો કાળ છે તે કાળે, જે આગમનું અધ્યયન કરવું જોઈએ તે કાળે પ્રમાદવશ કોઈ સાધુ તે શાસ્ત્રનો સ્વાધ્યાય કરે નહીં તો શ્રુતની કાલસ્વાધ્યાયઅકરણરૂપ સૂત્રઆશાતના થાય છે. સાધુએ તે આશાતનાનું વર્જન કરવું જોઈએ.

**(૩૨) અસ્વાધ્યાયિકસ્વાધ્યાયિતસૂત્રઆશાતના :-**

જે ક્ષેત્રાદિ અશુદ્ધ હોય તે ક્ષેત્રાદિમાં આગમનો સ્વાધ્યાય કરવાનો નિષેધ છે. આમ છતાં સ્વાધ્યાય કરવાની બળવાન રુચિને કારણે અને અવિચારકતાને કારણે કોઈ સાધુ એવા અશુદ્ધ ક્ષેત્રાદિમાં તે શાસ્ત્રોનો સ્વાધ્યાય કરે તો શ્રુતની અસ્વાધ્યાયિકસ્વાધ્યાયિત નામનીઆશાતના થાય.

**(૩૩) સ્વાધ્યાયિકઅસ્વાધ્યાયિતસૂત્રઆશાતના :-**

સ્વાધ્યાયને અનુકૂળ ક્ષેત્રાદિ હોય અને તેવા ક્ષેત્રાદિમાં શક્તિસંપન્ન સાધુએ તે તે આગમનો સ્વાધ્યાય કરવો જોઈએ તેવી તેના માટે જિનાજ્ઞા હોવા છતાં પ્રમાદને વશ કોઈ સાધુ તેવા ક્ષેત્રાદિમાં પણ સ્વાધ્યાય કરવા યોગ્ય આગમનો સ્વાધ્યાય કરે નહીં તો સ્વાધ્યાયિકઅસ્વાધ્યાયિત નામની સૂત્રની આશાતના થાય. તેથી સાધુએ અપ્રમાદભાવથી સ્વાધ્યાયને અનુકૂળ ક્ષેત્રમાં સ્વભૂમિકા અનુસાર ઉચિત સ્વાધ્યાય અવશ્ય કરવો જોઈએ.

આ પ્રમાણે તેત્રીસ પ્રકારની આશાતનાને વર્જન કરતા સાધુ સંયમથી ઉપસંપન્ન, ગુણોથી યુક્ત થઈ પાંચ મહાવ્રતોનું રક્ષણ કરવા યત્ન કરે છે. તેથી પાંચ મહાવ્રતના રક્ષણ માટે જેમ અન્ય ઉપાયો છે તેમ અરિહંત આદિની આશાતનાનો પરિહાર પણ પ્રબળ ઉપાય છે. તેથી અરિહંત આદિની આશાતનાના પરિહાર અર્થે તેઓ પ્રત્યે ભક્તિ-બહુમાન યુક્ત સર્વ કૃત્યો કરવામાં આવે તો સંયમના સ્થાનોનું રક્ષણ થાય.

અહીં વિશેષ એ છે કે સંયમના રક્ષણ અર્થે સાધુએ કોઈપણ સાંસારિક જીવોની હીલના કરવી ઉચિત નથી અને તેમાં પણ યોગમાર્ગમાં રહેલાં શ્રાવક-શ્રાવિકા કે દેવ-દેવીની અંશમાત્ર હીલના કરવી પણ ઉચિત નથી; પરંતુ યોગમાર્ગને અનુકૂળ જે અંશથી જેટલા ગુણો તેઓમાં છે તે અંશથી તેઓની

પ્રશંસા કરવાથી યોગમાર્ગનો પક્ષપાત વધે છે. આ યોગમાર્ગનો પક્ષપાત સાધુના સંયમસ્થાનના રક્ષણનો ઉપાય છે. માટે સાધુએ શ્રાવક-શ્રાવિકા કે દેવ-દેવીની આશાતનાનો પણ પરિહાર કરવો જોઈએ. **॥૪૧॥**

**અવતરણિકા :-**

**હવે ઉપસંહાર કરતાં કહે છે –**

**સૂત્ર :-**

**एवं तिदंडविरओ, तिगरणसुद्धो तिसल्लनिस्सल्लो ।**
**तिविहेण पडिक्कंतो, रक्खामि महव्वए पंच ।।४२।।**

**સૂત્રાર્થ :-**

**આ રીતે=પૂર્વમાં દસ સ્થાનો બતાવ્યાં અને તે દશે સ્થાનોના ઉચિત યત્નથી પાંચ મહાવ્રતના રક્ષણનો સંકલ્પ કર્યો એ રીતે, ત્રણ દંડથી વિરત=મનદંડ, વચનદંડ અને કાયદંડથી વિરત, ત્રણ કરણથી શુદ્ધ=મન, વચન, કાયારૂપ ત્રણ કરણથી શુદ્ધ, અથવા કરણ, કરાવણ, અનુમોદન-રૂપ સાવધ યોગના પરિહાર સ્વરૂપ ત્રણ કરણથી શુદ્ધ, ત્રણ શલ્યથી રહિત=મિથ્યાત્વશલ્ય, માયાશલ્ય અને નિદાનશલ્યથી રહિત, ત્રણે યોગોથી પ્રતિક્રાંત એવો હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું. ।।૪૨।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં એક સ્થાન, બે સ્થાન આદિના ક્રમથી દસ સ્થાનો બતાવ્યાં અને તે દસ સ્થાનોમાં પરિહાર કરવા યોગ્ય અને સેવવા યોગ્ય સ્થાનો બતાવ્યાં. જે સાધુ તે પ્રમાણે પરિહાર કરવા યોગ્ય સ્થાનોનો પરિહાર કરે છે અને સેવવા યોગ્ય સ્થાનોનું સેવન કરે છે તે મહાત્મા ત્રણ દંડથી વિરત બને છે અર્થાત્ મનદંડ, વચનદંડ અને કાયદંડથી વિરત બને છે.

આશય એ છે કે મન, વચન અને કાયાના કોઈપણ યોગ સર્વજ્ઞના વચનથી નિયંત્રિત ન બને તો તે યોગથી જીવ કર્મ બાંધે છે અને પોતાના ચારિત્રને નિઃસાર કરે છે. તેથી જે સાધુ પૂર્વમાં વર્ણન કરાયેલાં પરિહાર કરવા યોગ્ય સ્થાનોને અને સેવવા યોગ્ય સ્થાનોને સમ્યક્ જાણીને અપ્રમાદભાવથી તે વચનાનુસાર યત્ન કરે છે તે મહાત્મા મન, વચન, કાયાના યોગોને જિનવચનના

સ્મરણ અનુસાર પ્રવર્તાવવામાં અને પરિહાર કરવા યોગ્ય સ્થાનોમાંથી મન, વચન, કાયાના યોગોનો પરિહાર કરવામાં, ઉદ્યમવાળા હોય છે. તેથી તેઓ ત્રણે દંડથી વિરત છે.

વળી, જે સાધુ પૂર્વમાં કહ્યું તે પ્રકારે યત્ન કરતા હોય તેઓના મન, વચન, કાયાના યોગો શુદ્ધ હોય છે અથવા તેઓને સાવદ્યયોગની કરણ, કરાવણ, અનુમોદનરૂપ વિરતિ હોય છે. તેથી તેઓના કરણ, કરાવણ અને અનુમતિરૂપ ત્રણેય યોગો શુદ્ધ હોય છે અર્થાત્ તેઓનું કરણ નિરવદ્યયોગનું છે, કરાવણ નિરવદ્યયોગનું છે અને અનુમતિ પણ નિરવદ્યયોગની જ છે.

વળી, આવા મહાત્મા ત્રણ શલ્યોથી રહિત હોય છે અર્થાત્ મિથ્યાત્વશલ્ય, માયાશલ્ય અને નિદાનશલ્યથી રહિત હોય છે; કેમ કે આવા મહાત્માઓને ભગવાનના વચનમાં મેરુપર્વત ન ડગે તેવી અડગ, નિષ્પ્રકંપ શ્રદ્ધા હોય છે. જિનવચનાનુસાર કરાયેલી સર્વ ક્રિયા એકાંતે કલ્યાણનું કારણ છે અને તેમાં સેવાયેલો પ્રમાદ એકાંતે અકલ્યાણનું કારણ છે તેવી સ્થિર રુચિ હોવાથી યથાશક્તિ જિનવચન અનુસાર સર્વ ક્રિયાઓ કરવાનો પ્રયત્ન કરે છે. તેથી તેઓ મિથ્યાત્વશલ્યથી રહિત છે. વળી, પ્રમાદને વશ જિનવચનાનુસારથી વિપરીત કરીને 'હું જિનવચનાનુસાર કરું છું' તે પ્રકારના માયાના પરિણામથી કોઈ ક્રિયા કરતા નથી, તેથી માયાશલ્યથી પણ રહિત છે. વળી, પોતે કરેલા ધર્મના ફળરૂપે કોઈ આલોક-પરલોકની આશંસા કરતા નથી, તેથી નિદાનશલ્યથી રહિત છે.

આ રીતે ત્રિવિધથી=મન, વચન, કાયારૂપ ત્રિવિધથી પ્રતિક્રાંત થયેલા=સર્વ અતિચારોથી પ્રતિક્રાંત થયેલા, તે મહાત્મા પાંચ મહાવ્રતોની રક્ષા કરવા યત્ન કરે છે. **॥૪૨॥**

**પાંચ મહાવ્રતોની ઉચ્ચારણા કઈ રીતે ગુણવૃદ્ધિ દ્વારા વીતરાગતાનું કારણ છે ? તેનું સ્મરણ :-**

**અવતરણિકા :-**

**અત્યાર સુધી પાંચ મહાવ્રતોની ઉચ્ચારણા બતાવી. વળી, તે મહાવ્રતોની ઉચ્ચારણામાં બાધક ભાવોના ત્યાગનો અધ્યવસાય કરીને અને તેમાં**

પોષક ભાવોને કરવાનો અધ્યવસાય કરીને તે પાંચ મહાવ્રતોની ઉચ્ચારણાને દૃઢ કરવાનો યત્ન કર્યો. હવે તે મહાવ્રતોની ઉચ્ચારણાનું નિગમન કરતાં કહે છે –

**સૂત્ર :-**

**इच्चेइअं महव्वयउच्चारणं (कृतं) थिरत्तं सल्लुद्धरणं धिइबलं ववसाओ साहणट्ठो पावनिवारणं निकायणा भावविसोही पडागाहरणं निज्जूहणाराहणा गुणाणं, संवरजोगो पसत्थज्झाणोवउत्तया जुत्तया य नाणे परमट्ठो उत्तमट्ठो । एस खलु तित्थंकरेहिं रइरागदोसमहणेहिं देसिओ पवयणस्स सारो, छज्जीवनिकायसंजमं उवएसियं तेलुक्कसक्कयं ठाणं अब्भुवगया ।।**

**સૂત્રાર્થ :-**

**આ પ્રમાણે=પૂર્વમાં વર્ણન કર્યું તે પ્રમાણે, પાંચ મહાવ્રતોની ઉચ્ચારણા કરાઈ.**

❖ "उच्चारणं" પછી "कृतं" શબ્દ અધ્યાહાર છે.

અહીં પ્રશ્ન થાય કે આ પ્રકારની ઉચ્ચારણા કરવાથી સાધુને શું ફળની પ્રાપ્તિ થાય છે ? તેથી કહે છે –

**સ્થિરપણું=સાધુને સંયમમાં નિશ્ચલપણું પ્રાપ્ત થાય છે.**

**શલ્યઉદ્ધરણ=આત્મામાંથી સંયમના વિરોધી એવા સર્વ શલ્યોનું ઉદ્ધરણ=નિષ્કાસન, થાય છે.**

**ધૃતિબળ=મહાવ્રતની ઉચ્ચારણા કરવાથી આત્મામાં ધૃતિબળની વૃદ્ધિ થાય છે.**

**વ્યવસાય=દુષ્કરકરણનો વ્યવસાય થાય છે=પાંચ મહાવ્રતની ઉચ્ચારણા કરવાથી દુષ્કર એવા મોહના ઉન્મૂલનનો અધ્યવસાય થાય છે.**

**સાધનાર્થ=કરણરૂપ સાધનાર્થની પ્રાપ્તિ થાય છે=મોક્ષપ્રાપ્તિરૂપ પરમ પુરુષાર્થની નિષ્પત્તિના ઉપાયની પ્રાપ્તિ થાય છે.**

**પાપનિવારણ=અશુભ કર્મોરૂપ પાપનું નિવારણ થાય છે.**

**નિકાયના=સ્વીકારાયેલાં પાંચ મહાવ્રતોમાં દૃઢતારૂપ નિકાચના થાય છે અથવા સંયમના પ્રબળ કારણરૂપ એવા ક્ષયોપશમભાવનાં કર્મોની નિકાચના થાય છે.**

**ભાવવિશોધી=આત્મપરિણામની વિશુદ્ધિ થાય છે.**

**પતાકાનું આહરણ :- ચારિત્રની આરાધનાની વિજયપતાકાનું ગ્રહણ.**

**નિર્વ્યૂહણા :- કર્મશત્રુને આત્મામાંથી નિર્વ્યૂહ કરે છે અર્થાત્ કર્મોની આત્મામાંથી નિષ્કાસના કરી દે છે.**

**ગુણોની આરાધના :- મુક્તિપથને અનુકૂળ જીવવ્યાપારની અખંડ નિષ્પાદના કરે છે.**

**સંવરયોગ :- આશ્રવોના રોધરૂપ સંવરયોગની પ્રાપ્તિ કરે છે.**

**પ્રશસ્ત ધ્યાનમાં ઉપયુક્તતા :- પ્રશસ્ત ધ્યાનમાં ઉપયુક્તતા પ્રાપ્ત થાય છે. અને**

**જ્ઞાનમાં યુક્તતા :- આત્માના શુદ્ધ જ્ઞાનમાં યુક્તતા પ્રાપ્ત થાય છે.**

**પરમાર્થ :- પરમાર્થની પ્રાપ્તિ થાય છે.**

**ઉત્તમાર્થ :- ઉત્તમ અર્થની પ્રાપ્તિ થાય છે.**

**રતિ, રાગ અને દ્વેષનો નાશ કર્યો છે જેમણે એવા તીર્થંકરો વડે આ=પાંચ મહાવ્રતની ઉચ્ચારણા, પ્રવચનનો સાર કહેવાયો છે.**

વળી, પાંચ મહાવ્રતને પ્રવચનનો સાર કહ્યો છે એવા તે તીર્થંકર કેવા છે ? તે બતાવે છે –

**છ જીવનિકાયના સંયમનો ઉપદેશ આપીને અને તેનું સ્વયં પાલન કરીને ત્રણે લોકથી સત્કૃત=પ્રશંસા કરાયેલું, એવું સ્થાન=મુક્તિરૂપ સ્થાન, તેને અભ્યુપગત કરાયેલું=પ્રાપ્ત કરાયેલું છે, એવા તીર્થંકરો છે.**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત પક્ખીસૂત્રમાં અત્યાર સુધી પાંચ મહાવ્રતની ઉચ્ચારણા બતાવી.

વળી, તે ઉચ્ચારણાને આત્મામાં દૃઢ કરવા માટે કયાં-કયાં સ્થાનોનો પરિહાર કરવો જોઈએ ? અને કયાં કયાં સ્થાનોને સેવવાં જોઈએ ? તેનું કથન કરીને તેના દ્વારા સાધુ પાંચ મહાવ્રતની રક્ષા કરે છે તેમ બતાવ્યું. હવે, તે મહાવ્રતની ઉચ્ચારણા કેવા સુંદર ફળવાળી છે ? તે બતાવતાં પ્રથમ કહે છે કે, "આ પ્રકારે આ મહાવ્રતની ઉચ્ચારણા કરાઈ". હવે, તે ઉચ્ચારણાથી સાધુને કયા કયા ગુણો પ્રાપ્ત થાય છે તે બતાવે છે –

**(૧) સ્થિરપણું :-**

જે સાધુ પ્રસ્તુત પક્ખીસૂત્રના પદે-પદમાં અર્થના ઉપયોગપૂર્વક ઉચ્ચારણા કરે છે, તે ઉચ્ચારણના બળથી તે મહાત્માને પાંચ મહાવ્રતમાં અને પાંચ મહાવ્રતના ઉપષ્ટંભકભાવમાં દૃઢ પક્ષપાત થાય છે અને પાંચ મહાવ્રતોને મલિન કરનારા ભાવો પ્રત્યે અત્યંત જુગુપ્સા થાય છે. તેથી તે મહાત્મામાં મહાવ્રત વિષયક ભાવો સ્થિર થાય છે. માટે આ **મહાવ્રતની ઉચ્ચારણાનું ફળ આત્મામાં વ્રત વિષયક સ્થિર ભાવ છે.**

**(૨) શલ્યઉદ્ધરણ :-**

આત્મામાં અનાદિકાળથી મિથ્યાત્વનો, માયાનો અને સંસારના ભૌતિક પદાર્થો પ્રત્યે પક્ષપાતનો પરિણામ સંસ્કારરૂપે વિદ્યમાન છે. તેથી સંયમમાં યત્ન કરનારા મહાત્માને પણ નિમિત્ત પામીને મિથ્યાત્વના સંસ્કારો જાગ્રત થાય તો મિથ્યાત્વશલ્ય પ્રાપ્ત થઈ શકે. વળી, કોઈ નિમિત્તથી માયાનો પરિણામ થાય તો તેમાંથી માયાશલ્યની પ્રાપ્તિ થઈ શકે અને કોઈક નિમિત્તથી સંયમ આદિ ધર્માનુષ્ઠાનના ફળરૂપે સાંસારિક ફળની ઇચ્છા થાય તો નિદાનશલ્યની પ્રાપ્તિ થઈ શકે. મિથ્યાત્વશલ્ય, માયાશલ્ય અને નિદાનશલ્યના બીજભૂત જે સંસ્કારો આત્મામાં વર્તી રહ્યા છે તે સંસ્કારોને દૂર કરવામાં સંવેગપૂર્વકની મહાવ્રતની ઉચ્ચારણા કારણરૂપ બને છે; કેમ કે જે મહાત્મા 'મારા આત્મામાં મારે મહાવ્રતના પરિણામ સ્થિર કરવા છે' એ પ્રકારના સંવેગના અતિશયથી પૂર્વમાં વર્ણન કરાયેલાં મહાવ્રતની ઉચ્ચારણા પદે-પદનો ઉપયોગ રાખીને કરે છે ત્યારે મહાવ્રતો પ્રત્યેનો વધતો જતો પક્ષપાત તત્ત્વના પક્ષપાતરૂપ હોવાથી મિથ્યાત્વના સંસ્કારોનું ઉન્મૂલન કરે છે, માયાને પ્રગટ કરે તેવા

સંસ્કારોનું ઉન્મૂલન કરે છે અને સંસારના પદાર્થોની આશંસા ઉત્પન્ન થાય તેવા સંસ્કારોનું પણ ઉન્મૂલન કરે છે. તેથી **મહાવ્રતોની ઉચ્ચારણા ત્રણ પ્રકારનાં શલ્યોનું ઉદ્ધરણ કરે છે.**

### (૩) ધૃતિબળ :-

સામાન્યથી સંસારી જીવોને સંસારની પ્રવૃત્તિમાં ધૃતિબળ વર્તે છે. આમ છતાં, તે સંસારી જીવો આત્મકલ્યાણને અભિમુખ બને, સંયમને ગ્રહણ કરે, સંયમની ક્રિયાઓ કરે તોપણ કેટલાક મહાત્માઓમાં સંયમના ભાવોની નિષ્પત્તિને અનુકૂળ ધૃતિબળ સંચિત થયેલું હોતું નથી. તેથી સંયમની ક્રિયાઓ દ્વારા પણ તે મહાત્માઓ અસંગભાવને અનુકૂળ યત્ન કરી શકતા નથી. પરંતુ જે મહાત્માઓ અત્યંત સંવેગપૂર્વક પ્રસ્તુત પક્ખીસૂત્રમાં વર્ણન કરાયેલી પાંચ મહાવ્રતની ઉચ્ચારણા કરે છે, તેનાથી તેઓનો આત્મા ભાવિત બને છે અને પાંચ મહાવ્રતથી ભાવિત બનેલો તેઓનો આત્મા સંયમની ક્રિયા દ્વારા અસંગભાવ તરફ જવાને અનુકૂળ ધૃતિબળવાળો બને છે. માટે **પાંચ મહાવ્રતની ઉચ્ચારણાનું ફળ ધૃતિબળ છે.**

### (૪) વ્યવસાય અર્થાત્ દુષ્કર કરણનો અધ્યવસાય :-

સામાન્યથી જીવો મોહને વશ થઈને સર્વ પ્રકારની સંસારી પ્રવૃત્તિઓ કરવાના વ્યવસાયવાળા છે. તેથી મોહની પ્રેરણાથી પ્રવૃત્તિ કરવાના અધ્યવસાયવાળા છે, પરંતુ જે મહાત્માઓ મોહના ઉન્મૂલનના અર્થી છે, તેથી સંસારની પ્રવૃત્તિનો ત્યાગ કરીને સંયમમાર્ગ સ્વીકાર્યો છે, આમ છતાં, સંયમની ક્રિયાઓ દ્વારા મોહના ઉન્મૂલનને અનુકૂળ દૃઢ વ્યાપાર કરવો તેઓ માટે પણ દુષ્કર બને છે, તોપણ જે મહાત્માઓ અત્યંત અવધાનપૂર્વક પાંચ મહાવ્રતની ઉચ્ચારણા કરે છે અને તે મહાવ્રતની ઉચ્ચારણામાં કહેવાયેલાં દરેક પદોથી આત્માને અત્યંત ભાવિત કરે છે તેના બળથી દુષ્કર એવું મોહનું ઉન્મૂલન તેઓ માટે સુકર બને છે; કેમ કે મહાવ્રતથી ભાવિત થયેલા એવા મહાત્માઓના ચિત્તમાં મહાવ્રતના **ઉચ્ચારણના બળથી દુષ્કર કરણનો પરિણામ પ્રગટે છે.**

### (૫) સાધનાર્થ :-

મોક્ષની નિષ્પત્તિનો જે ઉપાય હોય તે સાધન કહેવાય અને પાંચ મહાવ્રતની

ઉચ્ચારણાથી તે સાધનભૂત પદાર્થ આત્મામાં પ્રગટ થાય છે.

આશય એ છે કે, મોક્ષના અર્થી મહાત્માઓને મોક્ષને સાધવાની અત્યંત ઉત્કટ ઇચ્છા હોય છે, તોપણ મોક્ષની નિષ્પત્તિને અનુકૂળ એવો અધ્યવસાય આત્મામાં નિષ્પન્ન કરવો અને ઉત્તરોત્તર વૃદ્ધિ કરવો અતિદુષ્કર છે. અને જે મહાત્મા તીવ્ર સંવેગપૂર્વક મહાવ્રતની ઉચ્ચારણા કરીને મહાવ્રતની ભાવનાથી આત્માને ભાવિત કરે છે તેઓનું ચિત્ત મહાવ્રતના પરિણામને અત્યંત અભિમુખ બને છે. જે પરિણામ મોક્ષની નિષ્પત્તિનું પ્રબળ કારણ છે. તેથી જે મહાત્મા પ્રસ્તુત સૂત્રનું વારંવાર ઉચ્ચારણ કરીને તે ભાવોને અતિશયિત કરે છે તે મહાત્માની **મહાવ્રતની ઉચ્ચારણા સાધનાર્થવાળી છે**=મોક્ષના ઉપાયની નિષ્પત્તિના પ્રયોજનવાળી છે.

**(૬) પાપનિવારણ :-**

સંગના પરિણામને કારણે અનાદિકાળથી સંસારના પરિભ્રમણના કારણભૂત કર્મો આત્મા પર બંધાયેલાં છે અને મહાવ્રતની ઉચ્ચારણાથી આત્મામાં અસંગને અનુકૂળ ભાવો ઉલ્લસિત થાય છે. તેથી જે મહાત્મા પક્ખીસૂત્રના પદે-પદમાં ઉપયોગ રાખીને આ મહાવ્રતોની ઉચ્ચારણા કરે છે, તેનાથી તેઓમાં ઉલ્લસિત થતો મહાવ્રતનો પરિણામ સંગના પરિણામથી બંધાયેલાં પાપના નાશનું કારણ બને છે. માટે આ **મહાવ્રતની ઉચ્ચારણા પાપનું નિવારણ છે.**

**(૭) નિકાચના :-**

સાધુ સંયમ ગ્રહણ કરતી વખતે પાંચ મહાવ્રતની પ્રતિજ્ઞા કરે છે. તે પ્રતિજ્ઞા શ્રુતજ્ઞાનના સંકલ્પરૂપ છે અને તે શ્રુતના સંકલ્પથી નિયંત્રિત થઈને તે મહાત્મા સર્વ પ્રવૃત્તિ કરે તો તે મહાત્મામાં વ્રતનો પરિણામ પ્રવર્તે છે. જ્યારે તે મહાત્મા આ મહાવ્રતની ઉચ્ચારણા કરે છે ત્યારે તે ગ્રહણ કરાયેલા વ્રતનો પરિણામ દૃઢતર બને છે. તેથી વ્રતના પરિણામને દૃઢતર કરવાનું કારણ આ મહાવ્રતોની ઉચ્ચારણા છે. તેથી આ **મહાવ્રતની ઉચ્ચારણાને નિકાચના કહેવાય છે.**

## (૮) ભાવવિશોધિ :-

આત્માનો શુદ્ધ ભાવ સંપૂર્ણ મોહના પરિણામ વગરનો, સંપૂર્ણ ચેષ્ટા વગરનો, સહજ જ્ઞાનભાવમાં સ્થિર રહેવાનો છે. આથી જ સિદ્ધના જીવોને કોઈ બાહ્ય ભાવો સાથે સંક્લેશ નથી, કોઈ ચેષ્ટા નથી; પરંતુ પોતાના કેવળજ્ઞાનના પરિણામમાં સદાય સ્થિત છે. આવા શુદ્ધભાવની પ્રાપ્તિનું કારણ યોગનિરોધ અવસ્થા છે. યોગનિરોધને અનુકૂળ ભાવની વિશુદ્ધિ સંયમના પરિણામથી થાય છે. જ્યારે મહાત્માઓ મહાવ્રતની ઉચ્ચારણા કરે છે ત્યારે સંયમ પ્રત્યેના પક્ષપાતનો ભાવ પૂર્વ-પૂર્વ કરતાં અધિક-અધિક થાય છે. તેથી આ **મહાવ્રતની ઉચ્ચારણાથી યોગનિરોધને અનુકૂળ એવી ભાવવિશુદ્ધિ પ્રગટે છે**; કેમ કે અત્યંત ઉપયોગપૂર્વક મહાવ્રતોની ઉચ્ચારણા કરનાર મહાત્માનો ઉપયોગ દશ સંજ્ઞાના વિષ્કંભણપૂર્વકનો વર્તે છે. તેથી જેટલી ક્ષણો દશ સંજ્ઞાના વિષ્કંભણવાળો ઉપયોગ વર્તે તેટલી ક્ષણો સુધી સતત મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાયની પરિણતિ ક્ષીણ-ક્ષીણતર થાય છે અને મન-વચન-કાયાના યોગો સ્થિર-સ્થિરતર થાય છે. તેથી યોગનિરોધની પૂર્વની ભૂમિકા અવશ્ય ઉત્પન્ન થાય છે. માટે ભાવવિશોધિનો હેતુ એવી પાંચ મહાવ્રતની ઉચ્ચારણાને ભાવવિશુદ્ધિ કહેવાય છે.

## (૯) પતાકાનું આહરણ :-

કોઈ યોદ્ધાઓ શત્રુ સાથે યુદ્ધમાં ચઢેલા હોય અને મહા પરાક્રમથી યુદ્ધ દ્વારા શત્રુને પીછેહઠ કરાવે ત્યારે કહેવાય છે કે આ યોદ્ધાઓ જયપતાકાનું આહરણ કરી રહ્યા છે=જયપતાકાને પ્રાપ્ત કરી રહ્યા છે. તેમ સાધુ આત્માના શત્રુભૂત મોહને જીતવા માટે યુદ્ધભૂમિમાં ચઢેલ છે. આથી જ ક્ષણભર પણ પ્રમાદ કર્યા વગર યુદ્ધમાં ચઢેલ શત્રુનો નાશ કરવા માટે ભગવાનના વચનના આલંબનથી સદા ઉદ્યમ કરે છે અને એ ઉદ્યમમાં આ પાંચ મહાવ્રતની ઉચ્ચારણા અતિશયનું આધાન કરે છે. તેથી અત્યંત ઉપયોગપૂર્વક મહાવ્રતની ઉચ્ચારણા કરવાથી મોહનું સૈન્ય પીછેહઠ કરે છે અને આત્માની અંતરંગ સમૃદ્ધિ બળવાન થાય છે. તેથી તે સાધુ વિજયની પતાકાને પામવાની તૈયારીમાં છે. તે વિજય મેળવવામાં પ્રબળ સહાયક આ મહાવ્રતની ઉચ્ચારણા છે. માટે **મહાવ્રતની ઉચ્ચારણાને જયપતાકાનું આહરણ કહેવાય છે.**

**(૧૦) નિર્વ્યૂહના=નિષ્કાસના :-**

આત્મા પોતાના સ્વાભાવિક ભાવમાં રહેવા માટે સમર્થ થતો નથી; કેમ કે આત્મામાં પોતાના નિવાસસ્થાનમાં કર્મરૂપી શત્રુઓએ સ્થાન જમાવેલું છે. તેથી આત્માને પોતાના સ્થાનની પ્રાપ્તિ અર્થે કર્મશત્રુ કાઢવાની આવશ્યકતા છે. કર્મશત્રુ આત્મામાંથી દૂર થાય તો જ આત્મા પોતાના સ્વભાવમાં રહી શકે. તેથી આ કર્મશત્રુનું નિષ્કાસન કરવા અર્થે સાધુ સંયમમાં સદા ઉદ્યમ કરે છે. કર્મશત્રુના નિષ્કાસનની ક્રિયામાં બલ આધાયક આ પાંચ મહાવ્રતની ઉચ્ચારણા છે. તેથી મહાવ્રતની ઉચ્ચારણા દ્વારા સાધુ પોતાના આત્મામાંથી સુખપૂર્વક શત્રુઓને દૂર કરી શકે છે. માટે આ **મહાવ્રતની ઉચ્ચારણા કર્મશત્રુના નિર્વ્યૂહનાની=નિષ્કાસનની, ક્રિયારૂપ છે.**

**(૧૧) ગુણોની આરાધના :-**

સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી પૂર્ણ ગુણરૂપ મુક્તઅવસ્થાની પ્રાપ્તિ માટે બદ્ધ અભિલાષવાળા છે. તેથી મુક્તિની પ્રાપ્તિને અનુકૂળ ગુણસંચય માટે સદા ઉદ્યમ કરે છે. અત્યંત ઉપયોગપૂર્વક કરાયેલી પાંચ મહાવ્રતની ઉચ્ચારણા તે ઉદ્યમમાં અતિશાયિતાનું આધાન કરે છે. તેથી **ગુણોની આરાધનાનું=ગુણની વૃદ્ધિનું, કારણ આ પાંચ મહાવ્રતની ઉચ્ચારણા છે.**

**(૧૨) સંવરયોગ :-**

સર્વ સંવરથી આત્મામાં આવતાં કર્મો સંપૂર્ણપણે અટકે છે તથા પૂર્વમાં સંચિત કરેલાં સર્વ કર્મોનો નાશ થાય છે. આથી જ યોગનિરોધકાળમાં સર્વસંવરવાળા મહાત્મામાં નવાં કર્મો આવતાં નથી અને પૂર્વમાં ઉપાત્ત કરેલાં કર્મો નાશ પામે છે અને આત્માને મુક્તિની પ્રાપ્તિ થાય છે. તેથી મોક્ષપ્રાપ્તિના અર્થી સાધુ સર્વસંવરના અત્યંત અર્થી છે તથા સર્વસંવરના ઉપાયભૂત સર્વવિરતિને ગ્રહણ કરીને સતત શાસ્ત્રનું અવલંબન લઈને સંવરની વૃદ્ધિમાં ઉદ્યમ કરે છે. નિપુણ ઉપયોગથી કરાયેલી મહાવ્રતની ઉચ્ચારણા સંવરની વૃદ્ધિને અતિશાયી કરનાર છે. તેથી **મહાવ્રતની ઉચ્ચારણાને સંવરનો યોગ કહેવાય છે.**

### (૧૩) પ્રશસ્ત ધ્યાન ઉપયુક્તતા :-

સંસાર અવસ્થામાં આત્મા એકાગ્રતાના ઉપયોગવાળો હોય ત્યારે ધ્યાન વર્તે છે અને એકાગ્રતાનો ઉપયોગ ન હોય ત્યારે ધ્યાનને અભિમુખ એવો સામાન્ય ઉપયોગ વર્તે છે. સંસારી જીવો આત્માના પારમાર્થિક સ્વરૂપને અવલંબીને કોઈ વિચારણા કરતા નથી ત્યારે બાહ્ય પદાર્થોને અવલંબીને કોઈક ઉપયોગ વર્તે છે. જો આ ઉપયોગ એકાગ્રતાવાળો હોય તો અપ્રશસ્ત ધ્યાનરૂપ છે અને એકાગ્રતાવાળો ન હોય તો અપ્રશસ્ત ધ્યાનને અભિમુખ છે. અપ્રશસ્ત ધ્યાન કે અપ્રશસ્ત ધ્યાનને અભિમુખ એવો ઉપયોગ સંસારનું કારણ છે. તેથી સંસારથી ભય પામેલા મુનિઓ જિનવચનનું અવલંબન લઈને સદા મન-વચન-કાયાના યોગોને આત્માના શુદ્ધભાવને પ્રગટ કરવા અર્થે પ્રવર્તાવે છે. તેથી તેઓના યોગો એકાગ્રતાવાળા હોય તો પ્રશસ્ત ધ્યાનમાં વર્તે છે અને એકાગ્રતાવાળા ન હોય તો પ્રશસ્ત ધ્યાનને અભિમુખ વર્તે છે. તે પ્રશસ્ત ધ્યાનને ઉલ્લસિત કરવા માટે કે અતિશયિત કરવા માટે પાંચ મહાવ્રતની ઉચ્ચારણા પ્રબળ કારણ છે; કેમ કે પાંચ મહાવ્રતના પરિણામો આત્માના શુદ્ધભાવને અભિમુખ જવાના વ્યાપારરૂપ છે. તેથી જે મહાત્માઓ અત્યંત અવધાનપૂર્વક પાંચ મહાવ્રતની ઉચ્ચારણા કરે છે તેઓમાં પ્રશસ્ત ધ્યાનની ઉપયુક્તતા છે. માટે આ પાંચ **મહાવ્રતની ઉચ્ચારણાને પ્રશસ્ત ધ્યાનની ઉપયુક્તતા કહેલ છે.**

### (૧૪) જ્ઞાન સાથે યુક્તતા :-

આત્માનો ઉપયોગ જ્ઞાનસ્વરૂપ છે. આમ છતાં જિનવચનાનુસાર જે જ્ઞાન છે તે જ્ઞાન જીવના પારમાર્થિક સ્વરૂપનું કારણ હોવાથી સમ્યગ્જ્ઞાન છે અને જિનવચનાનુસાર જ્ઞાન પાંચ મહાવ્રતરૂપ સંયમના મર્મને બતાવનાર છે. તેથી સાધુએ સંયમની વૃદ્ધિના ઉપાયભૂત નિર્મળ જ્ઞાનની સાથે સદા યુક્ત રહેવું જોઈએ. જેથી સદા કલ્યાણની પ્રાપ્તિ થાય. ઉપયોગપૂર્વક બોલાતી પાંચ મહાવ્રતની ઉચ્ચારણા આવા નિર્મળ જ્ઞાનની સાથે યુક્તતા છે; કેમ કે જિનવચનથી ભાવિત મતિવાળા મહાત્માઓ જિનવચનાનુસાર અર્થોની ઉપસ્થિતિપૂર્વક પાંચ મહાવ્રતની ઉચ્ચારણા કરે છે. તેથી સમ્યગ્જ્ઞાનની સાથે તેઓની યુક્તતા છે. માટે પાંચ **મહાવ્રતની ઉચ્ચારણાને પણ જ્ઞાન સાથે યુક્તતા કહેલ છે.**

**(૧૫) પરમાર્થ :-**

પરમાર્થ એટલે પ્રકૃષ્ટ અર્થ=જીવનું પ્રકૃષ્ટ પ્રયોજન. જીવને માટે પ્રકૃષ્ટ અર્થ પ્રકૃષ્ટ સુખ છે. આવું પ્રકૃષ્ટ સુખ સિદ્ધઅવસ્થામાં છે. તેથી જીવ માટે પરમાર્થ મોક્ષ છે, તે મોક્ષપ્રાપ્તિ માટેનું પ્રબળ કારણ હોય તેને પણ પરમાર્થ કહેવાય છે. જીવને મોક્ષપ્રાપ્તિ થતી નથી તેનું કારણ પાંચ મહાવ્રતની વિપરીત આચરણા છે. તેવી વિપરીત આચરણાના પરિહારપૂર્વક પાંચ મહાવ્રતની સમ્યગ્ આચરણા કરવામાં આવે તો તે મહાવ્રતના પરિણામના પ્રકર્ષથી જીવને મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે પરમાર્થની પ્રાપ્તિના પ્રબળ કારણરૂપ આ પાંચ મહાવ્રતની આચરણાને ઉલ્લસિત કરનાર પાંચ મહાવ્રતની ઉચ્ચારણા છે. તેથી આ **મહાવ્રતોની ઉચ્ચારણાને પરમાર્થ કહેવાય છે.**

**(૧૬) ઉત્તમાર્થ :-**

જીવને માટે ઉત્તમ અર્થ મોક્ષ છે. મોક્ષની પ્રાપ્તિમાં પ્રબળ કારણ હોય તેને પણ ઉત્તમાર્થ કહેવાય છે. આ પાંચ મહાવ્રતની ઉચ્ચારણા ઉત્તમાર્થની સાધક હોવાથી તેને પણ ઉત્તમાર્થ કહેલ છે.

જોકે પાંચ મહાવ્રતને બતાવવા માટે જે જે ભાવો કહ્યા તે સર્વ પરમાર્થરૂપ અને ઉત્તમાર્થરૂપ જ છે તોપણ તે તે શબ્દો દ્વારા પાંચ મહાવ્રતની ઉચ્ચારણા સ્થિરપણું છે, શલ્યઉદ્ધરણપણું છે, ઇત્યાદિપૂર્વક ઉત્તમાર્થ છે, તેમ કહેલ છે. જેથી ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધાવાળા મહાત્માને તે વચનોના બળથી પાંચ મહાવ્રતની ઉચ્ચારણા પ્રત્યેનો અત્યંત પક્ષપાત ઉલ્લસિત થાય.

આ રીતે બતાવ્યા પછી આ સર્વ કથનના સારરૂપે કહે છે કે 'રાગ-દ્વેષ અને મોહથી રહિત=અજ્ઞાનથી રહિત, એવા **તીર્થંકરો વડે આ પાંચ મહાવ્રતને પ્રવચનનો સાર કહેલ છે**. ભગવાને બતાવેલ પ્રવચન ચૌદપૂર્વના વિસ્તાર આત્મક છે, તે સર્વનો સાર આ પાંચ મહાવ્રત છે. ચૌદ પૂર્વધરો પણ સર્વ શક્તિથી આ પાંચ મહાવ્રતને જ ઉલ્લસિત કરવા માટે યત્ન કરે છે. તેથી સાધુઓએ પણ પોતાની શક્તિ અનુસાર આ પાંચ મહાવ્રતની ઉચ્ચારણા દ્વારા પાંચ મહાવ્રતના પરિણામને ઉલ્લસિત કરવા યત્ન કરવો જોઈએ.

જે તીર્થંકરોએ આ પાંચ મહાવ્રતની ઉચ્ચારણાને પ્રવચનનો સાર કહેલ છે,

તે તીર્થંકરો કેવા છે ? તે બતાવતાં કહે છે –

છ જીવનિકાયના સંયમનો ઉપદેશ આપીને, છ જીવનિકાયના સંયમને સ્વયં પાળીને, ત્રણે લોક દ્વારા સત્કાર કરાયેલા, સિદ્ધિગતિ નામના સ્થાનને પ્રાપ્ત કરનારા એવા તીર્થંકરોએ આ પાંચ મહાવ્રતને પ્રવચનનો સાર કહેલ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે, જે તીર્થંકરોએ છ જીવનિકાયનું સંયમ પાળ્યું છે તે સ્વરૂપ જ આ પાંચ મહાવ્રતની ઉચ્ચારણા છે. તેઓએ સર્વ જીવોને આત્મહિતાર્થે છ જીવનિકાયનું સંયમ પાળવાનું કહ્યું છે. તે સંયમ પોતે પાળીને સ્વયં ત્રણે લોકથી સત્કાર કરાયેલ મોક્ષસ્થાનને પામેલા છે. તેથી આવા ઉત્તમ સ્થાનની પ્રાપ્તિનું એક કારણ છ જીવનિકાયનું સંયમ છે અને તે સંયમને અતિશયિત કરવા માટે જ આ પાંચ મહાવ્રતની ઉચ્ચારણા છે. માટે સાધુએ અત્યંત ઉપયુક્ત થઈને આ પાંચ મહાવ્રતની ઉચ્ચારણા કરવી જોઈએ. જેથી છ જીવનિકાયનું સંયમ સ્થિરભાવને પામે અને તેના પ્રકર્ષથી તીર્થંકરોની જેમ પોતાને પણ સિદ્ધિસ્થાનની પ્રાપ્તિ થાય.

**આસન્નઉપકારી વીરપ્રભુની મંગલાર્થે સ્તુતિ :-**

**અવતરણિકા :-**

**અત્યાર સુધી પાંચ મહાવ્રતની ઉચ્ચારણા કરી. તે ઉચ્ચારણા કેવા શ્રેષ્ઠ ફળવાળી છે ? તેનું પણ નિરૂપણ કર્યું. હવે, મંગલ માટે આપણા આસન્ન ઉપકારી એવા વીર ભગવાનને વિશેષથી નમસ્કાર કરે છે –**

**સૂત્ર :-**

**नमोत्थु ते सिद्ध बुद्ध मुत्त निरय निस्संग माणमूरण गुणरयणसायर-मणंतमप्पमेअ । नमोत्थु ते महइमहावीरवद्धमाणसामिस्स । नमोत्थु ते अरहओ, नमोत्थु ते भगवओ, त्ति कट्टु ।**

**સૂત્રાર્થ :-**

**તમને નમસ્કાર થાઓ.**

કેવા તમને ? તેથી કહે છે –

**સિદ્ધ, બુદ્ધ, મુક્ત, નિરત=ઔત્સુક્ય રહિત, નિઃસંગ=સંગ વગરના, માનમૂરણ=માનનો નાશ કરનારા, ગુણરત્નોના સાગર, અનંત=અનંત જ્ઞાનવાળા, અપ્રમેય=છદ્મસ્થના જ્ઞાનથી ન જણાય તેવા, તમને નમસ્કાર થાઓ, એમ અન્વય છે.**

વળી, કોને નમસ્કાર થાઓ ? તેથી કહે છે –

**મહાન એવા મહાવીર, વર્ધમાનસ્વામી, તમને નમસ્કાર થાઓ. વળી, અરિહંત છો તેથી તમને નમસ્કાર થાઓ, ભગવાન છો તેથી તમને નમસ્કાર થાઓ.**

**ભાવાર્થ :-**

વીર ભગવાનને ગુણોરૂપે ઉપસ્થિત કરીને નમસ્કાર કરે છે. વીર ભગવાન સિદ્ધ થયા છે=જેમનાં સર્વ પ્રયોજનો સિદ્ધ થઈ ચૂક્યાં છે, માટે કૃતાર્થ છે. વળી બુદ્ધ છે=કેવળજ્ઞાનથી પૂર્ણ બોધવાળા છે. મુક્ત છે=પૂર્વનાં બંધાયેલાં કર્મોથી મુક્ત થયેલા છે. નિરય છે=ઔત્સુક્ય ચાલી ગયું છે તેવા ઉત્સુકતા વગરના છે. નિઃસંગ છે=બાહ્ય પદાર્થોના સર્વથા સંગ વગરના છે. માનનો નાશ કરનાર છે. ગુણરૂપી રત્નોના સાગર છે. અનંત છે=અનંત એવા કેવલજ્ઞાનવાળા છે. અપ્રમેય છે=છદ્મસ્થ જીવોથી જેમના સ્વરૂપનું જ્ઞાન થવું દુષ્કર છે, તેવા છે. આવા ગુણોવાળા ભગવાનને નમસ્કાર થાઓ.

આમ કહીને તેવા ગુણસંપન્ન પુરુષ પ્રત્યેનો બહુમાનભાવ અભિવ્યક્ત કર્યો છે. વળી, ભાવના પ્રકર્ષ અર્થે કહે છે કે 'મહાન એવા મહાવીર, વર્ધમાનસ્વામીને નમસ્કાર થાઓ'. જેથી આસન્ન ઉપકારી એવા વીર પ્રભુ પ્રત્યેનો ભક્તિનો પ્રકર્ષ થાય. વળી, તે વીર અરિહંત છે, ભગવાન છે=અપાયાપગમ આદિ ચાર અતિશયવાળા છે, તેથી કરીને તેઓને નમસ્કાર થાઓ.

**છ આવશ્યકોને સ્થિર કરવાને અનુકૂળ સંકલ્પ :-**

**અવતરણિકા :-**

**પૂર્વમાં મહાવ્રતની ઉચ્ચારણા કરી. જેમ મહાવ્રતની ઉચ્ચારણા કર્મક્ષય માટે છે, તેમ શ્રુતનું ઉત્કીર્તન પણ કર્મનાશ માટે છે. તેથી મહાવ્રતના ઉત્કીર્તનનું નિગમન કરીને શ્રુતના ઉત્કીર્તનને કરવાની ઈચ્છાથી કહે છે –**

**સૂત્ર :-**

**एसा खलु महव्वयउच्चारणा कया, इच्छामो सुत्तकित्तणं काउं ।।**

**સૂત્રાર્થ :-**

**આ ખરેખર મહાવ્રતની ઉચ્ચારણા કરાઈ. હવે, શ્રુતકીર્તનને કરવા માટે અમે ઈચ્છીએ છીએ.**

**ભાવાર્થ :-**

અત્યાર સુધી પક્ખીસૂત્રમાં જે કાંઈ વર્ણન કર્યું છે તે પાંચ મહાવ્રતની ઉચ્ચારણારૂપ છે અર્થાત્ પાંચ મહાવ્રતની સ્તુતિરૂપ છે. તે ઉચ્ચારણા કર્યા પછી શ્રુતની સ્તુતિ કરવા માટે સૂત્રકાર પ્રતિજ્ઞા કરે છે; કેમ કે સાધુ પાંચ મહાવ્રતના પાલનથી જ સાધુ છે. તેથી મહાવ્રતોને સ્થિર કરવા અર્થે પ્રથમ તેની ઉચ્ચારણા કરી. હવે સાધુ સંયમજીવનમાં શ્રુતના બળથી જ જીવે છે, શ્રુતની વૃદ્ધિથી વૃદ્ધિ પામે છે, શ્રુત જ સાધુનો પ્રાણ છે, તેથી શ્રુત પ્રત્યે ભક્તિનો અતિશય કરવા અર્થે શ્રુતનું ઉત્કીર્તન કરે છે.

**અવતરણિકા :-**

**પૂર્વમાં શ્રુતકીર્તનની પ્રતિજ્ઞા કરી. આ શ્રુત અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય એમ બે ભેદવાળું છે. તેમાં અંગપ્રવિષ્ટશ્રુત આચારાંગસૂત્ર આદિ બાર અંગ આત્મક છે. જ્યારે અંગબાહ્યશ્રુત બે પ્રકારનું છે (૧) આવશ્યકશ્રુત અને (૨) આવશ્યકવ્યતિરિક્તશ્રુત. તેમાંથી પ્રથમ આવશ્યકશ્રુતની સ્તુતિ કરવા માટે તે આવશ્યકસૂત્રના કર્તાને નમસ્કારપૂર્વક કહે છે –**

**સૂત્ર :-**

**नमो तेसिं खमासमणाणं जेहिं इमं वाइअं छव्विहमावस्सयं भगवंतं । तं जहा—सामाइयं चउवीसत्थओ वंदणयं पडिक्कमणं काउस्सग्गो पच्चक्खाणं । सव्वेहिं पि एअम्मि छव्विहे आवस्सए भगवंते ससुत्ते सअत्थे सगंथे सनिज्जुत्तिए ससंगहणिए जे गुणा वा भावा वा अरिहंतेहिं भगवंतेहिं पन्नत्ता वा परूविआ वा । ते भावे सद्दहामो पत्तियामो रोएमो फासेमो पालेमो अणुपालेमो ।।**

**સૂત્રાર્થ :-**

**તે ક્ષમાશ્રમણોને નમસ્કાર થાઓ, જેઓએ ભગવાન એવા આ છ આવશ્યકોની રચના કરી છે. તે આ પ્રમાણે – સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ અને પચ્ચક્ખાણ. સસૂત્ર, સઅર્થ, સગ્રંથ, સનિર્યુક્તિ, સસંગ્રહણી એવાં સર્વ પણ આ છ આવશ્યક ભગવાન જે ગુણોથી, જે ભાવોથી અરિહંત ભગવંતોએ કહ્યાં છે અથવા પ્રરૂપણા કરી છે તે ભાવોથી હું શ્રદ્ધા કરું છું, હું પ્રીતિપૂર્વક સ્વીકાર કરું છું, મને રુચે છે, હું સ્પર્શ કરું છું, પાલન કરું છું અને અનુપાલન કરું છું.**

**ભાવાર્થ :-**

સંયમજીવનમાં સાધુને જેમ પાંચ મહાવ્રત અત્યંત ઉપકારક છે તેથી સાધુ તે મહાવ્રતનું ઉત્કીર્તન કરીને તેના પ્રત્યેના પક્ષપાતનો ભાવ સ્થિર કરે છે, તેમ સંયમજીવનમાં છ આવશ્યકો પણ અત્યંત ઉપકારક છે. તેથી તેઓનું ઉત્કીર્તન કરીને છ આવશ્યકો પ્રત્યે પોતાનો પક્ષપાત સ્થિર કરવા અર્થે કહે છે –

'જે ક્ષમાશ્રમણ મહાત્માઓએ આ છ આવશ્યકની રચના કરી છે, તેઓને હું નમસ્કાર કરું છું' આ પ્રકારે ઉપયોગપૂર્વક બોલવાથી તે છ આવશ્યકના ઉત્પત્તિસ્થાન એવા ઋષિઓ પ્રત્યે બહુમાન થાય છે. જે અર્થથી છ આવશ્યક પ્રત્યેનો જ બહુમાનભાવ છે; કેમ કે તે મહાત્માઓએ જગતના જીવોના ઉપકાર અર્થે આ છ આવશ્યકો રચીને મહાઉપકાર કર્યો છે. વળી, તે છ આવશ્યકનું વિશેષણ 'ભગવાન' કહ્યું, તેથી ફલિત થાય કે આ છ આવશ્યક અનેક ગુણસંપત્તિથી યુક્ત છે. તેમાં પ્રથમ સામાન્યથી છ આવશ્યકનાં નામોનું ઉચ્ચારણ કરે છે. આ છ આવશ્યકનાં નામ અનુક્રમે સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ અને પચ્ચક્ખાણ છે.

**સામાયિકઆવશ્યક :-**

પ્રથમ સામાયિકઆવશ્યક મૂક્યું. તેનાથી એ પ્રાપ્ત થાય કે કલ્યાણના અર્થી જીવે સૌ પ્રથમ સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ સર્વ પ્રત્યે સમભાવનો

પરિણામ થાય તે રીતે શ્રુતના બળથી વિકલ્પ કરીને સામાયિક નામના આવશ્યકમાં ઉદ્યમ કરવો જોઈએ, જેથી અસામાયિકના ભાવથી સંસારમાં જે કર્મો બંધાય છે તે કર્મોનો નાશ થાય. સામાયિકઆવશ્યકમાં ઉદ્યમ કરવાથી આ સામાયિક મારા માટે અવશ્ય કરવા યોગ્ય છે તેવી બુદ્ધિ થાય. આવી બુદ્ધિ થવાથી સામાયિકના કાંઈક પક્ષપાતવાળું ચિત્ત પોતાના સામાયિકના રાગની તીવ્રતા-મંદતા અનુસાર સામાયિકના પરિણામને પ્રાપ્ત કરે છે.

**ચતુર્વિંશતિસ્તવઆવશ્યક :-**

પ્રાપ્ત થયેલા સામાયિકના પરિણામને અતિશયિત કરવા માટે ચતુર્વિંશતિસ્તવ કરાય છે; કેમ કે ચતુર્વિંશતિસ્તવમાં ચોવીશ તીર્થંકરનું કીર્તન છે. આ ચોવીશે તીર્થંકરો સામાયિકને સેવીને સામાયિકના પ્રકર્ષ એવા યથાખ્યાતચારિત્રને પામેલા છે, તેથી વીતરાગ-સર્વજ્ઞ થયા છે. તે સ્વરૂપે ઉપસ્થિત કરીને દૃઢ પ્રણિધાનપૂર્વક તેમની સ્તુતિ કરવાથી પોતાનામાં પ્રગટ થયેલો સામાયિકનો પરિણામ પ્રકર્ષવાળો બને છે.

**વંદનઆવશ્યક :-**

વળી, સામાયિકના પ્રકર્ષના અર્થી જીવોને સામાયિકને વહન કરનાર મુનિઓ પ્રત્યે ભક્તિ થાય છે. તેથી ચતુર્વિંશતિસ્તવ કર્યા પછી સામાયિકને વહન કરનારા મુનિઓને વંદન કરીને પોતાના સામાયિકના ભાવનો પ્રકર્ષ કરવા અર્થે મુનિગુણોના સ્મરણપૂર્વક વંદનઆવશ્યક કરે છે.

આ રીતે પ્રથમનાં ત્રણ આવશ્યક દ્વારા સામાયિકમાં ઉદ્યમ કરાય છે અને સામાયિકના પ્રકર્ષ અર્થે તીર્થંકરોનું કીર્તન અને મુનિઓને વંદન કરાય છે.

**પ્રતિક્રમણઆવશ્યક :-**

વળી, સામાયિકના પ્રકર્ષ અર્થે ચોથું પ્રતિક્રમણઆવશ્યક કરાય છે; કેમ કે સામાયિકનો પરિણામ અતિદુષ્કર છે. યત્નપૂર્વક કરાતા પણ સામાયિકના પરિણામમાં અતિચાર લાગવાની સંભાવના રહેલી છે. તેથી પોતાના સામાયિકનો પરિણામ અતિચારના દોષોથી મલિન થયો હોય તો તેની શુદ્ધિ અર્થે અને મલિન ન થયો હોય તો અતિચારો પ્રત્યે જુગુપ્સા કરીને નિરતિચારસામાયિકનો

પરિણામ દૃઢ કરવા અર્થે સાધુ પ્રતિક્રમણઆવશ્યક કરે છે. આ પ્રતિક્રમણ-આવશ્યકનું પૂર્વાંગ આલોચના છે, તેથી સાધુ પ્રથમ અતિચારોનું આલોચન કરે છે. ત્યારપછી અતિચારો પ્રત્યે જુગુપ્સા થાય તે રીતે નિંદા-ગર્હા કરીને પ્રતિક્રમણઆવશ્યક કરે છે. જેથી પ્રગટ થયેલું સામાયિકઆવશ્યક અતિચારોથી રહિત બને. વળી, કોઈ મહાત્માનું સામાયિક અતિચાર રહિત હોય તો પ્રતિક્રમણઆવશ્યકથી કરાયેલ અતિચાર પ્રત્યેની જુગુપ્સાને કારણે નિરતિચાર એવા સામાયિકનો પરિણામ સ્થિર બને છે.

**કાઉસ્સગ્ગઆવશ્યક :-**

આ રીતે પ્રતિક્રમણઆવશ્યક કર્યા પછી સામાયિકના પરિણામનો પ્રકર્ષ કરવા અર્થે સાધુ કાઉસ્સગ્ગ નામનું પાંચમું આવશ્યક સેવે છે, જેનાથી આલોચના અને પ્રતિક્રમણ દ્વારા જે કોઈ અતિચારો શુદ્ધ ન થયા હોય તે શુદ્ધ થાય છે અને તેના દ્વારા સામાયિકનો પરિણામ અતિશયિત થાય છે.

આશય એ છે કે સામાયિકનો પરિણામ વહન કરવો મહાત્મા માટે પણ દુષ્કર છે; કેમ કે અનાદિથી આત્મા પ્રમાદભાવથી ભાવિત છે અને અત્યંત અપ્રમાદપૂર્વક સમભાવમાં ઉદ્યમ કરવામાં આવે તો જ સામાયિકનો પરિણામ વહન થાય છે. જે મહાત્મા અપ્રમાદપૂર્વક યત્ન કરીને સામાયિકના પરિણામને વહન કરે છે તેઓને પણ ક્યારેક ક્યારેક બાહ્ય નિમિત્તોથી સમભાવના પરિણામમાં સ્ખલનાઓ થાય છે. જો તે સ્ખલનાઓની શુદ્ધિ કરવામાં ન આવે તો પ્રમાદથી ત્રુટિત થયેલો સામાયિકનો પરિણામ તે સ્ખલનાઓને કારણે નાશ પામે છે. તેથી સામાયિકના પરિણામના રક્ષણ અર્થે અને સામાયિકના પરિણામની વૃદ્ધિ અર્થે સાધુઓ સંયમના અતિચારોનું પ્રથમ આલોચન કરે છે. જેથી આલોચન દ્વારા જ તે અતિચારોની શુદ્ધિ થાય. આમ છતાં અતિચારના આલોચનકાળમાં સર્વ અતિચારો પ્રત્યે તેવો તીવ્ર જુગુપ્સાનો ભાવ ઉલ્લસિત થયો ન હોય તો જે અતિચારો પ્રત્યે તીવ્ર જુગુપ્સા ન થઈ હોય તે અતિચારની શુદ્ધિ થતી નથી. તેથી સામાયિકના પરિણામની શુદ્ધિના અર્થી સાધુ અત્યંત સંવેગપૂર્વક અતિચારોનું આલોચન કરે છે. આમ છતાં કોઈક અતિચારો પ્રત્યે તેવો તીવ્ર ઉપયોગ ઉલ્લસિત થયો ન હોય તો તે આલોચનાથી જે અતિચારોની

શુદ્ધિ થઈ નથી તે અતિચારોને અનાલોચિત અતિચાર કહેવાય છે. અર્થાત્ આલોચનાકાળમાં તેનું આલોચન થયું હોવા છતાં સંવેગનો પ્રકર્ષ ન થયો હોવાથી તે અતિચારો અનાલોચિત કહેવાય છે. તે અનાલોચિત અતિચારોની શુદ્ધિ અર્થે સાધુ પ્રતિક્રમણઆવશ્યક કરે છે. અર્થાત્ અત્યંત અવધાનપૂર્વક તે અતિચારોથી હું પાછો ફરું છું તે પ્રકારના વચનપ્રયોગ દ્વારા તે અતિચારોથી આત્માનું પ્રતિક્રમણ કરે છે.

આમ છતાં પ્રતિક્રમણકાળમાં પણ કોઈ સૂક્ષ્મ અતિચારો પ્રત્યે તીવ્ર જુગુપ્સા ન થાય તો પ્રતિક્રમણઆવશ્યક કરવા છતાં તે પાપોની શુદ્ધિ થાય નહીં. તેથી તે અતિચારો અપ્રતિક્રાંત કહેવાય છે. તે અપ્રતિક્રાંતપાપોની શુદ્ધિ અર્થે સાધુ પાંચમું કાઉસ્સગ્ગઆવશ્યક કરે છે. કાઉસ્સગ્ગમાં જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચારના કાઉસ્સગ્ગ કરાય છે. તેમાં રત્નત્રયીરૂપ સામાયિકના પરિણામમાં થયેલા અતિચારોની શુદ્ધિનું પ્રતિસંધાન કરીને કાઉસ્સગ્ગમાં ઉત્તમ પુરુષોનું ચિંતવન કરાય છે. તે શુભ ધ્યાન દ્વારા થયેલા સંવેગના પરિણામથી અપ્રતિક્રાંત એવાં પણ પાપોની શુદ્ધિ થાય છે.

**પચ્ચક્ખાણઆવશ્યક :-**

આ રીતે શુદ્ધ થયેલા સાધુ, સામાયિકના પરિણામના અતિશય અર્થે વિશેષ પ્રકારનું પચ્ચક્ખાણઆવશ્યક કરે છે. જે પચ્ચક્ખાણઆવશ્યકમાં સાધુ અન્ય યોગોનો વ્યાઘાત ન થાય તે રીતે બાહ્યતપ આદિનું પચ્ચક્ખાણ કરે છે. જેમ રાઇ પ્રતિક્રમણમાં તપચિંતવણી દ્વારા પોતાની શક્તિનું સમાલોચન કરીને કોઈ અન્ય યોગોનો વ્યાઘાત ન થાય તેવું પચ્ચક્ખાણ ગ્રહણ કરે છે, જેનાથી સામાયિકના પરિણામમાં જ અતિશયિતા થાય છે.

આ પ્રકારનાં છ આવશ્યકના અર્થનું પ્રતિસંધાન કરીને તેને અતિશયિત કરવા અર્થે કહે છે કે ‘સર્વ પણ ભગવાન એવાં આ છ આવશ્યક સૂત્ર સહિત, અર્થ સહિત, ગ્રંથ સહિત, નિર્યુક્તિ સહિત અને સંગ્રહણી સહિત જે ગુણોથી અથવા જે ભાવોથી અરિહંત ભગવંતોએ કહ્યાં છે અથવા પ્રરૂપણા કરી છે તે ભાવોથી હું શ્રદ્ધા આદિ કરું છું.’ આ પ્રકારે અત્યંત ઉપયોગપૂર્વક ઉચ્ચારણા કરવામાં આવે તો તે છ આવશ્યકને કહેનારાં સર્વ સૂત્રો, સર્વ અર્થો પ્રત્યે તે

રીતે પક્ષપાત થાય છે કે જે ગુણોથી અને જે ભાવોથી અરિહંત ભગવંતે કહ્યાં છે તે ગુણોનું અને તે ભાવોનું આત્મામાં સ્થિરીકરણ થાય છે.

**સસૂત્ર આદિ શબ્દોનો અર્થ :-**

અહીં 'સસૂત્રથી' કહ્યું તેથી એ પ્રાપ્ત થાય છે કે તે છ આવશ્યકને કહેનારું ગણધરથી રચિત 'કરેમિ ભંતે' આદિ જે મૂળ સૂત્ર છે તે સૂત્રથી સહિત છએ આવશ્યકોનું ગ્રહણ છે. વળી, 'સઅર્થથી' કહ્યું તેનો અર્થ એ છે કે તે સૂત્રના જે યથાર્થ અર્થો વર્તે છે તે અર્થથી સહિત છએ આવશ્યકોનું ગ્રહણ છે. 'સગ્રંથથી' કહ્યું તેનો અર્થ એ છે કે તે છ આવશ્યકો સૂત્ર અને અર્થ એમ ઉભયનું ગ્રહણ છે. 'સનિર્યુક્તિથી' લખ્યું તેનો અર્થ એ છે કે તે છ આવશ્યકસૂત્રના અર્થોને વિશેષરૂપે પ્રકાશન કરવા અર્થે ચૌદપૂર્વધર આ. શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજા આદિ દ્વારા જે નિર્યુક્તિ રચાઈ છે તે નિર્યુક્તિથી સહિત આ છ આવશ્યકોનું ગ્રહણ છે. વળી, 'સસંગ્રહણીથી' કહ્યું તેનો અર્થ એ છે કે તે આવશ્યકના અર્થોને સંગ્રહ કરનારા અન્ય ગ્રંથોનું ગ્રહણ છે.

આ સર્વથી યુક્ત એવાં છ આવશ્યકો જીવને કઈ રીતે સંસારના ભાવોથી બહાર કાઢીને ગુણોનું આધાન કરે છે ? તે ગુણોને અને સામાયિકકાળમાં વર્તતા એવા જે શ્રેષ્ઠ ભાવો છે તે ભાવોને અરિહંત ભગવંતોએ જે રીતે કહ્યા છે તે રીતે જે મહાત્માઓ જાણવા યત્ન કરે છે, જાણીને સ્થિર કરવા યત્ન કરે છે અને સ્થિર કરાયેલા તે ભાવો પ્રત્યે પોતાનો પક્ષપાત અતિશયિત કરવા અર્થે સાધુ પક્ખીસૂત્રમાં બોલે છે કે 'તે ભાવોની હું શ્રદ્ધા કરું છું' અર્થાત્ 'જે ભાવો જે પ્રકારે ભગવાને કહ્યા છે તે ભાવો તે પ્રકારે જ છે, તે પ્રકારની સ્થિર રુચિને હું કરું છું' આ પ્રમાણે બોલનાર સાધુ તે ભાવોને જાણ્યા પછી પણ જાણેલા ભાવોને શક્તિ અનુસાર અતિશયિત-અતિશયિત જાણવા અવશ્ય પ્રયત્ન કરે; કેમ કે 'જેને જેમાં રુચિ હોય તેને તેમાં નિપુણતા મેળવવાની અવશ્ય અર્થિતા હોય' તે પ્રકારના નિયમથી તે ભાવોમાં રુચિવાળા સાધુ તે છ આવશ્યકના સૂક્ષ્મ-સૂક્ષ્મતર પરમાર્થને જાણીને તે છ આવશ્યકના બળથી સામાયિકના પરિણામના પ્રકર્ષને પામે છે.

વળી, સાધુ કહે છે કે 'હું માત્ર શ્રદ્ધા કરતો નથી, પરંતુ પ્રીતિપૂર્વક તેનો સ્વીકાર કરું છું' અર્થાત્ ભગવાને આ છ આવશ્યકના જે ભાવો કહ્યા છે તે જ

ભાવોને મારામાં નિષ્પન્ન કરવા અર્થે તેનો પ્રીતિપૂર્વક સ્વીકાર કરું છું. વળી, આ જ ભાવો મને રુચે છે=છ આવશ્યકના જે ભાવો ભગવાને કહ્યા છે તે જ ભાવોને મારામાં નિષ્પન્ન કરવાની રુચિ મારામાં વર્તે છે. વળી, 'હું આ જ ભાવોને મારી શક્તિ અનુસાર સ્પર્શું છું' આ પ્રકારે બોલીને છ આવશ્યકના ભાવોને સ્પર્શવાને અનુકૂળ પોતાનું વીર્ય સાધુ ઉલ્લસિત કરે છે. 'હું આ જ ભાવોનું યથાર્થ પાલન કરું છું=શક્તિ અનુસાર તે ભાવોને સ્પર્શ્યા પછી તે ભાવો મારામાંથી નાશ ન પામે તે રીતે તેનું પાલન કરું છું. વળી વારંવાર તેનું અનુપાલન કરું છું અર્થાત્ ભગવાને કહેલાં છ આવશ્યકને પુનઃ પુનઃ સેવીને મારામાં સ્થિર કરવા યત્ન કરું છું. આ પ્રકારે જે મહાત્માઓ ઉપયોગપૂર્વક પ્રણિધાન કરે છે તેઓ વારંવાર છ આવશ્યકના પરમાર્થને સ્પર્શવા અને સ્થિર કરવા સદા ઉદ્યમ કરે છે.

**સૂત્ર :-**

**ते भावे सद्दहंतेहिं पत्तिअंतेहिं रोअंतेहिं फासंतेहिं पालंतेहिं अणुपालंतेहिं अंतोपक्खस्स जं वाइअं पढिअं परिअट्टिअं पुच्छिअं अणुपेहिअं अणुपालिअं, तं दुक्खक्खयाए कम्मक्खयाए मुक्खयाए बोहिलाभाए संसारुत्तारणाए त्ति कट्टु उवसंपज्जित्ता णं विहरामि ।।**

**સૂત્રાર્થ :-**

**તે ભાવને=છ આવશ્યકના જે ભાવો તીર્થંકરોએ કહ્યા છે તે ભાવોને, શ્રદ્ધા કરતાં, સ્વીકાર કરતાં, રુચિનો વિષય કરતાં, સ્પર્શતાં, પાલન કરતાં અને અનુપાલન કરતાં મારા વડે એક પક્ષની=પંદર દિવસની, અંદર જે વાચિત હોય, પઠિત હોય, પરિવર્તિત હોય, પૃચ્છિત હોય, અનુપ્રેક્ષિત હોય, અનુપાલિત હોય તે દુઃખક્ષય માટે, કર્મક્ષય માટે, મોક્ષ માટે, બોધિલાભ માટે, સંસારના ઉત્તરણ માટે છે, એથી કરીને અંગીકાર કરીને હું વિહરું છું=માસકલ્પ આદિ સાધુવિહારમાં હું વર્તું છું.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં સામાન્યથી છ આવશ્યકનું સ્વરૂપ બતાવ્યું. તે છ આવશ્યક જે

ભાવોથી ભગવાને સેવવાનાં કહ્યાં છે તે ભાવોથી જે મહાત્માઓ સેવે છે, તેઓ ઉત્તરોત્તર સામાયિકના પરિણામની વૃદ્ધિ દ્વારા વીતરાગભાવની શક્તિનો સંચય કરે છે અને અંતે તે છ આવશ્યકના બળથી વીતરાગ, સર્વજ્ઞ બને છે. તે ભાવોને પોતાના જીવનમાં અતિશય સ્થિર કરવા અર્થે મહાત્મા બોલે છે કે 'તે છ આવશ્યકના જે ભાવો ભગવાને કહ્યા છે તે ભાવોની હું તે પ્રકારે જ શ્રદ્ધા કરું છું, જે ભાવો ભગવાને કહ્યા છે તેને સેવન કરવાનો હું સ્વીકાર કરું છું, જે ભાવથી ભગવાને સેવવાના કહ્યા છે, તે ભાવથી જ સેવવાની રુચિનો અતિશય કરું છું. તે ભાવના આસેવનથી તે ભાવને હું સ્પર્શ કરું છું. તે ભાવોને જીવનમાં આત્મસાત્ કરવા તેનું હું પાલન કરું છું અને શક્તિના પ્રકર્ષથી તે ભાવોનું પુનઃ પુનઃ અનુપાલન કરું છું.

આ ભાવોને કરતા એવા મારા વડે તે ભાવોને અત્યંત સ્થિર કરવા અર્થે અન્ય યોગ્ય જીવોને તે ભાવોની વાચના અપાઈ છે, મારા વડે સ્વયં તે ભાવોનું પુનઃ પુનઃ પઠન કરાયું છે, તે ભાવોના અર્થોને બતાવનારાં સૂત્રોનું પરિવર્તન કરાયું છે, કોઈક સ્થાનમાં પદાર્થોનો સ્પષ્ટ નિર્ણય ન હોય તે સ્થાનમાં ગુરુ આદિને પુછાયું છે અને તેના અર્થોનું અનુપ્રેક્ષણ કરાયું છે જેથી તે ભાવો પોતાનામાં અતિશયિત થાય. વળી, તે ભાવોને આત્મામાં અત્યંત સ્થિર કરવા માટે છ આવશ્યકનું અનુપાલન કરાયું=નિરતિચારપણે આરાધ્યું, છે.

શેના માટે પોતે આ પ્રકારનો યત્ન કર્યો ? તેના માટે કહે છે –

સંસારનાં દુઃખોના ક્ષય માટે, સંસારનાં દુઃખોના કારણભૂત એવાં કર્મોના ક્ષય માટે, કર્મથી મુક્ત થવારૂપ મોક્ષ માટે આ સર્વ કરાયું છે.

કઈ રીતે આ સર્વ છ આવશ્યકની આરાધના કરવાથી દુઃખક્ષય આદિ થાય ? તેથી કહે છે –

બોધિલાભ માટે કરાયું છે અર્થાત્ આ સર્વ અત્યંત રુચિપૂર્વક કરવાથી પોતાને નિર્મળ કોટિના બોધિની પ્રાપ્તિ થાય. નિર્મલ બોધિની પ્રાપ્તિ થયેલી હોય તો ક્ષાયિક બોધિની પ્રાપ્તિ થાય અને ક્ષાયિક બોધિની પ્રાપ્તિ થઈ હોય તો અપ્રમાદથી સંયમમાં યત્ન થાય તેવા નૈશ્ચયિક બોધિની પ્રાપ્તિ થાય; કેમ કે નૈશ્ચયિક બોધિના લાભથી સંસારથી ઉત્તરણ થાય છે. જેથી પૂર્વમાં કહેલા

દુઃખક્ષયાદિ થાય છે. તે સંસારના ઉત્તરણના પ્રયોજનથી છ આવશ્યકના ભાવોને સ્થિર કરવા માટેના પ્રયત્નને સ્વીકારીને હું માસકલ્પ આદિપૂર્વક સંયમના ઉચિત વિહારોથી વિહરું છું.

આ પ્રકારે જે મહાત્માઓ અત્યંત ઉપયોગપૂર્વક બોલે છે તેઓમાં, ભગવાને કહેલાં છ આવશ્યક જે ભાવોથી ભગવાને સેવવાનાં કહ્યાં છે તે પ્રમાણે સેવવા માટે, વિપુલ પ્રમાણમાં સદ્વીર્ય સંચય થાય છે. તેના બળથી તે મહાત્માઓ સમભાવના પરિણામરૂપ સામાયિકના કંડકોની વૃદ્ધિને પ્રાપ્ત કરે છે. તેથી પવિત્ર થયેલું ચિત્ત વર્તમાનમાં પણ ક્લેશ વગરનું બને છે અને અક્લેશની પરંપરા દ્વારા ક્રમે કરીને સર્વ ક્લેશ રહિત એવા મોક્ષસુખને પ્રાપ્ત કરે છે.

**અવતરણિકા :-**

**પૂર્વમાં કહ્યું કે, છ આવશ્યકના જે ભાવો ભગવાને કહ્યા છે તે ભાવોને શ્રદ્ધા આદિપૂર્વક હું અનુપાલન કરું છું અને તેને સ્વીકારીને જ હું સંયમમાં ઉદ્યમ કરું છું. આ કથનને દઢ કરવા અર્થે તે ભાવોને સમ્યક્ કરવામાં અનાભોગ આદિથી કંઈક પ્રમાદ થયો હોય તો તે પ્રમાદ પ્રત્યે જુગુપ્સા કરવા અર્થે અને તે પ્રમાદ પ્રત્યે જુગુપ્સા કરીને છ આવશ્યકના ભાવોને પોતાના જીવનમાં દઢ કરવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**अंतोपक्खस्स जं न वाइअं, न पढिअं, न परिअट्टिअं, न पुच्छिअं, नाणुपेहिअं, नाणुपालिअं, संते बले, संते वीरिए, संते पुरिसकारपरक्कमे, तस्स आलोएमो पडिक्कमामो निंदामो गरिहामो विउट्टेमो विसोहेमो अकरणयाए अब्भुट्ठेमो अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जामो, तस्स मिच्छा मि दुक्कडं ।।**

**સૂત્રાર્થ :-**

**એક પક્ષની અંદર જે=છ આવશ્યકના ભાવોની વૃદ્ધિને અનુકૂળ જે, સૂત્રની વાચના ન અપાઈ હોય, પોતે સ્વયં પઠન કર્યું ન હોય, પરિવર્તન કર્યું ન હોય, શંકા થઈ હોય ત્યાં પૃચ્છા કરીને સમાધાન ન**

**મેળવ્યું હોય, અનુપ્રેક્ષણ કર્યું ન હોય, અને તે તે ભાવોને અનુકૂળ જે કૃત્યો હોય તેનું અનુપાલન કર્યું ન હોય.**

ક્યારે કર્યું ન હોય ? તેથી કહે છે –

**પોતાનું બળ હોતે છતે, પોતાનું વીર્ય હોતે છતે, પોતાનો પુરુષકાર કરવાનું પરાક્રમ હોતે છતે, ન કર્યું હોય, તેની હું આલોચના કરું છું, પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, ગર્હા કરું છું, તે પ્રમાદનું હું વિત્રોટન કરું છું, વિશુદ્ધિને કરું છું અને ફરી તેવા પ્રકારનો પ્રમાદ ન કરવા માટે અભ્યુત્થિત થયેલો હું છું. તેની શુદ્ધિ માટે યથાયોગ્ય=જે પ્રકારે પ્રમાદ થયો છે તેને યોગ્ય, એવું તપકર્મરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકારું છું અને તે પ્રમાદનું મિચ્છા મિ દુક્કડં આપું છું=‘તે મારું પાપ મિથ્યા થાઓ’ એવો અભિલાષ કરું છું.**

**ભાવાર્થ :-**

સાધુ શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષ એમ બંને પક્ષમાં પક્ખીપ્રતિક્રમણ કરે છે. પક્ખીપ્રતિક્રમણ વખતે આખા પક્ષ દરમિયાન છ આવશ્યકને અતિશય કરવા જે યત્ન કરાયો હોય તેને દૃઢ કરવા અર્થે પૂર્વમાં કહેલું કે ‘પક્ષની અંદર જે મેં વાચનાથી વાચિત હોય, પઠનથી પઠિત હોય તે સર્વને સ્વીકારીને હું વિહરું છું’.

હવે પક્ષ દરમિયાન છ આવશ્યકના ભાવોને ભગવાને જે ભાવથી કહ્યા છે તે ભાવોથી સેવવાની બળવાન રુચિ હોવા છતાં અનાદિના ભવઅભ્યસ્ત પ્રમાદને વશ - (૧) પોતાનું શરીરનું બળ હોય, (૨) તે ભાવોને અતિશયિત કરવા સક્ષમ અંતરંગ વીર્ય હોય, (૩) સાવધાન થઈને પ્રયત્ન કરે તો તે ભાવોને અતિશયિત કરી શકે તેવા પુરુષકારનું=પુરુષાર્થનું, પરાક્રમ હોય; આમ છતાં તે છ આવશ્યકના ભાવોની વૃદ્ધિને અનુકૂળ જે વાચના આપી ન હોય, જે પઠન કર્યું ન હોય, જે પરાવર્તન આવશ્યક હોય તે પરાવર્તન કર્યું ન હોય અર્થાત્ જે સૂત્રોના પરાવર્તનથી તે ભાવો વૃદ્ધિ પામે તેમ હોવા છતાં પરાવર્તન કર્યું ન હોય, કોઈક સ્થાનમાં સંશય હોય છતાં યોગ્ય સ્થાને પૃચ્છા કરીને તે સંશયનું નિવારણ કર્યું ન હોય, વળી સૂત્ર આદિનું પરાવર્તન કરતી

વખતે તે ભાવો પોતાનામાં વૃદ્ધિ પામે તેને અનુકૂળ અનુપ્રેક્ષા કરી ન હોય, જેના કારણે તે ઉત્તમ ભાવો પોતાનામાં અતિશયિત થયા ન હોય અને તે છ આવશ્યકના ભાવોને અતિશયિત કરવા અર્થે જે અનુપાલન કરવા યોગ્ય ઉચિત કૃત્યો હોય તેનું અનુપાલન કર્યું ન હોય તે સર્વને સ્મૃતિ દ્વારા ઉપસ્થિત કરીને તે પ્રમાદની હું આલોચના કરું છું. જેથી તે પ્રમાદની શુદ્ધિ થાય. વળી, તે પ્રમાદથી હું પ્રતિક્રમણ કરું છું અર્થાત્ અંતઃકરણના પરિણામથી પાછો ફરું છું. વળી, થયેલા તે પ્રમાદની હું આત્મામાં અત્યંત જુગુપ્સા થાય તદર્થે આત્મસાક્ષીથી નિંદા કરું છું, ગુરુ આદિ સાક્ષીએ ગર્હા કરું છું. વળી, તે પાપને હું મારા આત્મામાંથી વિત્રોટન કરું છું અર્થાત્ તેવા પ્રમાદના સંસ્કારો હવે અનુવૃત્તિરૂપે ન રહે તે રીતે હું દૂર કરું છું. વળી, તે પાપોથી મલિન થયેલા મારા આત્માનું વિશોધન કરું છું અને હવે તે પાપ નહીં કરવાના પરિણામથી અભ્યુત્થિત થયેલો હું છું અને જે પ્રકારે મારાથી પ્રમાદને વશ છ આવશ્યકના ભાવોની વૃદ્ધિ અર્થે શક્તિ હોવા છતાં યત્ન કરાયો ન હોય તેને અનુરૂપ શુદ્ધિ અર્થે તપકર્મરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકારું છું અને તે પાપનું હું મિચ્છા મિ દુક્કડં આપું છું.

આ રીતે દૃઢ પ્રણિધાનપૂર્વક બોલીને મહાત્માઓ છ આવશ્યકને સમ્યક્ સેવવાની શક્તિનો સંચય કરે છે.

**અંગબાહ્ય ઉત્કાલિક સૂત્રનું ઉત્કીર્તન :-**

**અવતરણિકા :-**

**પૂર્વમાં અંગબાહ્ય એવાં છ આવશ્યકનું ઉત્કીર્તન કર્યું. હવે ઉત્કાલિકસૂત્રોના સમુત્કીર્તન માટે કહે છે –**

**સૂત્ર :-**

**नमो तेसिं खमासमणाणं, जेहिं इमं वाइअं अंगबाहिरं उक्कालिअं भगवंतं, तं जहा—दसवेआलिअं, कप्पिआकप्पिअं, चुल्लकप्पसुअं, महा-कप्पसुअं, ओ(उव)वाइअं, रायप्पसेणिअं, जीवाभिगमो पन्नवणा महा-पन्नवणा नंदी अणुओगदाराइं देविंदत्थओ तंदुलवेआलिअं चंदाविज्झयं पमायप्पमायं पोरिसिमंडलं मंडलप्पवेसो गणिविज्जा विज्जाचरण-**

**विणिच्छओ झाणविभत्ती मरणविभत्ती आयविसोही संलेहणासुअं वीयरायसुअं विहारकप्पो चरणविही आउरपच्चक्खाणं महा-पच्चक्खाणं ।।**

**સૂત્રાર્થ :-**

**તે ક્ષમાશ્રમણોને હું નમસ્કાર કરું છું જેઓ વડે ઉત્કાલિક ભગવાન એવું આ અંગબાહ્ય વાચિક છે=રચના કરાઈ છે.**

**તે આ પ્રમાણે –**

**દશવૈકાલિકસૂત્ર, કલ્પિકાકલ્પિકસૂત્ર, ચુલ્લકલ્પસૂત્ર, મહાકલ્પસૂત્ર, ઔપપાતિકસૂત્ર, રાજપ્રશ્નીયસૂત્ર, જીવાજીવાભિગમસૂત્ર, પ્રજ્ઞાપનાસૂત્ર, મહાપ્રજ્ઞાપનાસૂત્ર, નંદીસૂત્ર, અનુયોગદ્વારસૂત્ર, દેવેંદ્રસ્તવસૂત્ર, તંદુલ-વૈચારિકસૂત્ર, ચંદ્રાવેધ્યકસૂત્ર, પ્રમાદાપ્રમાદસૂત્ર, પોરિસિમંડલસૂત્ર, મંડલ-પ્રવેશસૂત્ર, ગણિવિદ્યાસૂત્ર, વિદ્યાચરણવિનિશ્ચયસૂત્ર, ધ્યાનવિભક્તિસૂત્ર, મરણવિભક્તિસૂત્ર, આત્મવિશોધિસૂત્ર, સંલેખનાસૂત્ર, વીતરાગસૂત્ર, વિહારકલ્પસૂત્ર, ચરણવિધિસૂત્ર, આતુરપ્રત્યાખ્યાનસૂત્ર, મહાપ્રત્યાખ્યાન-સૂત્ર ॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં છ આવશ્યકને કહેનારા ભગવાનના વચનથી આત્માને ભાવિત કરવા માટે ઉચિત વર્ણન કર્યું. હવે મહાત્માઓ તેનાથી ભાવિત થયા પછી ઉત્કાલિકસૂત્રથી આત્માને ભાવિત કરવા માટે પ્રયત્ન કરતા પૂર્વે તે સર્વ ઉત્કાલિક સૂત્રના કર્તાઓને નમસ્કાર કરીને તે ઉત્કાલિકસૂત્રનાં નામોનું સ્મરણ કરે છે. જેથી નામસ્મરણથી પણ તે ગ્રંથો કઈ રીતે આત્માના સદ્વીર્યને ઉલ્લસિત કરીને સામાયિકના કંડકોની વૃદ્ધિનું કારણ બને છે ? તેનું સ્મરણ થાય. તે બતાવતાં પ્રથમ કહે છે કે –

'જે ક્ષમાશ્રમણ એવા સાધુઓએ ઉત્કાલિક એવું અંગબાહ્યસૂત્ર રચ્યું છે તેઓને હું નમસ્કાર કરું છું'. આનાથી એ પ્રાપ્ત થાય કે દ્વાદશાંગીની રચના ગણધરોએ

કરી છે. ત્યારપછીના પૂર્વધર એવા મહર્ષિઓએ જીવોના ઉપકાર અર્થે દ્વાદશાંગીથી બાહ્ય એવું ઉત્કાલિકસૂત્ર રચ્યું છે. તે સૂત્રથી પણ ભગવાને કહેલા ભાવોની પ્રાપ્તિ થાય છે. તેથી સાધુ તે સૂત્રથી સદા આત્માને વાસિત કરીને સંયમની વૃદ્ધિના કંડકોને પ્રાપ્ત કરે છે. તે ઉત્કાલિકસૂત્રો આ પ્રમાણે છે –

**(૧) દશવૈકાલિકસૂત્ર :-**

અપરાહ્નરૂપ વિકાળમાં આ સૂત્રની રચના કરાઈ છે તેથી વૈકાલિકસૂત્ર કહેવાય છે. તેનાં દસ અધ્યયનો છે તેથી દશવૈકાલિકસૂત્ર કહેવાય છે. ચૌદપૂર્વધર શ્રુતકેવલી પૂ. આ. ભ. શ્રી શય્યંભવસૂરીશ્વરજી મહારાજાએ પોતાના પુત્ર મનકમુનિને છ માસના અત્યંત ટૂંકા આયુષ્યમાં સંયમથી અત્યંત વાસિત કરવા અર્થે સંયમના સારભૂત ભાવોને ગ્રહણ કરીને આ દશવૈકાલિકસૂત્રની રચના કરી છે. જે સાધુ દશવૈકાલિકસૂત્રથી પોતાના આત્માને વાસિત કરે છે તેઓના સંયમની શુદ્ધિ અતિશય-અતિશયતર થાય છે.

**(૨) કલ્પિકાકલ્પિકસૂત્ર :-**

સાધુને કલ્પ્ય શું છે ? અને અકલ્પ્ય શું છે ? તેનું પ્રતિપાદક આ કલ્પિકાકલ્પિક નામનું અંગબાહ્ય સૂત્ર છે. આ સૂત્રના ભાવનથી સાધુ અકલ્પ્યના પરિહાર માટે અને કલ્પ્યના સેવન માટે ઉદ્યમ કરીને સંયમની શુદ્ધિ કરી શકે છે.

**(૩) ચુલ્લકલ્પસૂત્ર :-**

આ સૂત્રમાં સ્થવિરકલ્પ, જિનકલ્પ આદિનું પ્રતિપાદન છે. આ સૂત્રના ભાવનથી સાધુને સ્થવિરકલ્પના આચારોનો અને જિનકલ્પના આચારોનો બોધ પ્રાપ્ત થાય છે. તેમાં શક્તિ અનુસાર ઉદ્યમ કરીને સાધુ સંયમની શુદ્ધિને પ્રાપ્ત કરે છે.

**(૪) મહાકલ્પસૂત્ર :-**

ચુલ્લકલ્પસૂત્રમાં જે કથન કર્યું છે તે અલ્પ પ્રમાણમાં છે અને તેનો વિસ્તાર મહાકલ્પસૂત્રમાં છે. આ સૂત્રના ભાવનથી સાધુના સંયમની શુદ્ધિ થાય છે.

**(૫) ઔપપાતિકસૂત્ર :-**

જે ગ્રંથમાં દેવ અને નારકના જન્મનો ઉપપાત તથા સિદ્ધિગતિમાં જનારાના

સિદ્ધિગમનનો ઉપપાત વર્ણન કરાયો છે તે આ ઔપપાતિકસૂત્ર નામનું ઉપાંગસૂત્ર છે. તેના ભાવનથી સાધુને સંસારના સ્વરૂપનો અને મોક્ષના સ્વરૂપનો યથાર્થ બોધ થાય છે. જે જાણીને સાધુ સંસારથી છૂટવા અને મોક્ષને પ્રાપ્ત કરવાનો અભિલાષ તીવ્ર કરી સંયમની શુદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

**(૬) રાજપ્રશ્નીયસૂત્ર :-**

પ્રદેશીરાજા અને કેશી ગણધર ભગવંતની પ્રશ્નોત્તરી તથા સૂર્યાભદેવ અને વીરપ્રભુની પ્રશ્નોત્તરી આદિનું જેમાં વર્ણન છે તે આ રાજપ્રશ્નીયસૂત્ર નામનું ઉપાંગસૂત્ર છે. સાધુ તે પ્રશ્નોનું અને તે પ્રશ્નોના કેશી ગણધર તથા વીરપ્રભુ દ્વારા અપાયેલા પ્રત્યુત્તરોનું ભાવન કરીને સંયમના કંડકોની વૃદ્ધિ કરી શકે છે.

**(૭) જીવાજીવાભિગમસૂત્ર :-**

જીવ અને અજીવનું જેમાં વિસ્તારથી વર્ણન કરાયેલું છે તે આ જીવાજીવાભિગમસૂત્ર નામનું ઉપાંગસૂત્ર છે. આ સૂત્રમાં વર્ણવાયેલા જીવ અને અજીવનો સૂક્ષ્મ બોધ પ્રાપ્ત કરીને સાધુ તે તે જીવોની જયણાપાલન, તે તે અજીવોથી પોતાના આત્માનો ભેદ આદિ કરવાપૂર્વક પોતાના સંયમની વૃદ્ધિ કરી શકે છે.

**(૮) પ્રજ્ઞાપનાસૂત્ર :-**

જીવ આદિ પદાર્થોને કહેનારાં ૩૬ અધ્યયનો જેમાં છે તે આ પ્રજ્ઞાપનાસૂત્ર નામનું ઉપાંગસૂત્ર છે. આ પ્રજ્ઞાપનાસૂત્રના પદાર્થોનું અધ્યયન કરીને સાધુને શાસ્ત્રીય પદાર્થોનો સૂક્ષ્મ બોધ થાય છે. તે બોધથી ભાવિત થયેલા સાધુનું સંયમ શુદ્ધિને પામે છે.

**(૯) મહાપ્રજ્ઞાપનાસૂત્ર :-**

પ્રજ્ઞાપનાસૂત્રની અંદર જે પદાર્થો કહેવાયાં છે તેનું જ વિસ્તારથી વર્ણન મહાપ્રજ્ઞાપનાસૂત્રમાં કરાયેલું છે.

**(૧૦) નંદીસૂત્ર :-**

નંદીસૂત્રમાં મતિજ્ઞાન આદિ પાંચ જ્ઞાનોના સ્વરૂપનું વિસ્તારથી વર્ણન છે.

આ વર્ણન સાંભળવામાત્રથી યોગ્ય જીવોને આનંદ પેદા થાય છે. માટે આ સૂત્રને નંદીસૂત્ર કહેવાય છે.

**(૧૧) અનુયોગદ્વારસૂત્ર :-**

અનુયોગ એટલે વ્યાખ્યાન, તેનાં ઉપક્રમ આદિ ચાર દ્વારો છે તે અનુયોગદ્વાર. તેના સ્વરૂપનું પ્રતિપાદક અધ્યયનવિશેષ અનુયોગદ્વાર કહેવાય છે. આ ગ્રંથના અધ્યયનથી આગમમાં સુખપૂર્વક પ્રવેશ થાય છે. આગમના વ્યાખ્યાનનાં ઉપક્રમ આદિ દ્વારો છે, જેનો વિશેષ બોધ અનુયોગદ્વારસૂત્રના અભ્યાસથી થાય છે. તેથી યોગ્ય શ્રોતા સુખપૂર્વક આગમના અર્થોને ગ્રહણ કરી શકે છે.

**(૧૨) દેવેન્દ્રસ્તવસૂત્ર :-**

દેવેંદ્ર=ચમર, વૈરોચન આદિ ઇંદ્ર, તે દેવોનું સ્તવન=ભવન, સ્થિતિ, સ્વરૂપ આદિનું વર્ણન જેમાં છે એ શાસ્ત્ર દેવેન્દ્રસ્તવ કહેવાય છે. જેનાથી ધર્મ સેવનારા જીવોને દેવભવમાં કેવી ઉત્તમ સામગ્રી મળે છે ? તેનો સમ્યક્ રીતે બોધ થાય છે. ધર્મના સેવનનું આ શ્રેષ્ઠ ફળ છે (ધર્મના સેવનનું શ્રેષ્ઠ ફળ મોક્ષ છે, તે પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સંસારની શ્રેષ્ઠ પદવી ઇંદ્રપણું આદિ છે, જેની પ્રાપ્તિ ધર્મના સેવનનું ફળ છે) તેવો બોધ થવાથી ધર્મની પ્રવૃત્તિમાં ઉત્સાહ થાય છે; કેમ કે મોક્ષ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પણ ધર્મના સેવનના બળથી આવા ઉત્તમ દેવભવોની પ્રાપ્તિ થાય છે.

**(૧૩) તંદુલવૈચારિકસૂત્ર :-**

સો વર્ષના આયુષ્યવાળા પુરુષથી પ્રતિદિન ભોગ્ય એવા તંદુલ=ચોખાની સંખ્યાના વિચારથી ઉપલક્ષિત ગ્રંથવિશેષ તે તંદુલવૈચારિકસૂત્ર છે.

**(૧૪) ચંદ્રાવેધ્યકસૂત્ર :-**

ચંદ્ર=રાધા નામની યાંત્રિક પૂતળીની આંખની કીકી, મર્યાદાથી વીંધાય છે, તે જ તેનો આવેધક કહેવાય=ચંદ્રલક્ષ્ય આવેધક કહેવાય=રાધાવેધક કહેવાય. આ આગમમાં રાધાવેધ સાધવો કેવો અતિ દુષ્કર છે ? તેનું વર્ણન છે અને તેની ઉપમા દ્વારા મરણની આરાધના સાધુએ કઈ રીતે કરવી જોઈએ ?=રાધાવેધ સાધનારા પુરુષના અત્યંત અપ્રમત્ત યત્નની જેમ મરણસમયની આરાધના

કરવી જોઈએ, જેથી ઉત્તરના ભવની વિશેષ પ્રકારે પ્રાપ્તિ થાય તેને પ્રતિપાદન કરનાર આ શાસ્ત્ર છે.

**(૧૫) પ્રમાદાપ્રમાદસૂત્ર :-**

પ્રમાદ અને અપ્રમાદના સ્વરૂપના ભેદને તથા પ્રમાદ અને અપ્રમાદના ફળને પ્રતિપાદન કરનાર જે સૂત્ર છે તે પ્રમાદઅપ્રમાદસૂત્ર છે. આ ગ્રંથના અધ્યયનથી સાધુને બોધ થાય છે કે પ્રમાદને કારણે મહાકર્મબંધપ્રભવ=વિપુલ એવા કર્મબંધમાંથી ઉત્પન્ન થયેલ, નહીં બુઝાયેલા દુઃખરૂપી દાવાનલની જ્વાલાના સમૂહ જેવું આ સંસારવાસરૂપ ગૃહ છે. તેમાંથી બહાર નીકળવાનો ઉપાય વીતરાગપ્રણીત ધર્મરૂપ ચિંતામણિ છે. તેથી આ પ્રમાદાપ્રમાદસૂત્રના અધ્યયનથી સંસારથી ભય પામેલા જીવો પ્રમાદનો ત્યાગ કરીને અપ્રમાદ માટેનો યત્ન કરવા ઉત્સાહિત બને છે.

**(૧૬) પૌરુષીમંડલસૂત્ર :-**

જ્યારે સર્વ વસ્તુઓની સ્વપ્રમાણ છાયા થાય છે ત્યારે પૌરુષી=પોરિસી, થઈ કહેવાય છે. તે પ્રમાણે પૌરુષીનું પ્રમાણ ઉત્તરાયણના અંતમાં અને દક્ષિણાયનની આદિમાં એક દિવસ (સરખું) થાય છે. ત્યાર પછી બીજા આદિ દિવસોમાં અંગુલના ૮/૬૧ ભાગો દક્ષિણાયનમાં વધે છે અને ઉત્તરાયણમાં ઘટે છે. આ પ્રમાણે પૌરુષીના મંડલમાં અન્ય અન્ય પ્રતિપાદન કરાય છે, તે અધ્યયન પૌરુષીમંડલસૂત્ર કહેવાય છે. આ ગ્રંથના બળથી સાધુ સંયમને અનુકૂળ તે તે ક્રિયાનો ઉચિત સમય નક્કી કરી શકે છે અને તેના બળથી ઉચિત સમયે ઉચિત પ્રવૃત્તિ કરી શકે છે.

**(૧૭) મંડલપ્રવેશસૂત્ર :-**

જે ગ્રંથમાં સૂર્ય અને ચંદ્રના દક્ષિણ અને ઉત્તરના મંડલના પ્રવેશનું વર્ણન કરાય છે તે ગ્રંથ મંડલપ્રવેશ નામનું શાસ્ત્ર છે.

**(૧૮) ગણિવિદ્યાસૂત્ર :-**

ગણનો સમુદાય છે જેને તે ગણિ=આચાર્ય, તેની વિદ્યા=જ્ઞાન, તે ગણિવિદ્યા. ત્યાં ગણિવિદ્યાનું જ્ઞાન અવિશેષ હોવા છતાં પણ આચાર્યને પ્રવ્રજ્યાદિના

કાર્યોમાં જ્યોતિષ, નિમિત્ત આદિનું જ્ઞાન ઉપયોગી હોવાથી આ ગણિવિદ્યાસૂત્ર ગ્રંથમાં જ્યોતિષ તથા નિમિત્તના વિશેષ જ્ઞાનની પ્રરૂપણા છે.

**(૧૯) વિદ્યાચરણવિનિશ્ચયસૂત્ર :-**

વિદ્યા=જ્ઞાન, અને ચરણ=ચારિત્ર, અને તે બેના ફળનો વિનિશ્ચય તે વિદ્યાચરણવિનિશ્ચય. આ પ્રકારના શબ્દાર્થને બતાવનાર જે ગ્રંથ તે વિદ્યાચરણ-વિનિશ્ચયસૂત્ર. સમ્યગ્દર્શનથી યુક્ત એવા સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું કેવું શ્રેષ્ઠ ફળ છે ? તેનો યથાર્થ નિર્ણય થાય તેવા પદાર્થનું નિરૂપણ કરનાર આ ગ્રંથ છે. જેનાથી ભાવિત થયેલા સાધુ રત્નત્રયીના શ્રેષ્ઠ ફળને જાણીને અપ્રમાદભાવથી રત્નત્રયીને સેવવામાં ઉદ્યમ કરી શકે છે.

**(૨૦) ધ્યાનવિભક્તિસૂત્ર :-**

ધ્યાન=આર્તધ્યાન આદિ ચાર ધ્યાન, તે ધ્યાનોની વિભક્તિ=વિભાજન, છે જેમાં તે ધ્યાનવિભક્તિ છે. આ ધ્યાનવિભક્તિસૂત્રના ભાવનથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના ભાવો કેવા પ્રકારના હોય છે ? અને ધર્મધ્યાન તથા શુક્લધ્યાનના ભાવો કેવા પ્રકારના હોય છે ? તેનો યથાર્થ બોધ કરીને સાધુ દુર્ધ્યાનના પરિહારમાં અને શુભધ્યાનના સેવનમાં ઉદ્યમ કરી શકે છે.

**(૨૧) મરણવિભક્તિસૂત્ર :-**

પ્રત્યેક સમયે પ્રાણત્યાગ વર્તે છે, જે મરણ કહેવાય છે. આ મરણ આવિચિમરણ આદિ સત્તર પ્રકારે થાય છે, જેનું વર્ણન મરણવિભક્તિસૂત્ર નામના ગ્રંથમાં છે.

(i) **આવિચિમરણ** :- પ્રત્યેક સમયે આયુષ્યના વિલયથી થતું મરણ તે આવિચિમરણ.

(ii) **અવધિમરણ** :- કોઈ જીવ નારક આદિ ભવના કારણપણાથી આયુષ્યકર્મના દલિકોનો અનુભવ કરીને મરે અને ત્યારપછી ફરતાં ફરતાં કોઈ ભવમાં ફરી તે જ પુદ્ગલોને ગ્રહણ કરીને મરણ પામે તો તે અવધિમરણ કહેવાય.

જેમ કોઈ જીવ નારક આદિ ભવમાં જે પુદ્ગલોને ગ્રહણ કરીને મૃત્યુ પામેલો હોય અને ત્યાંથી બીજા ભવોમાં ફરતાં ફરતાં કોઈ રીતે દેવભવમાં

આવે ત્યારે જે નારકભવમાં આયુષ્યના પુદ્ગલોને પૂર્વમાં ગ્રહણ કરેલા તે પુદ્ગલોને ફરી દેવભવમાં દેવરૂપે વેદન કરીને મૃત્યુ પામે તો તે અવધિમરણ કહેવાય.

આનાથી એ ઉપસ્થિત થાય કે એના એ જડ પુદ્ગલો નારક ભવમાં વેદન થતા હતા ત્યારે જીવને મરણની અત્યંત ઇચ્છા હતી છતાં તેના અવધિકાળ સુધી જીવીને તે મૃત્યુ પામે છે અને તેના તે જ પુદ્ગલો દેવ આદિ કોઈક સારા ભવમાં આયુષ્યરૂપે પ્રાપ્ત થયેલા હોય ત્યારે જીવને મરણની લેશ પણ ઇચ્છા નથી, છતાં તેની અવધિ પૂરી થાય એટલે મરણ થાય છે. આ પ્રકારે એક જ પુદ્ગલની વિચિત્રતાનો વિચાર કરવાથી સંસારની અને કર્મની વિચિત્રતાનો બોધ થવાથી આત્મકલ્યાણ માટે જીવનું સદ્વીર્ય ઉલ્લસિત થાય છે.

**(iii) આત્યંતિકમરણ :-** જે નરકઆયુષ્ય આદિ આયુષ્યકર્મના પુદ્ગલોનો અનુભવ કરીને કોઈક જીવ મરે છે અને તે પુદ્ગલોને ગ્રહણ કરીને ફરી તે જીવ ક્યારેય મરશે નહીં અર્થાત્ ફરી તે પુદ્ગલોને ગ્રહણ કરીને મરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તેના પૂર્વે જ તે જીવ અવશ્ય મોક્ષને પ્રાપ્ત કરશે. તે આત્યંતિકમરણ કહેવાય.

**(iv) બલાયમરણ :-** બલવાન મરણના વશથી=અકાળે મરણના વશથી, આર્તધ્યાનપૂર્વક મરણ તે બલાયમરણ છે. જે પ્રમાણે સંયમયોગથી ખિન્ન થયેલા સાધુ કોઈ રીતે દેહનો નાશ થાય તે પ્રકારે તપાદિ કરીને મરે છે તે બલાયમરણ છે.

**(v) અંતઃશલ્યમરણ :-** અંદરમાં શલ્યપૂર્વક મરણ થાય=લજ્જાથી, ગારવને વશથી અથવા બહુશ્રુતપણા આદિના મદથી દુશ્ચારિત્ર પાળીને જે મરણ થાય તે અંતઃશલ્યમરણ છે. જેમ કોઈ સાધુ લજ્જાથી પોતાના દુશ્ચારિત્રને ગુરુ આગળ કહે નહીં, પરંતુ શલ્ય રાખીને મરે તો તે લજ્જાથી અંતઃશલ્યમરણવાળા કહેવાય. વળી, જે સાધુ રસગારવ આદિ સેવીને અતિચારોને પરસ્પર કહે નહીં તો તેઓ ગારવથી સશલ્યમરણને પામે છે. વળી, બહુશ્રુતના મદથી કોઈ સાધુ અતિચારોની શુદ્ધિ કર્યા વગર મૃત્યુ પામે તો તેમનું પણ અંતઃશલ્યમરણ કહેવાય. આ રીતે શલ્ય સહિત મરણ પામીને તે સાધુઓ દુરંત સંસારમાં ભટકે છે.

**(vi) તદ્ભવમરણ :-** અકર્મભૂમિમાં રહેલા મનુષ્ય કે તિર્યંચ છે તેઓ ફરી

તે ભવને પ્રાપ્ત કરતાં નથી તથા દેવતા-નારકો ફરી તે ભવને પ્રાપ્ત કરતા નથી, પરંતુ તેના સિવાયના શેષ જીવો મનુષ્યભવમાંથી મરીને મનુષ્ય થાય ત્યારે તેઓનું જે મરણ થાય તે તદ્ભવમરણ કહેવાય. અથવા તિર્યંચ મરીને ફરી તિર્યંચ થાય ત્યારે જે મરણ થાય તે તદ્ભવમરણ કહેવાય.

**(vii) બાલમરણ :-** જેઓ ધર્મને પામ્યા વગર મનુષ્યભવ યથાતથા પૂર્ણ કરે છે અને મૃત્યુ પામે છે તેઓના મરણને બાલમરણ કહેવાય છે અર્થાત્ જેઓ સંપૂર્ણ અવિરતિમાં મરે છે તેઓનું મરણ બાલમરણ કહેવાય છે.

**(viii) મિશ્રમરણ અર્થાત્ બાલપંડિતમરણ :-** આ મિશ્રમરણ અર્થાત્ બાલપંડિતમરણ દેશવિરતિધર શ્રાવકોને હોય છે. દેશવિરતિધર શ્રાવકો વિધિપૂર્વક અનશન કરીને મૃત્યુ પામે ત્યારે તેઓને સંપૂર્ણ વિરિતનો પરિણામ નહીં હોવાથી અવિરતિના પરિણામરૂપ અંશને આશ્રયીને તેઓનું મરણ બાલમરણરૂપ છે અને દેશવિરતિનો પરિણામ છે, સર્વવિરતિની ઉત્કટ લાલસા છે અને શાસ્ત્રવિધિ અનુસાર અંતિમ સમયની અનશનવિધિમાં ઉદ્યમ છે તે સ્વરૂપ વિરતિના અંશને આશ્રયીને પંડિતમરણ છે. આથી જ પૂર્ણ અનશનવિધિ અનુસાર યત્ન કરીને ઉત્કૃષ્ટથી બારમા દેવલોક સુધી જનારા શ્રાવકોને પણ અવિરતિનો અંશ હોવાથી તેમના મરણને બાલપંડિતમરણ કહેવાય છે.

**(ix) પંડિતમરણ :-** જેઓ સર્વવિરતિને ગ્રહણ કરીને ભાવથી વિરતિના પરિણામપૂર્વક વિધિયુક્ત મરણ પામે છે તેઓનું મરણ પંડિતમરણ છે અર્થાત્ **અનંત મરણના ઉચ્છેદનું કારણ એવું શ્રેષ્ઠ મરણ છે.**

જે સાધુઓ દીક્ષાના પર્યાયથી (પ્રારંભથી) માંડીને જિનવચનથી ભાવિત થઈને અસ્ખલિત અસંગભાવની શક્તિનો સંચય થાય તે રીતે સર્વ ઉચિત કૃત્યો કરે છે અને અસંગનું કારણ ન હોય તેવી નાનામાં નાની ચેષ્ટાનો પરિહાર કરે છે અને સંયમગ્રહણથી માંડીને મૃત્યુકાળની નજીકના કાળમાં અનાભોગ આદિથી જે કોઈ સ્ખલનાઓ થયેલી હોય તે સર્વની પૂર્વમાં જોકે આલોચના કરેલી હોય તોપણ તે સ્ખલનાઓનું અત્યંત સ્મરણ કરીને ફરી ગીતાર્થ આગળ આલોચના કરે છે અને તે ભાવો પ્રત્યે અત્યંત જુગુપ્સા થાય તે પ્રકારે યત્ન કરે છે અને મૃત્યુના આસન્ન કાળને જાણીને અનશનની શક્તિના સંચય અર્થે વિશેષ પ્રકારના

તપથી અને સ્વાધ્યાયથી આત્માને ભાવિત કરીને દેહની અને કષાયોની સંલેખના કરે છે અર્થાત્ દેહને અને કષાયોને કૃશ કરે છે તે રીતે સમાધિપૂર્વક જેઓ કાળ કરે છે તેઓને પંડિતમરણની પ્રાપ્તિ થાય છે.

**(x) છદ્મસ્થમરણ :-** મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની અને વિશિષ્ટ એવા શ્રુતજ્ઞાન અને મતિજ્ઞાન યુક્ત સાધુઓ શાસ્ત્રમતિ અનુસાર નિર્યામણાપૂર્વક મરણ પામે છે તેઓનું મરણ છદ્મસ્થમરણ કહેવાય છે. જોકે સર્વવિરતિધર સાધુ મરણ પામે છે તેઓ પણ છદ્મસ્થ છે, તોપણ વિશેષ પ્રકારનું મનઃપર્યવજ્ઞાન આદિ જ્ઞાન હોવાના કારણે તેઓ કરતાં પણ સંસારના પરિમિતીકરણના સુદૃઢ વ્યાપારપૂર્વક જેઓ મરણ પામે છે તેઓ પંડિતમરણ કરતાં પણ વિશેષ પ્રકારે આરાધનાપૂર્વક મરણ પ્રાપ્ત કરે છે. તેઓનું મરણ છદ્મસ્થમરણ કહેવાય છે.

**(xi) કેવલીમરણ :-** કેવલી અવશ્ય યોગનિરોધપૂર્વક સર્વ કર્મોનો ક્ષય કરીને સંસારનું અંતિમ મરણ પ્રાપ્ત કરે છે. તેઓના મરણને કેવલીમરણ કહેવાય છે.

**(xii) વશાર્તમરણ :-** ઇન્દ્રિય અને વિષયોને વશ જેઓ મરે છે તેઓનું મરણ વશાર્તમરણ કહેવાય છે.

**(xiii) વેહાયસમરણ :-** બંધન આદિ કરીને જેઓ મૃત્યુ પામે છે તે વેહાયસમરણ કહેવાય. મરણોનું સ્વરૂપ જાણીને સાધુ દુષ્ટ મરણોથી પોતાના આત્માનું રક્ષણ કરે છે.

**(xiv) ગૃધ્રપૃષ્ઠમરણ :-** મોક્ષના અર્થે ગીધડાંને પીઠ ખાવા માટે આપીને મૃત્યુ પામે તે ગૃધ્રપૃષ્ઠમરણ છે.

**(xv) ભક્તપરિજ્ઞામરણ :-** જેઓ ચાર પ્રકારના આહાર કે ત્રણ પ્રકારના આહારનો જાવજ્જીવ સુધી ત્યાગ કરીને પચ્ચક્ખાણ કરે અને શાસ્ત્રથી ભાવિત મતિથી દેહનો ત્યાગ કરે તે ભક્તપરિજ્ઞામરણ છે.

**(xvi) ઇંગિનીમરણ :-** પ્રતિનિયત પ્રદેશમાં સ્થિર થઈને ચારે પ્રકારના આહારના ત્યાગપૂર્વક જે મરણ સ્વીકારે તે ઇંગિનીમરણ કહેવાય.

ભક્તપરિજ્ઞામરણમાં મરણ સ્વીકારનાર સાધુ કે શ્રાવક ઉચિત ધર્મપ્રવૃત્તિ

અર્થે સ્થાનાંતરમાં જાય-આવે; જેમ માતરું અર્થે કોઈ સ્થાને જાય અથવા અન્ય કોઈ ઉચિત ક્રિયા કરવા અર્થે સ્થાનાંતરમાં જાય. જ્યારે ઇંગિનીમરણમાં કોઈ સંથારો આદિ કરી નિયતસ્થાનમાં રહીને શાસ્ત્રથી ભાવિત થવા માટે યત્ન કરે અને ચારેય આહારનો ત્યાગ કરે. ફક્ત સ્થિરઆસનમાં બેસવાથી દેહ અકળાઈ જાય અને ધ્યાનમાં ભંગ થતો હોય તો દેહથી માત્ર પડખાં ફેરવવાની ચેષ્ટા કરે તે ઇંગિનીમરણ કહેવાય.

ઇંગિનીમરણ સંયમ અંગીકાર કરેલા એવા સાધુ સ્વીકારે છે, તો ક્વચિત્ શ્રાવકો પણ સ્વીકારે છે, જ્યારે ભક્તપરિજ્ઞામરણ શ્રાવક કે સાધુ બંને સ્વીકારે છે.

**(xvii) પાદપોપગમનમરણ :-** 'પાદપ' એટલે વૃક્ષ અને વૃક્ષની જેમ કાયાને અત્યંત નિશ્ચલ કરીને પહેલા ત્રણ સંઘયણવાળા મહાત્માઓ આત્મભાવમાં સ્થિર થવા માટે યત્ન કરે છે. તેઓ ચારેય આહારના ત્યાગપૂર્વક કોઈક નિયત સ્થાનમાં વૃક્ષની જેમ નિશ્ચલ બેસીને ધ્યાનમાં ઉદ્યમ કરે છે. જેમાં પ્રથમ સંઘયણવાળા મહાત્માને ભાવનો પ્રકર્ષ થાય તો કેવલજ્ઞાન પણ થાય અથવા અન્ય ભવની પ્રાપ્તિ થાય તોપણ ઉત્તમ એવા દેવભવની પ્રાપ્તિ થાય. જેમ શાલિભદ્રમુનિએ પાદપોપગમનઅનશન કર્યું હતું.

આ સત્તર પ્રકારનાં મરણોનું જે આગમમાં વર્ણન છે તે 'મરણવિભક્તિ' નામનું આગમ છે. તે આગમ જે ભાવોથી આ મરણોનું વર્ણન કરે છે તે ભાવોનું તે પ્રકારની શ્રદ્ધા આદિ કરવાથી સાધુનું સદ્વીર્ય ઉચિત મરણ સાધવા માટે સદા ઉલ્લસિત રહે છે અને તેના માટે જ પક્ખીસૂત્રમાં આ સર્વ આગમોને જે ગુણોથી અને જે ભાવોથી ભગવાને કહ્યાં છે. તે ભાવોથી શ્રદ્ધા આદિને સ્થિર કરવા માટે સાધુ પ્રસ્તુત આલાવા બોલે છે.

## (૨૨) આયવિસોહિ અર્થાત્ આત્મવિશોધિસૂત્ર :-

આત્માની=જીવની, આલોચના-પ્રાયશ્ચિત્તના સ્વીકાર આદિ પ્રકારથી કર્મના નિગમનથી વિશુદ્ધિ જે અધ્યયનમાં પ્રતિપાદિત કરાઈ છે તે આત્મવિશોધિઅધ્યયન છે. જે અધ્યયન પ્રત્યે દૃઢ પક્ષપાત કરવાથી પોતાના જીવનમાં સંયમની ઉચિત શુદ્ધિ કરવા માટેનું સદ્વીર્ય સદા ઉલ્લસિત રહે છે.

**(૨૩) સંલેખનાસૂત્ર :-**

દ્રવ્યસંલેખના અને ભાવસંલેખનાનું સ્વરૂપ જેમાં પ્રતિપાદિત કરાયું છે તેવું શાસ્ત્ર સંલેખનાસૂત્ર છે. જેમાં દ્રવ્યસંલેખના 'વિગઈ' આદિના ત્યાગથી અનશન સમયે કરવામાં આવે છે અને ભાવસંલેખના ક્રોધ આદિ કષાયોના પ્રતિપક્ષ ભાવોથી આત્માને ભાવિત કરીને કરાય છે. જે સંલેખનાનું સ્વરૂપ વિચારીને તે ભાવોથી ભાવિત થયેલા સાધુને સ્વભૂમિકા અનુસાર દ્રવ્ય, ભાવ સંલેખનાનું સદ્‌વીર્ય સદા ઉલ્લસિત રહે છે; કેમ કે સાધુ સંયમ ગ્રહણ કરે છે ત્યારથી સ્વભૂમિકા અનુસાર દ્રવ્ય અને ભાવસંલેખનામાં સદા ઉદ્યમવાળા હોય છે તથા મરણ સમયે તેને અતિશયિત કરવા અર્થે યત્ન કરે છે. અનશન સ્વીકારતાં પૂર્વે સાધુ સંલેખના કરે છે તે સંલેખના દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારથી કરે છે, જેનાથી શક્તિનો સંચય થાય ત્યારપછી ઉચિત અનશનને સ્વીકારે છે.

**(૨૪) વીતરાગસૂત્ર :-**

સરાગભાવના ત્યાગપૂર્વક વીતરાગનું સ્વરૂપ જે અધ્યયનમાં પ્રતિપાદિત કરાય છે તે વીતરાગશ્રુત છે. આ અધ્યયનમાં વીતરાગ કેવા સ્વરૂપવાળા હોય છે ? તેનો મર્મસ્પર્શી બોધ થાય છે. જે સાધુ તે વીતરાગશ્રુતને જે ભાવોથી ભગવાને કહ્યું છે તે ભાવોથી તે શ્રુતની શ્રદ્ધા આદિ કરે તો તેને સ્થિર બુદ્ધિ થાય કે **જગતમાં વીતરાગને કોઈ દુઃખ નથી, અવીતરાગને જ સર્વ દુઃખો છે**; કેમ કે વીતરાગ દેહ આદિ અવસ્થામાં પણ ભાવથી દેહથી અત્યંત અસંબંધવાળા અને આત્માના વીતરાગભાવમાં નિષ્ઠાવાળા હોવાથી દેહને થતા ઉપસર્ગો પણ વીતરાગના ચિત્તને વિહ્વળ કરતા નથી. તેથી વીતરાગને વિહ્વળતાકૃત કોઈ ક્લેશ નથી, કર્મકૃત કોઈ ક્લેશ નથી અને કર્મના અનર્થની પરંપરાથી ઉત્પન્ન થનારા ફળરૂપ પણ કોઈ ક્લેશ નથી.

**(૨૫) વિહારકલ્પસૂત્ર :-**

વિહરણં વિહાર છે=સંયમજીવનમાં વર્તન તે વિહાર છે, તેનો કલ્પ=તેની વ્યવસ્થા, જે ગ્રંથમાં કહેવાઈ હોય તે વિહારકલ્પસૂત્ર નામનું આગમ છે. આ આગમની અંદર સ્થવિરકલ્પ, જિનકલ્પ આદિ વિહારોનું વિસ્તારથી વર્ણન છે. તેના શ્રવણથી સાધુને સંયમજીવનમાં સ્વભૂમિકા અનુસાર કઈ રીતે વર્તન

કરવું જોઈએ ? અને શક્તિનો સંચય થાય ત્યારે ઉત્તરોત્તર કયા કલ્પને સ્વીકારવો જોઈએ ? તેનો મર્મસ્પર્શી બોધ થાય છે. તેથી સંયમજીવનમાં ઉદ્યમશીલ બની સંયમના કંડકોની વૃદ્ધિને અનુકૂળ સદા ઉચિત યત્ન કરવાનો ઉત્સાહ સાધુને વધે છે.

**(૨૬) ચરણવિધિસૂત્ર :-**

ચરણવૃત્ત આદિ સાધુના વૃત્તોનું પ્રતિપાદન કરનાર અધ્યયનનું નામ ચરણવિધિસૂત્ર છે. તેના ભાવનથી સાધુને સંયમજીવનની સર્વ ઉચિત આચરણાઓનો મર્મસ્પર્શી બોધ થાય છે. તે આગમને જે ભાવોથી ભગવાને કહ્યું છે તે ભાવોથી તે આગમ પ્રત્યે સાધુ શ્રદ્ધાદિ ભાવો દૃઢ કરે તો તેને વિશેષ-વિશેષ રીતે ચારિત્રની સૂક્ષ્મ યતના ઉલ્લસિત થાય છે.

**(૨૭) આતુરપ્રત્યાખ્યાનસૂત્ર :-**

આતુર=ક્રિયાથી અતીત એવો ગ્લાન, તેણે કરેલું પ્રત્યાખ્યાન=પચ્ચક્ખાણ, તે આતુરપ્રત્યાખ્યાન.

અહીં વિધિ આ છે – ક્રિયાથી અતીત એવા ગ્લાનને જાણીને ગીતાર્થો પચ્ચક્ખાણ આપે છે અને દિવસે-દિવસે આહાર આદિ દ્રવ્યોનો હ્રાસ કરીને અંતે સર્વ દ્રવ્યોના ત્યાગ માટે વૈરાગ્યને ઉત્પન્ન કરીને છેલ્લે આહાર આપીને ભવનું ચરમ પચ્ચક્ખાણ કરાવે છે. આ વિધિનો વિસ્તાર આતુરપ્રત્યાખ્યાનસૂત્ર નામના આગમમાં છે.

આશય એ છે કે કોઈ સાધુ દેહના રોગાદિને કારણે સંયમની ઉચિત ક્રિયા કરી શકે તેમ નથી તેમ જાણીને તે સાધુને ગીતાર્થો દિવસે-દિવસે આહાર ઓછો કરવા માટે સૂચન કરે છે અને ગ્લાનઅવસ્થામાં પણ વૈરાગ્યભાવ સ્થિર થાય તે રીતે તેને વાસિત કરવા માટે ઉત્સાહિત કરે છે. જ્યારે આહારગ્રહણ ઘટતાં ઘટતાં તેને આહાર પ્રત્યે અતિ વૈરાગ્ય થાય ત્યારે ઉચિત આહાર કરાવીને સર્વથા આહારનું પચ્ચક્ખાણ કરાવીને સમાધિપૂર્વક સદ્ગતિમાં જાય તેવો યત્ન કરે છે. આ પ્રકારના આતુરપ્રત્યાખ્યાનસૂત્રનું અધ્યયન કરવાથી સાધુને ગ્લાનઅવસ્થામાં પણ આત્મહિત માટે કઈ રીતે ઉચિત યત્ન કરવો જોઈએ ? તેનો મર્મસ્પર્શી બોધ થાય છે. તેનું ભાવન કરીને સર્વ સંયોગોમાં

પોતાનું કલ્યાણ થાય તે અર્થે ક્વચિત્ રોગાદિ અવસ્થાથી સાધુ ગ્લાન બને તોપણ જિનવચનથી ભાવિત મતિ હોય તો સુખપૂર્વક સદ્ગતિમાં જાય છે.

**(૨૮) મહાપચ્ચક્ખાણસૂત્ર :-**

મહાન એવું પ્રત્યાખ્યાન તે મહાપ્રત્યાખ્યાન. મહાપ્રત્યાખ્યાનસૂત્ર નામના આગમમાં સાધુ ભાવથી સ્થવિરકલ્પથી અથવા જિનકલ્પથી વિહાર કરીને અંતે જે પ્રમાણે પોતાની ભૂમિકા અનુસાર યુક્ત હોય તે પ્રમાણે સંલેખના કરીને નિર્વ્યાઘાત સચેષ્ટ ભવચરિમ પચ્ચક્ખાણ કરે છે. તેનું વર્ણન મહાપ્રત્યાખ્યાનસૂત્ર નામના આગમમાં છે.

આશય એ છે કે કોઈ સાધુ સ્થવિરકલ્પની સમ્યક્ આચરણા સેવીને ભવના અંતે ૧૨ વર્ષ સુધીની સંલેખના કરે અને ત્યારપછી પોતાની ભૂમિકા અનુસાર અનશન કરે તે મહાપ્રત્યાખ્યાન છે. કોઈ સાધુ સ્થવિરકલ્પ પાળીને શક્તિનો સંચય થાય ત્યારપછી જિનકલ્પને સ્વીકારે અને પોતાના જિનકલ્પના આચારને સેવીને અંતસમયે પોતાની ભૂમિકાને અનુરૂપ ઉચિત સંલેખના કરીને કોઈ જાતની સંયમની બાધા ન થાય તે રીતે ભવચરિમ પચ્ચક્ખાણ કરે તે મહાપ્રત્યાખ્યાન છે અર્થાત્ **સંયમ ગ્રહણ કર્યું ત્યારે જે પચ્ચક્ખાણ કરેલ તે પચ્ચક્ખાણ અંતસમયે મહાપ્રત્યાખ્યાનરૂપ બન્યું.** આ મહાપ્રત્યાખ્યાનસૂત્રનું શ્રવણ કરીને જે સાધુ સદા તે ભાવોથી આત્માને ભાવિત કરે છે તે મહાત્મા પણ સ્વભૂમિકા અનુસાર મહાપ્રત્યાખ્યાનની ભૂમિકાને અનુરૂપ શક્તિનો સંચય કરે છે.

**સૂત્ર :-**

**सव्वेहिं पि एअम्मि अंगबाहिरे उक्कालिए भगवंते ससुत्ते सअत्थे सगंथे सनिज्जुत्तिएससंगहणिए जे गुणा वा भावा वा अरिहंतेहिं भगवंतेहिं पन्नत्ता वा परूविआ वा, ते भावे सद्दहामो पत्तिआमो रोएमो फासेमो पालेमो अणुपालेमो ।**

**ते भावे सद्दहंतेहिं पत्तिअंतेहिं रोअंतेहिं फासंतेहिं पालंतेहिं अणुपालंतेहिं अंतोपक्खस्स जं वाइअं पढिअं परिअट्टिअं पुच्छिअं**

अणुपेहिअं अणुपालिअं तं दुक्खक्खयाए कम्मक्खयाए मुक्खयाए बोहिलाभाए संसारुत्तारणाए त्ति कट्टु उपसंपज्जित्ता णं विहरामि ।

अंतोपक्खस्स जं न वाइअं, न पढिअं, न परिअट्टिअं, न पुच्छिअं, नाणुपेहिअं, नाणुपालिअं, संते बले, संते वीरिए, संते पुरिसकारपरक्कमे, तस्स आलोएमो पडिक्कमामो निंदामो गरिहामो विउट्टेमो विसोहेमो अकरणयाए अब्भुट्ठेमो अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जामो तस्स मिच्छा मि दुक्कडं ।।

સૂત્રાર્થ :-

સૂત્ર સહિત, અર્થ સહિત, ગ્રંથ સહિત, નિર્યુક્તિ સહિત અને સંગ્રહણિ સહિત એવું સર્વ પણ આ અંગબાહ્ય ઉત્કાલિકસૂત્ર ભગવંત જે ગુણોથી અથવા જે ભાવોથી અરિહંત ભગવંતો વડે પ્રજ્ઞપ્ત છે અથવા પ્રરૂપણા કરી છે તે ભાવોથી હું શ્રદ્ધા કરું છું, હું પ્રીતિપૂર્વક સ્વીકાર કરું છું, મને રુચે છે, હું સ્પર્શ કરું છું, પાલન કરું છું અને અનુપાલન કરું છું. તે ભાવોને=અંગબાહ્ય ભગવાન ઉત્કાલિકસૂત્રના જે ભાવો તીર્થંકર ભગવંતોએ કહ્યા છે તે ભાવોને, શ્રદ્ધા કરતાં, પ્રીતિપૂર્વક સ્વીકાર કરતાં, રુચિનો વિષય કરતાં, સ્પર્શતાં, પાલન કરતાં અને અનુપાલન કરતાં મારા વડે એક પક્ષની=પંદર દિવસની, અંદર જે વાચિત હોય, પઠિત હોય, પરિવર્તિત હોય, પૃચ્છિત હોય, અનુપ્રેક્ષિત હોય, અનુપાલિત હોય તે દુઃખક્ષય માટે, કર્મક્ષય માટે, મોક્ષ માટે, બોધિલાભ માટે, સંસારના ઉત્તરણ માટે છે, તેથી કરીને અંગીકાર કરીને હું વિહરું છું=માસકલ્પ આદિ સાધુવિહારમાં હું વર્તું છું.

એક પક્ષની અંદર જે=અંગબાહ્ય ભગવંત ઉત્કાલિકસૂત્રના ભાવોની વૃદ્ધિને અનુકૂળ જે, સૂત્રની વાચના ન અપાઈ હોય, પોતે સ્વયં પઠન કર્યું ન હોય, પરિવર્તન કર્યું ન હોય, શંકા થઈ હોય ત્યાં પૃચ્છા કરીને સમાધાન ન મેળવ્યું હોય, અનુપ્રેક્ષણ કર્યું ન હોય, અને તે તે ભાવોને અનુકૂળ જે કૃત્યો હોય તેનું અનુપાલન કર્યું ન હોય.

ક્યારે કર્યું ન હોય ? તેથી કહે છે –

**પોતાનું બળ હોતે છતે, પોતાનું વીર્ય હોતે છતે, પોતાનો પુરુષકાર કરવાનું પરાક્રમ હોતે છતે ન કર્યું હોય, તેની હું આલોચના કરું છું, પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, ગર્હા કરું છું, તે પ્રમાદનું હું વિત્રોટન કરું છું, વિશુદ્ધિને કરું છું અને ફરી તેવા પ્રકારનો પ્રમાદ ન કરવા માટે અભ્યુત્થિત થયેલો હું છું. તેની શુદ્ધિ માટે યથાયોગ્ય=જે પ્રકારે પ્રમાદ થયો છે તેને યોગ્ય, એવું તપકર્મરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકારું છું અને તે પ્રમાદનું મિચ્છા મિ દુક્કડં આપું છું=‘તે મારું પાપ મિથ્યા થાઓ’ એવો અભિલાષ કરું છું.**

**ભાવાર્થ :-**

સાધુઓ સંયમજીવનમાં સતત નવું-નવું શાસ્ત્ર અધ્યયન કરે છે. તેથી પોતાના સંયમપર્યાયને અનુકૂળ અને શક્તિને અનુરૂપ છ આવશ્યકનું યથાર્થ જ્ઞાન કર્યા પછી સર્વ પણ આ અંગબાહ્ય એવા ઉત્કાલિકશ્રુતનું અધ્યયન કરે છે અને તે અધ્યયન કરતી વખતે તે સૂત્રને ગ્રહણ કરે છે.

કેવી રીતે ગ્રહણ કરે છે ? તેથી કહે છે –

તે સૂત્રના જે અર્થો છે તેના સહિત સૂત્રને ગ્રહણ કરે છે. વળી, તે અર્થ પણ માત્ર શબ્દાર્થરૂપે ગ્રહણ કરતા નથી, પરંતુ તેને સ્પર્શનારા અન્ય ગ્રંથો સાથે, તે સૂત્ર ઉપર રચાયેલી નિર્યુક્તિ સાથે અને તેને સમજાવનારા સંગ્રહણી અર્થાત્ ટીકા આદિ સહિત ગ્રહણ કરે છે.

તે સર્વના અર્થો જે ગુણોથી=સૂત્રના સેવનથી આત્મામાં જે પ્રકારના ફલનિષ્પત્તિરૂપ ગુણો થાય એવા જે ગુણોથી, અને જે ભાવોથી=તે સૂત્રોમાં વર્તતા જે પરિણામોથી, અરિહંત ભગવંતોએ કહ્યા છે તે પ્રકારે અવધારણા કરવા પ્રયત્ન કરે છે, તે પ્રકારે તે ભાવો પ્રત્યે રુચિ કરે છે. તે ભાવોનું ફરી ફરી પરિશીલન કરી તે ભાવોને સ્પર્શ કરવા પ્રયત્ન કરે છે. તે ભાવોને સ્થિર કરવા માટે તે પ્રમાણે તે આચારોનું પાલન કરે છે અને અનુપાલન કરે છે.

પ્રમાદવશ એક પખવાડિયામાં આ અંગબાહ્ય એવા ઉત્કાલિકસૂત્ર સંબંધી જે વાચના અપાઈ હોય, પઠિત કરાયું હોય, પરાવર્તન કરાયું હોય, કોઈ સ્થાને

શંકા થઈ હોય ત્યાં ગુરુ આદિને પૂછ્યું હોય, ગુરુ આદિને પૂછ્યા પછી તેનો યથાર્થ નિર્ણય કરીને તેના પરમાર્થને આત્મામાં સ્થિર કરવા માટે અનુપ્રેક્ષા કરી હોય અને તે પ્રમાણે આચારોનું અનુપાલન કર્યું હોય તે સર્વ પણ સાધુ વિદ્વાન થવા માટે કરતા નથી, પરંતુ દુઃખક્ષય માટે, કર્મક્ષય માટે, મોક્ષની પ્રાપ્તિ માટે, બોધિલાભની પ્રાપ્તિ માટે અને સંસારથી ઉત્તરણ માટે કરે છે. તેથી કરીને પોતે પણ તે પ્રમાણે સર્વ અંગબાહ્ય ઉત્કાલિકસૂત્રોનું અધ્યયન કરીને પ્રયત્ન કરે છે જેથી તે સાધુ સંયમના કંડકોની સદા વૃદ્ધિ કરે છે. આમ છતાં કાંઈક પ્રમાદને વશ એક પક્ષની અંદરમાં પોતાની શક્તિ અનુસાર અંગબાહ્ય ઉત્કાલિકસૂત્રનું અધ્યયન પોતે કોઈને વાચનાથી આપ્યું ન હોય, કાંઈક પ્રમાદવશ પઠન કર્યું ન હોય, કદાચ પઠન કર્યું હોય તોપણ પ્રમાદવશ તેનું પરાવર્તન કર્યું ન હોય, પરાવર્તન કર્યું હોય તોપણ કદાચ કોઈક સ્થાનમાં શંકા થઈ હોય તો તેની પૃચ્છા કરી ન હોય, કદાચ પૃચ્છા કરીને યથાર્થ નિર્ણય કર્યો હોય છતાં પ્રમાદને વશ તે પદાર્થનો યથાર્થ નિર્ણય દૃઢ કરવા માટે અનુપ્રેક્ષા કરી ન હોય અને કદાચ અનુપ્રેક્ષા કરી હોય તોપણ પ્રમાદને વશ તે સૂત્રના આચારોનું અનુપાલન કર્યું ન હોય.

ક્યારે વાચના, પઠન, પરાવર્તન, પૃચ્છના, અનુપ્રેક્ષા અને અનુપાલન કર્યું ન હોય ? એથી કહે છે –

પોતાનામાં શારીરિક બળ હોય, તે પ્રકારે અધ્યયન આદિ કરી શકે તેને યોગ્ય વીર્ય પ્રવર્તતું હોય, તે પ્રકારના પ્રયત્નનું પરાક્રમ કરી શકે તેમ હોય, છતાં વાચના આદિ ન કર્યાં હોય તેને સ્મૃતિમાં લાવીને સાધુ આલોચના કરે છે અને તે ભાવોથી પ્રતિક્રમણ કરે છે. અર્થાત્ તે પ્રમાદના ભાવોથી પાછા ફરે છે તથા થયેલા તે પ્રમાદની આત્મસાક્ષીએ નિંદા અને ગુરુસાક્ષીએ ગર્હા કરે છે. તે પ્રમાદને વશ આત્મામાં જે અશુદ્ધિ થઈ છે તેની વિશુદ્ધિ કરે છે તથા ફરી તેવો પ્રમાદ ન થાય તે પ્રકારે ઉલ્લસિત વીર્યવાળા થાય છે. થયેલા પ્રમાદ માટે યથાયોગ્ય તપકર્મરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકારે છે તેનું મિચ્છા મિ દુક્કડં આપે છે. આ પ્રકારે જે સાધુ ઉપયોગપૂર્વક પ્રસ્તુત આલાવો બોલે છે તે સાધુ એક પક્ષ દરમિયાન પોતાના શાસ્ત્ર-અધ્યયનના થયેલા સમ્યક્ યત્નને સ્મરણ કરીને

તેના ભાવો દૃઢ કરે છે તથા પ્રમાદવશ જે કાંઈપણ ઉચિત અધ્યયન ન કર્યું હોય તેની નિંદા કરીને પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધિ કરે છે. જેથી પ્રસ્તુત આલાવામાં બોલાયેલા ભાવો માત્ર વચનરૂપ બનતા નથી, પરંતુ સંયમના કંડકની વૃદ્ધિનું કારણ બને છે અને ફરી ફરી તે પ્રકારે પ્રમાદ ન થાય તે પ્રકારના બળનો સંચય સાધુ પ્રસ્તુત આલાવાથી કરે છે.

**અંગબાહ્ય કાલિક સૂત્રનું ઉત્કીર્તન :-**

**અવતરણિકા :-**

**પૂર્વમાં અંગબાહ્ય એવા ઉત્કાલિકસૂત્રનું સમુત્કીર્તન કર્યું. હવે અંગબાહ્યના જ અન્ય પ્રકાર સમાન કાલિકસૂત્રનું કીર્તન કરવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**नमो तेसिं खमासमणाणं, जेहिं इमं वाइअं अंगबाहिरं कालिअं भगवंतं, तं जहा—उत्तरज्झयणाइं दसाओ कप्पो ववहारो इसिभासिआइं निसीहं महानिसीहं जंबुद्दीवपन्नत्ती सूरपन्नत्ती चंदपन्नत्ती दीवसागरपन्नत्ती खुड्डियाविमाणपविभत्ती महल्लिआविमाणपविभत्ती अंगचूलिआए वग्गचूलिआए विवाहचूलिआए अरुणोववाए वरुणोववाए गरुलोववाए धरणोववाए वेसमणोववाए वेलंधरोववाए देविंदोववाए उट्ठाणसुए समुट्ठाणसुए नागपरिआवलिआणं निरयावलिआणं कप्पिआणं कप्पवडिंसयाणं पुप्फिआणं पुप्फचूलिआणं वण्हिआणं वण्हिदसाणं आसीविसभावणाणं दिट्ठिविसभावणाणं चारणसुमिणभावणाणं महासुमिणभावणाणं तेअग्गिनिसग्गाणं सव्वेहिं पि एअम्मि अंगबाहिरे कालिए भगवंते ससुत्ते सअत्थे सगंथे सनिज्जुत्तिए ससंगहणिए जे गुणा वा भावा वा अरिहंतेहिं भगवंतेहिं पन्नत्ता वा परूविआ वा, ते भावे सद्दहामो पत्तिआमो रोएमो फासेमो अणुपालेमो ।**

**ते भावे सद्दहंतेहिं पत्तिअंतेहिं रोयंतेहिं फासंतेहिं पालंतेहिं अणुपालंतेहिं अंतोपक्खस्स जं वाइअं पढिअं परिअट्टिअं पुच्छिअं**

अणुपेहिअं अणुपालिअं, तं दुक्खक्खयाए कम्मक्खयाए मुक्खयाए बोहिलाभाए संसारुत्तारणाए त्ति कट्टु उवसंपज्जित्ता णं विहरामि ।

अंतोपक्खस्स जं न वाइअं न पढिअं न परिअट्टिअं न पुच्छिअं नाणुपेहिअं नाणुपालिअं, संते बले, संते वीरिए, संते पुरिसकारपरक्कमे, तस्स आलोएमो पडिक्कमामो निंदामो गरिहामो विउट्टेमो विसोहेमो अकरणयाए अब्भुट्ठेमो अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जामो तस्स मिच्छा मि दुक्कडं ।।

સૂત્રાર્થ :-

તે ક્ષમાશ્રમણોને નમસ્કાર થાઓ જેઓ વડે અંગબાહ્ય એવું આ કાલિકસૂત્ર ભગવાન વાચિત છે.

તે આ પ્રમાણે –

ઉત્તરાધ્યયનસૂત્ર, દશાસૂત્ર=દશાશ્રુતસ્કંધસૂત્ર, કલ્પસૂત્ર=સાધ્વાચારને કહેનાર સૂત્રો, વ્યવહારસૂત્ર, ઋષિભાષિતસૂત્ર, નિશીથસૂત્ર, મહાનિશીથ-સૂત્ર, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્ર, ચંદ્રપ્રજ્ઞપ્તિસૂત્ર, સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્ર, દ્વીપસાગર-પ્રજ્ઞપ્તિસૂત્ર, ક્ષુલ્લિકાવિમાનપ્રવિભક્તિસૂત્ર, મહતીવિમાનપ્રવિભક્તિસૂત્ર, અંગચૂલિકાસૂત્ર, વર્ગચૂલિકાસૂત્ર, વિવાહચૂલિકાસૂત્ર, અરુણોપપાતસૂત્ર, વરુણોપપાતસૂત્ર, ગરુડોપપાતસૂત્ર, વૈશ્રમણોપપાતસૂત્ર, વેલંધરોપપાતસૂત્ર, દેવેન્દ્રોપપાતસૂત્ર, ઉત્થાનશ્રુત, સમુત્થાનશ્રુત, નાગપરિયાવલિકાસૂત્ર, નિરયાવલિકાસૂત્ર, કલ્પિકાસૂત્ર, કલ્પાવતંસિકાસૂત્ર, પુષ્પિકાસૂત્ર, પુષ્પચૂલિકાસૂત્ર, વૃષ્ણિકાસૂત્ર, વૃષ્ણિદશાસૂત્ર, આશીવિષભાવનાસૂત્ર, દૃષ્ટિવિષભાવનાસૂત્ર, ચારણભાવનાસૂત્ર, મહાસ્વપ્નભાવનાસૂત્ર, તૈજસનિસર્ગસૂત્ર.

સૂત્ર સહિત, અર્થ સહિત, ગ્રંથ સહિત, નિર્યુક્તિ સહિત અને સંગ્રહણી સહિત એવું સર્વ પણ આ અંગબાહ્ય ભગવંત કાલિકસૂત્ર જે ગુણોથી અથવા જે ભાવોથી અરિહંત ભગવંતો વડે પ્રજ્ઞપ્ત છે અથવા પ્રરૂપણા કરી છે તે ભાવોથી હું શ્રદ્ધા કરું છું, હું પ્રીતિપૂર્વક

સ્વીકાર કરું છું, મને રુચે છે, હું સ્પર્શ કરું છું, પાલન કરું છું અને અનુપાલન કરું છું.

**તે ભાવોને=અંગબાહ્ય ભગવાન કાલિકસૂત્રના જે ભાવો તીર્થંકરોએ કહ્યા છે તે ભાવોને, શ્રદ્ધા કરતાં, સ્વીકાર કરતાં, રુચિનો વિષય કરતાં, સ્પર્શતાં, પાલન કરતાં અને અનુપાલન કરતાં મારા વડે દુઃખક્ષય માટે, કર્મક્ષય માટે, મોક્ષ માટે, બોધિલાભ માટે, સંસારના ઉત્તરણ માટે છે, એથી કરીને, એક પક્ષની=પંદર દિવસની, અંદર જે વાચિત હોય, પઠિત હોય, પરિવર્તિત હોય, પૃચ્છિત હોય, અનુપ્રેક્ષિત હોય, અનુપાલિત હોય તેને અંગીકાર કરીને હું વિહરું છું=માસકલ્પ આદિ સાધુવિહારમાં હું વર્તું છું.**

**એક પક્ષની અંદર જે=અંગબાહ્ય ભગવંત કાલિકસૂત્રના ભાવોની વૃદ્ધિને અનુકૂળ જે, સૂત્રની વાચના ન અપાઈ હોય, પોતે સ્વયં પઠન કર્યું ન હોય, પરિવર્તન કર્યું ન હોય, શંકા થઈ હોય ત્યાં પૃચ્છા કરીને સમાધાન ન મેળવ્યું હોય, અનુપ્રેક્ષણ કર્યું ન હોય, અને તે તે ભાવોને અનુકૂળ જે જે કૃત્યો હોય તેનું તેનું અનુપાલન કર્યું ન હોય.**

ક્યારે કર્યું ન હોય ? તેથી કહે છે –

**પોતાનું બળ હોતે છતે, પોતાનું વીર્ય હોતે છતે, પોતાનો પુરુષકાર કરવાનું પરાક્રમ હોતે છતે ન કર્યું હોય, તેની હું આલોચના કરું છું, પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, ગર્હા કરું છું, તે પ્રમાદનું હું વિત્રોટન કરું છું, વિશુદ્ધિને કરું છું અને ફરી તેવા પ્રકારનો પ્રમાદ ન કરવા માટે અભ્યુત્થિત થયેલો હું છું. તેની શુદ્ધિ માટે યથાયોગ્ય=જે પ્રકારે પ્રમાદ થયો છે તેને યોગ્ય, એવું તપકર્મરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકારું છું અને તે પ્રમાદનું મિચ્છા મિ દુક્કડં આપું છું='તે મારું પાપ મિથ્યા થાઓ' એવો અભિલાષ કરું છું.**

**ભાવાર્થ :-**

અંગબાહ્યસૂત્રના દ્વિતીય પ્રકાર આત્મક કાલિકશ્રુતનું ઉત્કીર્તન કરતાં પ્રથમ

તે કાલિકશ્રુતની રચના કરનારા મહાત્માઓને નમસ્કાર કરે છે કે જેઓએ આ ઉત્તમ સૂત્રની રચના કરીને સાધુના સંયમની વૃદ્ધિને અનુકૂળ ઉપકાર કર્યો છે. તે મહર્ષિઓને નમસ્કાર કરતાં કહે છે કે તે ક્ષમાશ્રમણોને હું નમસ્કાર કરું છું, જેઓએ કાલિકશ્રુતરૂપ આ અંગબાહ્યસૂત્રોની રચના કરી છે. તે સૂત્રો કયાં કયાં છે ? તેનાં નામો બતાવતાં કહે છે –

**(૧) ઉત્તરાધ્યયનસૂત્ર :-**

રૂઢિના વશથી ઉત્તર=પ્રધાન, અધ્યયનો છે જેમાં તે ઉત્તરાધ્યયન. વિનયશ્રુત આદિ ૩૬ અધ્યયનો છે જેમાં તેવો ગ્રંથ અને પ્રથમ અંગ=પ્રથમ એવું આચારાંગસૂત્ર, તેની ઉત્તરમાં તેનો પાઠ થતો હોવાથી તેનું ઉત્તરાધ્યયનસૂત્ર એવું નામ છે. પૂર્વમાં સાધુઓ આચારાંગસૂત્રનું અધ્યયન કર્યા પછી આ ગ્રંથનું અધ્યયન કરતા હતા. તેથી તેનું નામ ઉત્તરાધ્યયનસૂત્ર છે. વર્તમાનમાં દશવૈકાલિકસૂત્રનું અધ્યયન કર્યા પછી ઉત્તરાધ્યયનસૂત્રનું અધ્યયન કરાય છે અને ત્યારપછી આચારાંગસૂત્ર ભણાવાય છે.

**(૨) દશાશ્રુતસ્કંધસૂત્ર :-**

દશ અધ્યયન સ્વરૂપ ગ્રંથવિશેષ તે દશાશ્રુતસ્કંધ છે.

**(૩) કલ્પસૂત્ર :-**

કલ્પ એટલે સાધુનો આચાર. તેને પ્રતિપાદન કરનાર સૂત્ર કલ્પસૂત્ર કહેવાય છે.

**(૪) વ્યવહારસૂત્ર :-**

આગમવ્યવહાર આદિ પાંચ પ્રકારના વ્યવહારો તથા પ્રાયશ્ચિત્તના વિષયને બતાવનાર એવાં અધ્યયનો જેમાં છે તે આ વ્યવહારસૂત્ર છે. આ વ્યવહારસૂત્રના બોધથી ગીતાર્થો સંયમમાં થયેલા અતિચારોની શુદ્ધિ કરાવે છે.

**(૫) ઋષિભાષિતસૂત્ર :-**

ઋષિ=પ્રત્યેકબુદ્ધ મુનિઓ. તે પ્રત્યેકબુદ્ધ સાધુઓ શ્રી નેમિનાથ ભગવાનના તીર્થમાં નારદજી આદિ વીશ થયેલા, શ્રી પાર્શ્વનાથ ભગવાનના તીર્થમાં પંદર થયેલા તથા શ્રી વીરપ્રભુના તીર્થમાં દસ થયા છે. આ પ્રત્યેકબુદ્ધ સાધુઓ વડે

કહેવાયેલાં પિસ્તાલીશ અધ્યયનો જેમાં સમાયાં છે તે ઋષિભાષિતસૂત્ર છે.

કેવલીનું વચન, ચૌદપૂર્વધરનું વચન, દશપૂર્વધરનું વચન અને પ્રત્યેકબુદ્ધોનું વચન સાક્ષાત્ પ્રમાણ ગણાય છે, જ્યારે અન્ય મુનિઓનાં વચનો કેવલી આદિનાં અનુપાતી=કેવલી આદિના વચનને અનુસરનાર, હોય તો જ પ્રમાણ ગણાય છે, અન્યથા પ્રમાણ ગણાતાં નથી.

શ્રી નેમિનાથ ભગવાન, શ્રી પાર્શ્વનાથ ભગવાન તથા શ્રી વીરપ્રભુના શાસનમાં થયેલા કુલ ૪૫ પ્રત્યેકબુદ્ધો દ્વારા રચાયેલાં અધ્યયનો સ્વતંત્ર પ્રમાણ છે અને તે અધ્યયનોને ઋષિભાષિતસૂત્ર કહેવાય છે.

**(૬) નિશીથસૂત્ર :-**

નિશીથ એટલે મધ્યરાત્રિ. જેમ મધ્ય રાત્રિના અંધકારમાં કાંઈ દેખાતું નથી, તેમ આ ગ્રંથમાં કહેલા ગંભીર અર્થોને સામાન્ય સાધુ ગ્રહણ કરી (સમજી, પચાવી) શકતા નથી, તેથી અત્યંત ગુપ્ત રીતે, અન્ય કોઈ ન સાંભળે તે રીતે વિશેષ યોગ્યતાવાળા શિષ્યોને નિશીથસૂત્રનું અધ્યયન કરાવાય છે. માટે રાત્રિની જેમ ગુપ્ત રાખવા યોગ્ય આ ગ્રંથ છે, તેથી 'નિશીથ' કહેવાય છે. વર્તમાનમાં ઉપલબ્ધ પિસ્તાલીશ આગમોમાં નિશીથસૂત્રનો સમાવેશ છેદસૂત્રમાં થાય છે.

**(૭) મહાનિશીથસૂત્ર :-**

નિશીથસૂત્રના જે અર્થો છે તેને તે ગ્રંથના અર્થોથી અતિ મહત્તર એવા અર્થ દ્વારા કહેનારું સૂત્ર તે મહાનિશીથસૂત્ર છે.

નિશીથસૂત્રની જેમ આ મહાનિશીથસૂત્ર પણ અતિ યોગ્યતાને પામેલા શિષ્યને જ ભણાવવાની શાસ્ત્રની અનુજ્ઞા છે. વળી આ મહાનિશીથસૂત્ર પણ નિશીથસૂત્રની જેમ એકાંતમાં જ ભણાવવાની આજ્ઞા છે. વર્તમાનમાં ઉપલબ્ધ પિસ્તાલીશ આગમોમાં મહાનિશીથસૂત્રનો સમાવેશ છેદસૂત્રમાં થાય છે.

**(૮) જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્ર :-**

જંબૂદ્વીપ આદિ દ્વીપોનું સ્વરૂપ જેમાં વર્ણન કરાયું છે તે જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્ર નામનું આગમ છે.

**(૯) સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્ર :-**

સૂર્યનાં માંડલાં, તેનું પરિભ્રમણ, ગતિ વગેરેનું જેમાં પ્રજ્ઞાપન છે તે સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્ર છે.

**(૧૦) ચંદ્રપ્રજ્ઞપ્તિસૂત્ર :-**

ચંદ્રના ગમનના વિચારનું જેમાં પ્રતિપાદન છે તે ચંદ્રપ્રજ્ઞપ્તિસૂત્ર છે.

**(૧૧) દ્વીપસાગરપ્રજ્ઞપ્તિસૂત્ર :-**

દ્વીપો અને સાગરોનું કથન જેમાં છે તે દ્વીપસાગરપ્રજ્ઞપ્તિસૂત્ર છે.

**(૧૨) ક્ષુલ્લિકાવિમાનપ્રવિભક્તિસૂત્ર અને (૧૩) મહતીવિમાન-પ્રવિભક્તિસૂત્ર :-**

**(૧૪) અંગચૂલિકા :-**

આચારાંગસૂત્ર આદિ અંગ ઉપર ચૂલિકા રચાયેલી છે. અને તે આચારાંગ આદિ અનેક ગ્રંથો ઉપર રચાયેલી હોવાથી અનેક છે. તે સર્વને અંગચૂલિકા કહેવાય છે.

**(૧૫) વર્ગચૂલિકા :-**

અહીં વર્ગ=અધ્યયન આદિનો સમૂહ, છે. જે પ્રમાણે અંતકૃદ્દશાંગસૂત્રમાં આઠ વર્ગો છે=આઠ અધ્યયનો છે, તે અધ્યયન આદિના સમૂહ રૂપ વર્ગો ઉપર ચૂલિકા છે તે વર્ગચૂલિકા કહેવાય.

આનાથી એ પ્રાપ્ત થાય કે આચારાંગસૂત્ર આદિ અંગો ઉપર ચૂલિકા છે તે આગમના સમૂહ ઉપર છે અને આચારાંગસૂત્ર આદિનાં અમુક અધ્યયનોનો સમૂહ છે તે સમૂહ ઉપર જે ચૂલિકા છે તે વર્ગચૂલિકા છે.

**(૧૬) વિવાહચૂલિકા :-**

વિવાહપન્નત્તીસૂત્ર=વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્ર=ભગવતીસૂત્ર. તેના પર લખાયેલી ચૂલિકા તે વિવાહચૂલિકા અર્થાત્ ભગવતીસૂત્ર ઉપર જે ચૂલિકા રચાઈ તે વિવાહચૂલિકા છે.

**(૧૭) અરુણોપપાતસૂત્ર :-**

અરુણ નામનો દેવ છે, તેના સમય=સંકેત, સાથે નિબદ્ધ ગ્રંથ અરુણોપપાતસૂત્ર

છે. જેના ઉપયોગપૂર્વકના અધ્યયનથી તે દેવનું આગમન થાય તેવા પ્રકારનો અરુણદેવ સાથે નિબદ્ધ એવો આ ગ્રંથ છે. તે ગ્રંથ તેના ઉપપાતનો હેતુ છે=અરુણદેવના આગમનનો હેતુ છે.

કઈ રીતે તે ગ્રંથનું અધ્યયન અરુણદેવના આગમનનો હેતુ છે ? તે સ્પષ્ટ કરે છે –

જ્યારે તે ગ્રંથના અધ્યયનમાં ઉપયુક્ત છતાં=તે ગ્રંથના અર્થને આશ્રયીને સંવેગ ઉત્પન્ન થાય તે પ્રકારે અંતરંગ ઉપયુક્ત છતાં, સાધુ તે ગ્રંથનું પરાવર્તન કરે છે ત્યારે આ અરુણદેવ પોતાની મર્યાદાથી નિબદ્ધપણું હોવાના કારણે ચલિતઆસનવાળો, સંભ્રમથી ઉદ્‌ભ્રાંત લોચનવાળો તથા અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો છે એવો, તેને જાણીને=મહાત્મા અરુણોપપાત નામના આગમનું પરાવર્તન કરે છે તેને જાણીને, અત્યંત હર્ષિત થયેલો, ચાલતાં ચપલ કુંડલને ધારણ કરનારો, દિવ્ય દ્યુતિથી, દિવ્ય વિભૂતિથી, દિવ્ય મતિથી જ્યાં આ મહાત્મા સાધુ છે=અરુણોપપાતના અધ્યયનમાં ઉપયુક્ત સાધુ છે, ત્યાં આવે છે. અત્યંત ભક્તિથી નમેલા શરીરવાળો તથા શ્રેષ્ઠ કુસુમની વૃષ્ટિ કરતો મહાત્માની સન્મુખ આવે છે અને તે મહાત્માની આગળ બેસીને બે હાથ જોડીને, ઉપયોગપૂર્વક સંવેગથી વિશુદ્‌ધ્યમાન અધ્યવસાયવાળો તે આગમને સાંભળતો બેસે છે. જ્યારે તે મહાત્મા અરુણોપપાત નામનું આગમ સમાપ્ત કરે ત્યારે તે દેવ કહે છે "સુંદર સ્વાધ્યાય કરાયો, સુંદર સ્વાધ્યાય કરાયો. તેથી તમે વર માંગો". ત્યારે આલોકની કોઈ ઇચ્છા વગરના, તૃણ-મણિ આદિ પ્રત્યે સમાન પરિણામવાળા, મોક્ષની પ્રાપ્તિમાં જેમનું ચિત્ત વર્તી રહ્યું છે તેવા આ મહાત્મા કહે છે 'મને વરદાનથી કોઈ પ્રયોજન નથી.' ત્યારપછી તે અરુણદેવ અધિકતર સંવેગવાળો થઈને મહાત્માની પ્રદક્ષિણા કરીને વંદન કરીને નમસ્કાર કરીને પાછો જાય છે.

### (૧૮) વરુણોપપાતસૂત્ર, (૧૯) ગરુડોપપાતસૂત્ર, (૨૦) વૈશ્રમણોપપાત-સૂત્ર, (૨૧) વેલંધરોપપાતસૂત્ર, (૨૨) દેવેન્દ્રોપપાતસૂત્ર :-

જે રીતે અરુણોપપાતસૂત્રના અધ્યયનથી અરુણદેવનું આગમન થાય છે ઇત્યાદિ બતાવ્યું તે રીતે વરુણોપપાતસૂત્ર, ગરુડોપપાતસૂત્ર, વૈશ્રમણોપપાતસૂત્ર, વેલંધરોપપાતસૂત્ર અને દેવેન્દ્રોપપાતસૂત્ર ગ્રંથોના અધ્યયનમાં જાણવું અર્થાત્

કોઈક સાધુ ઉપયોગપૂર્વક તે તે ગ્રંથનું અધ્યયન કરે તો અનુક્રમે વરુણદેવ, ગરુડદેવ, વૈશ્રમણદેવ, વેલંધરદેવ અને દેવેન્દ્રનું આગમન થાય છે અને તે રીતે જ તે તે આગમગ્રંથનું શ્રવણ કરીને તેઓ વરદાન માંગવાનું કહે છે, છતાં નિઃસ્પૃહી મુનિ વરદાન માંગતા નથી, તેથી તે દેવો અત્યંત સંવેગપૂર્વક તે મહાત્માને નમસ્કાર કરીને સ્વસ્થાને જાય છે.

**(૨૩) ઉત્થાનશ્રુત :-**

ઉત્થાનશ્રુત અધ્યયન તે સંઘ આદિના કાર્યમાં કોઈ એક કુલ, ગામ યાવત્ રાજધાનીને આશ્રયીને કોઈ સાધુ કૃતસંકલ્પવાળા, આસુરપણાવાળા, અપ્રસન્ન-લેશ્યાવાળા ઉપયુક્ત થઈને ઉત્થાનશ્રુત બોલે છે ત્યારે તે કુલ, ગામ વગેરે આખું વિહ્વળ બને છે અને તેમાં રહેલ લોકો દોડાદોડ કરવા માંડે છે. આ સૂત્ર તે ઉત્થાનશ્રુત છે.

**(૨૪) સમુત્થાનશ્રુત :-**

ઉત્થાનસૂત્રથી જે કુલ આદિમાં કોલાહલ થયેલો હોય તેનું શમન કરવા અર્થે મહાત્મા સમુત્થાનશ્રુતનું અધ્યયન કરે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે કોઈ કુલ આદિ કે રાજા આદિ જૈનશાસનની વિરુદ્ધ કાર્ય કરવા તૈયાર થયા હોય તે વખતે તેનાથી રક્ષણ કરવા અર્થે સાધુ ઉપયોગપૂર્વક ઉત્થાનશ્રુત બોલે તો તે કુલ, ગામ કે રાજધાની આદિમાં અત્યંત કોલાહલવાળું વાતાવરણ થાય છે. ત્યારબાદ તે રાજા આદિ મહાત્મા પાસે આવીને શમન કરવા વિનંતી કરે ત્યારે તે સમુત્થાનશ્રુતના અધ્યયનથી તે ઉત્પન્ન થયેલા કોલાહલને શાંત કરે છે.

**(૨૫) નાગપરિયાવલિકાસૂત્ર :-**

નાગપરિયાવલિકા=નાગપરિજ્ઞાસૂત્ર. નાગ એટલે નાગકુમારદેવ અને તેના સમય=સંકેત, સાથે નિબદ્ધ એવું અધ્યયન તે નાગપરિયાવલિકાસૂત્ર. તેનું અધ્યયન કરવાથી નાગકુમારદેવને જ્ઞાન થાય છે કે આ મહાત્મા આ સૂત્રનું અધ્યયન કરે છે, તેથી તે અધ્યયનનું નામ નાગપરિજ્ઞા છે.

તેનાથી શું થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

તે નાગપરિજ્ઞા નામના અધ્યયનને સાધુઓ જ્યારે ઉપયોગપૂર્વક પરાવર્તન કરે છે ત્યારે અકૃત સંકલ્પવાળા તે નાગકુમારો ત્યાં રહેલા=પોતાના સ્થાનમાં રહેલા, જાણે છે અર્થાત્ આ મહાત્મા આ સૂત્રનું અધ્યયન કરે છે તેમ જાણે છે અને ત્યાં રહીને જ તે મહાત્માને વંદન કરે છે, નમસ્કાર કરે છે, બહુમાન કરે છે અને સંઘ આદિનાં કાર્યોમાં મહાત્માને વરદાન આપનારા થાય છે.

**(૨૬) નિરયાવલિકાસૂત્ર :-**

જેમાં આવલિકાપ્રવિષ્ટ અને ઇતર એવા નારકોનું=નરકભાવની ઉત્પત્તિથી આવલિકામાં પ્રવેશ પામેલા નારકોનું અને ઉત્પત્તિની આવલિકાથી ઇતર એવા નારકોનું, વર્ણન કરાયું છે. નરકમાં જનારા એવા નર અને તિર્યંચોનું વર્ણન કરાયું છે તે નિરયાવલિકાસૂત્ર છે.

**(૨૭) કલ્પિકાસૂત્ર :-**

સૌધર્મ આદિ કલ્પગત વક્તવ્યતાનો વિષય છે જેમાં તેવી ગ્રંથપદ્ધતિ કલ્પિકાસૂત્ર કહેવાય છે. આ કલ્પિકાસૂત્રમાં સૌધર્મદેવલોક આદિ દેવલોકોના આચારનું વક્તવ્ય બતાવેલું છે.

**(૨૮) કલ્પાવતંસિકાસૂત્ર :-**

સૌધર્મ અને ઇશાન દેવલોકોમાં જે કલ્પપ્રધાન વિમાનો છે તે કલ્પાવતંસિકા કહેવાય છે. તેઓમાં ઉત્પન્ન થયેલી દેવીઓ જે તપવિશેષથી ઉત્પન્ન થયેલી છે અને ઋદ્ધિને પામેલી છે તે સર્વનું જેમાં સવિસ્તર વર્ણન કરાયેલું છે તે કલ્પાવતંસિકાસૂત્ર કહેવાય છે.

**(૨૯) પુષ્પિકાસૂત્ર :-**

જે ગ્રંથમાં ગૃહવાસનો ત્યાગ કરીને આરાધક જીવો સંયમભાવથી પુષ્પિત થયા હોય અર્થાત્ સુખી થયા હોય, વળી કેટલાક જીવો સંયમ ગ્રહણ કર્યા પછી સંયમભાવના ત્યાગને કારણે=પ્રમાદને વશ સંયમભાવથી પાત થવાને કારણે, દુઃખની પ્રાપ્તિરૂપ મુકુલનથી મુકુલિત થયા હોય અર્થાત્ કરમાઈ ગયા હોય, આમ છતાં ફરી તે અસંયમના ત્યાગથી પુષ્પિત થયા હોય અર્થાત્ સુખી થયા હોય તેઓનું પ્રતિપાદન જે સૂત્રમાં છે તે પુષ્પિકાસૂત્ર નામનું આગમ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સંયમના સમ્યક્ પાલનથી જીવો વર્તમાનમાં કઈ રીતે સુખી થાય છે ? ભવિષ્યમાં કેવી રીતે સુખની પરંપરા પ્રાપ્ત કરે છે ? અને સંયમ ગ્રહણ કર્યા પછી વર્તમાનમાં સંયમના પરિણામથી પાત થયેલા જીવો કઈ રીતે દુઃખી થાય છે ? અને ઉચિત ઉપદેશને પામીને સંયમમાં ફરી સ્થિત થયેલા સાધુ કઈ રીતે સુખી થાય છે ? તેનું વિસ્તારથી વર્ણન પુષ્પિકાસૂત્ર નામના આગમમાં છે. આ આગમનો સ્વાધ્યાય કરવાથી સુસાધુનું સદ્વીર્ય સદા ઉલ્લસિત રહે છે અને સંયમમાં થતો પ્રમાદ દૂર થાય છે. તેને દૃઢ કરવા અર્થે આ સર્વ આગમો જે ગુણોથી અને જે ભાવોથી ભગવાને કહ્યા છે તેની હું શ્રદ્ધા આદિ કરું છું એમ બોલીને તે તે શાસ્ત્રોના ભાવો પ્રત્યે સાધુ દૃઢ પક્ષપાતવાળા બને છે.

**(૩૦) પુષ્પચૂલિકાસૂત્ર :-**

પુષ્પિકાસૂત્ર ગ્રંથમાં જે અર્થો બતાવ્યા છે તે જ અર્થોને વિશેષ કરીને પુષ્પચૂલિકાસૂત્રમાં બતાવ્યા છે. આ સૂત્રના ભાવનથી સાધુઓ સંયમમાં દૃઢ ઉત્સાહવાળા થાય છે.

**(૩૧) વૃષ્ણિકાસૂત્ર અને (૩૨) વૃષ્ણિદશાસૂત્ર :-**

અંધકવૃષ્ણિ રાજાના પુત્ર અને દશ દશાર્હ તરીકે પ્રખ્યાત એવા સમુદ્રવિજય, વસુદેવ આદિ દશ પુત્રોનું જેમાં વક્તવ્ય છે તે આ વૃષ્ણિદશાસૂત્ર છે. આ સૂત્રના અધ્યયનથી સાધુને ઉત્તમ પુરુષોની વિશિષ્ટ પ્રકૃતિનું જ્ઞાન થાય છે.

**(૩૩) આશીવિષભાવનાસૂત્ર :-**

આશીવિષ એટલે સર્પ આદિનું ઝેર. તે જાતિથી અને કર્મથી થાય છે. તેવા વિષવાળા વીંછી, મંડૂક=દેડકો, સાપ, મનુષ્ય જાતિના ક્રમથી અધિક-અધિક વિષવાળા હોય છે; કેમ કે વીંછીનું વિષ ઉત્કૃષ્ટથી અર્ધભરતક્ષેત્રના પ્રમાણવાળા શરીરમાં વ્યાપ્ત થાય છે. મંડૂક=દેડકાનું વિષ ભરતક્ષેત્ર પ્રમાણવાળા શરીરમાં વ્યાપ્ત થાય છે. સર્પનું વિષ ઉત્કૃષ્ટથી જંબૂદ્વીપ પ્રમાણવાળા શરીરમાં વ્યાપ્ત થાય છે જ્યારે મનુષ્યનું વિષ અઢીદ્વીપ પ્રમાણવાળા શરીરમાં વ્યાપ્ત થાય છે.

વળી, કર્મથી પંચેન્દ્રિયતિર્યંચો, મનુષ્યો અને સહસ્રારદેવલોકના દેવો આશીવિષ હોય છે. આ લોકો=દેવો, મનુષ્યો વગેરે તપ અને ચારિત્રના અનુષ્ઠાનથી કે અન્ય ગુણથી આશીવિષ વીંછી આદિ દ્વારા સાધ્ય એવી ક્રિયાને કરે છે અર્થાત્ શાપ આદિ આપવા દ્વારા બીજાનો નાશ કરે છે. **દેવતાઓને અપર્યાપ્તઅવસ્થામાં કર્મથી આશીવિષ જાણવા.** જે દેવતાઓ પૂર્વના મનુષ્યભવમાં તપ આદિ દ્વારા આશીવિષલબ્ધિ પ્રાપ્ત કરીને સહસ્રારદેવલોક સુધીના દેવભવમાં ઉત્પન્ન થયા હોય અને અપર્યાપ્તઅવસ્થામાં હોય ત્યાં સુધી આશીવિષલબ્ધિવાળા જાણવા. પર્યાપ્તઅવસ્થામાં તે આશીવિષલબ્ધિથી મુક્ત થાય છે. દેવભવની શક્તિને કારણે શાપ આદિ દ્વારા બીજાનો વિનાશ કરે છે તોપણ આશીવિષલબ્ધિવાળા કહેવાતા નથી. આ સર્વ વક્તવ્ય જે ગ્રંથમાં છે તે આશીવિષભાવનાસૂત્ર નામનું શાસ્ત્ર છે.

### (૩૪) દૃષ્ટિવિષભાવનાસૂત્ર :-

જેમની દૃષ્ટિમાં ઝેર છે તે દૃષ્ટિવિષવાળા કહેવાય. દૃષ્ટિવિષ જીવો કેવા કેવા પ્રકારના હોય છે તેના સ્વરૂપનું પ્રતિપાદન કરનાર આગમ દૃષ્ટિવિષ-ભાવનાસૂત્ર છે.

આ સર્વ આગમો ભગવાને જે રીતે કહ્યા છે તે રીતે ભાવન કરવાથી માર્ગાનુસારી દૃષ્ટિ ખૂલે છે અને તે આગમોના યથાર્થ બોધથી વાસિત થયેલું ચિત્ત સર્વત્ર ઉચિતપ્રવૃત્તિ કરાવનારું બને છે. તેથી સંસારનું વાસ્તવિક સ્વરૂપ બતાવવા અર્થે આશીવિષભાવનાસૂત્ર, દૃષ્ટિવિષભાવનાસૂત્ર આદિ શાસ્ત્રો રચાયાં છે.

### (૩૫) ચારણશ્રમણભાવનાસૂત્ર :-

અતિશય બહુ ગમનના અને આગમનના સ્વરૂપવાળા હોવાને કારણે તેવા મુનિઓને ચારણમુનિ કહેવાય છે. અર્થાત્ સાતિશય ગમન-આગમનની લબ્ધિથી સંપન્ન સાધુવિશેષને ચારણ કહેવાય છે. આવા ચારણમુનિઓ અનેક પ્રકારના છે. તેમાં મુખ્યત્વે બે પ્રકાર છે. (૧) વિદ્યાચારણમુનિ અને (૨) જંઘાચારણમુનિ.

(i) **વિદ્યાચારણમુનિ :-** વિદ્યા એટલે વિવક્ષિત કોઈ આગમ, તત્પ્રધાન

ચારણમુનિ તે વિદ્યાચારણમુનિ. આવા સાધુઓ યથાવિધિ સાતિશય છઠ્ઠતપથી સદા તપ કરતાં વિદ્યાચારણલબ્ધિવાળા બને છે. આ વિદ્યાચારણલબ્ધિથી એક ઉત્પાતથી એક ડગલાથી માનુષોત્તરપર્વત પર પહોંચે છે અને ત્યાં રહેલાં ચૈત્યોને વંદન કરે છે. ત્યારબાદ બીજા ઉત્પાતથી નંદીશ્વરદ્વીપ નામના આઠમા દ્વીપમાં જાય છે અને ત્યાંનાં ચૈત્યોને વંદન કરે છે. ત્યારપછી ત્રીજા એવા એક ઉત્પાતથી પોતાના સ્થાને પાછા આવે છે. આ પ્રકારે વિદ્યાચારણની તિર્છી ગતિ છે. વળી ઊર્ધ્વગતિએ એક ઉત્પાતથી મેરુપર્વતના નંદનવનમાં જઈને ત્યાંનાં ચૈત્યોને વંદન કરે છે. બીજા ઉત્પાતથી મેરુપર્વતના શિખર ઉપર પાંડુકવનમાં જઈ ત્યાં રહેલાં ચૈત્યોને વંદન કરે છે અને ત્યાંથી ત્રીજા એવા એક ઉત્પાતથી પોતાના સ્થાને પાછા આવે છે.

**(ii) જંઘાચારણમુનિ :-** કરોળિયાના તાંતણાનું આલંબન લઈને કે સૂર્યના કિરણોનું અવલંબન લઈને જંઘા દ્વારા આકાશમાં જાય તે જંઘાચારણમુનિઓ. જે સાધુ યથાવિધિ સદા સાતિશય અઠ્ઠમના પારણે અઠ્ઠમતપ કરે છે તેઓને આ જંઘાચારણલબ્ધિ પ્રાપ્ત થાય છે. આવા જંઘાચારણલબ્ધિવાળા સાધુ એક ઉત્પાતથી તેરમા રુચકવરદ્વીપમાં જઈને ત્યાંનાં ચૈત્યોને વંદન કરે છે, ત્યાંથી પાછા ફરીને બીજા ઉત્પાતથી નંદીશ્વરદ્વીપે આવે છે અને ત્યાંનાં ચૈત્યોને વંદન કરે છે. ત્યાંથી ત્રીજા ઉત્પાતથી પોતાના સ્થાને આવે છે. આ જંઘાચારણમુનિઓની તિર્છીગતિ છે. વળી ઊર્ધ્વગતિ એક ઉત્પાત વડે પાંડુકવનમાં જાય છે અને ત્યાંનાં ચૈત્યોને વંદન કરે છે. બીજા ઉત્પાત દ્વારા નંદનવનમાં જાય છે અને ત્યાંનાં ચૈત્યોને વંદન કરે છે તથા ત્રીજા ઉત્પાતથી પોતાના સ્વસ્થાને પાછા આવે છે. આ બધું ચારણમુનિનું સ્વરૂપ વિસ્તારથી જે આગમમાં વર્ણન કરાયેલું છે તે ચારણભાવનાસૂત્ર કહેવાય છે.

**(૩૬) મહાસ્વપ્નભાવનાસૂત્ર :-**

ગજ, વૃષભ, સિંહ આદિ મહાસ્વપ્નો છે. તે સ્વપ્નોનાં ફળો વગેરેનું વર્ણન જે આગમમાં કરાયેલું હોય તે મહાસ્વપ્નભાવનાસૂત્ર નામનું શાસ્ત્ર છે.

**(૩૭) તૈજસનિસર્ગસૂત્ર :-**

દરેક જીવોને આહારના પાચનનું કારણ બને તેવું તૈજસશરીર છે. સાધના

દ્વારા તૈજસશરીરને નિસર્ગ=બહાર, કાઢવાની ક્રિયા કરવાની શક્તિ આવે છે જેના કારણે તેજોલેશ્યા, શીતલેશ્યા આદિ મુકાય છે. તેનું વર્ણન જે આગમમાં કરાયું છે તે તૈજસનિસર્ગસૂત્ર નામનું આગમ છે.

સાધુઓ સંયમજીવનમાં સતત નવું-નવું શાસ્ત્ર અધ્યયન કરે છે. તેથી પોતાના સંયમપર્યાયને અનુકૂળ અને શક્તિને અનુરૂપ અંગબાહ્ય એવા ઉત્કાલિકસૂત્રનું યથાર્થ જ્ઞાન કર્યા પછી સર્વ પણ આ અંગબાહ્ય એવા કાલિકશ્રુતનું અધ્યયન કરે છે અને તે અધ્યયન કરતી વખતે તે સૂત્રને ગ્રહણ કરે છે.

કેવી રીતે ગ્રહણ કરે છે ? તેથી કહે છે –

તે સૂત્રના જે અર્થો છે તેના સહિત સૂત્રને ગ્રહણ કરે છે. વળી, તે અર્થ પણ માત્ર શબ્દાર્થરૂપે ગ્રહણ કરતા નથી, પરંતુ તેને સ્પર્શનારા અન્ય ગ્રંથો સાથે, તે સૂત્ર ઉપર રચાયેલી નિર્યુક્તિ સાથે અને તેને સમજાવનારા સંગ્રહણી અર્થાત્ ટીકા આદિ સહિત ગ્રહણ કરે છે.

તે સર્વના અર્થો જે ગુણોથી=સૂત્રના સેવનથી આત્મામાં જે પ્રકારના ફલનિષ્પત્તિરૂપ ગુણો થાય એવા જે ગુણોથી, અને જે ભાવોથી=તે સૂત્રોમાં વર્તતા જે પરિણામોથી, અરિહંત ભગવંતોએ કહ્યા છે તે પ્રકારે અવધારણ કરવા પ્રયત્ન કરે છે, તે પ્રકારે તે ભાવો પ્રત્યે રુચિ કરે છે. તે ભાવોનું ફરી ફરી પરિશીલન કરી તે ભાવોને સ્પર્શ કરવા પ્રયત્ન કરે છે. તે ભાવોને સ્થિર કરવા માટે તે પ્રમાણે તે આચારોનું પાલન કરે છે અને અનુપાલન કરે છે.

અપ્રમાદથી એક પખવાડિયામાં આ અંગબાહ્ય એવા કાલિકસૂત્ર સંબંધી જે વાચના અપાઈ હોય, પઠિત કરાયું હોય, પરાવર્તન કરાયું હોય, કોઈ સ્થાને શંકા થઈ હોય ત્યાં ગુરુ આદિને પૂછ્યું હોય, ગુરુ આદિને પૂછ્યા પછી તેનો યથાર્થ નિર્ણય કરીને તેના પરમાર્થને આત્મામાં સ્થિર કરવા માટે અનુપ્રેક્ષા કરી હોય અને તે પ્રમાણે આચારોનું અનુપાલન કર્યું હોય તે સર્વ પણ સાધુ વિદ્વાન થવા માટે કરતા નથી, પરંતુ દુઃખક્ષય માટે, કર્મક્ષય માટે, મોક્ષની પ્રાપ્તિ માટે, બોધિલાભની પ્રાપ્તિ માટે અને સંસારથી ઉત્તરણ માટે કરે છે. તેથી કરીને પોતે પણ તે પ્રમાણે સર્વ અંગબાહ્ય કાલિકસૂત્રોનું અધ્યયન કરીને યત્ન કરે છે જેથી તે સાધુ સંયમના કંડકોની સદા વૃદ્ધિ કરે છે. આમ છતાં

કાંઈક પ્રમાદને વશ એક પક્ષની અંદરમાં પોતાની શક્તિ અનુસાર અંગબાહ્ય કાલિકસૂત્રનું અધ્યયન પોતે કોઈને વાચનાથી આપ્યું ન હોય, કાંઈક પ્રમાદવશ પઠન કર્યું ન હોય, કદાચ પઠન કર્યું હોય તોપણ પ્રમાદવશ તેનું પરાવર્તન કર્યું ન હોય, પરાવર્તન કર્યું હોય તોપણ કદાચ કોઈક સ્થાનમાં શંકા થઈ હોય તો તેની પૃચ્છા કરી ન હોય, કદાચ પૃચ્છા કરીને યથાર્થ નિર્ણય કર્યો હોય છતાં પ્રમાદને વશ તે પદાર્થનો યથાર્થ નિર્ણય દૃઢ કરવા માટે અનુપ્રેક્ષા કરી ન હોય અને કદાચ અનુપ્રેક્ષા કરી હોય તોપણ પ્રમાદને વશ તે સૂત્રના આચારોનું અનુપાલન કર્યું ન હોય.

ક્યારે વાચના, પઠન, પરાવર્તન, પૃચ્છના, અનુપ્રેક્ષા અને અનુપાલન કર્યું ન હોય ? એથી કહે છે –

પોતાનામાં શારીરિક બળ હોય, તે પ્રકારે અધ્યયન આદિ કરી શકે તેને યોગ્ય વીર્ય પ્રવર્તતું હોય, તે પ્રકારના પ્રયત્નનું પરાક્રમ કરી શકે તેમ હોય, છતાં વાચના આદિ ન કર્યાં હોય તેને સ્મૃતિમાં લાવીને સાધુ આલોચના કરે છે અને તે ભાવોથી પ્રતિક્રમણ કરે છે. અર્થાત્ તે પ્રમાદના ભાવોથી પાછા ફરે છે તથા થયેલા તે પ્રમાદની આત્મસાક્ષીએ નિંદા અને ગુરુસાક્ષીએ ગર્હા કરે છે. તે પ્રમાદને વશ આત્મામાં જે અશુદ્ધિ થઈ છે તેની વિશુદ્ધિ કરે છે તથા ફરી તેવો પ્રમાદ ન થાય તે પ્રકારે ઉલ્લસિત વીર્યવાળા થાય છે. થયેલા પ્રમાદ માટે યથાયોગ્ય તપકર્મરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકારે છે તેનું મિચ્છા મિ દુક્કડં આપે છે. આ પ્રકારે જે સાધુ ઉપયોગપૂર્વક પ્રસ્તુત આલાવો બોલે છે તે સાધુ એક પક્ષ દરમિયાન પોતાના શાસ્ત્ર-અધ્યયનના થયેલા સમ્યક્ યત્નને સ્મરણ કરીને તેના ભાવો દૃઢ કરે છે તથા પ્રમાદવશ જે કાંઈપણ ઉચિત અધ્યયન ન કર્યું હોય તેની નિંદા કરીને પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધિ કરે છે. જેથી પ્રસ્તુત આલાવામાં બોલાયેલા ભાવો માત્ર વચનરૂપ બનતા નથી, પરંતુ સંયમના કંડકની વૃદ્ધિનું કારણ બને છે.

**અંગપ્રવિષ્ટ કાલિક સૂત્રનું ઉત્કીર્તન :–**

**અવતરણિકા :–**

**પૂર્વમાં અંગબાહ્ય એવા ઉત્કાલિકસૂત્ર તથા કાલિકસૂત્રનું સમુત્કીર્તન**

કર્યું. હવે અંગપ્રવિષ્ટસૂત્રસ્વરૂપ દ્વાદશાંગીનું સમુત્કીર્તન કરવા અર્થે કહે છે –

**સૂત્ર :-**

नमो तेसिं खमासमणाणं, जेहिं इमं वाइअं दुवालसंगं गणिपिडगं भगवंतं, तं जहा—आयारो सूअगडो ठाणं समवाओ विवाहपन्नत्ती नाया-धम्मकहाओ उवासगदसाओ अंतगडदसाओ अणुत्तरोववाइअदसाओ पण्हावागरणं विवागसुअं दिट्ठिवाओ ।

सव्वेहिं पि एअम्मि दुवालसंगे गणिपिडगे भगवंते ससुत्ते सअत्थे सगंथे सनिज्जुत्तिए ससंगहणिए जे गुणा वा भावा वा अरिहंतेहिं भगवंतेहिं पन्नत्ता वा परूविआ वा, ते भावे सद्दहामो पत्तिआमो रोएमो फासेमो पालेमो अणुपालेमो ।

ते भावे सद्दहंतेहिं पत्तिअंतेहिं रोयंतेहिं फासंतेहिं पालंतेहिं अणुपालंतेहिं अंतोपक्खस्स जं वाइअं पढिअं परिअट्टिअं पुच्छिअं अणुपेहिअं अणुपालिअं तं दुक्खक्खयाए कम्मक्खयाए मुक्खयाए बोहिलाभाए संसारुत्तारणाए त्ति कट्टु उवसंपज्जित्ता णं विहरामि ।

अंतोपक्खस्स जं न वाइअं न पढिअं न परिअट्टिअं न पुच्छिअं नाणुपेहिअं, नाणुपालिअं, संते बले, संते वीरिए, संते पुरिसकारपरक्कमे, तस्स आलोएमो पडिक्कमामो निंदामो गरिहामो विउट्टेमो विसोहेमो अकरणयाए अब्भुट्ठेमो अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जामो तस्स मिच्छा मि दुक्कडं ।

**સૂત્રાર્થ :-**

તે ક્ષમાશ્રમણોને નમસ્કાર થાઓ જેઓએ આ ભગવંત એવું દ્વાદશાંગી ગણિપીટક કહ્યું છે.

તે આ પ્રમાણે –

આચાર=આચારાંગસૂત્ર, સૂત્રકૃતાંગસૂત્ર, સ્થાનાંગસૂત્ર, સમવાયાંગ-સૂત્ર, વિવાહપ્રજ્ઞપ્તિસૂત્ર=ભગવતીસૂત્ર, જ્ઞાતાધર્મકથાસૂત્ર, ઉપાસક-દશાંગસૂત્ર, અંતકૃદ્દશાંગસૂત્ર, અનુત્તરોપપાતિકદશાંગસૂત્ર, પ્રશ્ન-વ્યાકરણસૂત્ર, વિપાકસૂત્ર, દૃષ્ટિવાદસૂત્ર.

સૂત્ર સહિત, અર્થ સહિત, ગ્રંથ સહિત, નિર્યુક્તિ સહિત અને સંગ્રહણી સહિત એવું સર્વ પણ આ ભગવાન એવું દ્વાદશાંગી ગણિપીટક જે ગુણોથી અથવા જે ભાવોથી અરિહંત ભગવંતો વડે પ્રજ્ઞાપ્ત છે અર્થાત્ પ્રરૂપણા કરી છે તે ભાવોથી હું શ્રદ્ધા કરું છું, હું પ્રીતિપૂર્વક સ્વીકાર કરું છું, મને રુચે છે, હું સ્પર્શ કરું છું, પાલન કરું છું અને અનુપાલન કરું છું.

તે ભાવોને=દ્વાદશાંગી ગણિપીટકના જે ભાવો તીર્થંકરોએ કહ્યા છે તે ભાવોને, શ્રદ્ધા કરતાં, સ્વીકાર કરતાં, રુચિનો વિષય કરતાં, સ્પર્શતાં, પાલન કરતાં અને અનુપાલન કરતાં મારા વડે એક પક્ષની=પંદર દિવસની, અંદર જે વાચિત હોય, પઠિત હોય, પરિવર્તિત હોય, પૃચ્છિત હોય, અનુપ્રેક્ષિત હોય, અનુપાલિત હોય તે દુઃખક્ષય માટે, કર્મક્ષય માટે, મોક્ષ માટે, બોધિલાભ માટે, સંસારના ઉત્તરણ માટે છે, તેથી કરીને અંગીકાર કરીને હું વિહરું છું=માસકલ્પ આદિ સાધુવિહારમાં હું વર્તું છું.

એક પક્ષની અંદર જે=દ્વાદશાંગી ગણિપીટકના ભાવોની વૃદ્ધિને અનુકૂળ જે, સૂત્રની વાચના ન અપાઈ હોય, પોતે સ્વયં પઠન કર્યું ન હોય, પરિવર્તન કર્યું ન હોય, શંકા થઈ હોય ત્યાં પૃચ્છા કરીને સમાધાન ન મેળવ્યું હોય, અનુપ્રેક્ષણ કર્યું ન હોય, અને તે તે ભાવોને અનુકૂળ જે કૃત્યો હોય તેનું અનુપાલન કર્યું ન હોય.

ક્યારે કર્યું ન હોય ? તેથી કહે છે –

પોતાનું બળ હોતે છતે, પોતાનું વીર્ય હોતે છતે, પોતાનો પુરુષકાર કરવાનું પરાક્રમ હોતે છતે ન કર્યું હોય, તેની હું આલોચના કરું છું, પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, ગર્હા કરું છું, તે પ્રમાદનું હું વિત્રોટન

**કરું છું, વિશુદ્ધિને કરું છું અને ફરી તેવા પ્રકારનો પ્રમાદ ન કરવા માટે અભ્યુત્થિત થયેલો હું છું. તેની શુદ્ધિ માટે યથાયોગ્ય=જે પ્રકારે પ્રમાદ થયો છે તેને યોગ્ય, એવું તપકર્મરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકારું છું અને તે પ્રમાદનું મિચ્છા મિ દુક્કડં આપું છું='તે મારું પાપ મિથ્યા થાઓ' એવો અભિલાષ કરું છું.**

**ભાવાર્થ :-**

તે ક્ષમાશ્રમણોને નમસ્કાર કરું છું જેઓએ ભગવંત દ્વાદશાંગીરૂપ ગણિપીટક કહ્યું છે. અહીં ગણિપીટક શબ્દથી ગણિ=આચાર્યો અને પીટક=અર્થ સાર એવું પ્રધાન ભાજન અર્થાત્ આચાર્ય માટે અર્થ પ્રધાન એવું દ્વાદશાંગીરૂપ શ્રુત ભાજન છે. જેના બળથી આચાર્ય ભાવિત થઈને સ્વ-પરનું કલ્યાણ કરે છે. તે આચાર્ય માટે અત્યંત ઉપકારક એવી દ્વાદશાંગીની રચના ગણધર ભગવંતે કરેલી છે. તેઓને પ્રથમ નમસ્કાર કરીને આચારાંગસૂત્ર આદિ બાર અંગો પ્રત્યે પોતાની સ્થિર રુચિને દૃઢ કરવા અર્થે સાધુઓ પક્ખીસૂત્રમાં પ્રસ્તુત આલાવો બોલે છે.

**(૧) આચારાંગસૂત્ર :-**

દ્વાદશાંગીમાં પ્રથમ આચારાંગસૂત્ર છે. તેમાં જ્ઞાનાચાર આદિ આચારોની સેવનની વિધિનું પ્રતિપાદન કરાયેલું છે. તે જ્ઞાનાદિ આચારોનું સમ્યક્ સેવન કરીને સાધુઓ વીતરાગતાને અનુકૂળ એવા ઉત્તમ ભાવોનો અનુભવ કરે છે. આથી જ ઉપાધ્યાયજી મહારાજાએ સીમંધરસ્વામીને વિનંતી કરતાં સવાસો ગાથાના સ્તવનમાં ગાયું છે –

**સર્વ આચારમય પ્રવચને, ભણ્યો અનુભવ યોગ;**

**તેહથી મુનિ વમે મોહને, વળી અરતિ રતિ શોગ. આતમ૦**

આ વચન અનુસાર આચારાંગસૂત્રથી ભાવિત થયેલા સાધુ સંયમના કંડકોની વૃદ્ધિને કરે છે.

**(૨) સૂત્રકૃતાંગસૂત્ર :-**

સૂત્રકૃતાંગ શબ્દમાં 'સૂત્ર' શબ્દ સૂચનના અર્થમાં છે. અને 'सूचनात् सूत्रम्'

એ પ્રકારની સૂત્રની વ્યુત્પત્તિવાળા સૂત્રથી કરાયેલું સૂત્રકૃત આગમ છે. તે સ્વસમય અને પરસમયના સકલ પદાર્થોનું સૂચક છે. સૂત્રની વ્યુત્પત્તિ છે કે 'सूचनात् सूत्रम्' અને તે વ્યુત્પત્તિ અનુસાર સંક્ષેપથી સૂત્રમાં સૂચિત કરવામાં આવે છે. સૂત્રકૃતાંગસૂત્ર આગમમાં સ્વદર્શનને અભિમત અને પરદર્શનને અભિમત એવા સર્વ પદાર્થોનું સંક્ષેપથી કથન છે. જેના અધ્યયનથી સાધુને સ્વદર્શનના અને પરદર્શનના પદાર્થોનો મર્મસ્પર્શી બોધ થાય છે. જેનાથી ભાવિત થઈને સાધુ યોગમાર્ગના પરમાર્થને જાણીને વિશેષ પ્રકારની સંયમની શુદ્ધિને પ્રાપ્ત કરે છે.

### (૩) સ્થાનાંગસૂત્ર :-

સ્થાનાંગ શબ્દની વ્યુત્પત્તિ છે કે 'બેસે છે, વસે છે' યથાવત્ અભિધેયપણાથી એકત્વ આદિ વિશેષિત એવા આત્માદિ પદાર્થો છે જેમાં તે સ્થાન છે અથવા સ્થાન શબ્દથી અહીં=સ્થાનાંગ શબ્દની વ્યુત્પત્તિમાં, એક આદિ સંખ્યાભેદ કહેવાયો છે. તેથી આત્માદિ અર્થગત એવા એક આદિથી માંડીને દસ અંક સુધીનાં સ્થાનોનું અભિધેયપણાથી સ્થાનના આચારવાળું સ્થાનાંગસૂત્ર છે.

સ્થાનાંગસૂત્રમાં એક, બે, ત્રણ આદિના વિકલ્પો દ્વારા દસ સ્થાનો બતાવ્યાં છે અને તેના દ્વારા આત્માદિ પદાર્થોનું વિશેષ સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. તેના ભાવનથી સાધુઓ આત્માદિ પદાર્થોના સ્વરૂપથી આત્માને ભાવિત કરીને સંયમની શુદ્ધિને પ્રાપ્ત કરે છે.

### (૪) સમવાયાંગસૂત્ર :-

સમવાયાંગસૂત્ર અંતર્ગત સમવાય શબ્દમાં સમ્, અવ અને અય એમ ત્રણ શબ્દો રહેલા છે. સમ્=સમ્યક્, અવ=અધિક અને અય=જીવ આદિ તત્ત્વોનો બોધ, તે સમવાય, તેનો હેતુ એવો જે ગ્રંથ તેને સમવાયાંગસૂત્ર કહેવામાં આવે છે. સમવાયાંગસૂત્રમાં જીવાદિ પદાર્થોનો વિશેષ પ્રકારનો બોધ થાય તે રીતે પદાર્થોનું નિરૂપણ છે. તેનાથી ભાવિત થઈને સાધુઓ જીવાદિ પદાર્થોના સૂક્ષ્મ સ્વભાવોનું અવગાહન કરીને સંયમની શુદ્ધિને પ્રાપ્ત કરે છે.

**(૫) વિવાહપ્રજ્ઞપ્તિસૂત્ર :-**

વિવાહપ્રજ્ઞપ્તિ શબ્દની વ્યુત્પત્તિમાં વિ, વાહ અને પ્રજ્ઞપ્તિ એમ ત્રણ શબ્દો છે. વિ=વિશિષ્ટ, વાહ=અર્થપ્રવાહ=તત્ત્વાર્થના વિચારની પદ્ધતિ, તેઓની પ્રજ્ઞપ્તિ=પ્રજ્ઞાપન=વ્યાખ્યાન છે જેમાં તેવું આગમ તે વિવાહપ્રજ્ઞપ્તિસૂત્ર છે. આ આગમ અત્યંત પૂજ્ય હોવાને કારણે નામાંતરથી તેને ભગવતીસૂત્ર પણ કહેવામાં આવે છે.

આથી જ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજાએ ભગવતીસૂત્રની સજ્ઝાયમાં કહ્યું છે કે

**ઉત્કૃષ્ટી આરાધના ભગવઈ સુણતાં શિવ લહીએ રે;**
**ત્રીજે ભવે વાચક જશ કહે, ઇમ ભાખ્યું તે સદહીએ રે. ॥૧૫॥**

**(ભગવતીસૂત્રની સજ્ઝાય, ગાથા-૧૫)**

ઉત્કૃષ્ટ ભાવથી વિધિપૂર્વક કોઈ શ્રાવક ભગવતીસૂત્રનું અત્યંત ઉપયોગપૂર્વક શ્રવણ કરે તો ઉત્કૃષ્ટ પરિણામને કારણે તે જીવ ત્રીજા ભવે મોક્ષમાં જાય છે. તેથી સર્વ આગમો પૂજ્ય હોવા છતાં ભગવતીસૂત્ર વિશેષ રીતે પૂજ્ય છે. ગૌતમસ્વામી ભગવંતે વીરપ્રભુને પૂછેલા પ્રશ્નો તથા વીરપ્રભુએ આપેલા તેના ઉત્તર દર્શક આ ગ્રંથની રચના થઈ છે. આ પ્રશ્નના ઉત્તર દ્વારા શાસ્ત્રના ઘણા સૂક્ષ્મ પદાર્થોનો સાધુને યથાર્થ બોધ પ્રાપ્ત થાય છે. તેનાથી ભાવિત થઈને સાધુ વિશેષ પ્રકારની સંયમની શુદ્ધિને પ્રાપ્ત કરે છે.

**(૬) જ્ઞાતાધર્મકથાસૂત્ર :-**

જ્ઞાતા=ઉદાહરણ, તત્પ્રધાન ધર્મકથા જે શાસ્ત્રમાં છે તે જ્ઞાતાધર્મકથાસૂત્ર. આ આગમમાં અનેક દૃષ્ટાંતો દ્વારા ધર્મપ્રધાન એવાં કથનો છે જેના ભાવનથી પૂર્વના મહાત્માઓનાં દૃષ્ટાંતોથી સાધુ ભાવિત બને છે અને તેના કારણે સંયમમાં વિશેષ પ્રકારે સદ્વીર્ય ઉલ્લસિત થાય છે.

**(૭) ઉપાસકદશાંગસૂત્ર :-**

ઉપાસકો શ્રાવકો છે. શ્રાવકોના કલાપથી પ્રતિબદ્ધ એવાં દશ અધ્યયનોથી ઉપલક્ષિત ઉપાસકદશા નામનું આગમ છે. તેમાં વીરપ્રભુના દશ મહાશ્રાવકોની

સત્ત્વયુક્ત સાધનાનું વક્તવ્ય આવે છે. જેના ભાવનથી સાધુઓને સાધનામાં બળ મળે છે કે સાધુ કરતાં નીચલી ભૂમિકાવાળા શ્રાવકો પણ આવા સત્ત્વવાળા હોય તો આપણે તો વિશેષથી સત્ત્વ ફોરવવું જોઈએ. જેથી સંસારનો શીઘ્ર ઉચ્છેદ થાય.

**(૮) અંતકૃદ્દશાંગસૂત્ર :-**

અંત=વિનાશ અને તે કર્મોનો છે અથવા કર્મના ફળરૂપ સંસારનો છે. તે વિનાશ કરાયો જેનાથી તે અંતકૃત્ તીર્થંકર આદિ ચરમશરીરી જીવો છે. તેઓની સંસારને અંત કરનારી દશાનું વર્ણન છે જેમાં એવાં દશ અધ્યયનોવાળા આ આગમનું નામ અંતકૃદ્દશાંગસૂત્ર છે. આ આગમના અધ્યયનથી આત્માને ભાવિત કરીને સંસારના અંતના અર્થી સાધુઓ પોતાનું સત્ત્વ પણ સ્વશક્તિ અનુસાર પ્રવર્તાવે છે. માટે કલ્યાણના અર્થી સાધુઓ વારંવાર પ્રસ્તુત આગમથી ભાવિત થઈને સંયમની વૃદ્ધિ કરે છે.

**(૯) અનુત્તરોપપાતિકદશાંગસૂત્ર :-**

ઉત્તર=પ્રધાન, જેને ઉત્તર કાંઈ નથી અર્થાત્ જેનાથી પ્રધાન કોઈ નથી તે અનુત્તર. ઉપપતન એ ઉપપાત છે=દેવજન્મ છે. અનુત્તર એવો ઉપપાત=અનુત્તર એવો દેવજન્મ છે જેને તે અનુત્તરોપપાતિક, તે સર્વાર્થસિદ્ધવિમાન આદિ પાંચ અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થયેલા દેવો છે. તેઓના વક્તવ્ય સાથે પ્રતિબદ્ધ= ત્યાં ઉત્પન્ન થનાર સાધુ ભગવંતોનાં કથાનકોથી યુક્ત દશ અધ્યયનો છે જેમાં તેવું આગમ અનુત્તરોપપાતિકદશાસૂત્ર છે.

જે સાધુઓ સંયમના ઊંચાં સ્થાનોને સેવીને તે ભવમાં મોહનો નાશ કરી શકતા નથી તોપણ જેઓએ સંસારને અત્યંત પરિમિત કર્યો છે તેથી કાળ કરીને સર્વાર્થસિદ્ધ આદિ પાંચ અનુત્તરવિમાનમાંથી કોઈક વિમાનમાં ઉત્પન્ન થાય છે તે દેવો સાંસારિક ભાવોથી પર વીતરાગતુલ્ય મનોદશાવાળા હોય છે. તેથી દેવભવમાં પણ સદા જિનવચનથી આત્માને ભાવિત કરીને આનંદનો અનુભવ કરનારા છે, પરંતુ વિષયના સેવનથી આનંદનો અનુભવ કરનારા નથી. આવા દેવોના સંબંધી વક્તવ્ય પ્રસ્તુત આગમમાં છે. જેનો સ્વાધ્યાય

કરીને સાધુઓ એવા ઉત્તમ દેવોની મનોદશાથી ભાવિત થઈને પોતાના સંયમના પરિણામોની શુદ્ધિ કરે છે.

**(૧૦) પ્રશ્નવ્યાકરણસૂત્ર :-**

પ્રશ્નો એટલે પૃચ્છા અને વ્યાકરણ એટલે ઉત્તર. તેથી પ્રશ્નો અને ઉત્તરોનો પ્રતિપાદક ગ્રંથ તે પ્રશ્નવ્યાકરણસૂત્ર છે. આ પ્રકારની વ્યુત્પત્તિ છે. અને તે ગ્રંથમાં પાંચ અસંવરના અને પાંચ સંવરના ભાવોનું વર્ણન છે. જેના ભાવનથી સાધુને અસંવરની નિવૃત્તિમાં અને સંવરમાં દૃઢ યત્ન કરવાનો ઉલ્લાસ થાય છે. જેનાથી સંયમના કંડકોની વૃદ્ધિ સુલભ બને છે.

**(૧૧) વિપાકસૂત્ર :-**

વિપચન એ વિપાક છે અર્થાત્ શુભાશુભ કર્મોનો પરિણામ છે. તેને બતાવનારું અધ્યયન તે વિપાકસૂત્ર છે. જે આગમમાં અસુંદર કર્મોના કેવા ભયંકર વિપાકો છે ? અને સુંદર કર્મોના કેવા સુંદર વિપાકો છે ? તેનું વિસ્તારથી વર્ણન કરેલું છે. જેનું ભાવન કરવાથી સાધુ અશુભ કર્મબંધના કારણ એવા પ્રમાદ આદિથી નિવર્તન પામે છે અને શુભ કર્મબંધ-નિર્જરાના ઉપાયોને સેવવા માટે દૃઢ ઉત્સાહિત થાય છે.

**(૧૨) દષ્ટિવાદસૂત્ર :-**

દૃષ્ટિ=દર્શન, વાદ=વચન. દૃષ્ટિઓનું કથન જેમાં હોય તે દૃષ્ટિવાદ છે. અથવા દૃષ્ટિઓનો=અન્યદર્શનની દૃષ્ટિઓનો પાત છે જેમાં તે દૃષ્ટિપાતસૂત્ર.

તેનાથી શું ફલિત થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

સર્વ નયની દૃષ્ટિઓ જે આગમમાં કહેવાય છે અને સમવતાર પામે છે તે દૃષ્ટિવાદ નામનું બારમું અંગ છે. આ દૃષ્ટિવાદ નામના આગમમાં ચૌદપૂર્વો અંતર્ભાવ પામે છે. દૃષ્ટિવાદ આગમના બળથી સર્વ નયોથી પદાર્થોનો સૂક્ષ્મ રીતે બોધ થાય છે. તેના ભાવનથી મુનિઓ ક્ષપકશ્રેણીને અનુકૂળ મહાશક્તિનો સંચય કરે છે.

'સર્વ પણ આ દ્વાદશાંગી ગણિપીટક ભગવંત સૂત્ર સહિત, અર્થ સહિત, ગ્રંથ સહિત, નિર્યુક્તિ સહિત અને સંગ્રહણી સહિત જે ગુણોથી અથવા જે

ભાવોથી અરિહંત ભગવંત દ્વારા પ્રજ્ઞપ્ત છે અને પ્રરૂપિત છે તે ભાવોથી હું શ્રદ્ધા કરું છું, પ્રતિપત્તિ કરું છું, એ ભાવો મને રુચે છે, તે ભાવોને હું સ્પર્શ કરું છું, તે ભાવોનું હું પાલન કરું છું અને તે ભાવોનું હું અનુપાલન કરું છું.'

આ પ્રમાણે કહેવાથી એ પ્રાપ્ત થાય કે તે દ્વાદશાંગી ગણિપીટક સર્વજ્ઞ ભગવંતોએ સૂત્રથી યુક્ત, અર્થથી યુક્ત=વ્યાખ્યાનરૂપ અર્થથી યૂક્ત, ગ્રંથથી યુક્ત=સૂત્ર-અર્થ ઉભયથી યુક્ત, નિર્યુક્તિયુક્ત=નિર્યુક્તિ વડે જે રીતે પ્રતિપાદન કરાયું છે તેનાથી યુક્ત, વળી સંગ્રહણીથી યુક્ત=બહુ અર્થને સંગ્રહ કરવારૂપ નિર્યુક્તિથી યુક્ત; જે ગુણોથી કહેવાયું છે=વિરતિ, જિનગુણઉત્કીર્તન આદિ ધર્મોથી કહેવાયું છે, જે ભાવોથી કહેવાયું છે=ક્ષાયોપશમિક આદિ જે ભાવોથી કે જીવાદિ પદાર્થોથી અરિહંત ભગવંત વડે કહેવાયું છે, અને પ્રરૂપણા કરાય છે તે ભાવોની અને તે ગુણોની હું શ્રદ્ધા કરું છું, તે ભાવોનો હું પ્રીતિપૂર્વક સ્વીકાર કરું છું, તે ભાવોની અભિલાષાના અતિરેકથી હું રુચિ કરું છું, તે ભાવોથી હું તે સૂત્રોને સ્પર્શ કરું છું, અને તે ભાવોથી જ હું તે સૂત્રો દ્વારા આત્માને ભાવિત કરીને પાલન કરું છું, અનુપાલન કરું છું અર્થાત્ આજીવન સુધી તેનું સેવન કરું છું. આ પ્રકારે ભાવન કરવાથી તે દ્વાદશાંગીના ભાવોને જીવનમાં સમ્યક્ પરિણમન પમાડવાનો દૃઢ વ્યાપાર સાધુમાં સ્વશક્તિ અનુસાર અવશ્ય સદા પ્રવર્તે છે.

વળી, કરાયેલા તે ભાવોને અતિશયિત કરવા અર્થે સાધુ બોલે છે – તે ભાવોની શ્રદ્ધા કરતા એવા મારા વડે, સ્વીકારતા એવા મારા વડે, રુચિ કરતા એવા મારા વડે, પાલન કરતા એવા મારા વડે અને અનુપાલન કરતા એવા મારા વડે આ પક્ષમાં જે કાંઈ વાચિત છે=અન્યને વાચના અપાઈ છે, પઠિત છે=સ્વયં ભણાયું છે, પરાવર્તિત છે=સૂત્રોનું પરાવર્તન કરાયું છે, પૃચ્છિત છે=પુછાયેલું છે=પૂર્વમાં ભણાયેલા કોઈ સૂત્રમાં શંકા થઈ હોય તો ગુરુ આદિ પાસેથી પુછાયેલું છે, અનુપ્રેક્ષિત છે=વિસ્મરણ ન થાય તે રીતે સતત ચિંતન કરાયેલું છે.

તે દુઃખક્ષય માટે=શારીરિક, માનસિક દુઃખોના નાશ માટે, કર્મક્ષય માટે= જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોના નાશ માટે, મોક્ષ માટે=સર્વ કર્મથી રહિત

થવા માટે, બોધિલાભ માટે=જન્માંતરમાં સન્માર્ગની પ્રાપ્તિ કરવા માટે, આ સંસારના ઉત્તરણ માટે થાય છે. તેથી તેનો સ્વીકાર કરીને હું સંયમની મર્યાદાથી વિહરું છું.

આ પ્રકારે ભાવન કરવાથી દ્વાદશાંગીના વચન અનુસાર સાધુને સંયમમાં ઉદ્યમ કરવાનો દૃઢ ઉત્સાહ થાય છે; કેમ કે સર્વ કલ્યાણની પરંપરાનું એક કારણ તે પ્રકારનું ભાવન છે. વળી, પોતાના ભાવોને અત્યંત સ્થિર કરવા માટે સાધુ પક્ખીસૂત્રમાં બોલે છે કે એક પક્ષમાં મેં સૂત્રની વાચના ન આપી હોય અર્થાત્ પોતાની શક્તિ અનુસાર ભણેલું સૂત્ર શરીરબળ આદિ વિદ્યમાન હોવા છતાં અન્યને વાચનાદિ દ્વારા આપ્યું ન હોય; વળી મેં નવું અધ્યયન કર્યું ન હોય અર્થાત્ શરીરબળ આદિ વિદ્યમાન હોવા છતાં મારા કલ્યાણનું કારણ એવા નવા-નવા સૂત્રનું અધ્યયન કરવા ઉદ્યમ કર્યો ન હોય; વળી, શરીરબળ આદિ વિદ્યમાન હોવા છતાં પૂર્વમાં ભણેલાને સ્થિર કરવા માટે પરાવર્તન કર્યું ન હોય, કોઈ સ્થાનમાં સંશય આદિ હોવા છતાં ગુરુ આદિને તેની પૃચ્છા કરીને સંશયનું નિવર્તન કર્યું ન હોય અને તે સૂત્રના સૂક્ષ્મ ભાવોને સ્થિર કરવા માટે અનુપ્રેક્ષા કરી ન હોય. વળી શરીરબળ આદિ વિદ્યમાન હોવા છતાં તે સૂત્ર અનુસાર આચરણામાં શરીરબળ પ્રવર્તાવ્યું ન હોય તેની હું આલોચના કરું છું અર્થાત્ તે સર્વનું સ્મરણ કરીને તેના પ્રત્યે જુગુપ્સા થાય તે પ્રકારે યત્ન કરું છું, તેનું પ્રતિક્રમણ કરું છું=તે પ્રમાદથી નિવર્તન પામું છું. પૂર્વમાં વાચના આદિમાં જે પ્રમાદ કર્યો છે તેની નિંદા-ગર્હા કરું છું. 'विउट्टेमो'=વિત્રોટન કરું છું=અવાચનાદિના પ્રવાહનો વિચ્છેદ કરું છું અર્થાત્ જે પ્રમાદને વશ અત્યાર સુધી વાચનાદિ સેવી નથી તેનો પ્રવાહ ચાલુ ન રહે તેવો યત્ન કરું છું. વિશોધન કરું છું=તે વાચનાદિ નહિ સેવવા દ્વારા આત્મામાં જે મલિન ભાવો થયા છે તેનું વિશોધન કરું છું. 'अकरणयाए अब्भुट्ठिओ'=ફરી તે પ્રમાદ નહીં કરવાથી હું ઉત્થિત થયેલો છું અને જે મેં વાચનાદિ નહિ કરવા દ્વારા પ્રમાદ સેવ્યો છે તેનું યથાયોગ્ય તપકર્મરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકારું છું અને તે સર્વ પ્રમાદજન્ય પાપોનું હું મિથ્યાદુષ્કૃત આપું છું.

ઉપયોગપૂર્વક આ પ્રકારનો આલાવો બોલવાથી સાધુને સ્વશક્તિ અનુસાર

અપ્રમાદથી નવા-નવા શ્રુતનું અધ્યયન કરવા માટે ઉચિત ઉદ્યમ થાય છે અને કોઈક પ્રમાદવશ તેવો યત્ન ન થયો હોય તો તેના પ્રત્યે જુગુપ્સા કરીને ફરી તેવો પ્રમાદ ન થાય તેના માટે દૃઢ યત્ન થાય છે. વળી થયેલા તે પ્રમાદનું સ્મરણ કરીને તેને ઉચિત તપ આદિ કરીને તે પાપની શુદ્ધિ કરવાનો અધ્યવસાય થાય છે. જેથી આ દ્વાદશાંગી પ્રત્યે વધતા જતા બહુમાનને કારણે અને તે પ્રકારે સર્વ આચારોનું પાલન કરવા માટે બદ્ધરાગ થવાને કારણે સાધુનાં સંયમસ્થાનો સુસ્થિર થાય છે.

**અવતરણિકા :-**

**હવે શ્રુતદાતા અને શ્રુતના પાલકને નમસ્કાર કરે છે અને પોતાના પ્રમાદ વિષયક મિથ્યાદુષ્કૃત આપે છે, જે પક્ખીસૂત્રના અંતિમ સારરૂપ વચનો છે –**

**સૂત્ર :-**

**नमो तेसिं खमासमणाणं, जेहिं इमं वाइअं दुवालसंगं गणिपिडगं भगवंतं, सम्मं काएणं फासंति पालंति पूरंति (सोहंति) तीरंति किट्टंति सम्मं आणाए आराहंति, अहं च नाराहेमि, तस्स मिच्छा मि दुक्कडं ।।**

**સૂત્રાર્થ :-**

**તે ક્ષમાશ્રમણ મુનિને હું નમસ્કાર કરું છું જેઓ વડે આ દ્વાદશાંગી વાચિત છે. (૧) જે મહાત્માઓ આ દ્વાદશાંગીને કાયા વડે સમ્યક્ સ્પર્શના કરે છે=દ્વાદશાંગીના વચનનું સ્મરણ કરીને સૂત્ર-અર્થને ગ્રહણ કરે છે, ભાવન કરે છે અને તે પ્રકારે ક્રિયાઓનું આસેવન કરવાથી તે તે ભાવોને સ્પર્શે એવી ક્રિયાઓ કરે છે. (૨) દ્વાદશાંગીના સર્વ આચારોનું શાસ્ત્રાનુસારી પાલન કરે છે, (૩) દ્વાદશાંગીના સર્વ આચારોનું પૂરણ કરે છે=કોઈ અક્ષર આદિની ક્ષતિ વગર સૂત્ર-અર્થથી પરિપૂર્ણ બને તે રીતે જ પરિપૂર્ણ બોલે છે. (૪) દ્વાદશાંગીના સર્વ આચારોને તરે છે=વિસ્મરણ રહિત આજન્મ સુધી તે સૂત્ર-અર્થને તે રીતે જ આત્મામાં સ્થિર થાય તેમ પાર ઊતરે છે. (૫) દ્વાદશાંગીના સર્વ આચારોનું**

**કીર્તન કરે છે=હંમેશાં સૂત્રોના ગુણોનું કીર્તન કરે છે. (૬) દ્વાદશાંગીના સર્વ આચારોનું સમ્યક્ આજ્ઞાથી આરાધન કરે છે (૭) તે સર્વને હું નમસ્કાર કરું છું. પ્રમાદને વશ એવો હું શક્તિ હોવા છતાં જે કાંઈ આરાધન કરતો નથી તેનું મિથ્યાદુષ્કૃત આપું છું.**

**ભાવાર્થ :-**

'તે ક્ષમાશ્રમણ મુનિઓને હું નમસ્કાર કરું છું જેઓ વડે આ દ્વાદશાંગી વાચિત છે'. તેમ કહેવાથી આ દ્વાદશાંગી ગણિપીટક પ્રત્યે અહોભાવ થાય છે અને જે મહાત્માઓએ ભગવાનના શાસનમાં આ દ્વાદશાંગી યથાર્થ કહીને જગતના જીવો પર ઉપકાર કર્યો છે તેમના પ્રત્યે બહુમાનભાવ થાય છે.

વળી, જે મહાત્માઓ આ દ્વાદશાંગીને सम्मं काएण फासंति=કાયા વડે સમ્યક્ સ્પર્શના કરે છે=દ્વાદશાંગીના વચનનું સ્મરણ કરીને સૂત્ર-અર્થને ગ્રહણ કરે છે, ભાવન કરે છે અને તે પ્રકારે ક્રિયાઓનું આસેવન કરવાથી તે તે ભાવોને સ્પર્શે એવી ક્રિયાઓ કરે છે. વળી, દ્વાદશાંગીના સર્વ આચારોનું पालंति=શાસ્ત્રાનુસારી પાલન કરે છે; पूरंति=પૂરણ કરે છે=કોઈ અક્ષર આદિની ક્ષતિ વગર પરિપૂર્ણ સૂત્ર-અર્થથી તે રીતે જ પરિપૂર્ણ બોલે છે; तीरंति=તરે છે=વિસ્મરણ રહિત આજન્મ તે સૂત્ર-અર્થને તે રીતે જ આત્મામાં સ્થિર થાય તેમ પાર ઉતારે છે; किट्टंति=કીર્તન કરે છે=હંમેશાં સૂત્રોના ગુણોનું કીર્તન કરે છે; सम्मं आणाए आराहंति=સમ્યક્ આજ્ઞાથી આરાધન કરે છે તે સર્વને હું નમસ્કાર કરું છું. अहं च न आराहेमि तस्स मिच्छा मि दुक्कडं=તથા પ્રમાદને વશ શક્તિ છતાં જે કાંઈ આરાધન કરતો નથી તેનું હું મિથ્યાદુષ્કૃત આપું છું.

આ પ્રકારના આલાવા દ્વારા શ્રુત પ્રત્યેની અને શ્રુતાનુસાર સેવન કરનાર મહાત્માઓ પ્રત્યેની પોતાની ભક્તિ અભિવ્યક્ત કરે છે. શક્તિ છતાં પોતે શ્રુતનું આરાધન ન કરી શકે તેવા પ્રમાદ પ્રત્યે અત્યંત જુગુપ્સા કરે છે જેથી સદા શ્રુતથી ભાવિત થઈને આત્મકલ્યાણ માટેનો ઉદ્યમ સ્થિર-સ્થિરતર પ્રવર્તે.

**શ્રુતદેવતાની સ્તુતિ :-**

**અવતરણિકા :-**

**પક્ખીસૂત્રમાં અંતે શ્રુતજ્ઞાન પ્રત્યેની આરાધના માટે અપ્રમાદ અર્થે મહાત્માએ ભાવન કર્યું જેના બળથી સ્વશક્તિ અનુસાર શ્રુતજ્ઞાનમાં ઉદ્યમ કરવાને વીર્ય ઉલ્લસિત રહે. આમ છતાં જ્ઞાનાવરણીયકર્મના ઉદયને કારણે તેમાં વિઘ્નો આવે તો આરાધક સાધુ પણ સમ્યગ્ યત્ન કરી શકે નહીં. તેથી શ્રુતની આરાધનામાં વિઘ્નના નિવારણમાં સહાયક થાય તેવી શ્રુતદેવતા પ્રત્યે વિનંતી કરતાં સ્તુતિ કરે છે –**

**સૂત્ર :-**

**सुअदेवया भगवई, नाणावरणीअकम्मसंघायं ।**
**तेसिं खवेउ सययं, जेसिं सुअसायरे भत्ती।।१।।**

**સૂત્રાર્થ :-**

**હે ભગવતી એવી શ્રુતદેવતા ! જેઓને શ્રુતસાગરમાં ભક્તિ છે, તેઓના જ્ઞાનાવરણીયકર્મના સંઘાતને, સતત ક્ષય કરો. ।।૧।।**

**ભાવાર્થ :-**

શ્રુતનું અધ્યયન અત્યંત સૂક્ષ્મ પદાર્થોના સમ્યગ્ સમાલોચનપૂર્વક કરવામાં આવે તો જ તેના પરમાર્થની પ્રાપ્તિ થાય છે અને તે સમાલોચનમાં જીવને જ્ઞાનાવરણીયકર્મનો સમૂહ વિઘ્નભૂત છે. તેથી જે સાધુ શક્તિને ગોપવ્યા વગર જિનવચનને કહેનારાં આગમોનું સમ્યગ્ અધ્યયન કરે છે, તેનાથી આત્માને અત્યંત ભાવિત કરે છે અને તે પ્રકારે આચારોનું સમ્યગ્ પાલન કરીને સંયમસ્થાનોની વૃદ્ધિ કરવા માટે યત્ન કરે છે. આમ છતાં વિઘ્નભૂત એવા જ્ઞાનાવરણીયકર્મના સમૂહને કારણે યોગ્ય પણ મહાત્માને સ્ખલના થાય છે અને તેવી સ્ખલનાનું નિવારણ કરવા માટે, દૈવી શક્તિને કારણે શ્રુતદેવતા ભગવતી સમર્થ છે; તેથી પક્ખીસૂત્ર બોલ્યા પછી અંતે તે શ્રુતદેવતાને વિનંતી કરવામાં આવે છે કે જેઓને શ્રુતસાગરમાં ભક્તિ છે તેઓને તેની પ્રાપ્તિમાં વિઘ્નભૂત જ્ઞાનાવરણીયકર્મના ક્ષયને માટે હે ભગવતી એવી શ્રુતદેવતા ! તમે

શક્ય યત્ન કરો જેથી આરાધક સાધુ શ્રુતજ્ઞાનના બળથી સુખપૂર્વક સંસારસમુદ્રને તરી શકે.

આ પ્રકારના વિશુદ્ધ અધ્યવસાય સ્વયં જ જ્ઞાનાવરણીયકર્મના ક્ષય પ્રત્યે પ્રબળ કારણ છે અને તે વચનના બળથી શ્રુતદેવતાનો ઉપયોગ જાગ્રત થાય તો તે પણ યોગ્ય સાધુઓને શ્રુતઅધ્યયનમાં વિઘ્નભૂત કર્મના ક્ષય માટે સહાયક થઈ શકે છે. તેથી ઉચિત સ્થાને કરાયેલી પ્રાર્થના સફળ બને છે. માટે અંતમાં પ્રસ્તુત શ્રુતદેવતાની સ્તુતિ બોલાય છે. **॥૧॥**

**।। पाक्षिकसूत्रं समाप्तम् ।।**

ACHARYA SHRI KAILASSAGARSURI GYANMANDIR
SHRI MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandinagar-382007.
Phone : (079) 23276252, 23276204-05

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં પુસ્તકો

| | |
|---|---|
| આશ્રવ અને અનુબંધ | ૧૩ * |
| ચારિત્રાચાર | ૩૬ |
| ચારિત્રાચાર (હિન્દી આવૃત્તિ) | ૧૯૦ |
| પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા | ૨૫ |

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં તેમજ લેખિત સંપાદિત પુસ્તકો

| | |
|---|---|
| Is Jaina Order Independent Religion or Denomination ? | ૫૮ |
| Status of religion in modern Nation State theory | ૬૪ |
| અનેકાંતવાદ | ૯ |
| **અનેકાંતવાદ (હિન્દી આવૃત્તિ)** | **૨૨૧** |
| કર્મવાદ કર્ણિકા | ૫ |
| કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ) | ૧૫૭ |
| કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય | ૪૯ |
| ગૃહજિનાલય મહામંગલકારી | ૮૫ |
| **જિનપ્રતિમા ગુણભંડાર (હિન્દી આવૃત્તિ) ગૃહજિનાલય મહામંગલકારી** | **૨૨૨** |
| ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ | ૧૨ |
| ચલિએ ! 'મોક્ષ' કા સત્ય સ્વરૂપ સમઝેં... (હિન્દી આવૃત્તિ) | ૧૮૯ |
| ચિત્તવૃત્તિ | ૧૧ |
| ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ) | ૨૮ |
| જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ? | ૫૬ |
| જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ) | ૫૭ |
| જિનશાસન અધિષ્ઠાયક સંપુટ (સચિત્ર) ભાગ-૧ | ૨૧૯ |
| જિનશાસન અધિષ્ઠાયક સંપુટ (સચિત્ર) ભાગ-૨ | ૨૨૦ |
| દર્શનાચાર | ૭ |
| ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧ | ૫૫ |
| પ્રશ્નોત્તરી | ૧૦ |
| પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ) | ૪૨ |

* જમણી બાજુના નંબર પુસ્તક ક્રમાંક સૂચવે છે.

| | |
|---|---|
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય | ૧૫ |
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય (હિન્દી આવૃત્તિ) | ૧૮૮ |
| ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન) | ૨૧ |
| ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ) | ૨૪ |
| મધ્યસ્થભાવ (સંઘ એકતાની માસ્ટર કી) | ૧૭૯ |
| મનોવિજય અને આત્મશુદ્ધિ | ૧૪ |
| યોગદૃષ્ટિસમુચ્ચય | ૪ |
| લોકોત્તર દાનધર્મ 'અનુકંપા' | ૩૩ |
| શાસન સ્થાપના | ૮ |
| શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ) | ૨૭ |
| શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો | ૩ |
| શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ) | ૩૫ |
| શ્રી ઉપધાન માર્ગોપદેશિકા | ૯૩ |
| શ્રીબૃહદ્-શાન્તિધારાપાઠ તથા શ્રીચન્દ્રપ્રભસ્વામી-બૃહદ્-જ્વાલામાલિનીદેવીમંત્ર | ૨૦૭ |
| 'શ્રીમદ્ રાજચંદ્ર' વિષયક પત્રવ્યવહાર | ૧૯૧ |
| શ્રીલઘુ-શાન્તિધારાપાઠ તથા શ્રીચન્દ્રપ્રભસ્વામી-લઘુ-જ્વાલામાલિનીદેવીમંત્ર | ૨૦૮ |
| સદ્ગતિ તમારા હાથમાં ! | ૬ |
| સદ્ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ) | ૧૬૩ |


**संपादक :- प. पू. आ.भ. श्री अरिहंतसागरसूरीश्वरजी म. सा.**


| | |
|---|---|
| पाक्षिक अतिचार (हिन्दी) | ४१ |


## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી


| | | |
|---|---|---|
| 'Rakshadharma' Abhiyaan | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૩ |
| Right to Freedom of Religion !!!!! | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૧ |
| 'રક્ષાધર્મ' અભિયાન | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૨ |
| શંખેશ્વર પાસજી પૂજીએ... | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૨૦૯ |
| શ્રી નવપદ આરાધના વિધિ (અપ્રાપ્ય) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૪૮ |
| શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૪૭ |
| સેવો પાસ સંખેસરો (સૂરદત્ત શેઠના ચરિત્ર સહિત) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૧૦૪ |
| સેવો પાસ સંખેસરો (હિં.આ.) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૧૦૫ |
| સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૫૯ |
| સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.) | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૦ |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

## વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા


| | |
|---|---|
| અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને 'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન | ૧૬૯ |
| અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૨ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૨૦ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૨૨ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૬ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૮ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૭૯ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૧૪ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૫ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૧૬ |
| અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૨૨ |
| આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન | ૧૨૪ |
| આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન | ૧૮ |
| ઉપદેશપદ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૪ |
| ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૨ | ૧૯૭ |
| ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૩ | ૧૯૮ |
| ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૪ | ૧૯૯ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૬ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૭૭ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૮ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૨૬ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૨૭ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૨૮ |

| | |
|---|---|
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૧ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૭૨ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૩ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૮૦ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૮૧ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૮૨ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૧૯૪ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૮ | ૧૯૫ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૯ | ૧૯૬ |
| કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન | ૩૧ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૦૨ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૦૩ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૨૧૨ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૨૧૩ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૨૧૪ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૨૧૫ |
| જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન | ૬૮ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૧૦ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૧ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૬૨ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૬૪ |
| દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન | ૧૪૭ |
| દોઢસો ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૧૮ |
| દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન | ૧૬૦ |
| દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૮ |
| દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૫૯ |
| ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૨૯ |
| ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૫ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૨ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૩ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૩૪ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૪૦ |

| | |
|---|---|
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૪૧ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૪૨ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૫૫ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૫૬ |
| ધર્મસંગ્રહણિ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૧૦ |
| ધર્મસંગ્રહણિ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૨૧૬ |
| ધર્મસંગ્રહણિ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૨૧૭ |
| ધ્યાનશતક શબ્દશઃ વિવેચન | ૧૮૩ |
| નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૧૭ |
| પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન | ૧૨૫ |
| પગામસિજ્જા શબ્દશઃ વિવેચન | ૧૪૪ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૪૬ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૮૬ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૦૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૦૧ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૯ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૨૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૧૨૩ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨) | ૩૪ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫) | ૩૭ |
| પંચાશક પ્રકરણ (પંચાશક-૧-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૮૪ |
| પંચાશક પ્રકરણ (પંચાશક-૩-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૨૧૮ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૦ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૧ |
| પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૧૨ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૯ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૪૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૯૯ |
| પ્રશમરતિ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૮૭ |
| બત્રીશી-૦૧ : દાનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૩ |
| બત્રીશી-૦૨ : દેશનાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૮ |

| | |
|---|---|
| બત્રીશી-૦૩ : માર્ગદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૭ |
| બત્રીશી-૦૪ : જિનમહત્ત્વદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૦ |
| બત્રીશી-૦૫ : જિનભક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૯ |
| બત્રીશી-૦૬ : સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૨ |
| બત્રીશી-૦૭ : ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૪૬ |
| બત્રીશી-૦૮ : વાદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૩૯ |
| બત્રીશી-૦૯ : કથાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૧૩ |
| બત્રીશી-૧૦ : યોગલક્ષણદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૨ |
| બત્રીશી-૧૧ : પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૬૭ |
| બત્રીશી-૧૨ : પૂર્વસેવાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૪ |
| બત્રીશી-૧૩ : મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૩ |
| બત્રીશી-૧૪ : અપુનર્બંધકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૪ |
| બત્રીશી-૧૫ : સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૧ |
| બત્રીશી-૧૬ : ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૫ |
| બત્રીશી-૧૭ : દૈવપુરુષકારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૧ |
| બત્રીશી-૧૮ : યોગભેદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૦ |
| બત્રીશી-૧૯ : યોગવિવેકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૧ |
| બત્રીશી-૨૦ : યોગાવતારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૦ |
| બત્રીશી-૨૧ : મિત્રાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૪ |
| બત્રીશી-૨૨ : તારાદિત્રયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૨ |
| બત્રીશી-૨૩ : કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૩ |
| બત્રીશી-૨૪ : સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૪ |
| બત્રીશી-૨૫ : ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૬ |
| બત્રીશી-૨૬ : યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૧ |
| બત્રીશી-૨૭ : ભિક્ષુદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૩ |
| બત્રીશી-૨૮ : દીક્ષાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૪ |
| બત્રીશી-૨૯ : વિનયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૭ |
| બત્રીશી-૩૦ : કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૬૬ |
| બત્રીશી-૩૧ : મુક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૦૬ |
| બત્રીશી-૩૨ : સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૨ |
| બાર ભાવના શબ્દશઃ વિવેચન (તત્ત્વાર્થસૂત્ર અને યોગશાસ્ત્ર આધારિત) | ૧૫૨ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૩ |

| | |
|---|---|
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૫૪ |
| યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૮૦ |
| યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન | ૬૫ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૭૫ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૬ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૭૭ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૫ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૬ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૩૭ |
| યોગવિંશિકા શબ્દશઃ વિવેચન | ૧ |
| યોગશતક શબ્દશઃ વિવેચન | ૪૫ |
| યોગશાસ્ત્ર (પ્રકાશ-૧ થી ૪) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૯૨ |
| યોગશાસ્ત્ર (પ્રકાશ-૭ થી ૧૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૯૩ |
| યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૦૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૬૬ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૬૮ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ | ૧૬ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ | ૧૯ |
| વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન | ૧૫૮ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૦ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૨-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૮૫ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૮૬ |
| વૈરાગ્યકલ્પલતા પૂર્વાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૨૦૦ |
| વૈરાગ્યકલ્પલતા ઉત્તરાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૨૦૧ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૨૦૨ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૨૦૩ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૮ | ૨૦૪ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૯) શબ્દશઃ વિવેચન ભાગ-૯ | ૨૦૫ |
| શાંતસુધારસ શબ્દશઃ વિવેચન (બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના) | ૧૫૧ |
| શ્રાવકધર્મવિધિ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૨૧૧ |
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૦૮ |

| | |
|---|---|
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૦૯ |
| શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન | ૯૮ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૧૧ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૨૧ |
| સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૪૩ |
| સમાધિશતક શબ્દશઃ વિવેચન | ૨૦૬ |
| સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન | ૨૩ |
| સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૪૫ |
| સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન | ૬૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૪૮ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૪૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૦ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૩૮ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૯ |
| સૂત્રના પરિણામદર્શક યત્નલેશ | ૩૨ |


## ગીતાર્થ ગંગા જ્ઞાનભંડાર આધારિત સંશોધનાત્મક પ્રકાશનો


આગમ પ્રકાશનસૂચી (હિન્દી) સંકલનકાર : નીરવભાઈ બી. ડગલી ૧૭૫


## ગીતાર્થ ગંગા અંતર્ગત ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો


૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨
૩. ધર્મતીર્થ ભાગ-૩
૪. ધર્મતીર્થ ભાગ-૪

# પ્રાપ્તિસ્થાન

**✤ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧
Email : mygg@gitarthganga.com
www.gitarthganga.com

**✤ વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**✤ મુંબઈ :**

**શ્રી લલિતભાઈ ધરમશી**
૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**✤ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

**✤ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

**✤ BANGALORE :**

**SHRI VIMALCHANDJI**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : vimalkgadiya@gmail.com

**SHRI DHEERAJ KATARIA**
Flat No. 202, Munoth Habitat Apts.
No. 13/14, Pmk Road, Shankarpuram,
Bangalore-560004. (Karnataka)
☎ (Mo.) 9844350590
Email : dheeraj83kataria@gmail.com

# નોંધ

लोअम्मि संजया जं, करिंति परमरिसिदेसिअमुआरं ।
अहमवि उवट्ठिओ तं, महव्वयउच्चारणं काउं ॥

પરમઋષિ દેશિત ઉદાર એવી જેને લોકમાં સંયતો કરે છે તે પાંચ મહાવ્રતોની ઉચ્ચારણાને કરવા માટે હું પણ ઉપસ્થિત થયો છું=અભિમુખભાવવાળો થયો છું.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ફોન : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧
Email : mygg@gitarthganga.com ❖ www.gitarthganga.com